
॥હરિ:ૐ॥

# હસતું મૌન



- પૂજ્ય શ્રીમોટા

॥ હરિ:ૐ ॥

# હસતું મૌન

• લેખક •

કેશુભાઈ ર. પટેલ

'કેસરી પટેલ'

• સંપાદક •

રજનીભાઈ બર્માવાળા

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑ પૃષ્ઠ : ૩૦+૨૫૬=૨૮૬

❑ કિંમત : **રૂ. ૫૦/-**

❑ આવૃત્તિ વર્ષ પ્રત

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૪ | ૨૦૦૦ |
| બીજી | ૨૦૧૬ | ૧૦૦૦ |

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

❑ **મુદ્રણશુદ્ધિ :**
જયંતીભાઈ જાની (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ટાઈટલ :**
મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦૩૬૪૧૪

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

ભક્ત કવિ પુનિત મહારાજે કહ્યું છે કે

**'સર્વેશ્વરને સોંપ્યું એની ચિંતા નિર્મૂળ થાતી રે**
**દુઃખતણા ડુંગર જો તૂટે, ધડકે નહિ એ છાતી રે**
**ભાન ભૂલેલા ભગત હરિના, ભોળા બ્રહ્મા જેવા રે**
**દુનિયાદારી એ ના સમજે, હરિ ભજનમાં મેવા રે...'**

જેણે સર્વેશ્વરને પોતાની જીવનનૌકા સોંપી છે, તેને પાર ઉતારવાની જવાબદારી સર્વેશ્વરની છે. પછી તો ભક્ત નચિંત થઈને પ્રભુભજનમાં રાતદિન મસ્ત બનીને નિજાનંદમાં મહાલે છે. એના ઉપર દુઃખના ડુંગરા ખડકાઈ જાય તોપણ એની છાતીમાં થડકારો પણ થતો નથી. સુખ અને દુઃખ તો તડકા છાંયા જેવું છે. એ તો આવે ને જાય, એનો હર્ષ શોક ના હોય.

દુનિયામાં કોઈ ભાગ્યે જ એવો માણસ હશે કે એની જિંદગીમાં દુઃખ ન આવ્યું હોય ! કોઈના ભાગ્યમાં વધારે તો કોઈના ભાગ્યમાં ઓછું પણ દુઃખ આવે તે નક્કી જ છે. દરેક માણસની જિંદગીમાં દુઃખ તો આવે છે, પણ તે દુઃખને કઈ રીતે અપનાવવું તે માનવીની ઉપર આધાર રાખે છે. સમાજમાં ઘણા માણસો એવા હોય છે કે તેમના ઉપર દુઃખના પહાડો તૂટી પડ્યા હોય તોપણ તે માણસો પોતાના ઉપર આવેલાં દુઃખનો શોક મનાવતા નથી કે હાયકારો કરતા નથી. દુઃખને જોઈને તેઓ હંમેશાં હસતા રહેતા હોય છે, કેમ કે તેઓ જાણે છે કે આ દુઃખ તો મારા પ્રભુએ મોકલેલું છે. મારા જીવનઘડતર માટે મોકલેલું. **જે પ્રભુને વધારે વહાલો છે, તેને જ પ્રભુ વધારે દુઃખો આપીને તેનામાં રહેલા દુર્ગુણોનો નાશ કરીને પોતાની સમીપ લાવે છે.**

જે દુઃખોથી ડરે છે, તે વધુ દુઃખી થાય છે. વધારેમાં વધારે દુઃખ શું કરી શકે તેમ છે ? અહીં તો આપણે રાતવાસો કરવા આવ્યા છીએ. સવાર થશે અને નવી યાત્રાએ નવા પ્રદેશમાં, નવા જોમ અને જુસ્સાથી ડગલાં માંડશું. મૃત્યુ આવે એટલે દુઃખની હદ પૂરી થઈ. કોઈ કશું સાથે લઈને આવ્યું નથી કે લઈને જવાનું નથી તોપણ આટલી બધી ચિંતાઓ માથે ઉપાડીને એના બોજા નીચે કચડાઈ જવાની શી જરૂર ? ચિંતાની પોટલી ભગવાનના માથે ચડાવી દો. અરે ! પોતાના ગુરુમહારાજને એ પોટલી સાચવવા આપીને નિશ્ચિંત બનીને પ્રભુસ્મરણમાં મહાલો, પછી જુઓ કે આ જિંદગીમાં ચારેબાજુએ સુખનો આનંદનો મહાસાગર કેવો ઊછળે છે !

કોઈનું દુઃખ ક્યારેય સ્થિર થઈને ક્યાંય રહ્યાનું સાંભળ્યું નથી, **દુઃખ તો કાળા ડિબાંગ વાદળ જેવું છે. જે કોઈની ઉપર લાંબો સમય ટકતું નથી. દુઃખરૂપી કાળા વાદળની પાછળ સુખરૂપી સૂરજ ઊગવાનો જ છે.**

નાનપણથી જ જેમણે દુઃખ સામે સંગ્રામ માંડવો પડ્યો છે, તેવા મારા કાકા પૂ. મંગળદાસભાઈએ દુઃખોને તો જિંદગીમાં પચાવ્યાં છે, હસતાં હસતાં પચાવ્યાં છે. તેમણે ક્યારેય જિંદગી સામે ફરિયાદ કરી નથી. પૂજ્ય મોટા જેવા સમર્થ ગુરુદેવ મળ્યા હોવાથી તેમણે ક્યારેય પોતાની જિંદગીનો અસંતોષ ક્યાંયે વ્યક્ત કર્યો નથી. પોતાના ગુરુદેવ પૂજ્ય મોટાની સમક્ષ સંસારી સુખો કે ભૌતિક સુખોની માગણી કરી નથી કે એવી ઇચ્છા પણ મનમાં ક્યારેય કરી નથી. તેઓ **મોટા**ને કહેતા કે **'*મોટા !* મારી ઉપર દયા રાખજો. મારી ભક્તિ પ્રભુ પ્રત્યે સતત વધતી રહે અને આપનામાં રહેલી મારી શ્રદ્ધા ક્યારેય ના ડગે એટલું કરજો.'**

નડિયાદના હરિઃૐ આશ્રમના સ્થાપક પૂજ્ય મોટાના

આશીર્વાદ પૂ. મંગળદાસભાઈ ઉપર ઊતરેલા છે. ઈ.સ. ૧૯૫૫થી તેમણે પૂજ્ય મોટા સાથે દોસ્તી બાંધેલી છે. પૂજ્ય મોટાનો પ્રેમભાવ પણ પૂ. મંગળદાસભાઈ ઉપર ખૂબ જ છે. પૂજ્ય મોટા જ્યારે નડિયાદ હરિઃૐ આશ્રમમાં પધાર્યા હોય, તે વખતે તેઓ દર્શને આવનારને મંગળદાસભાઈના બધા સમાચાર પૂછી લેતા અને કહેતા કે **'એને કહેજો કે અહીં આવીને મને દર્શન આપી જાય.'** આમ કહેવા પાછળનો ભાવ તો એકલા **મોટા** જાણે, પણ સમાચાર મળતાંની સાથે જ મંગળદાસભાઈ આશ્રમે પૂજ્ય મોટાનાં દર્શન કરવાં દોડી જતા.

પૂ. મંગળદાસભાઈને પૂજ્ય મોટાનું આધ્યાત્મિક માર્ગદર્શન સતત મળતું રહ્યું છે. હરિઃૐના મંત્રનું સતત રટણ ચાલુ રાખીને એમણે જીવનની અનેક વિટંબણાઓ, દુઃખો, મુશ્કેલીઓ પાર કરીને સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે અનોખું સ્થાન મેળવ્યું છે.

મોટા ભાઈ રણછોડભાઈ અને ભાભી નાથીબાનાં ભરપૂર પ્રેમ અને પ્રોત્સાહન મંગળદાસભાઈને મળેલાં છે. સાધારણ આર્થિક સ્થિતિ હોવા છતાં પોતાનો નાનો ભાઈ ભણીગણીને સારો વકીલ બને અને મોટો માણસ બને તે આશાએ મોટા ભાઈ અને ભાભીએ સખત મજૂરી કરી, કરકસર કરીને ભણાવવા માટે અમદાવાદ મોકલેલા. ત્યાં બે વર્ષ હાઈસ્કૂલનાં અને ચાર વર્ષ કૉલેજનાં એમ કુલ છ વર્ષ અમદાવાદ દરબાર બોર્ડિંગમાં રહીને મંગળદાસભાઈએ અભ્યાસ કર્યો. મોટા ભાઈને આર્થિક બોજો વધારે ના ઉઠાવવો પડે તે માટે ભગતે કરકસર કરવા માંડેલી. મંગળદાસભાઈને નાનપણથી જ બધાં લોકો ભગત કહેતાં. ભગવાં કપડાં પહેરવાં અને સુંદર રીતે ભજનો ગાવાં, તે એમને ખૂબ જ ગમતાં.

ભગત-મંગળદાસભાઈનો જન્મ હાલના ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણસા ગામે સજ્જનપુરા વિસ્તારમાં આવેલા

શિવરામ પટેલના ઘરે અમથીબાની કૂખે વિક્રમ સંવત ૧૯૮૫ના કારતક સુદ ૧૪ને સોમવાર તા. ૨૬-૧૧-૧૯૨૮ની રાત્રે લગભગ ૧૧-૪૦ કલાકે થયો. એ વખતે સમય જોવા માટે ઘડિયાળ ન હતી પણ દરબારગઢમાં દર કલાકે ટકોરા પાડવામાં આવતા. તેના ઉપરથી ખબર પડી. તેમના જન્મ પછી થોડાક સમયે દરબારગઢમાંથી રાતના બારના ટકોરા પડ્યા. રાતના બાર વાગ્યે દિવસ બદલાઈ જાય એટલે મંગળવાર ગણાય. એમના જન્મની જાણ બધાંને બીજા દિવસે મંગળવારના રોજ થઈ એટલે ભગતનું નામ મંગળદાસ પાડવામાં આવ્યું. પહેલાંના જમાનામાં જન્મકુંડળી જેવું કંઈ બનાવવામાં આવતું નહિ અને જન્મકુંડળી પ્રમાણે કોઈ નામ પાડતું નહિ.

મારા દાદા શિવાબાપા પૈસેટકે ભલે ગરીબ હતા, પણ મનના ઉદાર હતા. મારાં દાદી અમથીબા પણ ઉદાર અને ધાર્મિક વૃત્તિવાળાં હતાં. મહેમાન-પરોણા, અભ્યાગત એમના આંગણેથી ખૂટતા નહિ. અમથીબા ઘરે આવેલા અભ્યાગતને ખૂબ જ પ્રેમથી જમાડતાં. જમવામાં રોટલો-શાક-છાસ ભલે હોય પણ એ એટલા બધા પ્રેમ અને આગ્રહથી જમાડવામાં આવતાં કે ભોજન લેનાર એનો પ્રેમથી સ્વીકાર કરીને આરોગતા.

એક દિવસે બપોરના સમયે દાદીમાં ઘરે હતાં તે વખતે એક કુંભાર ભગત ઘરે આવ્યા. દાદીમાએ ભગતને ખૂબ જ પ્રેમથી જમવા બેસાડ્યા. ગામઠી શાળામાં એ વખતે રિસેસ પડેલી એટલે નાના ભગત-મંગળદાસ દોડતાં દોડતાં ઘરે જમવા આવ્યા. પરસેવાથી રેબઝેબ થયેલા મંગળદાસનું મુખારવિંદ જોઈને કુંભાર ભગતના મોંમાંથી શબ્દો સરી પડ્યા, **'માડી ! આ તારો દીકરો ભગવાનનું ખૂબ ભજન કરશે. સારાં કામ કરશે. એને તું સારી રીતે સાચવજે.'** કુંભાર ભગતના આ શબ્દો આજે સાચા પડેલા જણાય છે.

નાની ઉંમરે ભગતને-મંગળદાસભાઈને ધાર્મિક સંસ્કારો

વારસામાં મળેલા. શિવાબાપાએ માણસા સત્યાગ્રહમાં આગળ પડતો ભાગ ભજવેલો. માણસાના દરબારે એમને જેલની સજા ફટકારેલી. દરબારે શિવાબાપાને મોટી લાલચ આપીને સત્યાગ્રહની લડતમાંથી બહાર નીકળી જવા અને દરબારને સહકાર આપવા જણાવ્યું. ભક્ત હૃદયના શિવાબાપાએ એનો અસ્વીકાર કરતાં કહ્યું કે **'સત્યાગ્રહીઓને દગો કરવા કરતાં હું જીભ કરડીને મરવાનું વધુ પસંદ કરીશ.'** આ સાંભળીને દરબારે શિવાબાપાને હાથેપગે બેડીઓ પહેરાવીને કોટડીમાં પૂર્યા.

શિવાબાપાને ત્રણ દીકરા અને બે દીકરીઓ હતાં. તેઓ પોતાનાં બાળકોને હંમેશાં સાચા માર્ગે જવાની શિખામણ આપતા. તેઓ કહેતા કે **'જે ખોટું કામ કરે છે, એને ભગવાન સજા કરે છે. ખાનગીમાં કરેલું ખોટું કામ પણ ભગવાન જુએ છે, એટલે ખોટું કામ કરતાં ભગવાનથી ડરજો. પોતાના સ્વાર્થ ખાતર ક્યારેય ભગવાનને વેચશો નહિ. ભગવાન આપણને જે સ્થિતિમાં રાખે તેમ રહેવાનું. આપણાથી થાય તેટલી ગરીબોની સેવા કરવાની. ક્યારેય ભૂલેચૂકે આપણાથી એવું કામ ન થાય કે જેનાથી આપણે નીચું જોવું પડે.'** ધન્ય છે શિવાબાપાને જેમણે પોતાનાં બાળકોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું.

ભગત-મંગળદાસભાઈ સૌથી નાના અને દેખાવડા તથા બોલવામાં ખૂબ જ વિવેકી એટલે ઘરનાં બધાં એમને ખૂબ જ પ્રેમ કરતાં. નાની ઉંમરથી જ ભગતમાં પાકટ સમજ આવી ગયેલી, એટલે ગમે તેનું કામ હોય ત્યાં દોડી જતા અને હોંશે હોંશે એનું કામ કરતા. બીજાનાં કામ કરવામાં ભગતને ખૂબ જ મજા પડતી. પોતે કરકસર કરીને પૈસાનો ખર્ચ કરતા. પોતાનાં બધાં જ કામ તેઓ જાતે કરતા. **સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ ભગતનો મુદ્રાલેખ હતો.**

**સાદું જીવન અને ઉચ્ચ વિચારોમાં જીવનની સાર્થકતા, સફળતા અને પ્રસન્નતાનાં સૂત્રોનો સમાવેશ થાય છે.** હળવું જીવન એટલે વૈભવવિલાસથી મુક્ત સાદાઈ અને પ્રભુભક્તિપૂર્ણ જીવન. જો જિંદગીમાં સાદાઈ હશે તો જિંદગી ભારરૂપ લાગશે નહિ. ગમે તેવી વિકટ સમસ્યાઓનો સામનો કરવાની તાકાત આવા માણસમાં અમાપ પડેલી હોય છે. ઉન્નત જિંદગી જીવવા માટે વૈભવની જરૂર નથી. વૈભવ માનવીને બંધનમાં રાખીને આધ્યાત્મિક માર્ગે જતો એને રોકે છે. વધેલો વૈભવ અંતે તો રુદન જ આપે છે. એનાથી દુર્વ્યસન, અહંકાર, ક્રોધ, કામ, લોભ જેવાં અનેક વળગણ માનવીને વળગે છે. એ વળગણનાં બંધનો એટલાં તો મજબૂત હોય છે કે સામાન્ય માનવ તેને ભેદીને બહાર નીકળી શકતો નથી. કોઈ વિરલા જ એવાં બંધનોને તોડવા માટે ભાગ્યશાળી બની શકે છે.

મુ. શ્રી મંગળદાસભાઈના જીવનમાં ડોકિયું કરવામાં આવે તો આ વાત રજેરજ સાચી પડેલી જણાય છે. સાદું ભોજન એ એમના જીવનનો એક આદર્શ રહ્યો છે. ક્યારેય તેમણે ચટાકેદાર સ્વાદવાળાં કે પકવાનને પોતાના ભોજનમાં પ્રવેશવા દીધાં નથી. જાતે ધોયેલાં, ઈસ્ત્રી કર્યા વગરનાં ખાદીનાં કપડાંને પોતાના જીવનમાં ઓતપ્રોત વણી લીધાં છે. ગમે તેવા મોટા સમારંભોમાં જવાનું થાય ત્યારે પણ ખાદીનાં ઈસ્ત્રી કર્યા વગરનાં પણ ખૂબ જ સુઘડ રીતે ધોયેલાં કપડાં પહેરીને તેઓ બધાં વચ્ચે હળવાશથી ભળી શકે છે. તેમના વિચારોમાં નિખાલસતા વ્યક્ત થાય છે. દુશ્મનને પણ તેમની વાણીથી દુઃખ ન થાય તેની તેઓ સતત કાળજી રાખે છે. તેઓ કહેતા કે **'માનવીએ આધ્યાત્મિક માર્ગે આગળ વધવું હશે તો જિંદગીમાં સાદાઈ અને ઉચ્ચ વિચારોને આગળ પડતું સ્થાન આપવું પડશે. જેની જિંદગીમાં સાદાઈ નહિ હોય તેની તૃષ્ણા લોલુપતા આકાશને**

**ચૂમવા લાગશે. ધનકુબેરોનાં સ્વપ્નાં જોનાર અંતે તો કશું જ પામી શકતો નથી.'**

મુ. શ્રી મંગળદાસભાઈ પૈસાની મહત્તા જાણતા હોવા છતાં તેમણે જિંદગીમાં પૈસાને જ માત્ર નજર સમક્ષ રાખીને જીવનવહેવાર કર્યો નથી. તેઓ કહેતા કે 'ધન માનવીના શ્રમ અને કૌશલના બળે સન્માર્ગે આવેલું હોય અને તેનો ઉપયોગ જનસેવામાં કરવામાં આવે તો એ ધન બંધનરૂપ બનશે નહિ, ધન ઓછામાં ઓછું પોતાને માટે અને વધુમાં વધુ સત્પ્રવૃત્તિના વિકાસ માટે વપરાય તે જરૂરી છે.'

'જીવનની ઉન્નતિ માટે જ્ઞાન, કર્મ અને ધર્મની જરૂર છે. કર્મો વિવેકપૂર્વકનાં, પ્રભુને સતત નજર સમક્ષ રાખીને કરાતાં હોય, તે કર્મો માનવીના મનને નિર્મળ બનાવે છે. સેવાનાં કાર્યો દ્વારા એ મન વધારે નિર્મળ અને પારદર્શી બને છે. પ્રભુને નજર સમક્ષ રાખીને કરેલાં કાર્યોનો ભાર ક્યારેય લાગતો નથી. માનવી અંદરથી જ શક્તિશાળી બનતો હોય છે. આવો માનવી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ટટ્ટાર ઊભો રહી શકે છે. મુશ્કેલીઓનાં ધાડાં આવે તોપણ તે પોતાના ધ્યેય તરફ સડસડાટ આગળ વધતો રહે છે. જિંદગી છે એટલે મુશ્કેલીઓ તો રહેવાની જ. જિંદગીનો કોઈ પણ માર્ગ કાંટા વગરનો હોતો નથી. એ કાંટાળા, વાંકા ચૂકા, ઊંચા નીચા માર્ગે જે સતત ચાલતો રહે છે, તેને સિદ્ધિઓ હાંસલ થાય છે. જે મુશ્કેલીઓથી ડરે છે, તે જિંદગી હારી જાય છે.'

'તમારી સમસ્યાઓનો, તમારાં દુઃખોનો, તમારી મુશ્કેલીઓનો સામનો તમારે જાતે જ કરવાનો છે. જો એ મુશ્કેલીઓનો સામનો થઈ શકે તેમ ન હોય તો જ તેવા સમયે પોતાના શ્રીસદ્‌ગુરુને શ્રદ્ધાપૂર્વક આજીજી કરો. પોતાના ઈષ્ટદેવને સતત યાદ કરતા રહો, પછી જુઓ કે એમના અદૃશ્ય હાથોની મદદ કેટલી બધી સતત

મળતી રહે છે. શ્રીસદ્‌ગુરુ અને ભગવાનમાં અનન્ય શ્રદ્ધા હોય તો જિંદગીની કોઈ પણ સમસ્યા ટકી શકતી નથી.'

**'હસતું મૌન'** એ પૂ. કાકાની-ભગતની-ગુરુજીની મંગળદાસભાઈની જીવનકથની છે. પૂજ્ય મોટા સાથેનાં વિશ્વાસ, શ્રદ્ધા અને પ્રેમની લહાણી છે. 'હરિઃૐ' અને 'ૐ નમઃ શિવાય' મંત્રનું સતત રટણ છે. પોતાની જવાબદારી પ્રત્યેની જાગરુકતા છે. સેવાની સુવાસ છે. કામ પ્રત્યેની ચાહના છે. જિંદગીની ચડતી પડતી, હર્ષ શોક, સુખ દુઃખના તાણાવાણાની ભાતીગળ છાપ છે. ગરીબો અને આધ્યાત્મિક માર્ગે જનાર માટે પ્રેરણાની પરબ છે. કુટુંબ, સમાજ અને દેશ માટેની ફરજ પ્રત્યેની સભાનતા છે. દુઃખમાં અને સુખમાં સમતાની સરવાણી વહેતી જોવા મળે છે. એમનું જીવન બીજાને પ્રેરણારૂપ બને તેમ છે. પોતાના ગુરુમહારાજ પૂજ્ય મોટામાં રહેલાં અનન્ય શ્રદ્ધા, પ્રેમ અને ભાવના એ કોઈને પણ પોતાના ગુરુમહારાજ પ્રત્યે આદર, શ્રદ્ધા, પ્રેમ અને ભાવના ઊભાં કરી શકે તેમ છે. ભગવાન મેળવવા માટે સંસાર ત્યજ્યા સિવાય, સંસારમાં રહીને પણ ભગવાનની ભક્તિ કરી શકાય છે, તે એમનું પ્રેરક બળ છે.'

મુ. શ્રી મંગળદાસભાઈ કહે છે કે **'જિંદગીમાં ધર્મના આચરણ વગર પ્રભુને પામી શકાતો નથી કે ભવસાગર તરી શકાતો નથી. ભવસાગર તરવા માટે જીવનનાવને આગળ ધપાવવા માટે ધર્મ-ભક્તિનાં હલેસાંની જરૂર પડે છે. જેનું હલેસું ધર્મમય, નીતિમય અને સદાચારનું છે, તે ભવસાગર જરૂર પાર કરશે. ધર્મ અને સત્સંગ વિનાનું જીવન નકામું છે.'**

મુ. શ્રી મંગળદાસભાઈના આધ્યાત્મિક વિચારો ખૂબ જ ઊંચા છે, કેમ કે તેમના જીવનમાં પૂજ્ય મોટાએ ભક્તિનું રસાયણ ખૂબ જ ઘૂંટેલું છે. પ્રભુભક્તિ સાથે મજૂર મહાજન અને કારીગરો પ્રત્યેની

નિષ્ઠા પણ તેમના જીવનમાં ભારોભાર પડેલી છે. કેંદ્ર સરકારે ન્યૂ શોરોક મિલ નડિયાદને માંદા એકમ તરીકે જાહેર કરી ત્યારે કારીગરોમાં ઉગ્ર રોષ ફેલાયેલો. એ વખતે અમે કહેલું કે 'કાકા ! આ કારીગરો માટે આખી જિંદગી ઘસી નાખી. એ કારીગરો તમારું અપમાન કરે અને બેઈજ્જત થઈને જવું પડે તે પહેલાં સ્વેચ્છાએ રાજીનામું આપીને છૂટા થઈને માણસા રહેવા આવી જાઓ. દાદાની વારસામાં મળેલી જમીનમાંથી બે ટંક પેટ ભરાય એટલી સગવડ નહિ થાય ? અમે બે ભાઈઓ તમોને જરા પણ દુઃખ થાય તેવું વર્તન ક્યારેય કરીશું નહિ. તમારી પાછલી જિંદગીમાં તમો ખૂબ જ ભક્તિ કરો અને નિવૃત્ત જીવન અમારી સાથે પસાર કરો એવી અમારી ભાવના છે.'

એ વખતે કાકાએ કહ્યું કે 'તમે બે ભાઈઓ મને સારી રીતે સાચવશો એમાં તો મને શંકા નથી. મારે બે દીકરા નહિ પણ મિલમાં કામ કરતા ચાર હજાર કારીગરો પણ મારા માટે દીકરા સમાન છે. તે સૌનાં કામ કરવા માટે મારે અહીં રહેવું જરૂરી છે. આ કારીગર ભાઈઓ વર્ષોથી મહાજનની સાથે રહ્યા છે. હવે, **જ્યારે મિલની દશા નરમ પડી છે ત્યારે કારીગરોને છોડી દઉં તે મારા માટે યોગ્ય અને વાજબી ના ગણાય. પહેલાંના જેવી અને જેટલી આર્થિક સધ્ધરતા મિલની ના થાય ત્યાં સુધી મારે મારા ફરજના ભાગરૂપે નૈતિક રીતે પણ કારીગરો સાથે રહેવું જ જોઈએ. હાલમાં હું સંસ્થા છોડી દઉં તો મારો પ્રભુ મારા ઉપર રાજી ના રહે. મને જ્યારે એમ લાગશે કે હવે કારીગરોને મારી જરૂર નથી, તે દિવસે હસતાં હસતાં સૌની રજા લઈને નિવૃત્ત થઈને તમારી પાસે આવી જઈશ.** અત્યારે તો ભગવાન જ્યાં સુધી કામ કરાવશે, ત્યાં સુધી કામ કરવાની ઈચ્છા છે. એટલે હમણાં નિવૃત્તિ લેવાનો વિચાર કરતો નથી.

ન્યૂ શોરોક મિલ પહેલાંની માફક સારી રીતે ચાલતી થાય તેમ જ મજૂરોની આર્થિક મુશ્કેલીઓ દૂર થાય તે માટે તેમણે લગભગ બારસો જેટલાં શિવમંદિરોમાં મંત્રજાપ કર્યા છે. ઉઘાડા પગે, ફક્ત ભગવી લુંગી પહેરીને, જ્યાં શિવમંદિર જોયું, ત્યાં જઈને શિવલિંગની પાસે બેસીને મંત્રજાપ કર્યા છે.

મુ. શ્રી મંગળદાસભાઈની જીવનયાત્રા સંઘર્ષમય છે. પ્રેરણાદાયી છે. ધગધગતા અંગારામાં પણ એમણે જીવનબાગને ખીલવ્યો છે, મહેકાવ્યો છે. પ્રભુએ જિંદગી આપી છે તો એ જિંદગીને છેલ્લા શ્વાસ સુધી પરોપકારમાં વાપરવાની એમણે ઈચ્છા રાખી છે. પ્રભુને પામવા માટે તેમણે જિંદગી ઘસી નાખી છે. ધૂપસળીની માફક જાતે જલીને એમણે બીજાને સુવાસ આપી છે. ગમે તેવા સંજોગોમાં પોતાના ગુરુદેવમાં કે પ્રભુમાં રહેલી શ્રદ્ધા ના ડગે તો એવા સંજોગોમાં માનવી ટકી રહે છે, તે એમણે સાબિત કરી બતાવ્યું છે. બીજાને પ્રેરણા આપી શકે તેવી એમની જીવનસફર છે. આથી, એમની આ જીવનયાત્રાને શબ્દદેહ આપવા મેં મારી અલ્પમતિ પ્રમાણે આલેખન કરવા પ્રયત્ન કર્યો છે.

**'હસતું મૌન'** પણ અગાઉ પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો-'મૃત્યુ', 'દુઃખ', 'સંગ્રામ', 'વહેતાં ઝરણાં', 'જિંદગી'ની માફક વાચકોને ગમશે તેવી આશા રાખું છું. હું સિદ્ધહસ્ત લેખક નથી. તેથી, પુસ્તકમાં રહેલી ક્ષતિઓને ક્ષમ્ય ગણીને વાંચશો.

**- કેશુભાઈ ર. પટેલ 'કેસરી'**

॥ હરિઃૐ ॥

## મુશ્રી મંગળદાસભાઈના બે બોલ

આ સંસાર દુઃખનો દરિયો છે, જો એમાં ડૂબી જવાય તો. આ સંસાર સુખનો દરિયો છે, જો એમાં તરતાં આવડે તો. **સુખ અને દુઃખ એ તો પ્રભુની પ્રસાદી છે.** એ બન્ને પ્રેમથી આવકારવામાં જ સહુનું હિત રહેલું છે. ઝાંઝવાંનાં નીર જેવાં સુખની પાછળ માનવી દોડ્યા કરે છે અને અંતે જિંદગીનું પૂર્ણવિરામ આવે છે ત્યારે તેના હાથમાં સુખનો આભાસ પણ પ્રાપ્ત થયેલો હોતો નથી. એવો એક પણ માનવી નહિ હોય કે જેને તેના જીવનમાં ઓછાવત્તા પ્રમાણમાં દુઃખનો અનુભવ થયેલો નહિ હોય.

**'દુઃખ એ તો નિશાની છે પ્રભુકેરી કૃપાતણી**
**દુઃખને અવમાને જે નકારે તે પ્રભુની પ્રીતિ.'**

**- મોટા**

**સુખમાં અને દુઃખમાં જે માનવી જલકમલવત્ રહે છે, તે માનવી જ સિદ્ધિનાં સોપાનો જરૂરથી સર કરી શકે છે.** સુખમાં અને દુઃખમાં સમતા ધારણ કરનાર વ્યક્તિ આધ્યાત્મિક પંથના પ્રવાસમાં આગળ વધતા રહી અંતે પોતાના મુકામે પહોંચીને જ જંપે છે. ભૌતિક સાધનો દ્વારા કેટલાંક લોકો સુખને માણવાનો આભાસ ઊભો કરી શકે છે ખરા, પરંતુ એ આભાસી સુખની પાછળ દોડીને તેઓ માનવજીવનને અંતે તો ખોઈ બેસે છે.

સંતો કહે છે કે સંસારમાં રહીને પણ નામસ્મરણથી પ્રભુભજનથી સાચું સુખ પ્રાપ્ત કરી શકાય છે. જન્મ લીધો એટલે સંસાર તો રહેવાનો જ. આ સંસારને ગળે વળગાડીને કે એમાં

ડૂબી જઈને કોઈ સાચું સુખ પ્રાપ્ત કરી શક્યું નથી. સંસારમાં રહીને ભગવાનનું ભજન કરતાં કરતાં અનેક સંતો ભવસાગર તરી ગયેલા છે. નામસ્મરણ, પ્રાર્થના, ભજન-કીર્તન, ધ્યાન, યોગ, મૌન, ગુરુભક્તિ, સત્સંગ, સદ્‌વાંચન વગેરે દ્વારા સંસારમાં રહીને પણ પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે. કળિયુગમાં પરમાત્માને પ્રાપ્ત કરવા માટેનું સરળમાં સરળ સાધન નામસ્મરણ મંત્રજાપ છે. સતત મંત્રજાપથી સત્ત્વગુણમાં સતત વધારો થતો રહેતાં સત્ત્વગુણ પ્રાધાન્ય બનતાં પ્રભુના માર્ગમાં આગળ ઝડપથી વધી શકાય છે.

**મંત્રનો જાપ સતત કરતા રહેવાથી દૈવી શક્તિઓનો ખૂબ જ ઝડપથી વિકાસ થતો રહે છે. જીવદશાવાળાંઓએ મંત્રજાપ માટે મનને અવારનવાર મનાવતા રહેવું પડે છે, વિનંતીઓ કરવી પડે છે અને જરૂર પડે તો ચાબખા મારીને પણ તેને મંત્રજાપની સાથે જોડી રાખવું પડતું હોય છે. આગળના જન્મોના ભક્તિના સંસ્કારો પ્રમાણમાં ખૂબ જ ઓછા હોઈ તે વ્યક્તિના મનને મંત્રજાપમાં રહેવું ગમતું નથી,** એટલે મનને મંત્રના જાપમાં સતત રાખવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે.

જ્યાં પ્રકાશ છે, ત્યાં જિંદગી છે. જ્યાં અંધકાર છે, ત્યાં મૃત્યુ છે. જે ઘરમાં હવા-ઉજાશ અને સૂર્યપ્રકાશ આવતો ના હોય તે ઘરમાં અનેક પ્રકારની ફૂગ જોવા મળે છે. એવું જ આપણા શરીર અને મનની સાથે થાય છે. જેના શરીરમાં સતત મંત્રજાપ ગુંજતો નથી, તે મનુષ્યની અંદર અનેક પ્રકારના અવગુણો ઘર કરી બેસે છે. એ અવગુણોને સાફ કરવા માટે જરૂર છે પ્રેમ, કરુણા, ભક્તિ અને મંત્રજાપની જ્યોત જલાવવાની. પ્રભુ સાથે

એકરસ થઈ જવાય તો મંત્ર અનેક અશુદ્ધ તત્ત્વોને શુદ્ધ કરીને માનવીને સત્યની-પ્રભુની અનુભૂતિ કરાવે છે.

સદાયે સંકલ્પ વિકલ્પ કરતું મન નામસ્મરણથી-પ્રભુભજનથી શાંત પડી જાય છે ત્યારે આત્માનો પ્રકાશ પ્રગટે છે. આતમરામ જાગી ઊઠે છે. સંતો ભલે મંદિરો ના બંધાવે, પરંતુ તેઓ શ્રદ્ધાળુ વ્યક્તિના હૃદયમાં પરમાત્માની સ્થાપના કરાવીને મનમંદિરો બાંધતાં હોય છે. 'મન હી દેવતા, મન હી ઈશ્વર'ની સમજ સંત પાસેથી પ્રાપ્ત થાય છે.

નડિયાદ શહેરની પાસે શેઢી નદી ઉપર એક સંત મહાત્માએ હરિઃૐ આશ્રમની સ્થાપના કરીને જિજ્ઞાસુઓને પ્રભુમાર્ગે દોડતા કર્યા છે. તે સંતનું નામ છે **પૂજ્ય શ્રીમોટા.** તેઓ મારા જીવનના સાચા પથદર્શક છે. અનેક મુશ્કેલીઓમાં સપડાયેલી મારી જીવન નાવને સલામત રાખનાર સુકાની છે. મા જેમ પોતાના બાળકને વહાલ કરે છે તેમ પૂજ્ય મોટાએ મારા અવગુણો જોયા સિવાય મને અપનાવ્યો છે અને ખૂબ જ વહાલ પણ કર્યું છે.

મારી જીવનનૌકા સંસારસાગરના કાળમીંઢ પથ્થર અને ઊછળતાં વિકરાળ મોજાંમાં અટવાઈ જતી ત્યારે પૂજ્ય મોટા મારી મદદે દોડી આવેલા છે. મા પોતાના બાળકનો રડવાનો અવાજ સાંભળીને રઘવાઈ થઈને જેમ દોડે તેમ પૂજ્ય મોટા મારા આર્તનાદને સાંભળીને દોડી આવતા. મારા એકના એક દીકરા ગુરુપ્રસાદ અને મારી પત્ની હીરાબાનાં અકાળ અવસાન વખતે મારા ઉપર અને મારાં કુટુંબીજનો ઉપર દુઃખના ડુંગરો તૂટી પડ્યા ત્યારે એ દુઃખદ બનાવમાં પણ સતત અઢાર કલાક મંત્રજાપ કરતો રહ્યો અને પૂજ્ય મોટાને દુઃખમાં મદદ કરવા માટે સતત પોકારતો રહ્યો અને આ

દુઃખને ગુરુમહારાજની-પૂજ્ય મોટાની કૃપાથી ખૂબ જ ઝડપથી હું પચાવી શક્યો અને શોકમાંથી બહાર આવી શક્યો.

મારામાં રહેલાં રાગદ્વેષ, વેરઝેર, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, ઈર્ષ્યા, લોલુપતા-એ બધાંથી પર થવા માટે પ્રસંગ પડે પૂજ્ય મોટાની આંતરિક શક્તિઓએ મને આ બધાંમાંથી બચાવવા માટેની અદૃશ્ય હાથોથી મદદ કરેલી છે. આ બધાંથી હું પર થયેલો છું તેમ માનવાનું કોઈ કારણ નથી. ગુપ્તપણે તે બધાં મારી અંદર રહેલાં છે. તેનાથી હું સંપૂર્ણ રીતે હજુ સુધી મુક્ત થયેલો નથી. તેમાંથી મુક્ત થવા માટેના મારા પ્રયત્નો પૂજ્ય શ્રીમોટાની દયાથી ચાલુ છે.

પૂજ્ય શ્રીમોટાએ મને કહેલું કે **'હું તને સંસાર છોડવાનું કહેતો નથી. સંસારમાં રહીને પણ ભગવાનને ભજી શકાય છે.** મેં તારી સાથે દોસ્તી બાંધી છે એટલે હું તને છોડવાનો નથી. તારે મારી પાસે ભૌતિક સુખોની માગણી કરવાની નહિ તેમ છતાં તું માગણી કરીશ તો હું એમાંનું કશું જ તને આપીશ નહિ. **મોટા** મારું બધું જ કામ કરી દેશે એવા ખાલી ખાલી વિચારોથી કશું જ બનવાનું નથી. જ્યાં સુધી તું મારી સાથે પાકી દોસ્તી નહિ બાંધે, તેમ જ સંપૂર્ણપણે મારામય નહિ થઈ જાય, ત્યાં સુધી ભક્તિના માર્ગમાં આગળ વધવાના પ્રયત્નોમાં ઝાઝી ગતિ થશે નહિ. એટલે સંપૂર્ણ મારામય થઈ જા અને પાકી દોસ્તી બાંધી લે, ગુરુ (**મોટા**) મારું બધું જ કરી લેશે એમ કરીને આપણી ચિંતાઓનું પોટલું **મોટા**ના માથે ચડાવીને આપણે ખાલી હાથે ફરતાં ફરીએ એ બનવાનું નથી. જેણે આધ્યાત્મિક પંથમાં આગળ વધવું છે અને કંઈક મેળવવું છે, તેણે જાતે જ પ્રયત્નો કરવાના છે.'

સમર્થ ગુરુનું સમર્થ માર્ગદર્શન મળતું રહે તો પછી આપણે કોણ છીએ અને ક્યાંથી આવ્યા છીએ, તેની સાચી સમજ ખૂબ જ ઝડપથી પેદા થઈ જાય છે. માનવીની સાચી ઓળખ ધ્યાન, મંત્રજાપ, પ્રાર્થના અને શ્રદ્ધા દ્વારા થઈ શકે છે. 'હું સામાન્ય દેહધારી મનુષ્ય નથી. હું પરમ ચૈતન્યસ્વરૂપ પ્રભુનો જ અંશ છું. હું શુદ્ધ છું. હું પરમાત્મા છું. હું શિવ છું. નારાયણ છું.' આવું જ્ઞાન થાય પછી ત્યાં આનંદનો અફાટ સમુદ્ર રેલાતો જ રહે છે. ચોમેરથી હર્ષનો મહાસાગર ઘૂઘવતો અનુભવાશે. માનસિક પરિતાપમાંથી મુક્ત થઈ મનપંખી પાંખો ફફડાવીને વિશાળ ગગનમાં મુક્તવિહાર કરવા નીકળી પડશે. અત્યાર સુધી જે મન કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, વેરઝેર વગેરેના બંધનમાં કેદ હતું, તે મુક્ત બનશે અને આધ્યાત્મિક આકાશમાં વિહરવા લાગશે.

જે લોકો સાચી સમજ ધરાવે છે, તેઓ તો મંત્રજાપ, ભજન, પ્રાર્થના જેવી અણમોલ વસ્તુને અમલમાં મૂકવા લાગી જાય છે. આપણો અને ભગવાનનો અભિન્ન સંબંધ છે. આ સત્યની પૂર્ણ જાણકારી સહિત આપણી સમસ્યાઓ પ્રભુને, ગુરુમહારાજને સોંપી દેવામાં આવે તો પછી આપણે ચિંતા કરવાનું રહેતું નથી. પછી તો આપણું જીવન પરમ ધન્ય અને સર્વાંગ સમૃદ્ધ બની જાય.

પૂજ્ય મોટાએ મને એક વખત કહેલું કે **'મારી મદદ મેળવવા માટે તારે મારી આગળ સંપૂર્ણપણે ખુલ્લા થવું જ પડશે. તું સંપૂર્ણપણે ખુલ્લો નહિ થાય, ત્યાં સુધી મારી મદદ તને મળવાની નહિ. સંપૂર્ણપણે ખુલ્લા થવાનો અર્થ તમામ કપડાં કાઢી નાખીને દિગંબર થવાનું તે નહિ, પરંતુ તારા મનમાં સારા નરસા જે વિચારો આવે તે તારે મને જણાવતા રહેવાનું. સારાં નરસાં કામ કરે તે પણ તારે**

**મને જણાવતા રહેવાનું. કશુંય નકારાત્મક મનમાં સંઘરી રાખવાનું નહિ. એ પ્રમાણે કરીશ તો જ મારી મદદ તને મળતી રહેવાની. મારી સાથે બનાવટ કરવાની નહિ. તારું નકારાત્મક કાયમ રાખી મારી સાથેના દિલના સંબંધો તું બાંધી શકીશ નહિ, તેમ જ મારો લાભ આ માર્ગમાં આગળ વધવા તું લઈ શકીશ નહિ.'**

ત્યાર બાદ મારા મનમાં જે થતું તે હું **મોટા**ને વિના સંકોચે લખતો અને કહેતો. પૂજ્ય મોટા એ અંગે મને જરૂરી માર્ગદર્શન આપતા.

મારા જીવન વિશેની હકીકત, પૂજ્ય શ્રીમોટા તરફથી મને મળેલ માર્ગદર્શન, પૂજ્ય મોટાની દયા અને પ્રેરણાથી થયેલાં સમાજસેવાનાં કાર્યો, પૂજ્ય મોટા તરફથી મને પત્રો દ્વારા મળેલ આધ્યાત્મિક માર્ગદર્શન અને મારાં કાર્યોમાં પૂજ્ય શ્રીમોટાએ મને કરેલી મદદ વગેરે આ પુસ્તક દ્વારા સૌ સમક્ષ મૂકવાનું કામ મારા ભત્રીજા શ્રી કેશુભાઈ પટેલ 'કેસરી'એ કર્યું છે. આ પુસ્તકના વાંચનથી નામસ્મરણમાં, પ્રભુભજનમાં તથા ગુરુભક્તિમાં રુચિ પેદા થશે અને વધશે તેવી મને આશા છે. હરિઃૐ.

**મંગળદાસભાઈ શિ. પટેલ**
(માણસાવાળા)
મજૂર મહાજન સંઘ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

॥ ૐ ગુરુ ૐ ॥

## નિઃશબ્દ (મૌન) વિશે શબ્દ

ગાંધીનગરમાં આવેલ 'અક્ષરધામ'માં માનનીય રાષ્ટ્રપતિશ્રી ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ નાનાં બાળકોના ઉત્સવમાં ભાગ લેવા આવેલા, તે સમયે નીચે પ્રમાણે બાળકો સાથે વાતચીત થઈ. એક બાળકે પ્રશ્ન પૂછ્યો અને રાષ્ટ્રપતિએ અત્યંત ભાવપૂર્વક જવાબ આપ્યો :

**બાળક : માનનીય રાષ્ટ્રપતિજી, ભારત વિશેનું ૨૦૨૦નું આપનું સ્વપ્ન શું છે ?**

**રાષ્ટ્રપતિ : ભારતના દરેક નાગરિકના ચહેરા પર 'ઈશ્વરીય હાસ્ય' દેખાય તે મારું ભારત વિશેનું સ્વપ્ન છે.**

ભાઈશ્રી કેસરી પટેલનું આવું જ સ્વપ્ન છે અને તે સ્વપ્નની વાત તેમણે **'હસતું મૌન'** પુસ્તકમાં રજૂ કરી છે. પૂજ્ય મોટાના પગલે તેઓ હાસ્યની જ વાત કરે છે. રાષ્ટ્રપતિએ હાસ્ય સાથે 'ઈશ્વરીય' શબ્દ જોડ્યો છે, જ્યારે શ્રી કેસરીએ 'મૌન' શબ્દ જોડ્યો છે. 'મૌન' શબ્દનો અપાર મહિમા છે. તેમાં અગત્યની વાત એ છે કે ઈશ્વરનાં અનેક સ્વરૂપો છે, તેમાં 'મૌન' પણ એક ઈશ્વરનું જીવંત રૂપ છે. 'હાસ્ય' આનંદ હોય ત્યારે પ્રગટે છે, એટલે લેખક વાચકને સાવધાન કરે છે કે તેને 'આનંદમય' મૌનની વાત કરવી છે, જડ મૌન, ભાવ વિનાનું કે વાચિક મૌન તેને અભિપ્રેત નથી. વ્યક્તિ ઈશ્વરની હાજરી અનુભવે, પૂજ્ય મોટા કહે છે તેમ 'એકાંત'માં. ત્યારે તેનું હૃદય પ્રેમથી સભર બને છે અને તે મૌન

થઈ જાય છે. 'गूंगे केरी शर्करा, खाये और मुस्काये' સાધક ઈશ્વરના આનંદને ફક્ત હસતાં હસતાં જ મૌન દ્વારા જ તેનો અનુભવ વ્યક્ત કરે છે. સાધુ, સંતો અને સિદ્ધપુરુષો તેમના ભાવ 'હસતા મૌન' દ્વારા જ વ્યક્ત કરે છે. આ છે નિઃશબ્દની (મૌનની) શબ્દમાં વાત. જ્યારે ગુરુ પ્રસન્ન થાય છે ત્યારે તે શિષ્યને મૌન દ્વારા જ જ્ઞાન, શક્તિ કે અનુભવ આપે છે. પછી તે હસે છે અને શિષ્યને હસાવે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદને અલૌકિક જ્ઞાન, સમાધિનો અનુભવ આપે છે. પછી ખડખડાટ હસે છે અને ખુશી વ્યક્ત કરે છે. આ છે 'હાસ્ય'નો મહિમા.

પૂજ્ય મોટાના તેમના સાધકોને લખેલા પત્રો સાંસારિક જીવનમાં કેમ જીવવું તેની સમજ પ્રગટ કરે છે. પૂજ્ય મોટાનાં 'વચનામૃત' આધ્યાત્મિક પંથે યાત્રા કરતા સાધક માટે અતિ ઉત્તમ અને આચરણમાં મૂકવા જેવા છે. આપણા દૈનિક પ્રશ્નો કેવી સમજણથી ઉકેલવા તે અંગે પૂજ્ય મોટાના જ્ઞાનનો લેખકે બહોળો ઉપયોગ કર્યો છે. શ્રી મંગળદાસભાઈને 'ગુરુકૃપા'નો સારો લાભ મળ્યો છે. સમાજ અને મજૂર પ્રવૃત્તિમાં રહેવા છતાં 'હસતાં મૌન' સાથે કેમ જીવન વિતાવવું, તે પૂજ્ય મોટાએ તેમને શીખવ્યું છે.

કુટુંબ અને સમાજમાં નિર્વિઘ્ન કેમ જીવવું, આપણું જીવન કેવી રીતે સફળ કરવું અને હસતાં હસતાં સાક્ષીભાવ દશામાં આ સંસારના બજારમાંથી કેવી રીતે ડાઘ લાગ્યા વિના પસાર થઈ જવું એ કદાચ આ પુસ્તકનો સંદેશ હશે. વાચક તેને થતાં અનુભવો માટે આ પુસ્તકમાંથી અચૂક માર્ગદર્શન મેળવશે જ. હવે હસતાં હસતાં મૌન થઈ જવું તે જ શ્રેય છે.

**તા.૨૨-૨-૨૦૦૪** **પ્રો. આર. કે. દવે**

માણસા

॥ હરિઃૐ ॥

# હસતું મૌન

પ્રાચીન સમયની આ વાત છે. એક રાજકુમારે એક કથા સાંભળેલી. એક ટાપુ ઉપર એક સુંદર મંદિર, મંદિરમાં અસંખ્ય સોનાની ઘંટડીઓ આવેલી. પવનની લહેર આવે ને ઘંટડીઓનો જાદુભર્યો દિવ્યનાદ વાતાવરણને સુમધુર બનાવતો. કાળક્રમે એ ટાપુ દરિયામાં વિલિન થઈ ગયો, સાથે મંદિર પણ. રાજકુમારને એ ટાપુ અને એ મંદિરને શોધવાની લગની લાગી. ઘરડાંઓ પાસેથી રાજકુમારે વાત સાંભળી કે મંદિર તો દરિયામાં વિલિન થઈ ગયું છે, પણ એની જાદુઈ ઘંટડીઓનો રણકાર-જો સાંભળતાં આવડે તો દરિયાના ઘુઘવાટામાં પણ સાંભળી શકાય છે. રાજકુમાર તો લાંબી યાત્રા કરીને દરિયાકિનારે પહોંચ્યો અને ઘંટડીઓનો દિવ્યનાદ સાંભળવા માટે દરિયાકિનારે બેઠો. દિવસો વિતતા ગયા પણ તેને એ ઘંટડીઓનો દિવ્ય ઘંટારવ સંભળાયો નહિ. કેવળ મોજાંને, નાળિયેરનાં વૃક્ષોને, આકાશને અલવિદા કહેવા માટે દરિયાકિનારે આવ્યો. પૂર્ણ મૌન રહીને એણે આજે ન તો મોજાંના અવાજને રોકવાની કોશિશ કરી કે ન તો કોઈ પ્રતિકાર કર્યો. પૂર્ણ મૌન રહીને કિનારે ટકરાતી લહેરોને કેવળ સાંભળી રહ્યો. ધીરે ધીરે એનું સંપૂર્ણ અસ્તિત્વ મૌનની ગહેરાઈમાં સરી પડ્યું અને પોતાના અસ્તિત્વના કેંદ્ર સુધી તે પહોંચી ગયો. 'અરે આ શું આશ્ચર્ય ?' એક પછી એક ઘંટડીઓનો એ દિવ્ય નાદ સાંભળતો ગયો. એનું જીવનસંગીત બદલાઈ ગયું અને ઈશ્વરની પ્રાપ્તિ થઈ.

વાચક મિત્રો ! આ કથા બીજા કોઈની નથી, આપણા સહુની છે. આપણી ભીતરમાં સર્જનહારે એક અદ્‌ભુત મંદિરની રચના

કરી છે. સર્જનહારે પોતે અખંડ એકવીસ હજાર છસો ઘંટડીઓ રણકતી મૂકી છે. આપણા શ્વાસ-ઉચ્છ્વાસ દિવસ અને રાત્રીના ચોવીસ કલાકમાં એકવીસ હજાર છસો થાય છે.

દેહ એ દેવાલય છે. આત્મા પરમાત્મા છે અને આ નાદથી એનું અનુસંધાન થાય છે. અનેક અથડાતા ધ્વનિઓ વચ્ચે મૌનના દ્વારમાં પ્રવેશ કરવામાં આવે છે ત્યારે મંત્રના માધ્યમથી આપણે ખૂબ સહજતાથી આ મંદિરમાં બેઠેલા પરમેશ્વરને પામી શકીએ છીએ, અનુભવી શકીએ છીએ.

કળિયુગમાં જીવન અનેક પ્રકારનાં પડકારો, વ્યથાઓ, દુઃખો, બેચેનીઓ અને તનાવથી ગ્રસ્ત છે. વ્યક્તિને આર્થિક સમસ્યાઓ, કૌટુંબિક જવાબદારીઓ અને રોજિંદા જીવનના પડકારો હરપળે પીડી રહ્યા છે. આ બધાંમાંથી છૂટવા માટે રામબાણ ઈલાજ છે મૌન. કેવી રીતે ?

કળિયુગનો આરંભ થવાનો હતો. રાજા પરીક્ષિતના દરબારમાં વિદ્વાનો, ઋષિમુનિઓ ચર્ચા વિચારણા કરી રહ્યા હતા. આવનારા યુગમાં તમામ ક્ષેત્રે પાપાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર વ્યાપી જશે ત્યારે તેમાંથી બચવું શી રીતે ?

તે વખતે એક પુરુષ-વિકરાળ કાયાવાળો, ભય અને અણગમો પેદા કરે તેવી સ્થિતિમાં ભરી સભામાં પ્રવેશ્યો. પરીક્ષિત રાજાએ ઠપકો આપતાં કહ્યું કે 'મારા રાજ્યમાં ભરી સભામાં આવી રીતે પ્રવેશવાનું પ્રયોજન ?'

'હું આપની સભાના પ્રશ્નનો જવાબ આપું ?' આગંતુકે કહ્યું.
'એ કેવી રીતે ?' પરીક્ષિત રાજાએ પૂછ્યું.

**'આપ સૌ ચર્ચા કરી રહ્યા હતા કે કળિયુગમાં આધિ, વ્યાધિ અને ઉપાધિની વચ્ચે કેવી રીતે સુખેથી જીવવું ? તો હે રાજા, હું પોતે જ આવનારો કળિયુગ છું. મેં મારા હાથથી મારી જીભ પકડી**

**રાખી છે. કળિયુગમાં સુખેથી જીવવાનો એ મંત્ર છે. જે વ્યક્તિ આ યુગમાં મૌનનું પાલન કરશે, તેના પર મારી કોઈ છાયા નહિ પડે. એને આધિ, વ્યાધિ કે ઉપાધિ કંઈ જ નહિ પીડે.** સુખેથી સંસારવહેવાર કરતાં કરતાં એવા મનુષ્ય ચાહે નર હો યા નારી, યુવાન હો યા વૃદ્ધ, ગરીબ હો યા તવંગર, ખેડૂત હો યા સૈનિક-જે કોઈ હશે તે સફળતાની વરમાળાને વરતો વરતો શાંતિ, આનંદ, પ્રેમ અને માધુર્યથી આ યુગમાં પણ સુખેથી જીવન વિતાવશે.'

વાચક મિત્રો, મૌન શા માટે ? એ તો આપને ખ્યાલ આવી ગયો હશે. ભીતરમાં બેઠેલા પરમાત્માને પામવા, સહુમાં રહેલા શિવને પ્રગટાવવા, જીવમાં રહેલા શિવને ઢંઢોળવા મૌન જરૂરી છે. મૌનનો સૂર મળે તો 'અનહદનો સૂર તારો એકેય મળે તો, દુનિયાનો સૂર જાય દૂર' આ છે ભીતરના કમાડને ખોલવાની ગુરુ ચાવી.

પ્રશ્ન એ થાય છે કે ખરેખર મૌન કોને કહેવાય ? મૌન એટલે શું ? મૌનના પ્રકાર કયા કયા ?

अथ ध्यानम् - તો હવે ધ્યાન આપો.

**'મૌન એટલે જ ભગવાન.'** આ મહાન ગુરુજનોનો ઉદ્‌બોધક સ્વર છે. ભગવાન રામે વશિષ્ઠને પૂછ્યું કે 'બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ?'

જવાબમાં વશિષ્ઠજી મૌન થઈ ગયા.

રામે ફરીથી કહ્યું 'ગુરુદેવ ક્ષમા કરજો. મારાથી કોઈ અવિવેક થઈ ગયો કે આપ મૌન થઈ ગયા ?'

વશિષ્ઠજીએ કહ્યું, 'હે રામ ! પરમાત્માનું, બ્રહ્મનું તમે જે કોઈ શબ્દથી સંબોધો-શિવ કે શક્તિનું સાચું સ્વરૂપ જ મૌન છે.' એ તમને બતાવવા હું મૌન રહ્યો.

પરમ પૂજ્ય ગુરુમાઈ ચિદ્‌વિલાસાનંદ (ગણેશપુરી આશ્રમ),

એમના મૌન વિશેના સંદેશામાં કહે છે કે 'मौन बोध का मूल है।'

'मौन की महिमा अपरम्पार है । मौन से अधिक महिमावान अन्य कुछ नहीं ।'

'मौन परमोत्कृष्ट धर्म है, शाश्वत सत्य का प्रतीक है ।'

'मौन सच्चा जीवन है ।'

'मौन परमात्मा है ।'

શું આપને પરમાત્માના હૃદયની ધડકન સાંભળવી છે ? શ્રી ગુરુમાઈજી કહે છે 'मौन में मन परमात्मा के हृदय की धडकन को सुन लेता है ।' મૌનના અંગ્રેજી અક્ષરો છે. Silent. આ જ અક્ષરોથી શબ્દ બને છે. Listen–સાંભળવું. 'When you become silent within, you can listen voice of God' જ્યારે તમે ભીતરમાં મૌન થઈ જાઓ છો ત્યારે જ પરમાત્માનો અવાજ સંભળાય છે.

મૌનના ત્રણ પ્રકાર-વાણીનું મૌન, વિચારોનું મૌન અને ઇચ્છાઓનું મૌન. વાર્તાલાપથી બચવું એનું નામ વાણીનું મૌન. ખપ પૂરતું બોલવું અને જરૂર ન હોય ત્યારે જીભને મંત્રજાપમાં લગાડવી, ઉચ્ચ સ્વરે કીર્તન કરવું, સ્વાધ્યાય કરવો એનું નામ વાણીનું મૌન.

વાણીનું મૌન અને મંત્ર એ મનમાં ચાલતા અસંખ્ય વિચારોની કચકચને ધીમે ધીમે બંધ કરી દે છે. આ છે વિચારોનું મૌન, મનનું મૌન.

જગતમાં સૌથી સુખી કોણ ? જેને સૌથી ઓછામાં ઓછી ઇચ્છા છે તે. વાણીનું મૌન, વિચારોનું મૌન ખૂબ જ સરળતાથી આપણને ઇચ્છાઓના મૌન સુધી લઈ જાય છે. ભીતરનો ઘંટારવ સંભળાવા લાગે છે, હદથી અનહદની યાત્રા શરૂ થઈ જાય છે અને જીવત્વમાં શિવત્વની ઝલક થવા લાગે છે.

મૌનના માધ્યમથી જીવનમાં સંગીત પ્રગટે છે. જીવન મહોત્સવ બની જાય છે. વિકારો શમી જાય છે. વિશેષતાઓ પ્રગટે છે. આપણું આખું અસ્તિત્વ હરતું ફરતું મંદિર બની જાય છે. જાણે કે Walking moon on earth-કે જેમાંથી શીતળ ચાંદનીનાં મધુર કિરણો ઝર્યા કરે છે. સાધક ગુરુમંત્રના સહારે મૌનનો આરંભ કરે તો વ્યર્થ વાણીના વ્યયથી બચી શકે છે. હર શ્વાસમાં પ્રિય પ્રભુનું ગીત હોય, હર ધડકન એનું નામ રટતી હોય તો પરમાત્મા ક્યાં દૂર છે ?

શબ્દોમાં સંયમ, વિચારોમાં સંયમ, ભાવનાઓમાં સંયમ, દરેક કર્મોમાં સંયમ, આખુંય અસ્તિત્વ મૌનમાં અવસ્થિત થઈ જાય પછી થતો દરેક વહેવાર સાક્ષિત્વની અવસ્થામાં થાય. આપણી અંદર આપણને એક કેંદ્ર જડી જાય. આપણા ઉદ્‌ભવનું કેંદ્ર કે જ્યાંથી બોલવું એ પણ મૌન છે.

હનુમાજીના કીર્તનમાં
રામના વર્તનમાં
શિવના નર્તનમાં
કૃષ્ણની બંસીમાં મૌન છે.

**મૌન એટલે કેવળ શબ્દથી ચૂપ થઈ જવું તે નહિ, આખુંય અસ્તિત્વ પરમ અસ્તિત્વની સુગંધથી ભીનું ભીનું થઈ જાય એનું નામ મૌન.** જેને ખબર પડી ગઈ કે બોલનાર બીજો છે, કર્તા કિરતાર છે. કરવાનું કોઈ કર્મ શેષ રહ્યું નથી, આ વિશ્વના બજારમાં ન ખરીદનાર છે ન વેચનાર છે, પોતે કેવળ સાક્ષી થઈને ગુજરનાર છે, એવો પુરુષ અખંડ મૌનમાં છે. વેદો જ્યાં પ્રક્ષાલન કરે અને ઋષિમુનિઓ જ્યાં નેતિ નેતિ કહીને વિરામ પામી જાય છે, એ છે મૌનનો પ્રદેશ. ગંગાસતી પાનબાઈ કહે છે કે -

**વીજળીના ચમકારે મોતીડાં પરોવો**
**પાનબાઈ અચાનક અંધારા થાશે રે**
નિર્મળ થઈને આવો રે મેદાનમાં
તો બીબે પાડી દઉં બીજી ભાત
ગુપત રસનો ખેલ છે અટપટો
આંટી મૂકો તો સમજાય
અધૂરિયાને ના કહેવાય.

**આ છે પ્યાલો મૌનનો. હસતાં મૌનનો. શિવની સમાધિમાં મૌન છે. બુદ્ધ અને મહાવીરના પદ્માસનમાં મૌન છે, એટલું જ મૌન કૃષ્ણના કર્મયોગમાં, રામના ધર્મયુદ્ધમાં અને મા ઉમિયાના અસૂરનાશક અવતારોમાં છે. આ જ મૌન યુગે યુગે સદ્‌ગુરુરૂપે આવે છે આપણને સમજાવવા. આપણી અંદર પણ એ જ મૌન છે. 'જે તું તે હું, જે હું તે તું' આવી મોટાઈ જે પ્રગટ કરે તે મોટા. બીજાને મોટા બનાવે તે પૂજ્ય મોટા. બાકી, બધાં ખોટાં ને ખોટાં.**

આવું મૌન હસતું થાય અને ખોળિયામાં જઈને વસે તેનું નામ મંગળદાસભાઈ. નામ પ્રમાણે મંગળમય જીવન, મંગળમય કાર્ય અને મંગળમય અસ્તિત્વ. પ્રભુચરણે, ગુરુચરણે, મૌન, પ્રાર્થના કે મંગળની મંગળમય આત્મા સદાય ફેલાતી રહે. એ ક્યારે ફેલાશે ? આજથી જ. શહેરના શોરબકોરની વચમાં, તમામ ઘોંઘાટોની વચમાં, ઉદ્વેગોની વચમાં ભાગ્યા સિવાય આ બધા ઉપર-તમામ ધ્વનિઓ ઉપર પૂરા કેંદ્રિત થઈ અંતરના કેંદ્રમાં તમે આવી જાઓ. વિચારો એ બોજો નથી. જળ ઉપર જેમ સ્વર્ણીમ પ્રકાશ છે તેવી રીતે તમારું સમગ્ર અસ્તિત્વ શુદ્ધ જળ જેવું બને. વિચારો એ બોજા વિનાનો પ્રકાશ જાણે કે પ્રભાતે ઝરણાં ઉપર પડતાં પ્રથમ સૂર્યકિરણો. આવા બોધ સાથે સહજ સમાધિ એનું નામ અખિલ 'મંગલમ્'. આ આપણે સાર્થક કરીએ.

આપણા જીવનની હરપળ, સ્મિતમય હોય એનું નામ જ 'હસતું મૌન.'

**- તેજસ આર. દવે**

॥ હરિઃૐ ॥

## નિવેદન (બીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાએ કુંભકોણમ્ પ્રવચનમાં આપણા સૌની ભૂમિકા વિશે સત્ય હકીકતનું નિરૂપણ કરતી ખૂબ સુંદર પંક્તિઓ કહી છે.

**'અમારે તો તમારે દિલ પ્રવેશી કર્મ કરવું છે,**
**પરંતુ બાર મણિયાં શાં બધે દ્વારે જ તાળાં છે.'**

મળેલાં સ્વજનોમાંથી જે જે જીવ પૂ. શ્રીમોટાની અવિરત વહેતી ચેતનાશક્તિને ઝીલી શકે તેવી, પોતાની ભૂમિકા કેળવવાને સતત પ્રયત્નશીલ, સંઘર્ષ કરી રહ્યા છે, તે પૈકીનું એક કર્મનિષ્ઠ વ્યક્તિત્વ એટલે શ્રી મંગળદાસ પટેલ.

આ પુસ્તક શ્રી મંગળદાસનું જીવન કથન નથી, પરંતુ સંતપુરુષના કૃપાપાત્ર એક સામાન્ય જીવ શું પામી શકે છે, પોતાની ભૂમિકાને ઊંચે લાવવા માટે કેવો સંઘર્ષ કરી શકે છે અને તેવા કઠિન કાળમાં શ્રીસદ્‌ગુરુની કેવી મદદ મળતી રહે છે તેનું હૂબહૂ નિરૂપણ છે. આધ્યાત્મિક ઉન્નતિ, કોઈ એક જન્મમાં જ પ્રભુ પ્રાપ્તિ થઈ જાય એવો સરળ માર્ગ નથી. સ્વબળે અને પુરુષાર્થ થકી એક એક ડગલું ભરીને વિકાસ પામવાનો માર્ગ છે. શ્રી મંગળદાસ પ્રાપ્ત કર્મોને ઉજાગર કરતા, પરિવાર અને સમાજની સંપૂર્ણ જવાબદારી અને ફરજપાલન કરતાં કરતાં જીવનવિકાસના પંથે, અડગ નિશ્ચયના બળે આગળ વધ્યા છે. કવિ દયારામે ગાયું છે,

**'નિશ્ચયના મહેલમાં, વસે મારો વહાલમો.'**

શ્રી મંગળદાસ રિટાયરમેન્ટ બાદ આજે પણ પૂ. શ્રીમોટા પ્રત્યે સંપૂર્ણ ભક્તિ, સમર્પણ-શરણભાવ અને શ્રદ્ધાના બળે હરિઃૐ નામસ્મરણમય જીવન જીવી રહ્યા છે. વર્ષ ૨૦૦૪માં પ્રથમ પ્રકાશન પામેલ આ પુસ્તક પારિવારિક વિતરણ માટે હતું.

અમો આ પુસ્તકના પુનઃ પ્રકાશન માટે ઉદારભાવે મંજૂરી આપનાર લેખકશ્રી કેશુભાઈ ર. પટેલ - 'કેસરી પટેલ' તથા

પ્રકાશનનું સૂચન તેમ જ મુદ્રણશુદ્ધિ કરી આપનાર ટ્રસ્ટીશ્રી રજનીભાઈ બર્માવાળાનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આદરણીય વડીલ શ્રી મંગળદાસભાઈએ પોતાના અંગત જીવનને જાહેર કરવાની હિંમત અને પ્રમાણિકતા દાખવી છે. તેઓશ્રીનો અનુભવ સૌ સ્વજનોને, શ્રીસદ્‌ગુરુ પ્રત્યે અડગ શ્રદ્ધા કેળવવા માટે પ્રેરણાસ્રોત બની રહેશે. વ્યક્તિગત રીતે મનન, ચિંતન અને જાગ્રત કરાવનાર આ પ્રકાશન બદલ અમો શ્રી મંગળદાસભાઈના પણ ખૂબ ખૂબ આભારી છીએ. આ પુસ્તક થકી સૌ સ્વજનો તથા વાચકગણ પૂ. શ્રીમોટાની અવિરત વહેતી, અનંત બ્રહ્માંડમાં વ્યાપ્ત એવી ચેતનાશક્તિનો સ્પર્શ જરૂર પામશે. એવી અમોને હૃદયપૂર્વકની શ્રદ્ધા છે.

પ્રથમ પ્રકાશનના મૂળ પુસ્તકમાંથી શ્રી મંગળદાસના પરિવારની વિસ્તૃત વિગતો આ આવૃત્તિમાં ટૂંકાવવામાં આવી છે, તેમ જ પૂ. શ્રીમોટાના પત્રોની તારીખવાર ગોઠવણી કરવામાં આવેલ છે. તેથી, પત્રોનો ક્રમ બદલાયેલ છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૧-૧૦-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**

વિજયાદશમી, સંવત ૨૦૭૨ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# હસતું મૌન

## “હું સર્વત્ર વિદ્યમાન છું.”

- શ્રીમોટા

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ.૪૩૧

॥ હરિઃૐ ॥

# સંસ્કાર ઘડતર

## મંગળદાસભાઈનો જન્મ

શિવરામ પટેલ ખાસ ભણેલા નહિ, થોડુંક લખતાં વાંચતાં આવડે, પણ હૈયાસૂઝ બહુ ભારે. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી, છતાં સાધુ સંતો, અભ્યાગતો, મહેમાનો એમના આંગણેથી જમ્યા વગર ક્યારેય પાછા જતા નહિ. ધાર્મિક વૃત્તિવાળા હોવાને લીધે શિવરામ પટેલ ધર્મ પાછળ ઘણો મોટો ખર્ચ કરતા. અમથીબા સાથે તેમનું લગ્ન થયું, એ વખતે પણ ઘરની પરિસ્થિતિ નબળી હતી. અમથીબા પણ ધાર્મિક વૃત્તિવાળાં જીવ હતાં. તેમણે ઘરની નબળી પરિસ્થિતિ વિશે ક્યારેય કોઈની આગળ અસંતોષ વ્યક્ત કરેલો નહિ. **'રામ રાખે તેમ રહેવું અને થાય તેટલું પ્રભુનું નામ લેવું.'** આ એમનો મુદ્રાલેખ હતો. એટલે જ તો અમથીબાએ શિવરામ પટેલના ખોરડાની લાજ ક્યારેય જવા દીધી નહિ.

અમથીબાની કૂખે ત્રણ દીકરા ને બે દીકરીઓનો જન્મ થયો. મોટા પુત્ર રણછોડભાઈ પછી દીકરી જોઈતીબહેન પછી પુત્ર અંબાલાલ, ત્યાર બાદ દીકરી જમનાબહેન અને સૌથી નાના પુત્ર તે મંગળદાસ. તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૮૫ના કારતક સુદ ૧૪ને સોમવાર તા. ૨૬-૧૧-૧૯૨૮ના રોજ રાત્રે ૧૧-૪૦ કલાકે હાલના ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણસા ગામમાં થયો હતો.

**લોકો મંગળદાસભાઈને નાનપણમાં 'ભગત'ના નામે, શાળા કૉલેજમાં 'કાકા'ના નામે ઓળખતા હતા. મજૂર**

**મહાજન સંઘ, નડિયાદ અને ન્યૂ શોરોક મિલ નડિયાદમાં 'ગુરુ'ના નામે ઓળખે છે.**

શિવરામબાપાના ઘરમાં સૌથી નાના સંતાન તરીકે મંગળદાસને બધાંનો ભરપૂર પ્રેમ મળેલો. એમાં પણ નાથીબાનો પ્રેમ ખૂબ જ વધારે મળેલો. મંગળદાસ નાનપણથી જ ધાર્મિક વૃત્તિવાળા એટલે નાથીબા સાથે એમને સારું ફાવતું. મંગળદાસ ભણવામાં મધ્યમ હતા. બધાંને એમ કે આ છોકરો (મંગળદાસ) સારું ભણે અને બહુ મોટો માણસ બને. શિવરામબાપાના વચેટ દીકરા અંબાલાલ ખૂબ જ કડક સ્વભાવના હતા. ભણવામાં મંગળદાસ કાચા પડતા જણાય ત્યારે તેઓ મંગળદાસને ધમકાવતા અને ક્યારેક ફટકારતા પણ ખરા. એ વખતે નાથીબા મંગળદાસનું ઉપરાણું લેતાં અને અંબાલાલને ધમકાવીને 'હવે પછીથી મારવાનું નહિ, સમજ્યા ?' એમ કહીને દૂર કાઢી મૂકતાં અને મંગળદાસને મારમાંથી બચાવી લેતાં.

## નાથીબાનો હેતભાવ

મંગળદાસને નાનપણથી ધર્મમાં રુચિ એટલે લોકો તેમને 'ભગત' કહીને બોલાવતા. (**મંગળદાસને બાળપણમાં 'ભગત' કહીને, અભ્યાસકાળમાં 'કાકા' તરીકે અને મજૂર મહાજનની નોકરીમાં 'ગુરુ' તરીકે ઓળખાય છે. તેથી, આ પુસ્તકમાં મંગળદાસ નામને બદલે 'ભગત' અને 'ગુરુ' શબ્દનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.**) ભગત ગુજરાતી પાંચમા ધોરણમાં આવ્યા ત્યારે માતા અમથીબા ગુજરી ગયાં. ઘરની બધી જ જવાબદારીઓ નાથીબા*ના શિરે આવી પડી. મા

---

*મોટા ભાઈ રણછોડભાઈનાં પત્ની

વગરનાં નાનાં બાળકોને માના ઓરતા ના આવે એટલી હદે નાથીબા પોતાનાં દીકરા-દીકરીની માફક તેઓની કાળજી રાખતાં. રાત્રે જ્યાં સુધી ભગત વાંચે, ત્યાં સુધી તેમની પાસે જાગતાં બેસી રહે. ભગત સૂઈ જાય ત્યાર બાદ તેઓ સૂઈ જવા માટે જતાં.

ઘરની આર્થિક સ્થિતી સારી નહિ, છતાં નિશાળમાં ભણતાં બાળકો માટે નાથીબા કંઈક ને કંઈક નાસ્તો બનાવી રાખતાં. ઘઉંની ધાણી, જવની ધાણી, મગની ધાણી, મઠની ધાણી, જુવારની ધાણી શેકીને દેગડીમાં ભરી રાખે. શાળાએ જતી વખતે આમાંની જે ધાણી તૈયાર હોય તે ખિસ્સામાં ભરીને ભગત નિશાળે જતા. ક્યારેક ધાણી સાથે તાંદરા, બાજરી અને તલ ભેગાં કરીને નાસ્તામાં લઈ જતા અને બપોરની રિસેસમાં તેનો નાસ્તો કરીને પાણી પી લેતા. આ નાસ્તો ભગતનો ખૂબ જ પ્રિય નાસ્તો હતો.

## બીકણ ભગત

શિવરામબાપા અને અમથીબાને શિવ ઉપાસનામાં ભારે શ્રદ્ધા. દરરોજ સાંજે શિવાલયમાં ઘીનો દીવો પૂરવાનું કામ ભગતને સોંપેલું. એ વખતે માણસામાં સ્ટ્રીટલાઈટોની સગવડ નહિ. ક્યારેક મોડું થઈ ગયું હોય તોપણ ભગતને દીવો પૂરવા મંદિરમાં જવું જ પડતું. રસ્તામાં રબારીઓનો નેસ આવે. થુવેરની ઊંચી વાડ અને સૂમસામ રસ્તો અને અંધારું હોય તે વખતે ભગતને બીક લાગે. આ સમયે ભગત મંદિરે પહોંચવાને બદલે, આજુબાજુ નજર ફેરવી કોઈ ના જુએ તેમ દિવેટ ફેંકી દઈ ઘી ચાટી જતા અને વાડકીને ધૂળથી સાફ કરીને ઝડપથી

ઘેર આવી જાય. એક દિવસ એમની પોલ પકડાઈ ગઈ. અંધારું જોઈને ભગતને બીક લાગી. દીવાનું ઘી ચાટી જઈ, દિવેટ ફેંકી દઈને તેઓ ઘરે પાછા આવ્યા. ઘરે દીવાના અજવાળામાં મોં ઉપર ચોંટેલા ઘીએ ચાડી ખાધી. અમથીબાએ એમને ખૂબ ધમકાવ્યા અને 'હવે પછી આવું કરીશ તો માર્યા વગર નહિ છોડું' કહી ધમકી પણ આપી. જે દિવસે શિવાલયમાં ઘીનો દીવો પૂરવા ભગત જતા નહિ, તે રાતે ભગતને જમવાનું મળતું નહિ.

## ધાર્મિક સંસ્કારવારસો

નાનપણથી ભગત ઓછાબોલા, પણ ભગવાન પ્રત્યે અભિરુચિ વિશેષ. બાળપણમાં રામાનંદી ધર્મ પ્રત્યે આસ્થા અને રુચિ એટલે તેઓ નાનપણથી રામાયણ વાંચતા તેમ જ રામજીમંદિરમાં પણ જતા, પૂજાપાઠ કરતા, રામાનંદી તિલક પણ કરતા. રાત્રે શિવાબાપા સાથે ખેતરે જતા. રસ્તામાં સ્મશાન આવે. નાના ભગતને ભૂત પ્રેતની બહુ બીક લાગે ત્યારે શિવાબાપા કહેતા કે 'રામનામ જપવાથી આપણને કશાની બીક ના લાગે.' આમ, ભગતને નાનપણથી જ ધાર્મિક સંસ્કારો વારસામાં મળ્યા. બા-બાપા શિવભક્ત હતાં, એટલે 'ૐ નમઃ શિવાય'ના મંત્રજાપમાં ભગતને અખંડ શ્રદ્ધા પેદા થયેલી. ઈ.સ. ૧૯૫૫માં પૂજ્ય મોટા (નડિયાદના સુપ્રસિદ્ધ સંત)ના પરિચયમાં આવ્યા, ત્યાં સુધી 'ૐ નમઃ શિવાય'ના મંત્રનો જાપ તેઓ કરતા રહેલા. ત્યાર બાદ પૂજ્ય મોટાની કૃપાથી 'હરિઃૐ'નો મંત્ર મળ્યો. 'હરિઃૐ' મંત્ર જિંદગીનો આધારસ્તંભ બન્યો છે.

દરેક વર્ષે શ્રાવણ માસમાં મહાદેવના મંદિરમાં દૂધ ચઢાવવાનું ભગતના માથે ફરજિયાત આવતું. એ કામ માટે સવારે વહેલા ઊઠીને, ઠંડા પાણીથી નાહી, ઘરે દીવો કરી પૂજાપાઠ પતાવીને સિદ્ધનાથ મહાદેવજીને દૂધ ચઢાવવા જવાનું. માણસામાં જ્યાં સુધી ભગત રહ્યા, ત્યાં સુધી આ ક્રમ ચાલુ રહેલો. ખેતરમાં અનાજ તૈયાર થાય, એટલે નક્કી કર્યા પ્રમાણેનું અનાજ શિવમંદિરે પહોંચાડ્યા પછીથી જ તેમાંથી ઘરમાં વાપરવા માટે લેવામાં આવતું.

## ભવિષ્યવાણી

અમથીબા જીવતાં હતાં, તે વખતની આ વાત છે. એક બપોરે એક કુંભાર ભગત ઘરે આવેલા. અમથીબાએ એમને જમવા બેસાડ્યા. આ સમયે શાળામાં બપોરની રિસેસ પડેલી એટલે નાનકડા ભગત દોડતાં દોડતાં ઘરે આવ્યા. નાના ભગતને જોઈને કુંભાર ભગત બોલ્યા, **'માડી ! આ તારો દીકરો ભગવાનની ભક્તિ કરશે. સારાં કામ કરશે અને તારું નામ ઉજ્જ્વળ કરશે.'** કહીને કુંભાર ભગત જમીને ચાલતા થયા. તેઓનો એકેએક શબ્દ આજે સાચો પડેલો જણાય છે.

## કરકસર ગુણનો વિકાસ

અમદાવાદમાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાછળ આવેલી દરબારશ્રી સૂરજમલજી કડવા પાટીદાર બોર્ડિંગમાં રહીને ભગત છ વર્ષ ભણ્યા. બોર્ડિંગથી સી.એન. વિદ્યાવિહાર સુધીનું ત્રણ કિલોમિટર જેટલું અંતર ભગત ચાલીને જતા અને આવતા. અભ્યાસકાળ દરમિયાન તેમણે ક્યારેય ચા નાસ્તો કરેલો નહિ કે નાટક સિનેમા જોયેલાં નહિ. હાઈસ્કૂલમાં ભણતા

ત્યારે તેમની પાસે એક જોડી યુનિફૉર્મની હતી. હાઈસ્કૂલમાંથી છૂટીને બોર્ડિંગમાં આવે ત્યારે ભગત પોતાનો યુનિફૉર્મ ધોઈને સૂકવી દેતા અને બીજા દિવસે ફરી પહેરીને શાળાએ જતા. કૉલેજનાં ચાર વર્ષ દરમિયાન ખાદીના લેંઘા-ઝભ્ભાનો ઉપયોગ કરેલો. નોકરીમાં જોડાયા બાદ જિંદગીમાં એક જ વખત પેન્ટ-બુશર્ટ સિવડાવેલાં. મજૂર મહાજને તાલીમ માટે બ્રિટન મોકલેલા, તે વખતે મહાજને ખાદીના બે વૂલન સૂટ તથા એક જોડી બૂટ આપેલા, તેનો ઉપયોગ તેમણે પરદેશમાં રહ્યા, ત્યાં સુધી જ કરેલો. નડિયાદમાં કોઈ પણ દિવસે તેનો ઉપયોગ કરેલો નહિ. પરદેશથી પાછા ફર્યા બાદ તે વૂલન સૂટ અને બૂટ જરૂરિયાતવાળાને આપી દીધેલાં.

કરકસર કરવી એ ભગતનો મુદ્રાલેખ હતો. ભણતા તે વખતે તેઓ બધી જ બાબતમાં કરકસર કરતા. વર્ષમાં એક-બે વાર વાળ કપાવતા. ચામડાનાં ચંપલનો ઉપયોગ કરતા. આમાંયે કરકસર કરી શકાય તે માટે સાધુ મહાત્મા લાકડાની ચાખડીઓ પહેરે છે તેવી ચાખડીઓ પહેરીને કૉલેજ જતા. એક દિવસ કૉલેજના પ્રિન્સિપાલ સાહેબે ભગતને ઑફિસમાં બોલાવીને ખખડાવ્યા કે 'વાળ કેમ લાંબા રાખ્યા છે અને લાકડાની ચાખડીઓ પહેરીને કૉલેજમાં કેમ આવો છો ?'

પ્રિન્સિપાલ સાહેબના આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગતની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્વસ્થ થઈને નમ્રભાવે બોલ્યા કે 'સાહેબ, મારા ઘરની આર્થિક સ્થિતિ સારી નથી. માબાપ નાનપણમાં ગુજરી ગયાં છે. મોટા ભાઈના માથે ઘરની બધી જવાબદારી આવી પડી છે. તેઓના માથે આર્થિક બોજો

વધારે ના પડે તે માટે હું આમ કરું છું.' સ્પષ્ટ વાત સાંભળીને પ્રિન્સિપાલ સાહેબને ભગત પ્રત્યે માન ઊપજ્યું. ખુરશીમાંથી ઊભા થઈ ભગતના ખભે હાથ મૂકીને કહ્યું કે 'ભાઈ ! તારી વાત સાચી છે. તારી સ્પષ્ટ વાત સાંભળીને મને તારા પ્રત્યે માન ઊપજ્યું છે. તારે મારી જ્યારે જરૂર પડે ત્યારે તું મારી ઑફિસમાં આવીને મળજે. હું તને બધી જ રીતે મદદરૂપ થવા પ્રયત્ન કરીશ.'

એ અરસામાં બોર્ડિંગમાં માસિક ભોજનબિલ પચીસ રૂપિયા આવતું. આ ઉપરાંત, નોટો, ચોપડીઓ, સાબુ વગેરેનું ખર્ચ તો ખરું જ. તે વખતે નોકરીમાં રણછોડભાઈનો માસિક પગાર ત્રીસ રૂપિયા જેટલો હતો. પોતાનો નાનો ભાઈ સારું ભણે તે માટે આર્થિક ખેંચ હોવા છતાં ભગતને માટે જરૂરી રકમ તેઓ મોકલી આપતા. હકમચંદ વખતરામ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી અને પ્રાણસુખલાલ ચૅરિટેબલ ટ્રસ્ટમાંથી સ્કૉલરશિપની થોડીક મદદ પણ મળેલી.

બોર્ડિંગમાં રહેતા તે વખતે કોઈ અનિવાર્ય સંજોગોમાં જો બજેટ કરતાં વધારે ખર્ચ થઈ ગયું હોય તો તે વખતે ભગત ત્રણ દિવસ રસોડે જમતા નહિ. ત્રણ દિવસ સળંગ રસોડે ન જમાય તો એટલા દિવસના ભોજનના બિલમાં માફી મળતી. કોઈકે રણછોડભાઈને વાત કરી કે 'તમારો ભગત પૈસા બચાવવા માટે ત્રણ દિવસના ઉપવાસ કરે છે.' આ સાંભળી મોટા ભાઈ ખૂબ જ દુઃખી થયા અને ભગતને ઠપકો આપ્યો અને કહ્યું કે 'હવે પછી આ રીતે પૈસા બચાવવા માટે ઉપવાસ કરવા નહિ.' છતાં પૈસાની ખેંચ ન પડે તેટલા માટે જરૂરિયાત મુજબ ભગત અવારનવાર ઉપવાસ કરીને પૈસા બચાવી લેતા.

## સી.એન. વિદ્યાલયમાં અભ્યાસ

અમદાવાદ સી.એન. વિદ્યાવિહારમાં ભગત ભણતા હતા, તે વખતે શાળામાં ખાદીનો ગણવેશ પહેરવો ફરજિયાત હતો. એક રાત્રે ગણવેશ ધોઈને સૂકવવા નાખ્યો પણ રાતે ખૂબ વરસાદ પડ્યો, એટલે ગણવેશ સુકાયો નહિ. પાસે બીજી જોડ ગણવેશની નહિ. બીજા કોઈની પાસે કપડાં મંગાય નહિ, એટલે તેઓ લેંઘો-ઝભ્ભો પહેરીને શાળાએ ગયા. વર્ગશિક્ષક પ્રજાપતિ સાહેબ હાજરી પૂરતા હતા, ત્યાં ભગત ઉપર નજર પડી અને કહ્યું, 'મંગળભાઈ, ઊભા થાઓ. આજે ગણવેશ કેમ પહેર્યો નથી ?'

ભગતે સાચી હકીકત વર્ગમાં બધાં સાંભળે તે રીતે સાહેબને કહી. કહ્યું કે 'મારી પાસે એક જ ગણવેશ છે. સવારે સુકાઈ જશે એમ માનીને મેં ગણવેશ રાત્રે ધોઈ નાખેલો. હવે, રાત્રે ખૂબ વરસાદ પડ્યો, એટલે ગણવેશ રાત્રે સુકાયો નથી, એટલે લેંઘો ઝભ્ભો પહેરીને આવ્યો છું, સાહેબ. આપ જે શિક્ષા કરશો તે હું સહન કરીશ.'

પ્રજાપતિ સાહેબની લાગણી ભગત તરફ વિશેષ હતી, પણ નિયમમાં છૂટ તો ના અપાયને ? સાહેબે કહ્યું કે 'મંગળભાઈ ! તમે હાલ ને હાલ પાછા જાઓ અને ભીનો તો ભીનો ગણવેશ પહેરીને શાળાએ ભણવા આવો.'

શાળાથી બોર્ડિંગનું આશરે ત્રણ કિલોમિટર જેટલું અંતર થાય. ખૂબ ઝડપથી લગભગ દોડતા ભગત બોર્ડિંગમાં આવ્યા અને ભીનો ગણવેશ પહેરીને શાળાએ ગયા. આમ, નિયમ-પાલનના પાઠનો એકડો પ્રજાપતિ સાહેબે ઘૂંટાવ્યો. ભગતે

રાજીખુશીથી નિયમપાલન કર્યું. આથી, તેઓ પ્રજાપતિ સાહેબની નજરમાં વસી ગયા. સાહેબે ભગતની પીઠ થાબડી અને કહ્યું કે 'ભાઈ, જિંદગીમાં નિયમપાલનનું ખૂબ જ મહત્ત્વ છે. નિયમોના પાલનમાં ક્યારેય આનાકાની કરવી નહિ કે પોતાના સ્વાર્થ ખાતર ક્યારેય તેમાં બાંધછોડ કરવી નહિ. આજે તેં જે નિયમપાલન કર્યું, તેનાથી હું ખૂબ જ ખુશ થયો છું. તારા અભ્યાસમાં મારા માર્ગદર્શનની જ્યારે જરૂર પડે ત્યારે તું શાળા છૂટ્યા બાદ વિના સંકોચે મારી પાસે આવજે. હું તને તારા અભ્યાસમાં જરૂરથી મદદ કરીશ.'

મહાન ગુરુની આવી ઉચ્ચ ભાવના જોઈને ભગતે સાહેબને પ્રણામ કર્યા. જ્યારે પણ પ્રજાપતિ સાહેબની પાસે અભ્યાસ માટે જતા ત્યારે પ્રજાપતિ સાહેબ ભગતને ખૂબ જ પ્રેમથી ભણાવતા.

ભગત સી.એન. વિદ્યાલયમાં અંગ્રેજી ધોરણ છ અને સાત (હાલનું દસમું અને અગિયારમું ધોરણ)માં ભણતા હતા, તે વખતે માણસાના શ્રી નારાયણભાઈ હિંમતલાલ ભટ્ટ કે જેઓ પાછળથી ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ તરીકે નિવૃત્ત થયેલા. તેઓ તે વખતે અમદાવાદની ગુજરાત કૉલેજમાં ફેલો તરીકેની સેવા આપતા હતા. તેઓએ પણ ભગતને બે વર્ષ સુધી મફત ટ્યૂશન આપેલું.

## કપરી કસોટીમાંથી પાર ઊતર્યા

ઈ.સ. ૧૯૪૭ની સાલમાં ભગતની કપરી પરીક્ષા થઈ. તે વખતે ભગત મૅટ્રિકના વર્ગમાં હતા. મૅટ્રિકની પરીક્ષામાં બેસવા માટે ફૉર્મ ભરવા માટેનું એક ધોરણ એ હતું કે તે

વિદ્યાર્થી શાળાની પ્રિલિમિનરી પરીક્ષામાં પાસ થયો હોવો જોઈએ. પ્રિલિમિનરી પરીક્ષાના થોડાક દિવસ પહેલાં ભગત ખૂબ જ બીમાર પડી ગયા. પ્રિલિમિનરી પરીક્ષા આપી શકે તેવી તેમની હાલત ન હતી. બીમાર હોવા છતાં તેઓ શાળાના હેડમાસ્તર શ્રી વાડીભાઈ સાહેબને મળવા ઑફિસમાં ગયા અને નમ્ર ભાવે કહ્યું કે 'સાહેબ મારી તબિયત સારી નથી. પ્રિલિમિનરી પરીક્ષામાં બેસી શકું તેમ નથી. આપ સાહેબને નમ્ર વિનંતી કે મારું ફૉર્મ ભરવાનું ના રોકાય તે આપ જોજો.'

શ્રી વાડીભાઈ સાહેબ ખૂબ જ સરળ સ્વભાવના હતા. તેમણે કહ્યું કે 'ભાઈ ! પ્રિલિમિનરી પરીક્ષા પાસ ન કરી હોય તેઓનું મૅટ્રિકનું ફૉર્મ ભરવામાં આવતું નથી, છતાં આપણે પ્રિન્સિપાલ શ્રી ઝીણાભાઈ સાહેબને મળીએ અને તમારી વાત એમની આગળ રજૂ કરીએ.'

વાડીભાઈ સાહેબ આગળ અને પાછળ ભગત, એમ બન્ને જણા ઝીણાભાઈ* (સ્નેહરશ્મિ) સાહેબની ઑફિસમાં પહોંચ્યા. ભગતે પોતાની બધી વાત ઝીણાભાઈ સાહેબને કહી. પોતાના ઘરની આર્થિક પરિસ્થિતિની પણ જાણ કરી. પોતે જો મૅટ્રિકની પરીક્ષામાં ના બેસી શકે તો પોતાનું એક વર્ષ બગડે અને મોટા ભાઈની બધી જ ઇચ્છાઓ પડી ભાંગે એ પણ જણાવ્યું. પોતાના કેસમાં વિચારવા માટે વિનંતી કરી. ઝીણાભાઈ સાહેબે સ્પષ્ટ રીતે કહ્યું કે 'પ્રિલિમિનરી પરીક્ષા પાસ કર્યા વગર મૅટ્રિકની પરીક્ષા માટેનું ફૉર્મ ભરી શકાશે નહિ.'

એ વખતે અમદાવાદના શેઠ શ્રી વાડીલાલ લલ્લુભાઈના દીકરા ભગતની સાથે ભણતા હતા. ભગતે નમ્ર ભાવે કહ્યું કે

---

* ઝીણાભાઈ રતનજી દેસાઈ

'સાહેબ, હું ગરીબ માબાપનો દીકરો છું. ગામડામાંથી આવું છું. મોટા ભાઈએ દેવું કરીને મને આગળ ભણવા અહીં મોકલ્યો છે. બીમારીને લીધે પ્રિલિમિનરી પરીક્ષા આપી શકું તેવી મારા શરીરની સ્થિતિ નથી. આપ સાહેબ જે નિર્ણય લેશો તે યોગ્ય હશે જ. મારા જેવી સ્થિતિમાં કદાચ વાડીલાલ શેઠના દીકરા જો પ્રિલિમિનરી પરીક્ષા ન આપી શકે તો તેમનું મૅટ્રિકનું ફૉર્મ ભરવા આપ સાહેબ જે નિર્ણય લેવા વિચારો તેવો નિર્ણય મારા કેસમાં વિચારવા આપ સાહેબને મારી છેવટની વિનંતી છે.' આટલું કહેતાં તો ભગતની આંખમાં આંસુ આવી ગયાં.

શ્રી ઝીણાભાઈ સાહેબ મનપારખું હતા. તેમણે વાડીભાઈ સાહેબને કહ્યું કે 'આ છોકરો ગામડામાંથી આવે છે, તે કેટલો બધો વિનયી અને વિવેકી છે તે જોયું તમે ! તેણે કેટલી બધી નિખાલસતાથી સ્પષ્ટ રીતે પોતાની વાત રજૂ કરી છે ! આ છોકરો બનાવટ કરતો નથી તેમ હું જોઈ શકું છું. આપણે એના પ્રત્યે કૂણી લાગણી રાખવી જોઈએ. જો તેનું ફૉર્મ ભરવામાં ના આવે તો આ ગરીબ છોકરો પરીક્ષામાં ના બેસી શકે તો તેનું એક વર્ષ બગડે અને એના ઘરનાં માણસોનાં અરમાનો ઉપર પાણી ફરી વળશે. જો તે પ્રિલિમિનરી પરીક્ષા આપી ન શકે તોપણ અપવાદરૂપે તેનું ફૉર્મ આપણે ભરવાનું.' ઉદાર દિલના કવિહૃદયમાં ભગત પ્રત્યે ભલી લાગણી પેદા થઈ. ભગત પ્રિલિમિનરી પરીક્ષા આપી શક્યા ન હતા, છતાં તેમનું મૅટ્રિકનું ફૉર્મ ભરવા દેવામાં આવેલું.

## કરકસર એ જીવનવિકાસનો પાયો

'કરકસર એ જીવનવિકાસનો પાયો છે. જરૂરિયાતો ઓછી હોવી અને પોતાની જરૂરિયાતો પોતે જ પૂરી પાડવી તેના જેવું રૂડું બીજું કોઈ કામ નથી.' આ વાક્યોને ભગતે પોતાના જીવનમાં નાનપણથી જ પચાવ્યાં હતાં. ઘરની પરિસ્થિતિ તરફ સતત જાગૃત રહીને, એક એક પૈસાની કિંમત સમજીને તેઓ નાણાંનો ઉપયોગ ખૂબ જ કરકસરથી કરતા. ઓછામાં ઓછી જરૂરિયાત દ્વારા પણ જીવનદોડમાં આગળ રહી શકાય છે, તે ભગતે સાબિત કરી બતાવ્યું. ભગત કહેતા કે 'પોતાનાં કામ જાતે કરવાથી એક પ્રકારનો આનંદ આપણને મળતો હોય છે. નાનાં નાનાં કામો કરવાની ટેવથી ટેવાયા હોઈએ તો જ્યારે વિકટ કામો આવે ત્યારે તે વિકટ કામો સહેલાઈથી આપણે પાર પાડી શકીએ છીએ. માણસે ક્યારેય શ્રમ કરતાં શરમાવું નહિ. પરિશ્રમ એ પારસમણિ જેવો છે. પરિશ્રમથી જે માણસ પાછો પડે છે, તે સિદ્ધિનાં સોપાન સર કરી શકતો નથી.'

ભગતે પોતાનાં કપડાં જાતે ધોયાં છે. ઘરમાં કચરો-પોતું પણ કર્યાં છે. ઘાસનો ભારો અને લાકડાંનો ભારો માથે ઉપાડ્યો છે. ખેતીનું કામ પણ તેમણે કર્યું છે. એક એક પૈસો બચાવવા માટે નાનપણથી જ જાતે કષ્ટ ઉપાડેલું છે. ભગત શાળામાં ભણતા ત્યારે અને કૉલેજમાં ભણતા ત્યારે દિવાળી કે ઉનાળાની રજાઓ પડે ત્યારે બોર્ડિંગથી રેલવે સુધી બૅગ-બિસ્તરો માથે ઉપાડીને ચાલતા જતા. એ રીતે રજાઓ પૂરી થયા બાદ પાછા આવતા તે વખતે પણ એ ક્રમ જળવાતો. એ રીતે બે પૈસા

બચાવ્યાનો સંતોષ ભગતને થતો. મોટા ભાઈને આ બાબતની જાણ થતી ત્યારે તેઓ ભગતને મીઠો ઠપકો આપતા અને કહેતા કે 'તારે આટલી બધી તકલીફ વેઠવાની શી જરૂર છે ? હજુ હું જીવતો બેઠો છું. તારે આટલું બધું કષ્ટ વેઠવાનું નહિ. ફરીથી આમ કરવાનું નહિ.' આમ છતાં ભગત અમદાવાદમાં ભણ્યા, ત્યાં સુધી આ ક્રમ તેમણે ચાલુ રાખેલો.

રજાઓ પૂરી થયે અભ્યાસ માટે અમદાવાદ આવવાનું થાય ત્યારે ભગતનાં મોટાં ભાભી નાથીબા તેમના માટે ઘરના ચોખ્ખા ઘીની સુખડી બનાવીને ડબ્બો ભરી આપતાં. ભગત ઉપર નાથીબાને વિશેષ પ્રેમ એટલે ભગત અમદાવાદથી ઘરે આવે અને પાછા અમદાવાદ જાય ત્યારે ચોખ્ખા ઘીની સુખડી નાસ્તા માટે બનાવી આપતાં. આ નાસ્તાનો ઉપયોગ તેઓ ભોજનમાં કરતા. થોડીક સુખડી અને થોડું પાણી પીને તેઓ ચલાવતા. ક્યારેક તો દિવસો સુધી આ પ્રમાણે ચલાવતા અને રસોડે જમતા નહિ. જેથી, ભોજનબિલમાં રાહત મેળવી શકાતી.

## વકીલાતના અભ્યાસ પ્રત્યે નફરત

ઈ.સ. ૧૯૫૨ની સાલમાં ભગતે બી.એ.ની પરીક્ષા આપી, તેમાં તેઓ નાપાસ થયા. મોટા ભાઈ ભગતને ફરીથી બી.એ.ની પરીક્ષા અપાવીને વકીલાતનું ભણાવવા માગતા હતા. ભગતે સ્પષ્ટ શબ્દોમાં મોટા ભાઈને કહી દીધું કે 'પોતે હવે આગળ ભણવા માગતા નથી. નાની મોટી નોકરી કરીને ઘરમાં મદદરૂપ થવાની મારી ઇચ્છા છે. આપ સહુએ કુટુંબ માટે ખૂબ જ કષ્ટ વેઠ્યાં છે. દેવાના ભારમાંથી રાહત થાય, તે માટે હું નોકરી કરવા માગું છું. એ પણ સાથે સાથે કહી દઉં કે ક્યારેય હું વકીલાતનો અભ્યાસ તો કરવાનો નથી.'

## કોઈ પણ રાજકીય પક્ષમાં નહિ જોડાવાનો નિર્ણય

ઈ.સ. ૧૯૫૭માં મહાગુજરાતની ચળવળ મોટા પાયે શરૂ થઈ. કૉંગ્રેસ સામે વિરોધનો મોટો વંટોળ પેદા થયો. તે વખતના કૉંગ્રેસ કાર્યકર્તાઓ જાહેરમાં આવી શકે તેવી પરિસ્થિતિ રહી ન હતી. જે સભાસદોની રકમ બાકી રહેલી તેમણે એ રકમ આપવાની ના પાડી. આ બાકી રહેલી રકમ છગનભાઈ જોશીએ અને ભગતે ભરી.

આ દિવસોમાં લોકોને કૉંગ્રેસ માટે રોષ હોવાથી કૉંગ્રેસ કાર્યકર્તાઓની જાહેરમાં લોકો ટોપીઓ ઉછાળતા અને ધોતિયાં ખેંચતા. કૉંગ્રેસ માટે આ કપરો સમય હતો. પૂજ્ય મોટાએ પણ ગાંધીજીની કૉંગ્રેસના આગળની હરોળના કાર્યકર્તા તરીકે આઝાદીના આંદોલનમાં ભાગ લીધેલો. કેટલીય વાર જેલ પણ ભોગવેલી. લાઠીઓનો માર પણ ખાધેલો. ભગત પૂજ્ય મોટાનાં દર્શને અવારનવાર હરિઃૐ આશ્રમમાં જતા. એક દિવસ ભગત આશ્રમમાં ગયા, તે વખતે પૂજ્ય મોટાએ ભગતને કહ્યું, ‘ભઈ ! તું કૉંગ્રેસમાં માને છે, ખરુંને ?’

ભગતે હા પાડી.

**‘જો ભઈ ! આપણે ભગવાનનું ભજન કરવાનું અને મજૂર મહાજનમાં સેવાનું કામ કરવાનું. એટલે આપણે કોઈ રાજકીય પક્ષના સભ્ય થઈએ તો રાગદ્વેષ વધે. માટે, કૉંગ્રેસ કે બીજા કોઈ પક્ષનો સભ્ય ના બનતો.’**

પૂજ્ય મોટાની સલાહ માનીને બીજે દિવસે ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિના ક્રિયાશીલ સભ્યપદેથી તેમણે રાજીનામું આપી દીધું. કૉંગ્રેસના સામાન્ય સભ્ય તરીકે પણ ભગત ના રહ્યા.

ફરી જ્યારે ભગત **મોટા**ને મળવા માટે ગયા ત્યારે કૉંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપી દીધાની જાણ કરી. પૂજ્ય મોટાએ કહ્યું,

**'ભઈ ! મજૂરોના રોટલા ખાવાના છે, એટલે મજૂરોનાં કામ કરવાનાં. માલિક અને મજૂર સાથે રહે તેવાં કામ કરવાનાં. માલિક અને મજૂર વચ્ચેના મતભેદો ઓછા થાય તેવું આપણું કામ અને વર્તણૂક રાખવાનાં. રાજકીય પક્ષોમાં રાગદ્વેષ ખૂબ જ વધી જવાનાં. રાજકારણીઓ દેશને ભૂલશે. ગરીબોને ભૂલશે. સ્વાર્થી બનશે. રાજકીય અરાજકતા વધશે. આ બધાંથી આપણે દૂર રહેવાનું, કારણ કે મજૂરોનું કામ એ જ આપણું મુખ્ય કામ છે.'**

પૂજ્ય મોટાની સલાહથી ભગત વર્ષોથી રાજકારણમાં પડ્યા નથી કે કોઈ રાજકીય પક્ષના સામાન્ય સભાસદ પણ નથી. આથી, તેમને કોઈ પણની સાથે રાજકીય દુશ્મનાવટ નથી કે રાજકીય મતભેદો નથી. આથી જ તેમને કે મહાજનને જ્યારે મદદની જરૂર પડી છે ત્યારે જુદા જુદા પક્ષોના રાજકારણીઓએ મદદ કરી છે. મિલ સાથેના કારીગરોના પ્રશ્નો ઉકેલવામાં પણ રાજકીય નેતાઓની મદદ મળતી રહી છે. ભગત એ વાત સારી રીતે જાણતા હતા કે **'રાગદ્વેષથી પર રહેનાર સામાના હૃદયમાં સ્થાન મેળવી શકતો હોય છે. તેને સ્થાન મળી જતું હોય છે, પ્રયત્ન કરવો પડતો નથી.'**

## રચનાત્મક કાર્યો-કારીગરો માટે

ભગત મંગળદાસભાઈ મજૂર મહાજન સંઘ નડિયાદમાં જોડાયા. ત્યાર બાદ તેઓએ મજૂર પ્રવૃત્તિમાં સક્રિય ભાગ

લેવા માંડ્યો. કારીગરોમાં રહેલી વિવિધ શક્તિઓ બહાર લાવવા માટે અને આત્મસન્માનભેર સમાજમાં તેઓ જીવી શકે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ એમણે શરૂ કરાવી. આમ કરવા પાછળનો તેમનો હેતુ કારીગરભાઈઓ સાથે અંગત લાગણીનો સંબંધ વિકસાવવાનો હતો. મજૂર મહાજન પ્રત્યે સદ્‌ભાવના જાગૃત થાય અને ટકી રહે તે માટે તથા મહાજન સંસ્થા આપણા સહુની છે, તેવું તાદાત્મ્ય તેઓ સાધી શકે તે માટે મંગળદાસભાઈએ પ્રયાસો શરૂ કર્યા. તેમના આ કાર્યમાં તેમના મિત્ર શ્રી અશ્વિનભાઈ રમણલાલ મોદીનો પૂરેપૂરો સાથ-સહકાર મળતો રહ્યો. મંગળદાસભાઈ તથા અશ્વિનભાઈ ઈ.સ. ૧૯૫૫થી સાથે મળીને કારીગરોના ઘરે જઈને તેમના ખબર-અંતર પૂછતા અને કોઈ મુશ્કેલી હોય તો જણાવવાનું કહેતા. કારીગરોમાં વાંચનભૂખ ઊઘડે તે માટે વાંચનાલયો, પુસ્તકાલયો શરૂ કરાવ્યાં. મજૂર વિસ્તારોમાં સિવણવર્ગો શરૂ કરાવીને શ્રમજીવી બહેનોને પગભર થવા માટે મદદરૂપ બન્યા છે. કારીગરભાઈઓનાં બાળકોને પાયાનું શિક્ષણ સારું મળી રહે, તે માટે બાલમંદિરો ચાલુ કર્યાં. શારીરિક ક્ષમતા વધે તે માટે મજૂર વિસ્તારોમાં વ્યાયામ પ્રવૃત્તિનો વિકાસ થાય તે માટે વ્યાયામશાળાઓ શરૂ કરી. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પણ ખૂબ જ ધામધૂમથી કરીને કારીગરોમાં રાષ્ટ્રીય ભાવના દૃઢ બને તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું. નાટકો, ભજન-કીર્તન વગેરે દ્વારા કારીગરોમાં સુષુપ્ત રહેલી શક્તિઓને ઢંઢોળવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. ઉજાણીઓનું આયોજન કરીને કારીગરોમાં રહેલા મતભેદોને

દૂર કરવા માટેના પ્રયત્નો પણ થયેલા. કારીગરોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ આવે તે માટે સામૂહિક સફાઈના કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવતું. આ બધી પ્રવૃત્તિઓમાં ભગતના મિત્ર શ્રી અશ્વિનભાઈ મોદીનો પૂરેપૂરો સાથ સહકાર મળતો રહ્યો છે. ઈ.સ. ૧૯૫૫થી કારીગરોના પ્રશ્નોને સમજવા અને તેને હલ કરવામાં અશ્વિનભાઈ મોદીનો સાથ સહકાર મળતો રહેલો છે.

ભૂમિથી, નભથી, નરકથી, સ્વર્ગથીયે દૂર
હોય ક્યાંયે માનવી, પણ મોતથી મજબૂર
માટી છે બધું જ આ, મૃત્યુની રાજધાનીમાં
એક શાશ્વત છે ભીતરી સ્નેહનું સિંદૂર.'
- **'સ્નેહદીપ'**

કલ્યાણદીપ જીવને પ્રગટાવીને તું
બહેની થજે જીવનપંથ ઉજાળનારી
જે જે મળ્યા પથ કરે સહુને નવાજી
આનંદ રેલવતી બહેન સદા રહેજે.
- **શ્રીમોટા**

●

॥ હરિઃૐ ॥

## ગૃહસ્થ જીવન

### હીરાબા સાથે લગ્ન

ભગત જ્યારે પાંચમા ધોરણમાં ભણતા હતા, તે વખતે તેમનું સગપણ કુકરવાડા ગામે એમની જ્ઞાતિની કન્યા સાથે થયેલું. આ સગપણ વડીલોએ નક્કી કરેલું. તેમાં કન્યા કે વરની પસંદગીને સ્થાન હતું જ નહિ. ભગત કૉલેજના બીજા વર્ષમાં આવ્યા, તે વખતે તેમનાં લગ્ન માટેની તૈયારીઓ શરૂ થયેલી. લગ્ન આડે ગણતરીના દિવસો બાકી હતા, ત્યાં બન્ને પક્ષોની ગેરસમજના લીધે આ સગાઈ વડીલોએ તોડી નાખી. ત્યાર બાદ પડુસ્માનાં હીરાબા સાથે દસ દિવસમાં જ ઈ.સ. ૧૯૫૦માં તેમનાં લગ્ન લેવાઈ ગયાં.

### કરકસરથી જિંદગી જીવવાની શરૂઆત

લગ્ન બાદના ચોથા દિવસે હીરાબા બીમાર પડ્યાં. તેમની આ બીમારી તેઓ જીવ્યાં ત્યાં સુધી ચાલેલી. ભગતે તેમની સતત સેવાચાકરી કરેલી. ઈ.સ. ૧૯૫૬માં ભગતે હીરાબાને નડિયાદ તેડાવી લીધાં. તે વખતે મજૂર મહાજનમાં ભગતનો માસિક પગાર રૂ. ૧૨૫ થયો હતો. દિવાળીપોળના નાકે માસિક તેર રૂપિયાના ભાડે મકાન રાખ્યું અને ગૃહસ્થીજીવન શરૂ કર્યું. તેમના આટલા ટૂંકા પગારમાંથી પણ તેઓ દર મહિને ચાળીસ રૂપિયા ઘરે મોકલતા. બન્ને જણાંએ ખૂબ જ કરકસરથી જિંદગીની શરૂઆત કરવા માંડી.

ઘરમાં બે જણાં થયાં. માથે કુટુંબના દેવાનો ભાર હતો. કરકસર કર્યા વગર ચાલે તેમ ન હતું. નડિયાદ આવ્યા તે પહેલાં ભગતે ક્યારેય ચા પીધી ન હતી. હીરાબા આવ્યાં

એટલે ટૂંકા પગારમાં પહોંચી વળવા ભગતે ચા પીવાની શરૂ કરી. સવારે પાશેર દૂધ લેવાનું, તેમાંથી બન્ને માટે ચા બનતી. સાંજે અડધો શેર દૂધ લેવાનું, તેમાંથી પાશેર દૂધ ભગત લેતા અને પાશેર દૂધ હીરાબા લેતાં. બપોરે એક વખત શાક બનતું, તેમાંથી થોડુંક રાત માટે બચાવી રાખવામાં આવતું. ઘરમાં કે બહાર તેઓને ક્યારેય નાસ્તો કરવાનું બનતું નહિ. બન્ને જણાંએ ક્યારેય નાટક કે સિનેમા જોયાં નથી.

## હીરાબાને ઘરકામમાં મદદ

હીરાબા ભગતને 'ભગવાન' કહીને બોલાવે અને ભગત હીરાબાને 'પરભુ' કહીને બોલાવે. આ સંબોધનો જિંદગી પર્યંત ચાલુ રહેલાં. હીરાબા બીમાર રહ્યાં કરતાં અને ભગતનો પગાર પણ ટૂંકો એટલે ઘરકામ માટે બાઈ પણ રાખી શકાતી ન હતી. ભગત હીરાબાને રસોઈના કામમાં મદદ કરતા. ક્યારેક કપડાં ધોવામાં પણ મદદ કરતા. ઘરની સાફસૂફીમાં પણ તેઓ મદદ કરતા. ભગત આ બધું શાંતચિત્તે સમજીને કરે. તેઓ ક્યારેય હીરાબા ઉપર ગુસ્સે થતા નહિ. આમ, લગ્નજીવનમાં લગભગ દશ વર્ષ પસાર થયાં. ભગતના ઘરે પારણું બંધાયું નહિ, એટલે સમાજના લોકો ભગતને હીરાબાને છૂટાછેડા આપી ફરીથી બીજાં લગ્ન કરવાં માટે સલાહ આપતા. એક બાજુ બીજાં લગ્ન માટે સમાજનું અને કુટુંબનું દબાણ હતું તો બીજી બાજુ હીરાબા પ્રત્યે લાગણી હતી. આથી, એક દિવસે મનમાં નક્કી કર્યું કે '**મોટા** જે પ્રમાણે કહે તે પ્રમાણે કરવું.'

## હીરાબા સાથેનું તારું ભાગ્ય તારે ભોગવી લેવાનું

પૂજ્ય મોટા નડિયાદના બહુ મોટા સંત થઈ ગયા. પૂજ્ય

મોટાએ નડિયાદમાં શેઢી નદીના કિનારે ઈ.સ. ૧૯૫૫માં ‘હરિ:ૐ’ આશ્રમ સ્થાપ્યો ત્યારથી ભગતનો **મોટા** સાથેનો પરિચય હતો. પૂજ્ય મોટાએ પણ ભગત સાથે પાકી દોસ્તી કરી લીધેલી. પૂજ્ય મોટાએ ભગતને પોતાનો ગણ્યો હતો. ભગતને પણ પૂજ્ય મોટામાં અનન્ય શ્રદ્ધા. એક દિવસે ભગત વહેલી સવારે પૂજ્ય મોટાનાં દર્શન કરવાં માટે આશ્રમે ગયા. પૂજ્ય મોટાનાં દર્શન કરી, પગે લાગીને તેમની સામે ચૂપચાપ બેસી ગયા. મનમાં હીરાબાની ફારગતીના જ વિચારો આવ્યા કરે. **મોટા** સાથે આ બાબતમાં કઈ રીતે વાત શરૂ કરવી તેની સમજણ પડતી ન હતી. પૂજ્ય મોટા ભગતના મનના વિચારો જાણી ગયા.

પૂજ્ય મોટા અંતર્યામી હતા. તેમના માટે બીજાના વિચારો જાણી લેવાની સહજ શક્તિ હતી. હીરાબાને તેઓ સારી રીતે ઓળખતા હતા. પૂજ્ય મોટા પણ હીરાબાને ‘હીરાબા’ કહીને બોલાવતા. ભગત સામે નજર કરીને હસતાં હસતાં **મોટા** બોલ્યા, ‘ભઈલા ! હીરાબાની ફારગતીના વિચારો કરે છેને? તારે હીરાબાને છૂટાછેડા આપવાના નહિ, તે જીવે ત્યાં સુધી બીજું લગ્ન કરવું નહિ કે એમના મૃત્યુ પછી પણ બીજાં લગ્ન માટે વિચારવું નહિ. એ જીવે ત્યાં સુધી એમની સેવાચાકરી તારે કરવાની.’

પૂજ્ય મોટાની અંતર્યામી શક્તિનો આ તેમનો પ્રથમ પરચો હતો. તેમણે પૂજ્ય મોટાને પૂછ્યું કે ‘મારા મનમાં ચાલતા વિચારો આપે કેવી રીતે જાણી લીધા ?’

**મોટા**એ કહ્યું કે ‘ભઈલા ! આ તો મારા ગુરુમહારાજની દયાથી જ સામી વ્યક્તિના વિચારો હું જાણી શકું છું. હીરાબા

સાથેનું તારું ભાગ્ય હસતાં હસતાં તારે ભોગવી લેવાનું છે, તે બરાબર યાદ રાખજે.'

ભગતના મનના બધા જ તર્કવિતર્ક શમી ગયા. ત્યાર બાદ ભગતે હીરાબાને છૂટાછેડા આપવાનું ક્યારેય વિચાર્યું નહિ.

### વિશ્વાસ રાખ, મંગળદાસ બાવો નહિ બને

ભગતને સાધુસંતોનો સત્સંગ ખૂબ જ ગમે. ભગવાનનાં ભજનો પણ તંબૂરા સાથે ખૂબ જ સુંદર રાગે ગાય. તંબૂરાના તાલે હરિઃૐનો મંત્રજાપ રટે. તેઓ અવારનવાર પૂજ્ય મોટાનાં દર્શને આશ્રમમાં જતા. પૂજ્ય મોટા આશ્રમમાં ન હોય અને વિચાર થાય ત્યારે પણ ભગત આશ્રમમાં જતા. ત્યાં કલાકોના કલાકો એકાંતમાં બેસીને નામસ્મરણ કરતા. કોઈકે હીરાબાને કહ્યું કે 'જોજો હોં હીરાબા, આ તમારા 'ભગવાન' (ભગત) એક દિવસ તમને છોડીને બાવો બની જવાના.'

ભગતની ભક્તિ તરફની લગની જોઈને હીરાબા પણ એવું વિચારવા લાગ્યાં. 'ન કરે નારાયણ અને 'ભગત' જો બાવો બની જાય તો પછી મારું શું થાય ?'

એક દિવસ ભગત એકલા હરિઃૐ આશ્રમે પૂજ્ય મોટાનાં દર્શને ગયા. પાછળથી હીરાબા પણ આશ્રમે આવ્યાં. પૂજ્ય મોટાનાં દર્શન કરીને હીરાબા તો **મોટા**ને ફરિયાદ કરવા લાગ્યાં કે 'આ મને છોડીને બાવો થઈ જવાનું વિચારે છે, નાસી જવાનું વિચારે છે. તમારે એમને આશ્રમમાં પેસવા દેવા નહિ.'

પૂજ્ય મોટાએ હીરાબાની બધી જ વાત શાંતિથી સાંભળી. હીરાબાને આશ્વાસન આપતાં કહ્યું કે 'હીરાબા, તું ચિંતા ના

કરતી. મંગળદાસ બાવો નહિ બને. તમોને તરછોડીને એકલાં મૂકીને તે ક્યાંય ચાલ્યા નહિ જાય. તમારી સાથે જિંદગી સુધી રહેશે. ખોટી ચિંતા કરવાનું બંધ કર અને 'હરિઃૐ'નો જાપ કર.'

પૂજ્ય મોટાના શબ્દોથી હીરાબાના મનનું સમાધાન થયું. પૂજ્ય મોટામાં તેમને શ્રદ્ધા જાગવા માંડી. તે એટલે સુધી કે તેઓ અવારનવાર આશ્રમમાં આવવા લાગ્યાં. આશ્રમનાં કામો પણ કરવા લાગ્યાં. મૌનમંદિરમાં પણ બેસવા માંડ્યાં.

**ત્યાં સુધી હું તારી મદદમાં રહીશ**

ભગતને પૂજ્ય મોટામાં અપાર શ્રદ્ધા. એટલે તેઓને કોઈ પ્રશ્ન મૂંઝવે એટલે માર્ગદર્શન મેળવવા માટે પૂજ્ય મોટા પાસે દોડી જાય. પૂજ્ય મોટાએ એક વખતે ભગતને કહ્યું કે **'ભઈલા ! તું ન્યાય, નીતિ, ધર્મ, પ્રામાણિકતા, સચ્ચાઈ અને વફાદારીથી કામ કરતો રહીશ, ત્યાં સુધી હું તારી મદદમાં રહીશ. તું મદદ માગીશ એટલે મારી મદદ મળ્યાનો તને અનુભવ થશે.'**

'ભૌતિક સુખ માટેની માગણી, જીવદશા ભોગવવાની માગણી મારી પાસે કરીશ તો મારી મદદ તને મળવાની નહિ. આવી ઇચ્છાથી તારે આશ્રમે આવવાનું નહિ અને મારી સાથે સંબંધ પણ રાખવાનો નહિ.'

'સંસાર ત્યજીને આશ્રમમાં આવીને આશ્રમવાસી બનીને રહો તેવું હું ક્યારેય તને ના કહું. તારાં પત્ની હીરાબા જીવતાં હોય ને તેને તરછોડીને તમે ક્યાંય પણ જતા રહેવાનું કરો તેમાં મારા દિલની સંમતિ ના હોય. આશ્રમમાં રહેવાની તમારી

સાચેસાચી તમન્ના પ્રગટતાં તે પ્રકારની સરળતા જરૂર મળી રહેવાની. બોલ, કેમ આવવું થયું છે ?'

'**મોટા**, એકવીસ દિવસ મૌનમાં બેસીને પ્રભુભક્તિ કરવાની ઈચ્છા જાગી છે, એટલે આપની રજા મેળવવા આવ્યો છું.' ભગતે કહ્યું.

'અલ્યા ! હીરાબાની રજા લઈને આવ્યો છે ? તેમની મંજૂરી વગર તારે આશ્રમે આવવાનું નથી, એ તો મેં તને કહેલું જ છે.'

'**મોટા**, મારે હીરાબાની લેખિત મંજૂરી લાવવાની છે કે મૌખિક મંજૂરી ચાલશે ?' ભગતે હસતાં હસતાં કહ્યું.

આ સાંભળીને **મોટા**એ મુક્ત હાસ્ય કર્યું અને બહાર ઊભેલાં હીરાબાને પોતાની પાસે બોલાવ્યાં અને કહ્યું કે 'હીરાબા ! બહાર કેમ ઊભાં છો ? અંદર આવો. આ શું કહે છે તે સાંભળ્યું તમે ? એકવીસ દિવસ મૌનમાં બેસવા માગે છે. તમે એને રજા આપો છો ખરાં ?'

હીરાબાએ માથું હલાવી હા પાડી. હસતાં હસતાં **મોટા**એ હીરાબાને કહ્યું, 'હીરાબા ! હવે તો વિશ્વાસ આવશેને કે મંગળદાસ તમોને છોડીને નાસી જવાના નથી.' આટલું કહેતાં તો **મોટા** ખડખડાટ હસી પડ્યા. સાથે હીરાબા અને ભગત પણ હસી પડ્યાં.

## વાલજીભાઈની સેવામાં

ભગતના પરમ સ્નેહી મુ. શ્રી વાલજીભાઈ જોશીને તેમનાં ફેફસાંનું ઑપરેશન કરાવવા માટે ઈ.સ. ૧૯૬૦માં મુંબઈની ઘાટકોપરની સર્વોદય હૉસ્પિટલમાં દાખલ કરેલા.

આસો સુદ પૂનમ ને મંગળવારે બપોરે બે વાગ્યે ઑપરેશન થવાનું હતું. પૂજ્ય મોટાના આદેશથી અને પોતાની ફરજ સમજીને ભગત પણ મહાજનમાં રજાઓ મૂકીને વાલજીભાઈની સાથે મુંબઈ ગયેલા. ભગતની સાથે હીરાબા પણ મુંબઈ ગયેલાં.

પૂજ્ય મોટાએ વાલજીભાઈને પત્ર દ્વારા જણાવેલું કે **'ઑપરેશન કરવાનું હોય તે પહેલાં બે કલાકથી ભગવાનના સ્મરણમાં જીવતા રહેજો અને જ્યાં સુધી ભાન રહે, ત્યાં સુધી સ્મરણ કર્યા કરજો. ક્લૉરોફૉર્મ આપતી વેળા ભાન જતાં લગી *મોટા*ને તમારી નજર સામે પ્રગટાવજો. એટલે તે પછી બધો ખેલ *મોટા* સંભાળી લેશે.'**

ઑપરેશન બાદ પૂજ્ય મોટાએ વાલજીભાઈને લખ્યું કે 'તમારી તબિયત જરૂરથી સુધરી જવાની છે ને વજન પણ વધવાનું છે, તે નક્કી જાણજો. હરિસ્મરણ વધુ ને વધુ કરતા રહેજો. **કોઈ પણ સ્થૂળ સહારો કે મદદ એ બધાંયના કરતાં ભગવાનની કૃપા મદદ અનેક ગણી ચડિયાતી છે એનો અનુભવ લેવાનો આ જ રૂડો પ્રસંગ છે. જીવનમાં આકરામાં આકરા પ્રસંગમાં જ આપણી ખરી કસોટી થતી હોય છે.** એવી વેળાએ જેના દિલમાં શ્રદ્ધા-વિશ્વાસ દિલથી નિશ્ચયપણે અડગ ટેકથી શ્રી ભગવાન પરત્વે જાગેલાં હોય છે તેવા જીવને ટટ્ટાર થઈ જતાં વાર લાગતી નથી ને તેવા જીવ સમર્થની ઓથ, હૂંફ અને સહાનુભૂતિ અનુભવે છે અને તેવા કારમા પ્રસંગને તેથી કરીને તો ભગવાનનો પ્રેમથી આવેલો કૃપાપ્રસંગ-બક્ષિસ માને છે.'

ભગત, વાલજીભાઈની સેવા કરવા માટે મુંબઈ હૉસ્પિટલમાં ગયેલા, તે વખતે હીરાબાને પણ મુંબઈ સાથે

લઈ ગયેલા. મુંબઈમાં તેમના કાકાના દીકરા હરગોવનભાઈ રહેતા હતા. હરગોવનભાઈના ઘરે હીરાબાને મૂકીને ભગત હૉસ્પિટલમાં વાલજીભાઈની સેવામાં રહેલા. પૂજ્ય મોટાના કહેવા પ્રમાણે વાલજીભાઈ જલદીથી સારા થઈ જાય તેટલા માટે આખો દિવસ મંત્રજાપ કરતા. તા. ૧૪-૧૦-૧૯૬૦ના રોજ પૂજ્ય મોટાએ ભગતને કાગળ લખ્યો કે ‘હીરાબાને તમો સાથે લઈ ગયા છો તે સારી વાત છે. મોટા ભાઈ (હરગોવનભાઈ)ને ત્યાં તેમની સાથે (હીરાબા સાથે) સંઘર્ષ ના થાય તેની ઘણી કાળજી રાખજો. સહેવું એ પણ તપ છે- જો પ્રેમ, ઉમળકાથી સહેવાય તો.’

પૂજ્ય મોટાનો આ પત્ર ભગતને મળ્યો, તેના બીજા દિવસે તેમના કાકાના દીકરા હરગોવનભાઈ ઘાટકોપર સર્વોદય હૉસ્પિટલમાં હીરાબાને લઈને આવેલા. હીરાબાને હરગોવનભાઈને ત્યાં ફાવતું ન હતું અને સંઘર્ષણ થતું. એટલે હરગોવનભાઈ હીરાબાને હૉસ્પિટલમાં મૂકી ગયેલા. મુ. શ્રી વાલજીભાઈના એક સ્નેહી જેઓ ઘાટકોપર રહેતા હતા. તેમના ત્યાં હીરાબાની રહેવાની સગવડ વાલજીભાઈએ કરી આપી. હીરાબા આશરે સાતેક દિવસ ત્યાં રહેલાં. ત્યાર બાદ ભગતની સાથે નડિયાદ આવેલાં.

ફેફસાંના ઑપરેશન બાદ વાલજીભાઈ આશરે ત્રીસ વર્ષ સુધી જીવેલા.

## ચેતનાનો જન્મ

ભગતનું લગ્ન ઈ.સ. ૧૯૫૦ની સાલમાં હીરાબા સાથે થયું. હીરાબાને આશરે દસ વર્ષ સુધી બાળક થયેલું નહિ.

બાળક થાય તે માટેનાં ઑપરેશન અને સારવાર માટે હીરાબાને નડિયાદમાં ડૉ. આઈ.સી. પટેલની સંતરામ હૉસ્પિટલમાં દાખલ કરેલાં. ઑપરેશન બાદ પૂજ્ય મોટા હીરાબાની ખબરઅંતર પૂછવા માટે હૉસ્પિટલમાં આવ્યા. હીરાબાએ પૂજ્ય મોટાને બે હાથ જોડીને પ્રણામ કર્યાં અને મનોમન પ્રાર્થના કરી કે '**મોટા**, મને બાળક થાય તેવી ભગવાનને પ્રાર્થના કરજો.' **મોટા**એ હીરાબાના મનના ભાવ વાંચી લીધા. મંદ હાસ્ય કરીને માથું હલાવ્યું. જાણે કહેતાં હોય કે 'બધું બરાબર થઈ જશે.'

ઑપરેશન બાદ લગભગ દોઢ બે વર્ષે હીરાબાની કૂખે એક બાળકીનો જન્મ થયો. આ બાળકીને લઈને ભગત અને હીરાબા નડિયાદ હરિઃૐ આશ્રમે પૂજ્ય મોટાનાં દર્શન માટે ગયેલાં. પૂજ્ય મોટાએ હીરાબાને એ બાળકીને પોતાના હાથમાં આપવા કહ્યું. હીરાબાએ બાળકીને પૂજ્ય મોટાના હાથમાં મૂકી. **મોટા**એ એ બાળકીને રમાડીને પાછી આપી. 'આ બાળકીનું નામ શું પાડવું ?' એવું ભગતે પૂજ્યશ્રીને પૂછ્યું. પૂજ્ય શ્રીમોટાએ આ બાળકીનું નામ 'ચેતના' રાખવાનું જણાવતાં નામ ચેતના રાખવામાં આવ્યું છે.

## પુત્રજન્મ

ચેતના પછી મીનાનો જન્મ થયો. બન્ને દીકરીઓ મોટી થવા લાગી. ભગત અને હીરાબા બન્ને જીવોને એક દીકરો થાય તેવી ઝંખના રહ્યા કરતી. એક દિવસે પોતાના હૈયાની વાત પૂજ્ય **મોટા**ને કરી. **મોટા**એ એમની વાત ઉપર ધ્યાન આપ્યું નહિ. વારંવાર દીકરા માટેની માગણીઓ થતાં એક દિવસ **મોટા**એ કહ્યું 'અલ્યા ! દીકરામાં શું દાટ્યું છે, તે આમ

મારી પાસે મંડ્યો ને મંડ્યો રહ્યો છે ? આ બે દીકરીઓ છે તે શું ઓછું છે ?'

'**મોટા** ! દીકરો હોય તો વંશવેલો આગળ વધે. ઘડપણમાં અમારી સેવા કરે.' ભગતે કહ્યું.

'અલ્યા ! વંશવેલો આગળ વધારીને તારે શું કરવું છે ? પ્રભુનું ભજન કરતા રહો એમાં સુખ છે. નરસિંહ મહેતાનો વંશવેલો ક્યાં ચાલુ રહ્યો ? મીરાંનો વંશવેલો ક્યાં ચાલુ રહ્યો ? તોય દુનિયા એમને યાદ કરે છે. માટે, તારા મગજમાંથી દીકરા માટેનું ભૂત કાઢી નાખ.' **મોટા**એ ભગતને સમજાવવા માંડ્યા.

'**મોટા**, આપ તો સંન્યાસી જીવ છો, એટલે આપને દીકરાનું કદાચ મહત્ત્વ ના હોય, પણ અમારે સંસારી જીવોને તો દીકરાની ઈચ્છા-લાલસા રહ્યા કરતી હોય છે. માટે, દયા કરીને મારે ત્યાં દીકરો જન્મે તેવું કંઈક કરો. આપના માટે કશું અશક્ય નથી.' ભગતે વિનંતી કરી.

છેવટે **મોટા**એ કહ્યું કે '**દીકરા માટેનો તારો તલસાટ મારાથી જોયો નથી જતો. જા, હું તારા માટે ભગવાનને પ્રાર્થના કરીશ અને તારે ત્યાં પુત્રનો જન્મ પણ થશે પણ યાદ રાખજે, એ પુત્ર અઢાર વર્ષ પૂરાં કરે ત્યાર પછી જ તારે તેને તારો દીકરો ગણવાનો.**'

પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી ભગતના ઘરે દીકરાનો જન્મ તા. ૨૨-૧-'૭૦ના રોજ થયો. પૂજ્ય મોટાએ દીકરાનું નામ 'ગુરુપ્રસાદ' પાડ્યું. ગુરુની પ્રસાદી હતી અને ગુરુદેવની સતત યાદ રહ્યા કરે તે માટે ભગતે દીકરાનું નામ 'ગુરુપ્રસાદ' રાખ્યું.

ગુરુપ્રસાદ ખૂબ જ શાણો, સમજુ, વિવેકી અને સુંદર હતો. ભણવામાં પણ હોશિયાર હતો. જોનારની આંખ ઠરે તેવો દીકરો હતો. કુટુંબનાં બધાંનો એ લાડકો દીકરો હતો. પૂજ્ય મોટાના કહેવા પ્રમાણે ભગતે દીકરાને અઢાર વર્ષ સુધી સાચવવાનો હતો. દીકરો ક્યાંય બહાર ગયો હોય અને સમયસર ઘરે ના આવે તો બન્ને જણાં આકુળ વ્યાકુળ બની જતાં. ગુરુપ્રસાદને તેઓ ક્યારેય એકલો બહાર જવા દેતાં નહિ. તેની સાથે કોઈ ને કોઈ હોય જ. ગુરુપ્રસાદને અઢાર વર્ષ પૂર્ણ થવામાં એક માસ બાકી હતો ને તેણે પોતાની જીવનલીલા સમાપ્ત કરી દીધી.

## હીરાબાના મૃત્યુનો આઘાત

પૂજ્ય મોટાની કૃપાથી ભગત પોતાના લાડકા દીકરાના અવસાનના આઘાતમાંથી ઝડપથી બહાર આવી શક્યા. હીરાબા એ આઘાતમાંથી ક્યારેય બહાર આવી શક્યાં નહિ.

એક વખતે **મોટા**એ ભગતને કહેલું કે **'માનવીને સંજોગો, પરિસ્થિતિ, સંસારવહેવાર જે તે બધું કર્મસંજોગે મળે, તે ભોગવી લીધા વિના કોઈનોયે છૂટકો થતો નથી. જે કંઈ આવી પડે, તે તો પ્રેમ ઉમળકાથી ભોગવવું જ રહ્યું. ભગવાનનું સ્મરણ અનેક સંકટોમાંથી તારનારું છે, એવો અનુભવ અનેક સંત ભક્તોનો છે.' મોટા**ના આ શબ્દો ભગતના જીવનનો આધાર બની બેઠા.

હીરાબા એ માતા હતાં. પોતાના એકના એક યુવાન દીકરાના દુઃખદ અવસાનના આઘાતમાંથી તેઓ ક્યારેય બહાર

આવી શક્યાં નહિ. હીરાબા ભગતને કહેતાં, 'ભગવાન ! આપણો ગુરુ શું કરતો હશે ? શું ખાતો હશે ?' એ વખતે ભગતની આંખોમાં પણ આંસુ ઊભરાઈ જતાં. તેઓ હીરાબાને કહેતા કે 'પરભુ ! આપણો ગુરુ તો ભગવાનના દરબારમાં પહોંચી ગયો. **જે પુણ્યાત્માઓ છે, એની ભગવાનને ત્યાં જરૂર હોય છે. ભગવાનના લાડકા દીકરાઓનો વિરહ ભગવાન સહી શકતો નથી. એટલે એમને પોતાની પાસે વહેલા બોલાવી લે છે.** આપણી અને એની લેણાદેણી પૂરી થઈ, એટલે આ બધું છોડીને એ ચાલતો થયો.' આટલું કહેતાં તો બન્ને પુણ્યશાળી જીવો રડી પડ્યાં.

એક દિવસ નાહીધોઈને બાથરૂમમાંથી હીરાબા બહાર નીકળ્યાં. અચાનક ગુરુની યાદ આવી ગઈ. ગુરુ...ગુરુ... કરતાં તો તેઓ બેભાન થઈને ભોંય ઉપર પટકાયાં. તેમને બ્રેઈન હેમરેજ થયું. બેભાન અવસ્થામાં હીરાબાને અમદાવાદની રાજસ્થાન હૉસ્પિટલમાં દાખલ કર્યાં. લગભગ એકવીસ દિવસ સુધી બેભાન અવસ્થામાં ગુરુને યાદ કરતાં રહ્યાં. હૉસ્પિટલમાં અમે બધાં ભાઈ બહેન ચર્ચા કરતાં કે 'કાકાના જીવનમાં આટલું બધું દુઃખ કેમ આવે છે ? એમણે ક્યારેય કોઈનું દિલ દૂભવ્યું નથી કે મનથી પણ ક્યારેય કોઈનું બૂરું ઈચ્છ્યું નથી તો આટલી બધી કસોટી ભગવાન શા માટે કરતો હશે ?' આવી ચર્ચા કરતાં કરતાં અમે ભાઈ બહેનો રડી પડતાં ત્યારે કાકા (ભગત) અમને બધાંને આશ્વાસન આપતા અને બધાંને કહેતા કે 'આપણે બધાં તારાં કાકીની સારામાં સારી સેવાચાકરી કરીએ છીએ અને જ્યાં સુધી તેઓ જીવે ત્યાં સુધી આપણે બધાંએ

એમની સેવાચાકરી કરવાની છે. નસીબ આધીન આપણે બધાં ભેગાં મળ્યાં અને જિંદગી ગુજારી. તમે બધાંએ 'પરભુ'ને (હીરાબાને) ખૂબ જ સંભાળી છે. ઋણાનુબંધ હશે ત્યાં સુધી આપણી વચ્ચે રહેશે. આમાં કોઈએ રડવાનું ના હોય. 'પરભુ'ની બધી જ ઈચ્છા આપણે પૂરી કરી છે. ગુરુ એને ખૂબ વહાલો હતો, એટલે ગુરુને મળવા તે અધીરી બની છે. આપણે ગમે તેટલું ઈચ્છીએ તોપણ હવે તે રોકાવાનાં નથી. આંસુ પાડીને એમના આત્માને વધારે દુઃખી આપણે નથી કરવો. જે જન્મ્યું છે, તેનું મૃત્યુ થવાનું છે. કોઈનું વહેલું કે કોઈનું મોડું પણ તે અવશ્ય આવવાનું જ છે.'

કઈ તાકાતથી આ માણસ આટલું બધું દુઃખ આવી પડ્યું હોય અને છતાં ટટ્ટાર-ખુમારીથી ઊભા રહે છે તે અમોને ક્યારેય સમજાયું નહિ.

અમદાવાદની રાજસ્થાન હૉસ્પિટલમાં એકવીસ દિવસની સારામાં સારી સેવા કરવા છતાં હીરાબા ફરીથી ભાનમાં આવ્યાં નહિ, એટલે એવી હાલતમાં તેઓને નડિયાદ લાવવામાં આવ્યાં. નડિયાદની મિશન હૉસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યાં. મિશન હૉસ્પિટલના પ્રખ્યાત ડૉક્ટરોએ હીરાબાને બચાવવા માટે રાતદિવસ એક કર્યાં, છતાં હીરાબા સાજાં થઈને પાછાં ના ફર્યાં. તા. ૨૮-૧-'૮૯ના રોજ તેઓ પોતાના પ્યારા પુત્રને મળવા સ્વર્ગે ઊપડી ગયાં.

હીરાબાના મૃતદેહ પાસે બેસીને હાથ જોડીને માફી માગતાં ભગત બોલ્યા કે 'પ્રભુ ! જાણે અજાણે તારા દિલને

ઠેસ પહોંચાડી હોય તો મને માફ કરજે. ભાઈ (ગુરુપ્રસાદ) અને તમે હમણાં નવો જન્મ ધારણ ના કરતાં. હું આવું ત્યારે આપણે બધાં સાથે નવો જન્મ લઈશું અને ભગવાનનું ખૂબ ભજન કરીશું. ભગવાન તમારા આત્માને બધાં જ બંધનોમાંથી મુક્ત કરી દે અને ઉજ્જ્વળ પંથના પ્રવાસી તમો બનો ! હરિઃૐ...હરિઃૐ...'

સ્વ. હીરાબાના અવસાન બાદ ગુરુપ્રસાદ અને હીરાબાને શ્રદ્ધાંજલિ આપતું આ કાવ્ય રચાયું હતું.

સમય તેં સિતમ શું મુજ પર ગુજાર્યો
જિગરના એ કટકાએ મુજને વિસાર્યો
હંકારી'તી હોડી તારે ભરોસે
કિનારો હતો સાવ નજદીક જ્યારે
અણધાર્યો ફાટ્યો હોડી સઢ મારો
વમળમાં ફસાયો ખુદ હાંકનારો
અણધાર્યો બદલ્યો તે પંથ અગમનો
જીવતો રાખીને મને જીવતો જ માર્યો
તારા વિયોગે જનની જ ઝૂરી
તને મળવાને એ દોડીને આવી
ના તારી યાદ આ દિલથી ભુલાશે
ના તારી ખોટ આ ભવમાં પુરાશે
'મોટા'ની દયાથી તમે ભેગાં થાજો
'મોટા'ની દયાથી તમે સાથે રહેજો
મુજ આવવાની તમે રાહ જોજો
નવો જન્મ લેવાનું હમણાં ના કરજો

નવો જન્મ આપણે સૌ સાથે લઈશું
'મોટા'ની દયાથી સૌ શાંતિથી રહીશું.

તા. ૨૮-૩-'૮૯

**(ગુરુપ્રસાદ અને હીરાબાનાં અવસાન બાદ મુ. શ્રી મંગળદાસભાઈ બન્ને આત્માઓ માટે દરરોજ નીચે પ્રમાણેની પ્રાર્થના પૂજ્ય શ્રીમોટાને સતત કરતા રહે છે.)**

હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ. મારા ઉપર દયા કરીને દૂધ પીવો. હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ ! આપની દયાથી ગુરુપ્રસાદ દૂધ પીવે તે માટે દયા કરો. હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ આપની દયાથી હીરા દૂધ પીવે તે માટે દયા કરો.

**ભોજન લેતાં પહેલાં પ્રાર્થના**

હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ મારા ઉપર દયા કરીને ભોજન લેવાની દયા કરો. હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ ! આપની દયાથી ગુરુપ્રસાદ ભોજન લે તે માટે દયા કરો. હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ, આપની દયાથી હીરા ભોજન લે તે માટે દયા કરો.

**રાત્રે સૂતાં પહેલાં-જો બન્ને આત્માઓએ નવો જન્મ ધારણ ન કર્યો હોય તો**

હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ ! આપની દયાથી ગુરુપ્રસાદ જે જગ્યાએ હોય તે જગ્યાએ તેને કાયમ માટેની શાંતિ આપતા રહો. હે ગુરુદેવ ! હે **મોટા** ! હે પ્રભુ ! આપની દયાથી હીરા જે જગ્યાએ હોય તે જગ્યાએ તેને કાયમ માટેની શાંતિ આપતા રહો.

## રાત્રે સૂતાં પહેલાં-જો બન્ને આત્માઓએ નવો દેહ ધારણ કર્યો હોય તો

હે ગુરુદેવ ! હે **મોટા !** હે પ્રભુ ! આપની દયાથી ગુરુપ્રસાદ જે જગ્યાએ હોય તે જગ્યાએ તેને સર્વ પ્રકારે, સર્વ રીતે સદાય સુખી રાખો. હે ગુરુદેવ ! હે **મોટા !** હે પ્રભુ ! આપની દયાથી હીરા જે જગ્યાએ હોય તે જગ્યાએ તેને સર્વ પ્રકારે સર્વ રીતે સદાય સુખી રાખો.

જીવનસંધ્યાએ જ્યારે માનવીને સહારાની જરૂર હોય તેવા સમયે ભગતના જીવનમાં એક વર્ષમાં બે ઉપરાઉપરી આઘાતો આવી પડ્યા. આ બન્ને આઘાતો તેઓ જીરવી શક્યા, કારણ કે તેઓ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાં પ્રવેશી ચૂક્યા હતા. ગુરુપ્રસાદ તથા હીરાબાએ દેહ છોડ્યા ત્યારથી શ્રી મંગળદાસભાઈએ એક પણ વખત પાન ખાધું નથી. આઈસક્રીમ ખાધો નથી તેમ જ ઠંડું પીણું પીધું નથી.

## મારે તારા ઘરનું જમવું છે

હીરાબા જીવતાં હતાં, તે વખતનો આ પ્રસંગ છે. પૂજ્ય મોટા એ વખતે નડિયાદ હરિઃૐ આશ્રમમાં હતા. ભગત તેમનાં દર્શને જતા. એક દિવસ અચાનક જ ભગતને કહ્યું કે 'મારે તારા ઘરનું જમવું છે, તો મારા માટે જમવાનું મોકલ.'

ભગત તો ખુશ ખુશ થઈ ગયા. 'મારા ગુરુદેવે મારા ઘરનું જમવાનું માગ્યું. મારાં ભાગ્ય ઊઘડી ગયાં. હું ધન્ય થઈ ગયો.' ત્યાં ભગતને થયું કે **મોટા**ને માટે મારા ઘરેથી શું જમાડું ? પોતે તો સાદું ભોજન લેતા હતા.

'**મોટા !** આપના માટે ભોજનમાં શું લાવું ? **મોટા** હસ્યા. અલ્યા ભઈ, તારે જે લાવવું હોય તે લાવજેને ! અલ્યા ! એકાદ મીઠાઈ ચોખ્ખા ઘીની બનાવજે. ડાલ્ડાની ના બનાવતો. લોભ ના કરતો. ઘરેથી બનાવીને લાવજે. બહારનું ના લાવતો. સમજ્યો ?' **મોટા**એ કહ્યું.

ભગત તો રાજી થતાં થતાં ઘેર આવ્યા. હીરાબાને **મોટા** માટે જમવાનું બનાવવા કહ્યું. '**મોટા** માટે જમવાનું બનાવવાનું છે.' એ જાણતાં જ હીરાબા ખૂબ રાજી થયાં. સાદું પણ સાત્ત્વિક ભોજન બનાવ્યું. તેમાં ઘરેથી એક મીઠાઈ પણ બનાવી હતી તે મૂકી. ટિફિન ભર્યું. ટિફિન લઈને બન્ને જણાં આશ્રમમાં આવ્યાં. **મોટા**એ હસતાં હસતાં કહ્યું કે 'ભઈલા ! જમવાનું લાવ્યો કે ?'

'હા **મોટા !** અમે આપના માટે જમવાનું લઈને જ આવ્યાં છીએ.' હીરાબા બોલ્યાં.

રાજી થતાં થતાં બન્નેએ ખૂબ જ પ્રેમથી **મોટા**ને જમાડ્યા. **મોટા**એ પણ ખૂબ જ પ્રેમથી ભોજન કર્યું.

આમ કરવા પાછળનો પૂજ્ય મોટાનો આશય ભગત માટેનો પ્રેમભાવ મજબૂત કરવાનો હશે.

## મોટાનાં પ્રત્યક્ષ દર્શન

પૂજ્ય મોટાએ તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ પોતાની જીવનલીલા સંકેલી. પૂજ્ય મોટા હયાત હતા, તે વખતે તો બધાંને દર્શન આપતાં હતાં. તેમના મૃત્યુ બાદ પણ તેઓએ તેમના ભક્તોને દર્શન આપેલાં છે. આમ, એક દિવસ ભગતના ઘરે પણ પ્રત્યક્ષ થયા. ભગત ઑફિસે ગયેલા હતા. હીરાબા

ઘરે એકલાં હતાં, ત્યાં અચાનક પૂજ્ય મોટા હીરાબા આગળ ઊભેલા દેખાયા. હીરાબા કંઈ બોલે તે પહેલાં **મોટા** બોલ્યા, 'હીરાબા, મને ખૂબ તરસ લાગી છે. મને પીવાનું પાણી આપ.' હીરાબાએ પીવાનું પાણી **મોટા**ને આપ્યું. પૂજ્ય મોટા પાણી પી ગયા. ખાલી ગ્લાસ હીરાબાને આપ્યો. હીરાબા ગ્લાસ અંદરના રૂમમાં મૂકીને પાછાં આવ્યાં તો **મોટા** અદશ્ય થઈ ગયેલા. હમણાં મેં જેમને પાણી પાયું તે **મોટા** તો ઘણા દિવસ પહેલાં ગુજરી ગયા છે, તો આ પાણી પીવા આવ્યા તે કોણ ? અને આમ અચાનક તેઓ ક્યાં અદશ્ય થઈ ગયા !

સાંજે આ બનાવની જાણ ભગતને કરી. ભગત પણ આ વાત સાંભળીને આશ્ચર્યચકિત થયા. હીરાબાએ આ વાત આશ્રમના એક અંતેવાસીને પણ જણાવેલી.

## હીરાબાની અંતિમ ઇચ્છા પૂર્ણ કરી

ગુરુપ્રસાદના અવસાન બાદ હીરાબાને બે દીકરીઓ ચેતના અને મીનાની ચિંતા રહેતી. હીરાબાએ એક દિવસે ભગતને કહેલું કે 'હવે હું વધુ જીવી શકવાની નથી. ચેતના અને મીનાના ભલા માટે તમારે મારા અવસાન બાદ બીજું લગ્ન કરવું નહિ. બીજું લગ્ન તમો કરો તો ચેતના અને મીના દુ:ખી થાય. નવી આવે તે મારી દીકરીઓને સારી રીતે ના બોલાવે. દીકરીઓને નડિયાદ આવતાં સંકોચ થાય.'

બીજું લગ્ન નહિ કરવાનો પૂજ્ય મોટાનો હુકમ અને હીરાબાની આખરી ઇચ્છા પૂર્ણ કરવા માટે ભગતે મિત્રો, સગાંસંબંધીઓ અને કુટુંબીજનો તરફથી બીજું લગ્ન કરવા માટે દબાણ હોવા છતાં બીજું લગ્ન કર્યું નહિ. હાલ તેઓ પ્રભુમય જીવન જીવી રહ્યા છે.

## શિવાલયોમાં મંત્રજાપ

જે ઘરમાં લાડલો પુત્ર ગુરુપ્રસાદ અને પત્ની હીરાબાની યાદ સચવાયેલ છે, તેવા ભાડાના મકાનમાં ભગત તેમનું શેષ જીવન ગુજારી રહ્યા છે. સેવાનો ભેખ ધારણ કર્યો છે, એટલે મજૂર મહાજનમાં નોકરી ચાલુ રાખી છે. ન્યૂ શોરોક મિલ માંદા એકમ તરીકે જાહેર થયેલી છે. એ મિલ ફરીથી પૂર્વવત્ ચાલુ થાય અને કારીગરોને રોજીરોટી મળતી રહે, તે માટે ભગતે આશરે ૧૨૦૦ જેટલાં શિવાલયોની પૂજા કરી છે. શરીર ઉપર ભગવી લુંગી, ઉઘાડું માથું અને ઉઘાડા પગે મંદિરે જવાનું. ત્યાં શિવલિંગ ઉપર ગુપ્તદાન મૂકવાનું અને હરિઃૐની, ૐ નમઃ શિવાયની, ૐ શ્રીગણેશાય નમઃ, ૐ શ્રીહનુમાન દાદાય નમઃ, ૐ શ્રીગુરુદેવ મોટાય નમઃ આ બધા મંત્રોની બબ્બે માળા કરવાની. ત્યાર બાદ ખુલ્લા રાગે ૐ નમઃ શિવાયની, ત્યાર બાદ ૐ શ્રીગણેશાય નમઃની, પછી ૐ શ્રીહનુમાન દાદાય નમઃની ધૂન ગાવાની પછી 'હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ ગુરુદેવ, ગુરુદેવ હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ'ની ધૂન ગાતાં ગાતાં ભાવસમાધિમાં ચાલ્યા જતા. ભાવ સમાધિમાંથી બહાર આવે ત્યારે તેઓ ભગવાન પાસે માગતા કે **'પ્રભુ ! નડિયાદની ન્યૂ શોરોક મિલ ઘણા વખતથી બરાબર ચાલતી નથી. તે સારી રીતે ચાલતી રહે અને કારીગર ભાઈઓને રોજીરોટી સારી રીતે મળતી રહે તેમ કરજો.'** ભગત પોતાના સુખ માટેની માગણી ક્યારેય કરતા નહિ કે પોતાનાં દુઃખો પ્રભુ આગળ કહેતા નહિ.

## મહાજનમાં પણ કરકસર

'થોડી જરૂરિયાતો હોવી અને પોતાની જરૂરિયાતો પોતે જ પૂરી કરવી તેના જેવું બીજું કોઈ સારું કામ નથી.' એવું ભગત જિંદગીભર ચુસ્ત રીતે પાલન કરતા આવ્યા છે. પોતાની જાત ઉપર સંપૂર્ણ કરકસર કરવી, પણ બીજા પ્રત્યે તો એટલી જ ઉદારતા ભગત દાખવતા. તેઓ હંમેશાં કહેતા કે 'દરેક માનવીએ જિંદગીભર કરકસરનો ગુણ ઉતારવો જોઈએ. કરકસર એ કંજૂસાઈ નથી પણ વેડફાઈ જતા જીવનને આડી પાળ બાંધવાની એક પ્રક્રિયા છે. જિંદગીમાં પચાવવા જેવો એ ગુણ છે. એનો જિંદગીમાં ભાર રહેતો નથી.'

ભગતના જીવનમાં કરકસર કરવી અને પ્રામાણિકપણે જીવવું-આ સંસ્કાર તો ભગતમાં બાળપણથી પડેલા જ હતા. પૂજ્ય મોટા સાથે પાકી દોસ્તી બાંધી ત્યારથી તે પ્રગાઢ બન્યા. મજૂર મહાજનનો એક પણ પૈસો ખોટો ન વેડફાય તેની સતત કાળજી રાખતા. ગુજરાતના બીજા મહાજનો કરતાં નડિયાદનું મજૂર મહાજન આર્થિક રીતે સધ્ધર છતાં ભગત કે તેમના સાથી કાર્યકર્તાઓ ઑફિસના ખર્ચે ચા પીતા નથી. **અડધા કાગળની જરૂર હોય ત્યાં આખા કાગળનો ઉપયોગ કરતા નથી.** મહાજનની ઑફિસથી મિલ સુધી વર્ષો સુધી ભગતે ચાલતા તથા સાઈકલ ઉપર જવા આવવાનું રાખેલું. ખાદીના ઈસ્ત્રી વગરના પણ સુંદર રીતે ધોયેલાં લેંઘા ઝભ્ભાનો તેઓ ઉપયોગ કરતા.

ભગત મિલમાં જવા આવવા માટે સાઈકલનો ઉપયોગ કરતા. એટલે પ્રતિનિધિઓએ ભગત માટે મૉપેડ કે સ્કૂટર

લાવવાના ખર્ચનો ઠરાવ કરેલો, પણ કરકસરવાળા ભગતે વર્ષો સુધી ચાલતા કે સાઈકલ ઉપર જવા આવવાનું રાખેલું. ઑફિસમાં વર્ષો બાદ ટેલિફોનની જોગવાઈ થઈ શકેલી. પાછળથી પ્રતિનિધિઓના આગ્રહથી સીલિંગ ફેન લાવવામાં આવેલો.

**ઑફિસનાં સાધનોનો ઉપયોગ ઑફિસ કામ માટે**

મિલમાં કામ કરતા કારીગરો મૉપેડ, સ્કૂટર વગેરે લઈને મિલમાં આવતા થયા, પણ કરકસરવાળા ભગત તો એના એ રામ. વારંવાર ઠરાવો કરીને કારોબારીએ એક વખત લૂના મૉપેડ લાવવાનું નક્કી જ કરી નાખ્યું. કારોબારીના સખત આગ્રહને લઈને ભગતે લૂનાનો સ્વીકાર કર્યો. લૂનાનો ઉપયોગ ફક્ત ઑફિસ કામકાજ માટે કરવા તેઓ સંમત થયા. તેઓ લૂનાનો ઉપયોગ અંગત કામ માટે ક્યારેય કરતા નહિ અને ઉપયોગ કરવો જ પડ્યો હોય તો પોતાના ખર્ચે પેટ્રોલ પુરાવતા કે પેટ્રોલના પૈસા ઑફિસમાં જમા કરાવતા. **પૂજ્ય મોટાનો આદેશ હતો કે 'ભઈ ! મજૂરોનો પૈસો, ગરીબોનો પૈસો કરકસર કરીને વાપરવાનો.' આજે પણ ભગત ઑફિસના ખર્ચામાં ખૂબ જ કરકસર કરે છે.**

મહાજનના તેમના હોદ્દાની રૂએ તેઓ રેલવેમાં પ્રથમ વર્ગમાં મુસાફરી કરી શકે તેવો કારોબારીએ ઠરાવ કરેલો, આમ છતાં ભગત મહાજનના કામે અમદાવાદ કે અન્ય જગ્યાએ જતા ત્યારે તેઓએ પ્રથમ વર્ગના ડબ્બામાં મુસાફરી કરી નથી. બીજા વર્ગમાં મુસાફરી કરવાનું તેઓ વધારે પસંદ કરતા.

## કાઈનેટિક હોન્ડાનો વિચાર પડતો મુકાવ્યો

થોડાંક વર્ષો પહેલાં મહાજનની કારોબારીના સભ્યોએ ભગત માટે કાઈનેટિક હોન્ડા લાવવાનું નક્કી કર્યું. કાઈનેટિક હોન્ડા લગભગ પચીસ હજારમાં મળે. આ તો ઑફિસને બહુ મોટો ખર્ચ ઉપાડવાનો થાય. એટલે ભગતે સભ્યોને કહ્યું કે 'ભાઈઓ ! આટલો મોટો ખર્ચ પાડવા કરતાં લૂના દસ બાર હજારનું આવે. બાર પંદર હજાર જેટલી રકમની બચત થાય. આટલા પૈસાના વ્યાજમાંથી પેટ્રોલ ઑઈલનો ખર્ચ નીકળી જાય.' છેવટે લૂના લાવવાનું નક્કી થયું. આમ, **પૂજ્ય મોટાના આદર્શો પ્રમાણે કરકસરને ભગતે જિંદગીમાં સારી રીતે પચાવી હતી. ભગતને પૂજ્ય મોટાના શબ્દો સતત યાદ રહેતા કે 'પારકાં પૈસાથી ભોગવવા મળતી સગવડ ના ભોગવીએ તે પણ તપ કહેવાય.'** પૂજ્ય મોટાની આ શિખામણને નજર સમક્ષ રાખીને ભગતે પોતાના જીવનનું ઘડતર કર્યું છે.

## ફ્રીઝની વાત પડતી મુકાવી

ભગતના જીવનમાં કરકસરનો ગુણ કેટલો ઘર કરી બેઠો છે તેનું ઉદાહરણ તો તેમના પીવાના પાણીના માટલા ઉપરથી આવી શકે. મહાજનની ઑફિસમાં કે ઘરમાં તેઓએ ફ્રીઝને ક્યારેય સ્થાન આપ્યું નથી. મહાજનમાં ફ્રીઝ વસાવવા માટે પ્રતિનિધિઓએ ઠરાવ કર્યો, પણ ભગતે પોતાની આગવી છટાથી પ્રતિનિધિઓને સમજાવ્યા કે 'ફ્રીઝ દસ હજારનું આવે.' એટલી મોટી રકમ ખર્ચવી મહાજનને ના પોસાય. દસ હજાર રૂપિયાના વ્યાજમાંથી તો જરૂરિયાત કરતાં વધારે માટલાં આવી શકે. ફ્રીઝના ઠંડા પાણી કરતાં માટલાનું પાણી આરોગ્ય માટે

બહુ સારું વગેરે કહીને ભગતે ફ્રીઝની વાત ઉપર ઠંડું પાણી ફેરવી નાખ્યું.

**'મોજશોખવાળા ખર્ચાળ જીવનમાં ગુણ અને ભાવનાનો વિકાસ થતો નથી. પરોપકારવૃત્તિ પેદા થતી નથી. જાણે અજાણે અહમ્ આવી જતો હોય છે. બીજા કરતાં અમે મોટા, બધાંએ અમારું કહ્યું માનવું જોઈએ. અમારી સગવડતા સાચવવી જોઈએ તેવા ખ્યાલો જે નુકસાનકારક છે તે આવે છે.'** પૂજ્ય મોટા સ્પષ્ટ રીતે માનતા અને બધાંને કહેતા. તેમની આ શિખામણને અને તેમના આદર્શોને ભગતે પોતાના જીવનમાં ખૂબ જ મહત્ત્વ આપ્યું છે, એટલે તો એમણે જિંદગીમાં ક્યારેય મોજશોખને સ્થાન આપ્યું નથી.'

જે જે સર્વ મળ્યા કરે જીવનમાં ના ભોગવો એકલું,
બીજાને સમભાગી ત્યાં બનાવતાં રે'જો તમે પ્રેમશું !
ઊંચી સંસ્કૃતિ જન્મથી નવ મળે એ તો જીવ્યાથી મળે,
એવું ઉન્નતગામી જીવન તમે જીવી ગયા મંગલ.
**- શ્રીમોટા**

●

॥ હરિઃૐ ॥

## ઊર્ધ્વમાર્ગના પથદીવડાઓ

ભગતને તેમના જીવનમાં પૂજ્ય મોટા સિવાયના નીચેના અનેક મહાન સંતોના આશીર્વાદ મળ્યા છે, જેમણે તેમના આધ્યાત્મિક વિકાસમાં ખૂબ ભાગ ભજવ્યો છે.

### રામ અને શિવભક્તિમાં રુચિ

નાનપણમાં ભગત રામાનંદી ધર્મ પ્રત્યે વધારે રુચિ રાખતા હતા. પૂજાપાઠ, તિલક અને રામના મંત્રમાં રુચિ હતી. ઘરમાં અમથીબા અને શિવાબાપા શિવભક્ત હતાં. તેઓને શિવ ભક્તિમાં વધારે રુચિ એટલે ભગતને 'ૐ નમઃ શિવાય'નો મંત્ર શિવાબાપા પાસેથી નાનપણથી જ મળી ચૂક્યો હતો. ઘરમાં ધાર્મિક ઉદારતાનું વાતાવરણ હતું, એટલે જેને જે દેવમાં રુચિ હોય તે દેવનું નામસ્મરણ કરવાની દરેકને છૂટ હતી. રાત્રે કોઈ પણ જાતની બીક ના લાગે તે માટે શિવાબાપા 'રામનામ' જપવાનું કહેતા. બધાં દુઃખોની આ એક જ દવા છે, તેમ ભગત કહેતા.

### પૂજ્ય મોટાએ હરિઃૐ મંત્રની દીક્ષા આપી

ઈ.સ. ૧૯૫૫માં ભગત-મંગળદાસભાઈ નડિયાદના સંત પૂજ્ય મોટાના પરિચયમાં આવ્યા ત્યારથી પૂજ્ય મોટાની દયા અને કૃપાથી 'હરિઃૐ'નો મંત્રજાપ શરૂ થયેલો. પૂજ્ય મોટાએ વિધિસર 'હરિઃૐ' મંત્રની દીક્ષા આપેલી છે.

### 'ૐ નમઃ શિવાય' મંત્રની પુનઃજાગૃતિ

ઘણાં વર્ષો પહેલાં ભગત શામળાજી ગયેલા, ત્યાંથી પાછા ફરતાં રણજિતનગરમાં આવેલા શિવાલયમાં દર્શન માટે ગયા.

ભવ્ય શિવલિંગ જોઈને ધાર્મિક રુચિ અને આધ્યાત્મિકતાને લીધે તેમનામાં ઢબુરાઈ ગયેલો મંત્ર 'ૐ નમઃ શિવાય' ઘણાં વર્ષો બાદ જોરથી બોલાઈ ગયો ત્યારથી તેમણે શિવાલયની પૂજાનો સંકલ્પ કર્યો. લગભગ આશરે ૧૨૦૦ જેટલાં શિવાલયોમાં શિવલિંગ પાસે બેસીને 'ૐ નમઃ શિવાય'ની બે માળા શરૂ કરી. સવારે તેઓ પ્રાર્થનામાં બેસે છે ત્યારે 'ૐ નમઃ શિવાય'ની ધૂન ખુલ્લા રાગે હાલ પણ ગાય છે.

## સ્વામી શિવાનંદજીના આશીર્વાદ

ઈ.સ. ૧૯૫૬ની આસપાસના સમયમાં ભગતની તબિયત બગડી. તે વખતના ન્યૂ શોરોક મિલના વિવિંગ માસ્ટર યુ.આર. મેનને કહ્યું કે 'તમારે તબિયત સુધારવા માટે હવાફેર કરવાની જરૂર છે. ચાલો, હું તમને મારા ગુરુ શિવાનંદજીની પાસે હૃષીકેશ લઈ જાઉં.' 'દિવ્ય જીવન સંઘ'ના સ્થાપક શિવાનંદજીના આશ્રમે બન્ને જણા ગયા. શિવાનંદજીના આશ્રમમાં રહીને બન્નેએ શિવાનંદજી સ્વામીની વાણીનો લાભ એક અઠવાડિયા સુધી લીધો. સ્વામીજીના આશીર્વાદ લઈને એક અઠવાડિયા પછી તેઓ પરત નડિયાદ આવ્યા. એ એક અઠવાડિયામાં સ્વામીજીની કૃપાથી ભગતની તબિયતમાં સુધારો થયેલો.

## પૂજ્ય યોગીજીબાપાના આશીર્વાદ

હરિઃૐ આશ્રમમાં પૂજ્ય શ્રીમોટાએ ભગતને રહેવાની અને જમવાની વ્યવસ્થા કરી આપેલી. તે વખતે સ્વામીનારાયણ સંપ્રદાયના પૂજ્ય યોગીજી બાપા નડિયાદ હરિઃૐ આશ્રમમાં પધારેલા. તે વખતે ભગત-મંગળદાસભાઈ પૂજ્ય યોગીજીબાપાને પગે લાગ્યા. પૂજ્ય યોગીજીબાપાએ ભગતના બરડામાં ધબ્બો

માર્યો અને આશીર્વાદ આપ્યા કે **'ભગત, ભગવાનનું ભજન કર્યા કરો.'** યોગીજીબાપાની સાથે આશ્રમની પાસે આવેલી શેઢી નદીએ ભગતને જવાનું થયું. પૂ. યોગીજીબાપાએ નદીમાંથી પાણી લઈ ભગતના માથે છંટકાવ કરીને ફરી આશીર્વાદ આપ્યા કે **'ભગત, કોઈ વાતે દુઃખી થશો નહિ. ભગવાનનું ભજન સતત કરતા રહો. સાધુસંતોની સેવા કરતા રહો અને નામસ્મરણ-મંત્રજાપ પણ સતત કરતા રહો.'**

જ્યારે જ્યારે ભગતને 'ભગવાન' શબ્દ બોલવાનું બને છે ત્યારે તેની પાછળ 'સ્વામીનારાયણ' બોલવાનું આપોઆપ બન્યા કરે છે. ભગવાન સ્વામીનારાયણ ભગતના મનમાં અને હૃદયમાં રહેલા છે.

## દિગંબર જૈન મુનિ મહારાજના આશીર્વાદ

ઈ.સ. ૨૦૦૦ના જાન્યુઆરી માસમાં શિવાલયમાં મંત્રજાપ કરવા માટે ભગત અમદાવાદ તરફ ગાડીમાં જઈ રહ્યા હતા. રસ્તા ઉપર બે જૈન દિગંબર મુનિ મહારાજ અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તેમનાં દર્શન કરવાની ઈચ્છા જાગૃત થઈ પણ ગાડી સડસડાટ આગળ વધી ગઈ. મુનિ મહારાજાઓનાં દર્શન અને પ્રણામ ન કર્યાં તેનું મનમાં દુઃખ થયું. ગાડી થોડીક આગળ ચાલી તો દિગંબર જૈન મુનિ મહારાજાઓનો સંઘ પગપાળા અમદાવાદ તરફ જતો ભગતે જોયો. ગાડી એક બાજુ ઊભી રખાવી. મુનિ મહારાજાઓને ભગત પગે લાગ્યા. એક મુનિ મહારાજે સંઘના મુખ્ય મુનિ મહારાજને પગે લાગવા અને તેમના આશીર્વાદ લેવાનું જણાવ્યું. ભગતે તે વખતે ફક્ત ભગવી લુંગી પહેરેલી હતી.

ભગત મુખ્ય મુનિ મહારાજને પગે લાગ્યા. મુનિ મહારાજે જૈન ધર્મ પ્રમાણે આશીર્વાદ આપ્યા અને કહ્યું કે **'ભગવાન કા ભજન કિયા કરો ઔર રાત કા ખાના છોડ દો.'** ત્યારથી ભગતે રાતનું ભોજન લેવાનું બંધ કરી નાખ્યું છે. રાત્રે ફક્ત એક બે ખાખરા અને એક કપ દૂધ લેવાનું શરૂ કર્યું છે.

## અવધૂત બાપુના આશીર્વાદ

શિવાલયોમાં પૂજા અને મંત્રજાપ કરવાનું ચાલુ હતું. એ વખતે ઈ.સ. ૨૦૦૦ની સાલમાં ઉત્તરસંડા પાસે ફતેપુરા ગામના શિવાલયમાં ભગતને પૂજા અને મંત્રજાપ કરવા જવાનું બનેલું. ત્યાં શિવાલયમાં રહેતા એક અવધૂત બાપુનાં દર્શન થયાં. માથે મોટી જટાનું ફીંડલું વાળેલું. શરીરે સફેદ કપડું વીંટાળેલું. ચમકતી આંખો અને મોં ઉપર તેજસ્વિતાને લઈને લોકોમાં બાપુ ખૂબ જ લોકપ્રિય છે. તેઓ મંદિરમાં શિવલિંગનો સ્પર્શ કોઈને કરવા દેતા નહિ. ભગતે અવધૂત બાપુની પાસે શિવલિંગની પૂજા કરવાની અને તેની પાસે બેસીને મંત્રજાપ કરવાની રજા માગી. બાપુએ બોલ્યા વગર માથું હલાવીને ના પાડી દીધી. એટલે 'જેવી ભગવાનની મરજી' એમ માનીને ભગતે મંદિરની બહાર ઓટલા ઉપર બેસીને મંત્રજાપ કર્યો. બાપુ કોઈની સાથે ખાસ કોઈ વાતચીત કરતા નહિ. જરૂર પડે તો ખપ પૂરતા બેચાર શબ્દોથી કામ પતાવી લેતા. આખો દિવસ નિજાનંદની મસ્તીમાં બાપુ રહેતા. મંત્રજાપ પત્યા પછી ભગત બાપુને પગે લાગવા ગયા. બાપુએ ભગતને ચરણસ્પર્શ પણ કરવા ના દીધા.

આ શિવાલયની બાજુમાં એક તલાવડી છે. બાજુમાં સ્મશાન છે. મોટો એક વડ છે. પાસે પુરાણી વાવ છે. આવું સ્થાન ભાગ્યે જ બીજે જોવા મળે. શિવાલયની પવિત્રતા ભગતના મનને સ્પર્શી ગઈ હતી. તેઓ અવારનવાર એ શિવાલયમાં દર્શન કરવાં અને મંત્રજાપ કરવા જવા લાગ્યા. બાપુનાં ચરણસ્પર્શ કરવાની ભગતને તીવ્ર ઈચ્છા જાગી.

એક દિવસે બાપુએ ભગતને કહ્યું 'શિવાલયમાં આવો છો અને મારાં ચરણસ્પર્શ કરવા પ્રયત્ન કરો છો, તેની પાછળની તમારી કોઈ ઈચ્છા ખરી ?'

ભગતે હાથ જોડીને કહ્યું 'બાપુ ! **હું તો કેવળ મંત્રજાપ કરવા માટે આવું છું. મારી ભક્તિ સતત વધતી રહે, કામ, ક્રોધાદિ વાસનાઓ નાશ પામતી રહે અને ઘણા વખતથી ન્યૂ શોરોક મિલ જે સારી રીતે ચાલતી નથી, તે સારી રીતે સતત ચાલતી રહે તેમ જ ભગવાનની દયાથી આવતો જન્મ ભક્ત તરીકેનો જ મળે તેવી ઈચ્છાથી હું આવું છું.**'

ભગતની નિખાલસતા અને વિવેકયુક્ત વાણીથી બાપુ રાજી થયા. તેમણે ભગતને ચરણસ્પર્શ કરવા દીધા. બાપુએ જમણા હાથે ભગતનું માથું થાબડ્યું અને જમણા હાથની મોટી આંગળીથી ભ્રૂકુટીમાં ટકોરો મારી આશીર્વાદ આપ્યા અને અવારનવાર ભગવાનનાં દર્શન કરવાં માટે આવવાનું જણાવ્યું.

એક વખત ભગત આ શિવમંદિરનાં દર્શને આવ્યા. તે વખતે બાપુ ખૂબ જ ખુશ હતા. ભગતને પોતાની સાથે શિવલિંગ પાસે લઈ ગયા અને શિવલિંગ પાસે બેસાડી પડદો બંધ કરીને તેમણે જાતે જ પૂજા અને ધાર્મિક કેટલીક વિધિ કરીને માથું થાબડ્યું

અને કહ્યું કે 'હરિઃૐ'નો મંત્રજાપ કર્યા કરો.' ભગત જ્યારે જ્યારે બાપુનાં દર્શન કરવાં જાય છે ત્યારે બાપુ તેમને શિવાલયમાં મંત્રજાપ કરવાનું કહે છે.

થોડાક સમય પહેલાંથી શિવાલયના જીર્ણોદ્ધારનું કામ શરૂ થયેલું છે. એક દિવસ ભગત બાપુનાં દર્શન કરવાં માટે ગયા. એ વખતે જીર્ણોદ્ધાર માટેની ધાર્મિક વિધિ ચાલતી હતી. તે વખતે શ્રાવણ માસ ચાલતો હતો. બાપુએ એક ધાર્મિક વિધિ ભગત પાસે પણ કરાવડાવી. શ્રાવણ માસમાં બ્રાહ્મણો દરરોજ પૂજાપાઠ અને ધાર્મિક વિધિ કરતા હોય છે. તેમની પાસે બેસાડીને ભગત માટેની ધાર્મિક વિધિ પણ તેમણે કરાવડાવેલી. બાપુએ ભગતનું નામ કે ઠામ ક્યારેય પૂછ્યાં નથી તો ભગતે પણ બાપુનું નામ ક્યારેય પૂછ્યું નથી છતાં બાપુ સાથેનો ધાર્મિક સંબંધ ઘણા સયમથી ચાલી રહ્યો છે.

● ● ●

સુખી જીવન મળે તો નીર સમ કલરવ કરી વહેજે !
વિપત્તિનો પવન જો વાય તો પર્વત બની રહેજે

**-ગની દહીંવાલા**

●

જન્મનું સાથી તો દુઃખ, મૃત્યુ સાથ વળી રહ્યું,
ભલભલા ભલે ભૂપ, એણેયે દુઃખ તો સહ્યું.

**- શ્રીમોટા**

●

પામ્યા જીવન ના નિરર્થકપણે તે ખ્યાલમાં રાખજો
પોતાને ન મહત્ત્વ આપી સઘળું બીજાનુંયે ધારજો

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# કલ્પતરુની છાયામાં

## પૂજ્ય મોટા સાથેની પ્રથમ મુલાકાત

૧૯૫૪માં ભગત નડિયાદ મજૂર મહાજનમાં જોડાયા ત્યારથી જોશી હિંદુ લૉજવાળા વાલજીભાઈ અને છગનભાઈ જોશીનો પરિચય થયેલો. ઈ.સ. ૧૯૫૫માં પૂજ્ય મોટાએ નડિયાદમાં શેઢી નદીના કિનારે હરિઃૐ આશ્રમ શરૂ કરેલો. વાલજીભાઈ જોશી **મોટા**ના સંપર્કમાં આવેલા, એટલે **મોટા**ને તેઓ સારી રીતે ઓળખે. એક દિવસ વાલજીભાઈએ ભગતને કહ્યું, 'મંગળદાસભાઈ, હરિઃૐ આશ્રમે આવવું છેને ? એમનાં દર્શને જાઉં છું. ચાલો, તમારે આવવું છે ? બહુ મોટા સંત ત્યાં રહે છે. એમની વાતો સાંભળવા જેવી હોય છે. એમનાં દર્શન કરવાની અને તેમની વાણી સાંભળવાની મજા આવશે. મનને શાંતિ મળશે.'

સાધુસંતોનું નામ પડે અને ભગત-મંગળદાસભાઈ એમનાં દર્શને ન જાય એ તો કેમ બને ? વાલજીભાઈની સાથે તેઓ આશ્રમે ગયા. વાલજીભાઈએ પૂજ્ય મોટાને મંગળદાસભાઈનો પરિચય કરાવ્યો. **મોટા**એ પૂછ્યું કે 'ભઈ, શું કરો છો તમે ?'

'હું તો નોકરી કરું છું.'

'ક્યાં આગળ નોકરી કરો છો ?' **મોટા**એ પૂછ્યું.

'નડિયાદ મજૂર મહાજનમાં' ભગતે જવાબ આપ્યો.

પૂજ્ય મોટા મજૂર મહાજનની કામગીરીથી પરિચિત હતા. તેમણે કહ્યું કે **'નોકરી સારી છે. ગરીબોનું કામ કરજે. માલિક**

**અને મજૂર બન્નેને ન્યાય મળે તે પ્રમાણે કામ કરજે. સેવાનું કામ છે એટલે ખૂબ વફાદારીપૂર્વક કામ કરજે.'**

**મોટા**ની વાણી અને વ્યક્તિત્વ એવાં મોહક હતાં કે **મોટા**નાં એક વખત દર્શન કરનાર તેમના ચાહક બની જતા. **મોટા** સાથેનો આ પ્રથમ પરિચય જિંદગીનો આધારસ્તંભ બની ગયો.

## નામસ્મરણથી રોગ મટ્યો

ઈ.સ. ૧૯૫૬માં ભગતની તબિયત અચાનક બગડી. દવા કરાવવાને બદલે ભગવાનના નામસ્મરણથી માંદગી દૂર કરવી એવું મનમાં સતત થયા કરતું. હવાફેર કરવા એક અઠવાડિયું હૃષીકેશમાં 'દિવ્યજીવન સંઘ' આશ્રમમાં તેઓ રહી આવ્યા. ત્યાં એકલવાયું લાગવા માંડ્યું, એટલે તેઓ પાછા નડિયાદ આવ્યા. મોટી કોરલમાં પુનિત આશ્રમમાં જવાનો વિચાર કર્યો પણ તેઓ ત્યાં જઈ શક્યા નહિ. માઉન્ટ આબુ ઉપર નખી તળાવ ઉપર રઘુનાથજીના મંદિરે જવાનું વિચાર્યું, ત્યાં પણ તેમનાથી ના જઈ શકાયું.

એ દિવસોમાં પૂજ્ય મોટા નડિયાદ હરિઃૐ આશ્રમમાં હતા. પૂજ્ય મોટાને મળવા માટે મંગળદાસભાઈ આશ્રમે આવ્યા. **મોટા**ને પગે લાગીને ઊભા રહ્યા. ધીમા અવાજે તેમણે **મોટા**ને કહ્યું કે **'મારી તબિયત બગડેલી છે, તે દવા વગર સુધારવા માટે નામસ્મરણ અને ભજનનો ઉપયોગ કરવો એવા વિચારો મારા મનમાં આવ્યા કરે છે. શું એમ બનવું શક્ય છે ?'**

**મોટા**એ મંદહાસ્ય કરીને કહ્યું 'એ તો તમારી શ્રદ્ધા ઉપર અવલંબે છે અને તે શક્ય પણ છે ખરું.'

'તે માટે મારે આશ્રમમાં રહેવાની ઇચ્છા છે. કૃપા કરીને મને એટલી સગવડ મળે તેવી મારી વિનંતી છે.' મંગળદાસભાઈએ વિનંતી કરી.

**મોટા** ખુશ થયા. મંગળદાસભાઈને લગભગ દોઢ મહિના જેટલો સમય આશ્રમમાં રાખ્યા. આખો દિવસ નામસ્મરણ-મંત્રજાપ અને પ્રભુભજનમાં તેઓ મસ્ત રહેતા. આશ્રમમાં વહેલી સવારે ત્રણ વાગ્યે ઊઠવાનું અને રાત્રે નવ વાગ્યે સૂઈ જવાનું. સવારના જાગીને આશ્રમનું મેદાન વાળીને સાફ કરી નાખવાનું. વાસણો ઘસવાનાં, શાકભાજી કાપવાની, કપડાં ધોવાનાં વગેરે કામો પણ દિલ દઈને મંગળદાસભાઈ કરતા જાય અને મંત્રજાપ કરતા જાય. દોઢ મહિનામાં શરીરનો રોગ મટી ગયો અને તંદુરસ્તીમાં પણ ખૂબ ફેર પડ્યો. આ દોઢ મહિનામાં **મોટા** તેમની સતત સંભાળ રાખતા.

## આને બધું કામ શીખવજે

**પૂજ્ય મોટાએ નડિયાદમાં આશ્રમ શરૂ કર્યો, તે વખતે આશ્રમના કામકાજ માટે પગારદાર માણસો રાખવામાં આવતા નહિ. આશ્રમમાં આવનાર દરેક વ્યક્તિએ આશ્રમનું કામ કરવાનું રહેતું. આશ્રમમાં રહેનાર સવારે વહેલા ઊઠીને સાવરણાથી આશ્રમના મેદાનને સાફ કરતા. આશ્રમની કૂઈમાંથી રેંટ દ્વારા આશ્રમ માટે આખા દિવસની જરૂરિયાત જેટલું પાણી ખેંચતા. મૌનમાં જાપ કરવા બેઠેલાંઓનાં કપડાં ધોવાં માટે શેઢી નદીએ જતા.** એ વખતે એક જ મૌનમંદિર હતું. આશ્રમનું નાનું મોટું કામ પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને પણ સોંપેલું. મંગળદાસભાઈ ખૂબ જ રસ લઈને આશ્રમનું

કામ કરતા. આશ્રમમાં રહેનાર દરેકને દરરોજ જુદું જુદું કામ કરવાનું આવતું. તે વખતે આશ્રમમાં રસોઈકામ નર્મદાબહેન કરતાં. પૂજ્ય મોટા નર્મદાબહેનને અવારનવાર કહેતા કે **'તું આને બધું કામ શિખવાડી દેજે, તેને ભવિષ્યમાં ખપ લાગશે.'** તેમના આ કથનનો મર્મ તે વખતે મંગળદાસભાઈને આવેલો નહિ. આશ્રમમાં રહીને બધા જ પ્રકારનાં કામો મંગળદાસભાઈ ખૂબ જ રસ લઈને શીખ્યા, પણ રસોઈનું કામ તેઓ શીખેલા નહિ. વર્ષો બાદ જ્યારે હીરાબા ગુજરી ગયાં (તે વખતે દીકરીઓ એમના સાસરે ઘર કરીને રહેતી હતી.) ત્યારથી તેઓએ રસોઈ સિવાયનું તમામ કામ જાતે કરી લેવાનું રાખ્યું છે. રસોઈકામ શીખ્યા ન હોવાથી બહારથી જમવાનું ટિફિન મંગાવવું પડે છે. જો આશ્રમમાં રસોઈ કરવાનું તેઓ શીખ્યા હોત, તો આજે જમવાના ટિફિનનો પ્રશ્ન ઊભો થયો ન હોત.

## સ્વાતંત્ર્ય સેનાની - શ્રી મણિભાઈ

મુ. શ્રી મણિકાકા, પૂજ્ય શ્રીમોટાના અંતેવાસીઓ પૈકીના એક છે. આઝાદીની ચળવળમાં ગાંધી ચિંધ્યા માર્ગે તેમણે ભાગ લીધેલો. કેટલીય વાર જેલમાં પણ ગયેલા. આઝાદીની ચળવળના આ સ્વાતંત્ર્ય સેનાનીને ઈ.સ. ૧૯૫૫થી પૂજ્ય મોટાનો રંગ લાગ્યો. પોતાનું વતન પીજ છોડીને, પૂજ્ય મોટાના આશ્રમમાં આવીને વસ્યા. આશ્રમની શરૂઆતમાં મુ. **શ્રી હેમંતદાદા આશ્રમનો વહીવટ સંભાળતા હતા. પાછળથી વહીવટનું કામ મુ. શ્રી મણિકાકાને સોંપવામાં આવ્યું. મુ. શ્રી મણિકાકા આશ્રમનું નાનામાં નાનું કામ પણ ખૂબ પ્રેમથી કરતા. કપડાં ધોવાંનું, વાસણો સાફ કરવાનું, આશ્રમને વાળી**

**ઝૂડીને સાફ રાખવાનું, આશ્રમમાં જરૂરિયાત પ્રમાણે પાણી ભરવાનું, આશ્રમનો બધો જ હિસાબ રાખવાનો અને હિસાબો ઑડિટ કરાવવાનું કામ, મૌનમંદિરમાં બેઠેલાં સાધકોની જરૂરિયાતો પૂરી કરવાનું કામ, વગેરે કામો ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી કરતા.** મુ. શ્રી મણિકાકાનો ભગત-મંગળભાઈ ઉપર ખૂબ જ પ્રેમભાવ એટલે મંગળદાસભાઈ આશ્રમમાં આવે ત્યારે તેમનાં કામ પણ તેઓ ભગત પાસે કરાવતા. આશ્રમના સંચાલનની સાથે સાથે નામસ્મરણ-મંત્રજાપ દ્વારા તેઓ સાધના કરી શક્યા છે. તેઓને પૂજ્ય મોટામાં અપાર શ્રદ્ધા અને પ્રેમ છે. વર્ષોથી હરિઃૐ આશ્રમમાં સેવા આપી રહ્યા છે. આશ્રમના ટ્રસ્ટીઓ પૈકીના તેઓ એક છે.

## મોટા ! મારા માટે પાપ પુણ્ય શું ?

એક દિવસ અચાનક બપોરના સમયે પૂજ્યશ્રીનાં દર્શન કરવાં મંગળદાસભાઈ આશ્રમમાં ગયા. તેઓ આશ્રમમાં પહોંચે તે પહેલાં પૂજ્ય મોટાએ આવેલી ટપાલના જવાબો લખાવી દીધેલા. તેથી, તેમની પાસે સમય હતો તેમ જ એ દિવસે આ સમયે અન્ય કોઈ દર્શનાર્થી પણ ન હતા. મંગળદાસભાઈ પૂજ્ય મોટાને પગે લાગી, દર્શન કરીને પૂજ્યશ્રી પાસે બેઠા. પૂજ્ય મોટાએ પૂછ્યું કે 'ભઈ ! અત્યારે અચાનક કેમ આવવાનું થયું ?'

મંગળદાસભાઈએ કહ્યું કે 'આપની પાસેથી મારે કંઈક જાણવાની ઇચ્છા થઈ છે. તેથી, અત્યારે આપની પાસે આવ્યો છું.'

'બોલ ! તારે શું જાણવું છે ?' **મોટા**એ સામે જોઈને પૂછ્યું.

'મારા માટે પાપ પુણ્ય શું તે મને સમજાવો.' મંગળદાસભાઈએ પૃચ્છા કરી.

પૂજ્ય મોટાએ જવાબમાં કહ્યું કે 'તું મજૂર મહાજનમાં કામ કરે છે. કારીગરોના સવાલો અંગે તારે મિલના શેઠને અને અધિકારીઓને મળવાનું અવારનવાર બનવાનું. કારીગરોના મિલ સાથેના લાખો રૂપિયાના સવાલોમાં મિલ સાથે ચર્ચા વિચારણા કરીને નિર્ણયો લેવાનું કામ તારે કરવાનું આવશે. નિર્ણય કરતી વખતે કારીગરોને અન્યાય ના થાય, તે તારે સતત જોતા રહેવું પડશે. કારીગરોને હક કરતાં ઓછું ના મળે તેનો પણ ખ્યાલ રાખવો પડશે. તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠણ કામ કરવાનું આવશે. **અંગત સ્વાર્થ વચમાં લાવ્યા સિવાય કામ કરતો રહીશ, ત્યાં સુધી સફળતા મળતી રહેવાની અને ગૂંચ પડે મારી મદદ માગીશ તો ગૂંચ ઉકેલવામાં મારી મદદ તને મળવાની જ. તેનો અનુભવ પણ તને થવાનો જ.** હવે મુદ્દાની વાત. દા.ત., કારીગરને માલિક પાસે એક રૂપિયો લેવાનો થાય. માલિક રૂપિયો આપવા તૈયાર ના થાય. મડાગાંઠ પડે. માલિક-મજૂરો વચ્ચેના સંબંધો તંગ થાય. વાટાઘાટો તૂટી પડે, તેવા સંજોગો પેદા થાય. માલિકના અક્કડ વલણના લીધે કારીગરોને એક રૂપિયા કરતાં ઓછી રકમ અપાવવાના સંજોગો ઊભા થાય અને તેમાંથી રસ્તો કાઢવાનો કોઈ પણ જાતનો ઉપાય ના રહે તેવા સંજોગોમાં રૂપિયાથી ઓછી રકમ અપાવવાનું સમાધાન કરવું પડે તેવા સંજોગોમાં તને પાપ નહિ લાગે, કારણ કે રૂપિયાથી ઓછી રકમ લેવા માટે સંજોગોએ તને લાચાર બનાવ્યો છે, પણ એક બીજી વાત અને તે એ કે કારીગરને માલિક પાસેથી એક રૂપિયો લેવાનો થાય. માલિક રૂપિયો આપવા તૈયાર થાય તેવા

સંજોગોમાં તું તારા અંગત સ્વાર્થ માટે કારીગરોને એક રૂપિયા કરતાં ઓછી રકમ અપાવે અને બાકીની રકમ તું લઈ લે, તો તે તારા માટે મોટામાં મોટું પાપ ગણાશે. તું આવું પાપ કરીશ તો પરમાત્મા તને માફ નહિ કરે. **મારા ગુરુમહારાજની દયાથી તેં કરેલાં પાપની મને તારા મનમાં ચાલતા વિચારોથી ખબર પડી જવાની. એટલે હું પણ તને તારા આ પાપકર્મમાંથી છુટકારા માટે કંઈ જ નહિ કરું. માટે, તારે સતત સદાય મારી મદદ લેવી હોય તો પાપકર્મોથી કાયમને માટે દૂર રહેજે.'**

'હવે પુણ્ય માટે-માનવ તરીકેનો જન્મ મળ્યો છે. માનવ તરીકેનાં જે કામ કરવામાં આવે તે કામ કરવાની જવાબદારી દરેકની છે. **સારાં કામ કરવા માટે જ પરમાત્માએ માનવદેહ આપ્યો છે. માનવદેહને લાંછન લાગે તેવું એક પણ કામ ના થાય તેની સતત કાળજી રાખવી અને તે પ્રમાણે કામ કરતા રહેવું તેને પુણ્ય ગણી શકાય. હકીકતે પુણ્ય જેવું ગણવું જોઈએ નહિ, કારણ કે સારાં કામ કરવા માટે જ પરમાત્માએ માનવદેહ આપ્યો છે, એટલે ફરજ ગણવી જોઈએ.** આવી મારી ગાંડીઘેલી સમજણ તારા માટેની છે. ગાડી પાટા ઉપરથી ઊતરી ના જાય તેનું ધ્યાન સતત રાખતા રહેવાનું.'

આમ, મંગળદાસભાઈના જીવનઘડતરમાં પૂજ્ય મોટા અવારનવાર માર્ગદર્શન આપતા અને સચ્ચાઈના માર્ગે તેમને ચલાવતા.

### આશ્રમના યાદગાર દિવસો

પૂજ્ય મોટાનો પાકો રંગ ધીરે ધીરે મંગળદાસભાઈને લાગવા માંડ્યો. આશ્રમમાં જવાની પણ લગની લાગવા માંડી.

શરૂઆતમાં મંગળદાસભાઈ 'ૐ નમઃ શિવાય'નો મંત્રજાપ કરતા. આશ્રમની એકાંત જગ્યાએ ઝાડ નીચે બેસીને કલાકો સુધી તેઓ મંત્રજાપ કરતા. ક્યારેક બાજુના ખેતરમાં એક જૂનું અપૂજ શિવાલય આવેલું હતું. ત્યાં બેસીને કલાકોના કલાકો સુધી મંત્રજાપ કરતા. આશ્રમમાં **મોટા**એ મંગળદાસભાઈ માટે સવાર-બપોરની ચા, બપોર-સાંજનું ભોજન અને રહેવાની સગવડ કરી આપેલી.

વહેલી સવારે આશ્રમનાં કામ પતાવીને શિવાલયમાં જઈને મંગળદાસભાઈ મંત્રજાપ કરતા. આશ્રમમાં દસ વાગ્યે બધાંને જમવાનું મળી જતું. એટલે જમ્યા પછી મંગળદાસભાઈ પાછા શિવાલયમાં જતા અને સાંજ સુધી મંત્રજાપ કરતા. સાંજે જમીને પાછા શિવાલયમાં જઈને મંત્રજાપ કરતા.

પૂજ્ય મોટાએ મંગળદાસભાઈ માટે સૂઈ રહેવાની સગવડ આશ્રમના વડ ઉપર કરાવેલી. આ એ જ વડ છે, જેની ઉપર બેસાડીને પૂજ્ય મોટાને તેમના ગુરુમહારાજ શ્રીબાલયોગીજી મહારાજે મંત્રજાપ કરાવેલો.

શિવાલયના એકાંત વાતાવરણમાં ભગતને મંત્રજાપ કરતાં કરતાં ધ્યાન લાગી જતું અને બપોરની ચાનો સમય પણ જતો રહેતો. **પૂજ્ય મોટાનો મંગળદાસભાઈ ઉપર વિશેષ પ્રેમ. આશ્રમવાસીઓમાં તેઓ સૌથી નાના એટલે મોટા એમનું વિશેષ ધ્યાન રાખે. ક્યારેક મંગળદાસભાઈ મંત્રજાપમાં ધ્યાનસ્થ થયા હોય ત્યારે મોટા તેમના માટે ચા લઈને જતા. મંગળદાસભાઈ જ્યાં મંત્રજાપ કરવા બેઠા હોય, ત્યાં ચા આપી આવતા,** મંગળદાસભાઈની સાધના જોઈને પૂજ્ય મોટા

ખૂબ જ ખુશ થતા. તેઓ આશ્રમમાં જઈને બધાંને કહેતા કે **'જુઓ પેલો છોકરો કેટલા ભાવથી મંત્રજાપ કરે છે ! તમામ આશ્રમવાસીઓએ એ પ્રમાણે ભાવથી મંત્રજાપ કરવા જોઈએ.'**

આશ્રમમાં મંગળદાસભાઈ રહેતા હતા, તે વખતે આશ્રમવાસીઓમાં તે સૌથી નાની ઉંમરના હતા. આશ્રમનું કામ તેઓ ખૂબ જ પ્રેમથી ને ઉત્સાહથી કરતા. આ સમયમાં આશ્રમમાં મૌનમંદિરના ઓરડાનું બાંધકામ **મોટા**એ શરૂ કરાવેલું. તેની કેટલીક ધાર્મિક વિધિ **મોટા**એ મંગળદાસભાઈના હાથે કરાવેલી. **ઓરડાના બાંધકામ માટે બહારના મજૂરોને કામે બોલાવવામાં આવતા નહિ. આશ્રમવાસીઓ જાતે જ મજૂરીકામમાં જોડાતા.** આશ્રમના નિયમ પ્રમાણે આશ્રમવાસીઓએ વહેલી પરોઢે ત્રણ વાગ્યે જાગી જવાનું અને રાત્રે નવ વાગ્યે સૂઈ જવાનું એમ **મોટા**એ ગોઠવેલું. મંગળદાસભાઈ આશ્રમવાસીઓમાં સૌથી નાના એટલે **મોટા** તેમની ખૂબ જ કાળજી રાખતા.

**મૌનમંદિરના બાંધકામ વખતે સુરતના હરિઃૐ આશ્રમમાંથી મુ. શ્રી ભીખુકાકા આવેલા. તેમની સાથે કામ કરવું એ લોખંડના ચણા ચાવવા જેવું કઠિન કામ હતું. તેઓ મોટી ઉંમરે પણ ઘણું કામ કરે અને બીજાઓ પાસેથી પણ ઘણું કામ લે.** મંગળદાસભાઈ પણ ભીખુકાકા સાથે કામ કરે. ભીખુકાકા મંગળદાસભાઈ પાસેથી ઘણું કામ લે. પૂજ્ય મોટા આ બધું જુએ એટલે ભીખુકાકાને ઠપકો આપે અને કહે કે 'ભીખુકાકા ! આ છોકરો થાકી જાય તેટલું કામ તમારે એની પાસેથી લેવાનું નહિ.' પછી ખડખડાટ હસી પડે. થોડી વાર

રહીને ભીખુકાકાને કહેતા કે 'આજે આ છોકરા પાસેથી તમે ખૂબ જ કામ લીધું. એટલે એને ગરમ પાણી કરીને તમે નવડાવો.' ભીખુકાકા ગરમ પાણી લઈને પ્રેમથી મંગળદાસભાઈને નવડાવતા.

આશ્રમવાસીઓ બધા સાથે જમવા બેસતા. ક્યારેક આશ્રમમાં મીઠાઈ આવી હોય તો **મોટા** સહુને પ્રેમથી જમાડે. આશ્રમમાં સાદું ભોજન મળતું. એક વખતે એક ભાઈએ ભોજનના સ્વાદ અંગે **મોટા**ને ફરિયાદ કરી. **મોટા** એકદમ ઉશ્કેરાઈ ગયા. તેમના હાથમાં તે વખતે એક કેળું હતું, તે કેળું ફરિયાદ કરનારના માથામાં માર્યું અને કહ્યું કે **'લે, ખાતો જા ! આશ્રમમાં સ્વાદ કરવા આવો છો કે સ્વાદ મારવા આવો છો ? આશ્રમમાં સ્વાદ મારવાનું તપ કરવાનું છે, સ્વાદને ઉત્તેજન આપવાનું નહિ.'** આટલું કહેતાં તો તેઓ ખડખડાટ હસી પડ્યા. એ વખતનો એમનો ગુસ્સો ક્ષણિક અને પ્રેમાળ હતો.

## આશ્રમમાં રહેવાની અને જમવાની સગવડ

**મોટા** કોઈને પણ આશ્રમમાં એક બે દિવસથી વધારે વખત રહેવા દેતા નહિ. હીરાબા નાદુરસ્ત તબિયતને લીધે એમના પિયર ગયેલાં. **મોટા**એ મંગળદાસભાઈની રહેવાની અને બે ટાઈમ જમવાની વ્યવસ્થા આશ્રમમાં કરી આપેલી. આશ્રમમાં સવારે પાંચ વાગ્યે રસોઈ બની જાય. આઠ વાગ્યે **મોટા**ની સૂચના પ્રમાણે મંગળદાસભાઈને ટિફિન ભરી આપવામાં આવે. ટિફિન લઈને મંગળદાસભાઈ મજૂર મહાજનની ઑફિસે નોકરી કરવા જાય. આશ્રમના નિયમ પ્રમાણે આશ્રમવાસીઓ સાંજે પાંચ વાગ્યે જમી લેતા. મજૂર

મહાજનની ઑફિસ સાંજે છ વાગ્યે બંધ થાય. ઑફિસનું કામ પૂરું કરી સાઈકલ લઈને તેઓ સાત-સાડા સાત વાગ્યે આશ્રમમાં આવે. **મોટા**ની સૂચના પ્રમાણે મંગળદાસભાઈને જમવા માટેની થાળી તૈયાર રખાવેલી હોય. મંગળદાસભાઈ જમવા બેસે તે વખતે **મોટા** તેમની પાસે બેસતા. તબિયતના સમાચાર પૂછતા અને મજૂર મહાજનના કામકાજ અંગે પણ પૂછપરછ કરતા.

## પૂજ્ય મોટાની સમીપ

એક દિવસ **મોટા**એ મંગળદાસભાઈને કહ્યું કે **'આ બધું હું કંઈ અમસ્તું કરતો નથી. તને મારી પાસે ખેંચવા માટે અને આપણે બન્ને જણા દિલથી સાથે રહી શકીએ તેમ જ મારી આધ્યાત્મિકતાનો તું લાભ લે તેટલા માટે જ તને આ પ્રમાણેની આશ્રમમાં રહેવાની અને જમવાની સગવડ કરી આપેલ છે.' મોટા**એ લગભગ છ માસ સુધી રહેવા જમવાની સગવડ કરી આપેલી. આ છ માસના આશ્રમ સાથેના સહવાસથી પૂજ્ય મોટાની નજીક આવવાનું બન્યું. પૂજ્ય મોટાની વિવિધ શક્તિઓનો પરિચય તેમને થવા લાગ્યો.

આશ્રમમાંથી નડિયાદ પાછા રહેવા આવ્યા ત્યાર બાદ મંગળદાસભાઈ અવારનવાર આશ્રમે જતા. પૂજ્ય મોટા આશ્રમમાં હોય ત્યારે મંગળદાસભાઈને બે ત્રણ દિવસ આશ્રમમાં જતાં વિલંબ થતો ત્યારે **મોટા** આશ્રમમાં આવનારને મંગળદાસભાઈના ખબર પૂછતા અને એમની સાથે કહેવડાવતા કે 'પેલાને કહે કે મને દર્શન આપવા આવે.' આનો ભાવાર્થ તો **મોટા** જાણે પણ સમાચાર મળતાંની સાથે જ મંગળદાસભાઈ આશ્રમે **મોટા**નાં દર્શન કરવાં દોડી જતા.

**મિલમાલિક અને મજૂરોને જોડતી પ્રેમયુક્ત સાંકળ તું બન !**

મંગળદાસભાઈ નડિયાદમાં મજૂર મહાજનમાં જોડાયા, તે વખતે ન્યૂ શોરોક મિલના કારીગરો અને મિલ મૅનેજમેન્ટ વચ્ચે મિલ અને કારીગરોના પ્રશ્નો અંગે સતત ઝઘડા ચાલતા. કોઈ પણ પ્રશ્નનું નિરાકરણ વાટાઘાટોથી કે સુમેળભર્યા વાતાવરણમાં થતું જ નહિ. બે આના દંડની રકમ પાછી મેળવવા માટે મિલ સામે છેક મુંબઈ હાઈકોર્ટ સુધી મજૂર મહાજનને લડવું પડેલું. શરૂઆતમાં તેઓ કારકુન તરીકે જોડાયેલા. મંત્રી તરીકે ખાંધલીવાળા સોમાભાઈ પટેલ, પ્રધાન મંત્રી તરીકે મુ. શ્રી વિજયશંકરભાઈ ત્રિવેદી સાહેબ, પ્રમુખ તરીકે મુ. શ્રી સોમનાથ દવે સાહેબ અને ખજાનચી તરીકે મુ. શ્રી નવીનચંદ્ર બારોટ સાહેબ કામ કરતા હતા.

મંગળદાસભાઈ અવારનવાર આશ્રમમાં પૂજ્ય મોટાનાં દર્શને જતા. **મોટા** મહાજનના કામકાજ અંગે પૂછપરછ કરતા. મિલમાલિક અને કારીગરો વચ્ચેના સંબંધો કેટલી હદે બગડેલા છે, તે વિસ્તારથી **મોટા**ને મંગળદાસભાઈ જણાવતા. 'માલિક અને કારીગરો વચ્ચે કડવાશ ઓછી થાય તે માટે મારે શું કરવું ? કેવી રીતે કામ કરવું ? તેનું **મોટા** પાસે માર્ગદર્શન માગતા.

પૂજ્ય મોટાએ કહ્યું કે 'તારે મિલમાલિક અને કારીગરો-બન્નેને જોડતી પ્રેમયુક્ત સાંકળ બનવાનું છે.'

'પણ એ કેવી રીતે બની શકે ?' મંગળદાસભાઈએ પૂછ્યું.

**મોટા**એ સમજાવ્યું કે 'તારે મિલમાલિકની વાત સાંભળવાની, તે ઉપર વિચાર કરવાનો, માહિતી એકઠી કરવાની, જાતતપાસ કરવાની. મિલમાલિકની વાત સાચી લાગે

તો કારીગરો આગળ વિનય અને વિવેકપૂર્વક વાત મૂકવાની. સાચો ખ્યાલ આપવાનો. સમજાવવાના પ્રયત્નો કરવાના. ઉગ્રતા ન આવે અને એકતરફી વલણ ના થઈ જાય તેની કાળજી રાખવાની. મિલમાલિકો પણ સાચા હોઈ શકે. 'હું કાર્યકર્તા છું. મારી વાત મિલે સાંભળવી જ જોઈએ. મારું કહ્યું મિલે કરવું જ જોઈએ.' આવો અહમ્- એકતરફી વલણ નહિ રાખવાનું. પૂર્વગ્રહરહિત થવાનું. કારીગરોની વાત મિલમાલિક પાસે લઈ જવાની. કડવાશ વગર પ્રેમથી, વિનય અને વિવેકથી મિલમાલિક અને તેમના અધિકારીઓ આગળ રજૂઆત કરવાની. મિલમાલિક અને અધિકારીઓનાં માન-મોભો સાચવીને વિનયપૂર્વક અને શાંતિથી રજૂઆત કરીને તેઓનાં દિલ જીતવાનાં. તેમનામાં વિશ્વાસ પેદા થાય તે પ્રમાણે વર્તવાનું. આ પ્રમાણે કામ કરતાં કરતાં મિલમાલિક અને કારીગરોને જોડતી પ્રેમયુક્ત સાંકળ બની શકાશે.'

આજે હું ખાતરીપૂર્વક કહી શકું છું કે મંગળદાસભાઈ વર્ષોથી મિલમાલિક અને તેમના અધિકારીઓ અને કારીગરોનાં દિલ જીતી લઈને મિલમાલિક અને કારીગરોને જોડતી પ્રેમયુક્ત સાંકળ બની રહ્યા છે. એટલે તો કારીગરો અને મિલના અધિકારીઓ તેમને પ્રેમથી 'ગુરુ' તરીકેના માનવાચક ઉપનામથી સંબોધે છે.

કારીગરોને પણ વિશ્વાસ બેસી ગયો છે કે 'ગુરુ' મિલ સાથે જે કંઈ સમાધાન કરી આપશે, તેમાં અમારું હિત જ સમાયેલું હશે. એટલે જ્યારે મિટિંગ થાય છે ત્યારે કારીગરોના પ્રતિનિધિઓ ગુરુને શાંતિથી સાંભળે છે. મિલ સાથેના પ્રશ્નોનો

નિકાલ 'ગુરુ' જે રીતે કરી લાવે છે, તેને તેઓ માન્ય રાખે છે. બીજી બાજુ મિલના અધિકારીઓ પણ 'ગુરુ'ના બોલની કદર કરે છે. માન રાખે છે. કારીગરોના પ્રશ્નો સરળતાથી ઉકેલી શકે છે. તે માટે પૂજ્ય મોટાનાં દયા, કૃપા અને આશીર્વાદ કામ કરી રહ્યા છે તેમ ગુરુ અવારનવાર કહ્યા કરે છે. (**હવેથી આપણે મંગળદાસભાઈને ગુરુના નામથી સંબોધશું.**)

## કોઈનું પણ બૂરું ના ઈચ્છવું

જેમ સમાજમાં તોફાની માણસો હોય છે તેમ મજૂરો-કારીગરોમાં પણ તોફાનીઓ તો રહેવાના જ. આવા તોફાનીઓ મિલમાં, મહાજનની ઑફિસે તોફાનો કરાવતા. ક્યારેક તો મહાજનના કાર્યકર્તાઓ ઉપર જીવલેણ હુમલો પણ થતો. આ વખતે મંગળદાસભાઈ આર્તનાદે પૂજ્ય મોટાને પોતાની મદદે આવવા પોકારતા. ક્યારેક તેઓ આવી વિકટ પરિસ્થિતિમાં કામ કઈ રીતે કરવું, તે માટે પૂજ્ય મોટાને પૂછતાં. પૂજ્ય મોટા તેમને માર્ગદર્શન આપતા અને કહેતાં કે **'મજૂરો-કારીગરોની સાથે કામ કરવામાં કેવા કેવા માણસોની સાથે કામ પડે છે, તેનો કંઈક ખ્યાલ મને છે ખરો. આવા સમયે હિંમત રાખવી અને ગમે તેવા ગુંડા જેવા સ્વભાવના માનવથી પણ ડરી ના જવું. છાતી કાઢીને વર્તવું. તેની સાથે સાથે મહાજનના સભાસદ સિવાયના બીજા કારીગરોનું પણ કદી બૂરું ઈચ્છવું નહિ. આપણને લાભ મળે તો ઠીક પણ બીજાને ગેરલાભ મળે તેવું તો કદી પણ ના ઈચ્છવું. પ્રતિનિધિઓને સંતોષ થાય તેમ વર્તવું. તારી પ્રતિષ્ઠા વધે એ જ મારું ઘરેણું છે. ગમે તેવી હાલત થાય તોપણ હરિસ્મરણને મૂકવું નહિ. ભગવાન આપનું રક્ષણ કરતો રહેશે.'**

આજે પણ મહાજનના સભાસદ સિવાયના બીજા કારીગરો તેમની પાસે સલાહ લેવા આવે છે ત્યારે તેવાઓને પણ ગુરુ સાચી સલાહ અને માર્ગદર્શન આપે છે.

**તું નિર્દોષ છે, તને કોઈ પણ જાતની તકલીફ નહિ પડે**

એક વખતે **મોટાએ** મંગળદાસભાઈને કહેલું કે **'ન્યાય, નીતિ, ધર્મ, પ્રામાણિકતા, સચ્ચાઈ અને વફાદારીપૂર્વક કામ કરવાનું. કોઈ પણ વિપરીત સંજોગોમાં આ છોડવાં નહિ. વિપરીત સંજોગોમાં ઈશ્વરનું નામસ્મરણ ખૂબ જ ભાવથી કરતા રહેવાનું. ઈશ્વરની મદદ તને જરૂરથી મળતી રહેવાની. તેનો અનુભવ અને લાભ તને જરૂર મળશે.'**

ઈ.સ. ૧૯૫૮ની સાલમાં મંગળદાસભાઈની નોકરી જોખમમાં મુકાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ. ગુરુ મજૂરોનું કારીગરોનું કામ ખૂબ જ પ્રામાણિકતાથી કરતા છતાં કેટલાક વિઘ્નસંતોષી કારીગરોએ મિલમાં કારીગરોમાં એવો પ્રચાર કર્યો કે 'ગુરુ' મિલ સાથે ભળી ગયા છે, કારીગરોના પ્રશ્નો સારી રીતે ઉકેલતા નથી. મિલવાળા તેમને લાંચ-લાલચ આપીને પોતાને ફાયદો થાય તેવું કામ કરાવી લે છે. એટલે ગુરુ આપણા મહાજનમાં ના ચાલે. એમને કાઢી મૂકવા જોઈએ.'

ગુરુ તો નિર્દોષ હતા. તેમણે ક્યારેય મિલ પાસેથી આર્થિક લાભ મેળવ્યો ન હતો. તેમના ઉપર મૂકેલા આક્ષેપોથી તેઓ હચમચી ગયા. 'આટલી બધી વફાદારીપૂર્વક મહાજનનું કામ કરું છું, છતાં આ લોકો આવો જૂઠો પ્રચાર મારા માટે કેમ કરે છે ? નોકરી જવી હોય તો જાય પણ બદનામીની કાળી ટીલી લાગે તે કેવી રીતે સહેવાય ?' મનમાં વલોપાત સતત થયા

કરતો હતો. તેથી, એક દિવસ મંગળદાસભાઈ પૂજ્ય મોટાની પાસે આશ્રમમાં મળવા ગયા. **મોટા**ને પગે લાગી દુઃખી હૃદયે તેમની સામે બેઠા. તેઓ કોઈ પણ વાતની શરૂઆત કરે તે પહેલાં **મોટા**એ કહ્યું કે **'તું ચિંતા કરીશ નહિ. તું નિર્દોષ છે. તને કોઈ પણ જાતની તકલીફ નહિ પડે.'**

**મોટા**ની અંતર્યામી શક્તિનો આ સચોટ પુરાવો હતો. નવી તાજગી અને શક્તિ મેળવીને તેઓ આશ્રમમાંથી મજૂર મહાજનની ઑફિસે આવ્યા. '**મોટા** બેઠા છે, પછી મારે શાની ચિંતા' એવા દૃઢ વિચારો સાથે સતત મંત્રજાપ ચાલુ રાખ્યો. થોડાક દિવસમાં તો વિરોધનો વંટોળ ચાલ્યો ગયો. ગુરુને કોઈ પણ તકલીફનો સામનો કરવાનો પ્રસંગ જ ઊભો ન થયો. પૂજ્ય મોટામાં તેમની શ્રદ્ધા વધારે ને વધારે દૃઢ થતી ગઈ.

## તારું પતન થવા નહિ દઉં

ઈ.સ. ૧૯૬૦માં મંગળદાસભાઈના જીવનમાં એક વંટોળિયો આવી ગયો. પતનની ખાઈ તરફ આગળ વધી રહેલા મંગળદાસભાઈને **મોટા**એ પાછા વાળ્યા. એ વખતે મંગળદાસભાઈની યુવાવસ્થા હતી. આંતરિક અને બાહ્ય રીતે ગમે તે વ્યક્તિ તેમના તરફ આકર્ષાયા વગર રહે નહિ. એક યુવતી તેમના પરિચયમાં આવી. આ યુવતી તેમના તરફ આકર્ષાઈ હતી. એ વખતે હીરાબાની તબિયત નરમ ગરમ રહેતી હતી. આથી, એ યુવતીને જોઈને ભગતના મનમાં વાસનાનો કીડો સળવળવા લાગ્યો. તેની સાથે શારીરિક સંબંધો બાંધવાના વિચારોએ જોર પકડેલું. એ વખતે એમની જીવદશા અત્યારના જેવી મોળી પડેલી નહિ. સંયમની પાળ તૂટવાની

તૈયારીમાં હતી. તે વખતે તેઓ પૂજ્ય **મોટા**નાં દર્શન કરવાં આશ્રમે ગયા. મંગળદાસભાઈ કોઈ પણ જાતની વાતચીત કરે તે પહેલાં પૂજ્ય મોટાએ કહ્યું કે **'તું ચિંતા કરીશ નહિ. તારું શારીરિક પતન નહિ થવા દઉં.** જે બાઈના તને ખોટા વિચારો આવ્યા કરે છે, તે બાઈ બહારગામથી આવેલી છે. તે ટૂંક સમયમાં જ નડિયાદ છોડીને જતી રહેશે અને તેને મળવાનું પણ જિંદગીમાં ક્યારેય બનશે નહિ.'

પૂજ્ય મોટાએ જે કહ્યું તે પ્રમાણે થોડાક દિવસમાં જ તે બાઈ નડિયાદ છોડીને ક્યાંક ચાલી ગઈ. તેના આજ દિન સુધી કોઈ સમાચાર મળ્યા નથી. પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને પતનના માર્ગેથી બચાવ્યા. એટલું જ નહિ, તેમણે મંગળદાસભાઈને પોતાનો ગણીને ચાહ્યા છે. એથી જ **મોટા** મંગળદાસભાઈની સાથે રહીને તેમના ઊર્ધ્વજીવન માટે માર્ગદર્શન સતત આપતા રહ્યા છે. **મોટા** અવારનવાર કહેતા કે **'પ્રભુ વાસનામાંથી બચાવવા ઉત્સુક જ હોય છે. આપણે તે છોડવું નથી. ઝાડના થડને વળગી રહીને 'ઝાડ છોડતું નથી, જકડી રાખે છે' એના જેવું આપણું છે. નામસ્મરણ ભાવપૂર્વક પ્રભુને સ્મરીને થયા કરે તો તેવી વૃત્તિઓના હુમલામાંથી ઊગરી જવાનું અચૂક બને જ.'** જેમને પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં માન્યાં છે, તેમને ખરા દિલથી પોતાનાં બનાવવા માટેના પ્રયત્નો કરેલા જ છે.

**'ચાહેલાંને નિજ બનાવવા જે થશે તે થવાનું.'**

આમ, પૂજ્ય મોટા સાથે જેમણે સંબંધ બાંધ્યા છે તે બધાંની આધ્યાત્મિક માર્ગમાં આડે આવતી અડચણોને પૂજ્ય મોટાએ દૂર કરી છે.

## પૂજ્ય મોટાની મહાનતા

તા. ૨૮-૧૦-'૫૮ની રાત એ મંગળદાસભાઈના જીવનની ધન્ય રાત્રી હતી. પૂજ્ય મોટાની પાસેથી મંત્રદીક્ષા લેવાની ઘડીઓ નજીક આવી રહી હતી. પૂજ્ય મોટા ખાસ કોઈને મંત્રદીક્ષા આપતા નહિ. મંગળદાસભાઈ **મોટા**ને મંત્રદીક્ષા આપવા માટે સતત માગણીઓ કરતા હતા. પૂજ્ય મોટાનો પ્રેમ મંગળદાસભાઈ ઉપર વધારે હતો. એટલે **મોટા** મંત્રદીક્ષા આપવા માટે રાજી થયા. પૂજ્ય મોટાએ કેટલીક વિધિ કરીને 'હરિઃૐ'નો મંત્ર મંગળદાસભાઈને આપ્યો. આ પ્રસંગ પૂજ્ય મોટાના પત્રોમાં વિગતે લખેલો છે. 'હરિઃૐ'નો મંત્ર લીધા બાદ પૂજ્ય મોટાએ દક્ષિણારૂપે કંઈક આપવા કહ્યું. ભગત મંત્રદીક્ષાના આનંદમાં દક્ષિણામાં આપવા માટે કંઈ જ લઈ ગયેલા નહિ. મંત્રદીક્ષા પછી પૂજ્ય મોટાએ હસતાં હસતાં ફરીથી કહ્યું કે **'મારી દક્ષિણા લાવો.'** ભગત મંગળદાસભાઈ તો ભોળા સ્વભાવના એટલે તરત જ કહી દીધું કે **'હું તો કંઈ જ લાવ્યો નથી.'**

પૂજ્ય મોટા મંગળદાસભાઈના ભોળપણ ઉપર ખૂબ હસી પડ્યા અને કહ્યું કે 'કંઈ વાંધો નહિ. પેલા પાટિયા ઉપર ચાર આના (પચીસ પૈસા) છે તે મને મારી દક્ષિણામાં પ્રેમથી આપ.' **મોટા**એ કહ્યા પ્રમાણે મંગળદાસભાઈએ પાટિયા ઉપરથી ચાર આના લઈને ખૂબ જ પ્રેમથી **મોટા**ને આપ્યા. આ જોઈને **મોટા**એ મુક્ત હાસ્ય કરીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે 'ફતેહ કરો.'

## પૂજ્ય મોટા સ્વજનો માટે

પૂજ્ય શ્રીમોટાએ જેમને પોતાનાં સ્વજન તરીકે સ્વીકાર્યાં

છે, તેમનો ખ્યાલ તેઓ સતત રાખતા રહે છે. તેમ જ જરૂર પડે તેમના ખપમાં પણ લાગતા હોય છે. સ્વ. શ્રી વાલજીભાઈ જોશી પૂજ્ય મોટાનાં સ્વજનો પૈકીના એક હતા. ઈ.સ. ૧૯૫૯ના અરસામાં તેમને ફેફસાંનો ટી.બી. થયેલો. બગડેલા ફેફસાંનું ઑપરેશન કરાવ્યા વગર ચાલે તેમ ન હતું. પૂજ્ય મોટાએ વાલજીભાઈને ફેફસાંનું ઑપરેશન કરાવી નાખવાની સલાહ આપેલી અને કહેલું કે **'વાલજીભાઈ, હું તમારી સાથે જ છું. ગભરાશો નહિ. સહુ સારું થઈ જશે.'**

શ્રી વાલજીભાઈને પૂજ્ય મોટામાં અપાર શ્રદ્ધા હતી. **મોટા** મારી સાથે છે, એટલે હવે મારે ચિંતા કરવાની જરૂર નથી. એમ હૈયે હિંમત ધરીને તેઓ મુંબઈ ઘાટકોપરમાં આવેલી ટી.બી. હૉસ્પિટલમાં ઑપરેશન કરાવવા માટે તૈયાર થયા.

પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને વાલજીભાઈની સારવાર માટે પંદર દિવસ સુધી મુંબઈ રોકાઈ જવાનો આદેશ આપેલો. પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને કહેલું કે **'જે જે જીવોને જીવનમાં મળવાનું બનતું હોય છે, તે બધાંની સાથે સદ્‌ભાવ, સુમેળ, મીઠાશથી, પ્રેમથી વર્તવાનું બને ને બધાં જ જીવોની સાથે મૈત્રીનો ભાવ કેળવાતો જાય ને તેમ થતું લાગે તો તેનું મહત્ત્વ ઘણું ઘણું છે. કોઈને પણ ખરી રીતે મદદ કરવાનો પ્રસંગ સાંપડતાં બની શકે ને તેમ કરતાં દિલનો ઉમળકો પ્રકટે તો તેવું કાર્ય પણ સાચી ભક્તિ છે.'**

પૂજ્ય મોટાની આજ્ઞા માથે ચડાવીને મંગળદાસભાઈ શ્રી વાલજીભાઈની સાથે મુંબઈ ગયા. ઑપરેશનના આગળના દિવસે **મોટા**એ પત્ર લખીને વાલજીભાઈને જણાવ્યું કે 'જત,

આસો સુદ પૂનમ ને મંગળવારે બપોરે બે વાગ્યે તમારા શરીરને ફેફસાંનું ઑપરેશન થવાનું છે ત્યારે જરૂર ભગવાનની કૃપાથી તમારા પરત્વે લક્ષ રાખવાનું કરીશ, તે જાણશો. **ઑપરેશન કરવાનું હોય તે પહેલાં બે કલાકથી ભગવાનના સ્મરણમાં જીવતા રહેજો અને જ્યાં સુધી ભાન રહે, ત્યાં સુધી સ્મરણ કર્યા કરજો. ક્લૉરોફૉર્મ આપતી વેળા ભાન જતાં લગી *મોટા*ને તમારી નજર સામે પ્રગટાવજો. એટલે તે પછી બધો ખેલ *મોટા* સંભાળી લેશે.**'

ઑપરેશન બાદ વાલજીભાઈની તબિયતમાં કોઈ ના માની શકે એટલો ઝડપથી સુધારો થવા લાગ્યો. પૂજ્ય મોટાએ પત્ર દ્વારા જણાવ્યું કે 'વાલજીભાઈનું શરીર સારું છે અને કોઈ ના માની શકે એટલું ઝડપભેર સુધરે છે, તે હકીકત જાણીને ભગવાનની કૃપા કેવું કામ કરે છે, તે આપણને બધાંને પ્રત્યક્ષ જોવા ને જાણવા મળ્યું, તે કોઈ નાનીસૂની વાત નથી.'

પૂજ્ય મોટા પોતાનાં સ્વજનોની નાની નાની બાબતો ઉપર પણ ચાંપતી નજર રાખતા. પૂજ્ય મોટાના કહેવાથી મંગળદાસભાઈ નોકરીમાંથી રજાઓ લઈને વાલજીભાઈ સાથે મુંબઈ ગયેલા. નોકરીમાંથી લીધેલી રજાઓ કરતાં વધારે રોકાવાનું થાય તો મંગળદાસભાઈને નોકરીમાં વાંધો આવે એટલે **મોટા**એ રજાઓ વધારવા માટે મંગળદાસભાઈને જાણ કરેલી.

વાલજીભાઈના ઑપરેશન બાદ જે ફેફસાંનું ઑપરેશન કરેલું હતું, તેમાં હવા ભરાઈ જઈને એ ફેફસું ઓછું કામ કરતું હતું. ડૉક્ટરો ચિંતા ન કરવા કહેતા. પૂજ્ય મોટાએ કહ્યું

કે **‘કોઈ પણ સ્થૂળ સહારો કે મદદ એ બધાંયના કરતાં ભગવાનની કૃપા મદદ અનેક ગણી ચઢિયાતી છે. એનો અનુભવ લેવાનો આ જ રૂડો પ્રસંગ છે. જીવનમાં આકરામાં આકરા પ્રસંગમાં જ આપણી ખરી કસોટી થતી હોય છે.** એવી વેળાએ જેના દિલમાં શ્રદ્ધા, વિશ્વાસ, દિલથી નિશ્ચયપણે અડગ ટેકથી શ્રીભગવાન પરત્વે ભાવ જાગેલો હોય છે તેવા જીવને ટટ્ટાર થતાં વાર લાગતી નથી. ને તેવો જીવ સમર્થની ઓથ, હૂંફ અને સહાનુભૂતિ અનુભવે છે અને તેવા કારમા પ્રસંગને તેથી કરીને તો ભગવાનનો પ્રેમથી આવેલો કૃપાપ્રસંગ બક્ષિસ માને છે. વાલજીભાઈને ભગવાનનું સતત સ્મરણ કરવા કહેશો.’

પૂજ્ય મોટાની કૃપાથી વાલજીભાઈ ખૂબ જ ઝડપથી સાજા થઈ ગયા અને ત્યાર બાદ લગભગ ત્રીસ વર્ષ જેટલાં વર્ષો સારી રીતે જીવ્યા.

## મવાલીઓના પંજામાંથી અદ્‌ભુત છુટકારો

વર્ષો પહેલાં ટ્રેઈનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા મંગળદાસભાઈ ગુરુ શ્રીલંકા ગયેલા. તે વખતે શ્રીલંકામાં ભારે તોફાનો ફાટી નીકળેલાં. ટ્રેઈનિંગ પ્રોગ્રામ પતાવીને ગુરુ ઝટઝટ વિમાની મથકે પહોંચ્યા. વિમાન દ્વારા તેઓ મુંબઈ ઍરોડ્રોમ ઊતર્યા. રિક્ષા ભાડે કરીને સાંતાક્રૂઝ જવા તેઓ ઊપડ્યા. રિક્ષાવાળાએ અજાણ્યા રસ્તેથી રિક્ષા લીધી. એક નિર્જન જગ્યાએ ચાર પાંચ મવાલી જેવા માણસો ઊભા હતા. તેમની પાસે આવીને રિક્ષા ઊભી રહી. રિક્ષામાંથી નીચે ઊતરીને રિક્ષાવાળાએ કહ્યું કે ‘રિક્ષા આગળ જશે નહિ.’ પેલા મવાલી જેવા લાગતા ચાર-પાંચ ગુંડાઓ રિક્ષાની ચારેબાજુએ ગોઠવાઈ ગયા. તેમનો

ઈરાદો આ અજાણી વ્યક્તિને શારીરિક નુકસાન કરીને લૂંટી લેવાનો હતો. મુંબઈ ઍરપૉર્ટ ઉપર ઊતર્યા અને રિક્ષામાં બેઠા ત્યારે પણ ગુરુ પૂજ્ય મોટાને સતત યાદ કરતા રહ્યા હતા. નડિયાદ હેમખેમ પહોંચાડવા માટે **મોટા**ને વારંવાર વિનંતીઓ કરતા રહ્યા.

પેલા મવાલીઓ ગુરુજીને કંઈ પણ કરે તે પહેલાં પૂરપાટ દોડી જતી એક ટૅક્સી ત્યાં આવીને ઊભી રહી અને કહ્યું કે 'ટૅક્સીમાં બેસી જાઓ.' ગુરુજી માલસામાન લઈને ઝડપથી ટૅક્સીમાં બેસી ગયા. આમ, અચાનક નિર્જન રસ્તે મંગળદાસભાઈને બચાવી લેવામાં **મોટા**ની દયા અને કૃપા જ આમાં કામ કરી ગઈ હતી એમ તેઓ અવારનવાર બધાંને કહેતા અને પૂજ્ય મોટા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા.

## ઈ.સ. ૧૯૭૦નો બોનસનો પ્રશ્ન

ઈ.સ. ૧૯૭૦ની સાલમાં બોનસના પ્રશ્ન અંગે નડિયાદની ન્યૂ શોરોક મિલના કારીગરોએ ૧૯ દિવસની હડતાલ પાડી. આ તમામ દિવસોએ બધા કારીગરો દરરોજ મિલમાં જતા. પૂરા સમય માટે મિલમાં રોકાતા. કામકાજના સ્થળે બેસી ધાર્મિક વાંચન કરતા. બાજીપત્તાં રમતા. કૅન્ટીનમાં ચા નાસ્તો કરવા જતા કે ભેગા બેસીને ટોળટપ્પાં કરતા. હડતાલના ૧૯ દિવસ દરમિયાન કારીગરોએ મહાજનની ઑફિસે કે મહાજનના કાર્યકર્તાઓના ઘરે કે મિલમાં ક્યારેય ધમાલ તોફાન કર્યાં નહિ. મહાજનની ઑફિસમાં કે મિલમાં કોઈ પણ જાતનું નુકસાન કરેલું નહિ. ગુરુ દરરોજ મહાજનની ઑફિસ ખોલીને

બેસતા અને પૂજ્ય શ્રીમોટાને સતત પ્રાર્થના કરતા કે કામદારો ઑફિસને કે મહાજનના કાર્યકર્તાઓના ઘરે કે મિલમાં કોઈ પણ જાતનું તોફાન ના કરે અને હડતાલનો શાંતિપૂર્વક ઉકેલ આવે. તેઓ આખો દિવસ હરિઃૐનો મંત્રજાપ કર્યા કરતા. ભગવાનને અને પૂજ્ય મોટાને આ હડતાલનો સુખદ અંત લાવવા સતત પ્રાર્થના કર્યા કરતા.

એક દિવસ ગુરુના હૃદયમાં અંતઃસ્ફુરણા થઈ કે 'તું રામાયણ વાંચ', એટલે તેઓ મહાજનની ઑફિસના ચોગાનમાં એક લીમડા નીચે ખુરશી નાખીને એકલા રામાયણ વાંચવા લાગ્યા. હડતાલના દિવસોમાં સરકારની કે પોલીસની મદદ લેવી નહિ તેવો દૃઢ નિશ્ચય એમણે કરેલો. એમનાં આત્મીયજનો, સગાંસંબંધીઓ અને મિત્રો પોલીસની મદદ લેવા સતત આગ્રહ રાખતાં. 'જાનના જોખમે મહાજનની નોકરી ના કરાય' એમ પણ ઘણાં સંબંધીઓ અને મિત્રો કહેતા. ગુરુ એમને કહેતા કે 'આજે આ લોકો મને જૂતાંનો હાર પહેરાવશે તો આવતી કાલે એ જ લોકો ફૂલોનો હાર પહેરાવવાના જ છે. આપ સહુ ચિંતા કરશો નહિ. **મોટા** મારી સાથે જ છે, એ જેમ સુઝાડશે તેમ મારે કરવાનું છે.'

હડતાલના દિવસો દરમિયાન દિવાળીના તહેવારો કારીગરો સારી રીતે ઊજવી શકે તેટલા માટે મિલ તરફથી દરેક કારીગરને દિવાળીખર્ચી તરીકેની રકમ આપવામાં આવેલી. હડતાલ પૂરી થયા બાદ અમદાવાદની ન્યૂ શોરોક મિલની નવી ઑફિસના ઉદ્‌ઘાટન નિમિત્તે મિલ તરફથી દરેક કારીગરને સાત દિવસનો પગાર ભરી આપેલો. હડતાલના દિવસો દરમિયાન ગુરુએ રામાયણ પૂરેપૂરું વાંચી નાખ્યું.

ધન્ય છે એમની **મોટા** પ્રત્યેની અનન્ય અડગ શ્રદ્ધાને. પૂજ્ય મોટા ગુરુનું સતત ધ્યાન રાખતા તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

## દારૂ છોડાવ્યો

જેને પોતાના ઈષ્ટદેવમાં અને ગુરુદેવમાં અનન્ય શ્રદ્ધા અને પ્રેમ છે, તેને તેના કપરા સંજોગોમાં ઈષ્ટદેવ અને ગુરુદેવની સતત મદદ મળતી જ હોય છે. પૂજ્ય મોટા મંગળદાસભાઈને કહેતા કે **'મજૂરોને પોતાના માનીને તેની સાથે વહેવાર કરજે. કોઈ મજૂર તારું અહિત કરે તોપણ તારે એનું અહિત કરવાનો વિચાર પણ કરવાનો નહિ. કોઈ મજૂર પતનના માર્ગે જતો હોય તો તેને સુધારવા માટે પ્રયત્ન કરજે.'**

એક મિલકારીગર ખૂબ જ દારૂ પીતો હતો. દારૂમાં તેઓ ઘણા પૈસા વેડફી નાખતા હતા. ઘરમાં પૈસાની સતત ખેંચ રહેતી. દારૂને લીધે ઘરમાં દરરોજ ઝઘડા થતા. આ કારીગરના ખાતા અધિકારીને ગુરુએ જાણ કરી અને દારૂ છોડવા માટે તેમને જણાવવા કહ્યું. ખાતા અધિકારીએ એક દિવસ પેલા ભાઈને ઠપકો આપ્યો અને દારૂ છોડી દેવાની સલાહ આપી.

પેલા ભાઈ તો વાત સાંભળીને ઉશ્કેરાઈ ગયા. ખાતા અધિકારીને પૂછ્યું કે 'હું દારૂ પીવું છું તેવું તમને કોણે કહ્યું ?'

'મને ગુરુએ કહ્યું.' ખાતા અધિકારીએ સાચે સાચું કહી દીધું. આ સાંભળીને પેલા ભાઈ ખૂબ જ ગુસ્સે થયા. હું દારૂ પીવું છું એની જાણ ખાતાધિકારીને કરીને મને હલકો પાડવા માટે ગુરુએ આમ કર્યું છે. એમની સાન ઠેકાણે લાવવા કંઈક તો મારે કરવું પડશે.

ઘરે જઈને એ ભાઈ મોટું ચપ્પુ લઈને મહાજનની ઑફિસે આવવા નીકળ્યા. તેઓ ખૂબ જ ગુસ્સામાં હતા. રસ્તામાં એક ભાઈ મળ્યા. પેલા ભાઈને ઊભા રાખીને પૂછ્યું કે 'આજે આ બાજુ ક્યાં જઈ રહ્યા છો ? આજે કંઈ ગુસ્સામાં હોવ એવું લાગે છે. શું વાત છે ?'

'આજે તો ગુરુને પતાવી દેવા છે.' કહીને ખિસ્સામાં રહેલું મોટું ચપ્પુ કાઢીને બતાવ્યું.

'એમ વાત છે. ત્યારે બરાબર છે, ગુરુને પતાવી દો. પણ મને એટલું તો કહો કે ગુરુએ તમારું શું બગાડ્યું છે ?'

ગુરુએ મારા ખાતા અધિકારીને એવું કહ્યું કે 'હું દારૂ પીવું છું. એક પૈસો બચાવતો નથી. ઘરમાં ઝઘડા થાય છે. આવું કહીને મને બદનામ કર્યો છે.'

'પણ ગુરુની વાત ખોટી તો નથીને ? તું સુધરે, દારૂ છોડી દે અને તારું કુટુંબ સુખી થાય તેવી તારા તરફથી અંગત લાગણીને લીધે ગુરુએ તારા ખાતા અધિકારીને કદાચ વાત કરી હશે. તમે દારૂ ના પીતા હોત અને ગુરુએ એમ કહ્યું હોય કે તમે દારૂ પીવો છો તો એ તમારી બદનામી કહેવાય. ભલા માણસ, ગુરુને કોઈના પ્રત્યે વેરભાવ નથી તો તારા પ્રત્યે તો એવો વિચાર પણ ના કરેને ? જેને પોતાનાં ગણ્યાં હોય એવાને સુધારવા માટે જ આમ કહ્યું હોય. ગુરુને શારીરિક નુકસાન પહોંચાડવાનો વિચાર કરવો એ પણ પાપ છે. ભગવાન તને ક્યારેય માફ નહિ કરે.'

આમ વાત સાંભળીને પેલાના મનમાંથી ગુસ્સો ઓછો થઈ ગયો. પોતે શું કરવા જઈ રહ્યો હતો, તે વિચારમાત્રથી

તે શરમિંદો થઈ ગયો. એ રસ્તામાંથી પાછો ફરી ગયો. બે દિવસ બાદ એ ભાઈ મજૂર મહાજનની ઑફિસે આવ્યા. ગુરુને પગે લાગ્યા અને ગુનેગારની ભાવનાથી તેઓ માથું નીચે રાખીને ઊભા રહ્યા.

ગુરુએ કહ્યું કે 'કેમ ભાઈ ! મને પગે લાગવાનું કારણ શું ? અને આમ નત્‌મસ્તકે કેમ ઊભા છો ? બેસોને.'

પેલા ભાઈ ખુરશીમાં બેઠા. ગુરુએ પાણી મંગાવીને એ ભાઈને પીવા આપ્યું. પેલા ભાઈની આંખમાં આંસુ ઊભરાયાં. હાથ જોડીને કહેવા લાગ્યો કે 'ગુરુ, મને માફ કરી દો.'

'અરે ભાઈ ! શું વાત છે અને મારી માફી માગવાનું શું કારણ છે એ તો પહેલાં કહો.' ગુરુ બોલ્યા.

'આપે મારા ખાતા અધિકારીને હું દારૂ પીવું છું એની જાણ કરેલી અને ખાતા અધિકારીએ મને ઠપકો આપેલો. એટલે ગુસ્સે થઈને આપને ચાકુથી મારવા માટે આવતો હતો. રસ્તામાં એક ભાઈએ મને સાચો ખ્યાલ આપ્યો. મને મારી ભૂલ સમજાતાં હું પાછો ઘરે ફર્યો. બે દિવસથી મનમાં સતત આપના જ વિચારો આવ્યા કરે છે કે 'હું કેવું ખોટું કામ કરવા જઈ રહ્યો હતો. ગુરુએ મને બદનામ કરવા માટે નહિ પણ મને સુધારવા માટે આ રસ્તો લીધેલો. મને માફ કરો ! આજથી હવે દારૂને પણ હાથ નહિ અડાડું.' રડમસ અવાજે પેલા ભાઈએ બધી વાત ગુરુને જણાવી દીધી.

'ભાઈ ! તારે મારી માફી માગવાની જરૂર નથી. તું આગ્રહ કરે છે તો જા, તને માફ કરી દીધો, બસ ! તું જો દારૂ છોડી દઈશ તો સૌથી વધુ ખુશી મને થશે. તું સુખી

થઈશ. તારું કુટુંબ સુખી થશે. ઘરમાંથી ઝઘડાઓ બંધ થશે. તારો સંસાર સારી રીતે ચાલશે.' ગુરુએ ઊભા થઈ પેલા ભાઈના ખભા ઉપર હાથ મૂકીને એમને વિદાય આપી.

આ બનાવ બાદ પેલા ભાઈએ દારૂ છોડી દીધો અને ઘરમાં સુખશાંતિ આવી.

## હું નાસવાનો પ્રયત્ન નહિ કરું

એક કારીગર ભાઈ દારૂનો વેપાર કરતા હતા. જુગાર રમતા હતા. આંકડા ઉઘરાવતા અને કારીગરોને ઊંચા વ્યાજે પૈસા પણ ધીરતા. ગુરુએ આ વાત તેના ખાતાધિકારીને કરી. વાત કરવા પાછળ ગુરુનો આશય પેલા કારીગરને સાચો રસ્તો બતાવવાનો હતો.

ખાતા અધિકારીએ પેલા કારીગરને ખૂબ જ ધમકાવ્યા એટલે કારીગરે પૂછ્યું કે 'આ બધું તમને કોણે કહ્યું ?

ખાતા અધિકારીએ કહ્યું કે 'મને ગુરુએ કહ્યું.'

આ ભાઈ માથાભારે હતા. ગુરુનું નામ સાંભળતાં જ એમના મગજની કમાન છટકી. બીજે દિવસે મિલમાં રજા હતી. ઘરેથી રિવૉલ્વર લઈને પેલા ભાઈ ગુરુને ખતમ કરવા માટે મહાજનની ઑફિસે આવ્યા. શિયાળાનો દિવસ હતો અને મહાજનમાં એ દિવસે રજા હતી, એટલે ગુરુ ઑફિસના મકાનના ધાબા ઉપર ખુરશી નાખીને 'કૃષ્ણાવતાર' વાંચી રહ્યા હતા. પેલા ભાઈએ ગુરુના ઘરે તપાસ કરી. ગુરુના ઘરેથી જાણવા મળ્યું તેઓ તો ઑફિસે ગયા છે. આ સમાચાર સાંભળીને તે ભાઈ ખૂબ જ ગુસ્સામાં બબડતાં બબડતાં ઑફિસના મકાનના ધાબા ઉપર આવ્યા અને ગુરુને ગમે તેમ

બોલવા લાગ્યા. 'આજે તો તમને ખતમ કરી નાખું.' એમ કહીને એ ભાઈએ સંતાડેલી રિવૉલ્વર બહાર કાઢી અને ગુરુની સામે તાકી. ગુરુ ગભરાયા નહિ. મનોમન **મોટા**ને યાદ કર્યા અને ધીરેથી પૂછ્યું, 'ભાઈ, મને ઠાર મારી નાખવાનું કોઈ કારણ ?'

'તમે મારી બધી વાત ખાતા અધિકારીને કરી અને ખાતા અધિકારીએ બધાંની વચ્ચે વાત કરીને મને ખૂબ જ તતડાવ્યો છે.' પેલા કારીગર ભાઈએ કહ્યું.

'અચ્છા ! તો આમ વાત છે. જરા મને એ તો કહે કે મેં ખાતા અધિકારીને જે વાત કરી છે તે ખોટી છે ? ખોટી હોય તો આપ મારી ઉપર ગોળી ચલાવી શકો છો અને મને ઠાર મારી શકો છો. અત્યારે અહીં આપણે બે જણ જ છીએ. હું નાસવાનો પ્રયત્ન નહિ કરું.'

ગુરુ આંખો મીંચીને ખુરશીમાં બેસી રહ્યા અને મનોમન **મોટા**ને યાદ કરતાં કરતાં હરિઃૐનો મંત્રજાપ કરતા રહ્યા અને લગભગ ધ્યાનસ્થ બની ગયા. પેલા ભાઈ ક્યારે ત્યાંથી જતા રહ્યા તેની પણ ખબર ગુરુને પડી નહિ.

બે ત્રણ દિવસ બાદ પેલા કારીગરભાઈ મહાજનની ઑફિસે આવ્યા. ગુરુએ હસતાં હસતાં ગભરાયા વગર પેલા ભાઈને કહ્યું કે 'રિવૉલ્વર લઈને આવ્યા છો કે ખાલી હાથે ?'

પેલો ભાઈ શરમિંદો બન્યો. બે હાથ જોડીને પગે લાગ્યો અને માફી માગતાં કહ્યું કે 'હું તો તમારી માફી માગવા આવ્યો છું. ગુરુ મને માફ કરો. ગુસ્સામાં આવી જઈને હું કેવું અધમ

કૃત્ય કરવા તૈયાર થયેલો. મારી ભૂલ મને સમજાઈ છે. મને ખરા હૃદયથી માફ કરી દો.'

'ભાઈ, તમને માફ તો કરી દીધા, પણ એક કામ કરો. તમારા આ હલકા પ્રકારના ધંધાઓ જો તમે છોડી દેશો તો મને ખૂબ જ આનંદ થશે.' ગુરુ બોલ્યા.

'ગુરુ ! આજથી હું મારા બધાં જ ખોટા ધંધા બંધ કરી દઉં છું. મને સુધરવા માટેની આપે આ તક ઊભી કરી, તે બદલ હું આપનો ઉપકાર જિંદગીભર ભૂલીશ નહિ.' કારીગરભાઈએ કહ્યું.

## એમાં મહાજનના કાર્યકર્તાઓનો શું વાક ?

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. તે વખતે ગુરુ નડિયાદના મજૂર મહાજન ઉપરાંત નવસારી મજૂર મહાજનનું પણ કામ કરતા. મહિનામાં એક બે વખત નવસારી જતા. નવસારીમાં બે ત્રણ દિવસ રોકાઈને ત્યાંના મહાજનનું કામ પતાવતા. નવસારી મફતલાલ મિલ અને નવસારી કૉટન મિલના કારીગરોના પ્રશ્નોના નિકાલમાં તે મિલોના મૅનેજમેન્ટ વચ્ચે સંબંધો ખૂબ જ ખરાબ હતા. આ બધાંની વચ્ચે કામ કરવું તે ખૂબ જ કપરું હતું.

તે દિવસોમાં નવસારી મફતલાલ મિલના કારીગરોને મુંબઈની મફતલાલ શેઠની મિલોના કારીગરોના ધોરણે બોનસ આપવામાં આવતું. આ બોનસ સરકારી બોનસના કાયદા કરતાં ઊંચું હતું. એ વર્ષે નવસારી મફતલાલ મિલે દિવાળી બોનસ સરકારી બોનસ કાયદા પ્રમાણે આપવાનું જાહેર કર્યું. આથી, કારીગરોમાં ઉગ્રતા આવી. ટોળેટોળાં મહાજનની

ઑફિસે આવવા લાગ્યાં. ઉગ્ર ભાષામાં પોતાની રજૂઆત ગુરુ સામે કરવા લાગ્યા. આ સમય દરમિયાન ગુરુ પૂજ્ય મોટાને યાદ કરતા અને હરિઃૐનો સતત મંત્રજાપ કરતા. ગુરુ રાત્રીરોકાણ મહાજનની ઑફિસમાં કરતા.

એક રાત્રે બાર વાગ્યે ઉશ્કેરાયેલા કારીગરોનું એક ટોળું મહાજનની ઑફિસે આવ્યું. મહાજનના કંપાઉંડના દરવાજાને તાળું મારવામાં આવતું નહિ, એટલે ઉશ્કેરાયેલું ટોળું કંપાઉંડમાં દાખલ થયું. ગુરુ જે રૂમમાં સૂતા હતા, તે રૂમની બારીઓ ખુલ્લી હતી. આજે ગુરુને ઊંઘ આવતી ન હતી. કંઈક અમંગળ થવાનું છે તેવું તેમના મનમાં લાગ્યા કરતું હતું. તેઓ પથારીમાં સૂતાં સૂતાં હરિઃૐના મંત્રની માળા કરતા હતા. ઉશ્કેરાયેલા ટોળાંએ ગુરુ જે રૂમમાં સૂતા હતા, તે રૂમના દરવાજાને બંધ કરી નાખ્યો, જેથી ગુરુ બહાર જઈ શકે નહિ. વિદ્યુતની મુખ્ય સ્વિચ જે બહાર હતી, તે બંધ કરીને અંધારું કરી નાખ્યું. આમ કરવાનો તેમનો આશય કોઈ પણ તોફાનીને ગુરુ ઓળખી શકે નહિ તે હતો.

આ ટોળું પોતાની સાથે કેરોસીન ભરેલું ડબલું અને લૂગડાના ડૂચા સાથે આવેલું. લૂગડાના ડૂચાના કાકડા બનાવી કેરોસીનવાળા કરી, સળગાવીને તે કાકડા બારી વાટે ગુરુની રૂમમાં નાખવાનો તેમનો ઈરાદો હતો.

ઉશ્કેરાયેલા ટોળાંમાંથી કોઈક બોલ્યું, ‘મિલ બોનસ ઓછું આપે તેમાં મહાજનના કાર્યકર્તાઓનો શું વાંક છે ? આ કાર્યકર્તાઓ તો હંમેશાં કારીગરોના પડખે રહીને આપણા પ્રશ્નોને ઉકેલવામાં મદદ કરે છે. આપણે એમને હેરાન કરવા જોઈએ

નહિ. આગ લગાડીને શારીરિક નુકસાન પહોંચાડીએ તે સારું ના કહેવાય. તેઓ છેક નડિયાદથી અહીં આપણા પ્રશ્નો ઉકેલવા માટે આવ્યા છે. એમને કોઈ પણ જાતનું નુકસાન થશે તો ભગવાન આપણને ક્યારેય માફ નહિ કરે.' પેલા ભાઈની વાણીની ટોળાં ઉપર ખૂબ જ અસર પડી.

ગુરુ પલંગમાં સૂતાં સૂતાં આ બધું સાંભળતા હતા. કેરોસીનનું ડબલું અને કાકડા બધું ત્યાં પડી રહેવા દઈને ટોળું ઑફિસેથી વીખરાઈ ગયું. જતાં જતાં એક ભાઈએ દરવાજાને બહારથી જે હલદ્રા બંધ કરી હતી તે ખોલી નાખી. ટોળાંના ગયા બાદ ગુરુ બહાર આવ્યા. કાકડા અને કેરોસીનનું ભરેલું ડબલું બહાર નાખી આવ્યા અને શાંતચિત્તે પલંગમાં આવીને બેઠા. અચાનક આમ વાતનો એકદમ વળાંક કેવી રીતે આવ્યો તેનો વિચાર કરતા હતા ત્યાં **મોટા**એ કહેલા શબ્દો તેમના કાને ગુંજવા લાગ્યા કે **'જેઓ મારી ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ રાખી મારી મદદ માગશે તેમની મદદમાં હું કાયમના માટે રહીશ.'**

**મોટા**ના એ શબ્દો આ બનાવથી સાચા પડ્યા છે. આ પછી તો અનેક કપરા પ્રસંગોમાં પૂજ્ય મોટાની મદદ મળ્યાની ખાતરી ગુરુને થયેલી છે. આ બનાવ વખતે અરવિંદભાઈ બારોટ પણ ગુરુની સાથે નવસારીમાં હતા.

**મોટા** પાસે ગુરુ ક્યારેય ભૌતિક સુખોની માગણી કરતા નહિ. માન, પ્રતિષ્ઠા વધે તે માટે પણ તેમણે **મોટા** પાસે માગણી કરી નથી. પોતાના ભાગે જે કામો આવે તે તેઓ પ્રામાણિકપણે અને વફાદારીપૂર્વક કરી શકે તે માટે જ

**મોટા**ને મદદ કરવા કહેતા અને **મોટા** એ પ્રકારની મદદ સતત આપતા રહેતા.

## હું તારી સાથે છું

ભારત સરકારે ન્યુ શોરોક મિલને માંદા યુનિટ તરીકે જાહેર કરી અને કારીગરોના પગારો સ્થગિત કરવા બાઈફરે ચુકાદો આપ્યો. આ ચુકાદા મુજબ મોંઘવારી ભથ્થું સ્થગિત કરવા માટે મિલે નોટિસ મૂકી. આથી, કારીગરો ઉશ્કેરાયા. લગભગ સાતસો જેટલા કારીગરોનું ઉશ્કેરાયેલું ટોળું મહાજનની ઑફિસે આવવા નીકળ્યું છે, તેની જાણ ગુરુને થઈ ગયેલી. પોતાના ટેબલ ઉપર રાખવામાં આવેલા પૂજ્ય મોટાના ફોટાને પગે લાગ્યા અને 'હું શું કરું' તે માટે પૂજ્ય મોટાને વિનંતી કરી. અંદરથી પૂજ્ય મોટાની પ્રેરણા થઈ કે 'ગભરાઈશ નહિ, હું તારી સાથે છું. કારીગર ભાઈઓ તને કે ઑફિસને કોઈ નુકસાન નહિ કરે. તું તમામને મળવાનું રાખજે. શાંતિપૂર્વક તેમને સમજાવજે અને જે પરિસ્થિતિ આવી પડી છે, તેના વિશે કારીગરોને માહિતગાર કરજે.'

ગુરુના મનનો ભાર ઓછો થયો. ટોળું મહાજનની ઑફિસના ચોગાનમાં આવ્યું. ગુરુ સામે ચાલીને તેઓની વચ્ચે ગયા અને કહ્યું કે 'આપણે આ બાબતમાં મિટિંગ કરીએ તો?'

બધા તે માટે સંમત થયા અને મિટિંગ થઈ. કારીગર-ભાઈઓએ ગુરુને શાંતિથી સાંભળ્યા. ત્યાર બાદ બે ત્રણ મિટિંગો થઈ. આ સમય દરમિયાન એક પણ કારીગરે ધમાલ તોફાન કરેલું નહિ. મિલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું ઠરાવી બધા શાંતિથી વીખરાયા. આ બનાવમાં પૂજ્ય મોટાની અદૃશ્ય શક્તિએ મદદ કરી હતી એમ ગુરુ આજે પણ માને છે.

## કારીગરો લવાજમ આપશે

ઈ.સ. ૧૯૯૫ની સાલથી ન્યુ શોરોક મિલ અને મિલ કારીગરો વચ્ચેના સંબંધો બગડતા આવ્યા છે. બન્ને વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઓછું થતું આવ્યું છે. આવા સંજોગોમાં કારીગરોને સંગઠિત રાખવાનું કામ ખૂબ જ કપરું બનેલું છે. આવા સમયે જુદી જુદી વિચારસરણીવાળાં સંગઠનો બિલાડીના ટોપની માફક ફૂટી નીકળતાં હોય છે. આવાં સંગઠનો કારીગરોને અવળા માર્ગે દોરતાં હોય છે. કારીગરોને ઉશ્કેરીને ધાંધલ, ધમાલ અને ભાંગફોડ પણ કરાવતાં હોય છે. મિલ કારીગરોને સમયસર તેમનું કાયદેસરનું વળતર ચૂકવે નહિ, એટલે કારીગરોમાં અસંતોષ ફેલાય. કારીગરો ઉગ્ર બનીને મહાજનની ઑફિસે આવે તે વખતે ગુરુ કારીગરોને મિલની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપે, મિલ ચાલુ રહે અને કારીગરોને રોજીરોટી મળતી રહે તેવા પ્રયત્નો ગુરુ હંમેશાં કરતા. કોઈક ઉતાવળો ખોટો નિર્ણય લેવાઈ ના જાય તેની ગુરુ ખૂબ જ કાળજી રાખે છે.

ગુરુ હંમેશાં મધ્યમ માર્ગ અપનાવતા. મિલ ચાલુ રહે અને કારીગરોના હક્કો મળતા રહે તેમ તેઓ ઈચ્છતા હતા. તેમની આ કાર્યપદ્ધતિથી કારીગરોમાં ગેરસમજ ઊભી થવા લાગી. આનો લાભ લેવા માટે મારફાડ કરવાવાળાં સંગઠનોએ ભરચક પ્રયત્નો કરવા માંડ્યા. મોટાં મોટાં પ્રલોભનો દેખાડીને તેઓ કારીગરોને પોતાના આવા મારફાડ સંગઠનોની લોભામણી લાલચમાં આવી જઈને તેમાં જોડાવા વિચારવા લાગ્યા.

સપ્ટેમ્બર, ૨૦૦૩ની સાલમાં મિલે પગાર આપ્યો. તે દિવસે મજૂર મહાજનમાં ફક્ત પાંચસો કારીગરોએ લવાજમ

આપેલું. આ કારીગરો નવા મહાજનમાં જોડાઈને પોતાને જ નુકસાન પહોંચાડી રહ્યા છે, તેવું ગુરુ જાણતા હતા છતાં કંઈ જ કરી શકતા ન હતા. ગુરુએ **મોટા**ને પ્રાર્થના કરી કે 'મારે આવા સંજોગોમાં કઈ રીતે કામ કરવું ?'

ગુરુને અંદરથી પ્રેરણા આપી કે **'ખોટું કરવાનું નહિ. હિંમત હારવાની નહિ. સાચી વાત કારીગરોને કહેવાની. કોઈ પણ કારીગર રોટલા વગરનો ના થાય તે જોવાનું. પ્રતિનિધિઓને સભાસદો બનાવવા માટે કામે લગાડવાના. સભાસદો મોટી સંખ્યામાં બનશે. તું ચિંતા કરીશ નહિ. સતત નામસ્મરણ કરતો રહેજે.'**

ગુરુએ પ્રતિનિધિઓની એક મિટિંગ બોલાવીને કહ્યું કે 'કારીગરો અવળા માર્ગે જઈને પોતાને નુકસાન કરી રહ્યા છે, તે અંગે તેઓને સમજાવો. મિલની આર્થિક સ્થિતિનો કારીગરોને ખ્યાલ આપો. કારીગરોને લવાજમ ભરવા વ્યક્તિગત મળવાનું રાખો અને લવાજમ ઉઘરાવો.' વગેરે વાતો ખૂબ જ શાંતિથી ગુરુએ મિટિંગમાં જણાવી.

પ્રતિનિધિઓએ એ કામ ઉપાડી લીધું. કારીગરો આગળ જઈને સાચી પરિસ્થિતિની રજૂઆત કરતા રહ્યા. મહાજનની સાથે રહેવામાં જ સૌની ભલાઈ છે એમ કારીગરોને સમજાવતા રહ્યા અને એક અઠવાડિયામાં તો જાણે ચમત્કાર થયો. ફક્ત પાંચસો કારીગરોએ લવાજમ આપેલું તે એક અઠવાડિયામાં તો ૨૮૦૦ જટેલા કારીગરોએ લવાજમ જમા કરાવ્યું.

પૂજ્ય મોટા સતત કહેતા કે 'પ્રમાણિકતા, સચ્ચાઈ, વફાદારી, ન્યાય, નીતિ અને ધર્મમાં રહી કામ કરનારને

પરમાત્મા મદદ કરતા હોય છે.’ આનો અનુભવ ગુરુને ડગલે ને પગલે થતો રહ્યો છે. કપરા સંજોગોમાં પણ ગુરુને પૂજ્ય મોટાની મદદ અને પ્રેરણા સતત મળતી રહી છે, ગમે તેવી વિકટ અને કફોડી સ્થિતિમાંથી પણ સરળતાથી બહાર આવ્યાનો અનુભવ એમને થયો છે. એમની જિંદગીમાં અનેક એવા બનાવો બનેલા છે. જેમાં પૂજ્ય મોટા અને પરમાત્માના અદૃશ્ય હાથોની મદદ તેમને મળતી રહી છે.

### મારવા આવ્યા પણ મારી શક્યા નહિ

પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને કહેલું કે ‘વિશ્વાસ રાખજે, નામસ્મરણથી, હરિઃૐના મંત્રજાપથી તારું કલ્યાણ થવાનું છે. **કલ્યાણનો અર્થ એટલે પૈસે ટકે સુખી બનવાનો, ભૌતિક સુખો મળવાનાં, જીવદશા ભોગવી શકવાનાં, તે નહિ, પરંતુ સત્ત્વગુણ પ્રાધાન્ય ભોગવતું થવાનું, જેના લીધે તું પ્રભુમય જીવન જીવવામાં ધીરેધીરે આગળ વધતો રહેવાનો.** મારી મદદ તને મળતી જ રહેવાની તેનો વિશ્વાસ રાખજે. નામસ્મરણને ભૂલતો નહિ, **નામસ્મરણ તારા જીવનમાં જીવતું જાગતું સદાય રાખતો રહેજે. તું મારી સાથે રહી શકે, આપણે બન્ને સાથે રહી શકીએ તેટલા માટે તને આઘાતો આપવાનું કર્યા કરીશ. આઘાતો તારા જીવનના ઘડતર માટેના જ હશે.’**

ગુરુનો એકનો એક યુવાન દીકરો ગુરુપ્રસાદ ગુજરી ગયો ત્યાર બાદ એક વર્ષ પછી એમનાં પત્ની હીરાબા ગુજરી ગયાં. બે આઘાતોમાં પણ ગુરુ પૂજ્ય મોટા અને ભગવાનમાં અડગ શ્રદ્ધા ધારણ કરી શક્યા. તેઓ હાલ પ્રભુમય જીવન જીવી રહ્યા છે.

ગુરુ પોતાના મકાનમાં એકલા રહીને પ્રભુભજન અને નામસ્મરણમાં મસ્ત બનીને નિર્ભયતાથી પોતાનો સમય પસાર કરી રહ્યા છે. સાથે સાથે મજૂર મહાજનમાં પણ પોતાની સેવા ચાલુ રાખી છે.

એક દિવસ રાત્રે લગભગ એક વાગ્યો હશે. એક ભાઈએ દારૂ પીધેલી હાલતમાં ગુરુના ઘરે આવી બારણું ખખડાવ્યું. તેઓ નશામાં એટલા ચકચૂર હતા કે તેઓના પગ સ્થિર રહી શકતા ન હતા, બોલવામાં પણ કોઈ જાતનું ઠેકાણું ન હતું.

ગુરુએ બારણું ખોલ્યું. સામી વ્યક્તિને પૂછ્યું 'કેમ ભાઈ ! આટલી મોડી રાતે મારે ઘરે આવવાનું પ્રયોજન શું છે ?'

પેલા ભાઈએ કહ્યું કે 'હું તમને મારવા માટે આવ્યો છું.'

'ઓહો ! આટલી જ વાત છેને ! ચાલ હું બહાર આવું. તારે જેટલો મારવો હોય તેટલો મારજે.' એમ કહીને ગુરુ બહાર ખુલ્લામાં આંખો મીંચી ઊભા રહ્યા. હરિઃૐના મંત્રજાપ કરતા રહ્યા અને **મોટા**ને મદદ કરવા વિનવણી કરવા લાગ્યા. ત્યાં અચરજ થયું. પેલા ભાઈએ ગુરુને મારવા માટે હાથ ઊંચો કર્યો પણ તેઓ ગુરુને મારી શક્યા નહિ. બે ત્રણ વખત તેમણે ગુરુને મારવા માટે પ્રયત્નો કર્યા પણ હાથ ઉપાડી શક્યા નહિ.

મંદ સ્મિત સાથે ગુરુએ કહ્યું કે 'ભાઈ ! તમે મને મારવા માટે જ આવ્યા છો તો તમને સંતોષ થાય ત્યાં સુધી મારો.'

પેલા ભાઈએ ફરીથી ગુરુને મારવા માટે હાથ ઉપાડ્યો પણ મારી શક્યા નહિ, એટલે બબડતાં બબડતાં કહ્યું કે 'હું આવતી કાલે તમને મારવા માટે ફરીથી આવીશ.'

'ભલે !' એમ કહી ગુરુ ઘરમાં આવીને નિરાંતે પલંગ ઉપર સૂઈ ગયા.

બીજા દિવસે સવારના પહોરમાં પેલા ભાઈ ગુરુના ઘરે આવ્યા. સવારની પૂજામાં ગુરુ મશગૂલ હતા. પેલા ભાઈ પૂજા પૂરી થઈ ત્યાં સુધી ગુરુની પાછળ શાંતિથી ઊભા રહ્યા. પૂજા પૂરી થઈ એટલે ગુરુએ હસતાં હસતાં કહ્યું, 'તમે આવી ગયા ? બહુ સરસ ! મારી પ્રાર્થના પૂરી થઈ ગઈ છે. હવે તમારું ગઈ રાત્રીનું મને મારવાનું બાકી રહ્યું હતું તે પૂરું કરી લો.'

તે ભાઈએ ગુરુ સમક્ષ બે હાથ જોડ્યા. દુઃખી હૃદયે તેઓ બોલ્યા કે 'સાહેબ હું આપને મારવા નથી આવ્યો. હું તો મારી ભૂલની માફી માગવા આવ્યો છું. ફરીથી કોઈ દિવસ આપના ઘરે નહિ આવું. મને માફ કરી દો.' એમ માફી માગીને તે ભાઈ જતા રહ્યા.

## કમળીના રોગમાંથી બચ્યા

વર્ષો પહેલાં નડિયાદમાં કમળાનો રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાયો હતો. ગુરુ પણ કમળાના રોગનો ભોગ બન્યા. દવા અને સારવાર ચાલુ હોવા છતાં ગુરુને કમળામાંથી કમળી થઈ ગઈ. તેઓ નડિયાદની મિશન હૉસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયા. કમળીનો રોગ વહેલી તકે મટી જાય તે માટે પૂજ્ય મોટાને સતત વિનંતી કરતા. હરિઃૐનો મંત્રજાપ સતત ચાલુ રાખ્યો. મંત્રજાપથી અને પૂજ્ય મોટાની દયાથી સારવાર ચાલુ કર્યાના બીજા દિવસથી કમળીનો રોગ ઓછો થવાની શરૂઆત થઈ ગઈ. કમળીનો રોગ મટી ગયો. ડૉક્ટરની

સલાહ મુજબ ગુરુ હૉસ્પિટલમાં દસ દિવસ વધુ રોકાયા. ડૉક્ટરની સલાહ મુજબ ત્રણ માસ તેમણે ખોરાક લીધેલો નહિ. લીલા નાળિયેરનું પાણી, પપૈયું, તડબૂચ, શેરડી, ટામેટાનો સૂપ, મગનું પાણી-આ બધાંને આધારે ત્રણ માસ પૂરા કર્યા. ધીરે ધીરે તેમણે ખોરાક લેવાનો ચાલુ કર્યો. શરીર પહેલાંના કરતાં સારું અને તંદુરસ્ત બનેલું. ખરા દિલથી કરેલી પ્રાર્થના **મોટા** સાંભળે છે અને મદદ કરે છે, તેનો ગુરુને આ સચોટ અનુભવ થયો.

## બોનસના પ્રશ્નમાં પૂજ્ય મોટા તથા પૂજ્ય બાપુની મદદ

દરેકના જીવનમાં કસોટીના પ્રસંગો આવતા જ હોય છે. આવા કસોટીના પ્રસંગોએ જો શાંતિ, ધીરજ અને સહન-શીલતાથી કામ લેવામાં આવે તો વ્યક્તિમાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને ભક્તિમાં વધારો થાય છે. ગુરુના જીવનમાં સંવત ૨૦૫૯ના દિવાળીના દિવસોમાં કપરી કસોટીનો પ્રસંગ ઊભો થયો.

તે વેળા ગુરુ મજૂર મહાજનમાં જનરલ સેક્રેટરી અને પ્રમુખની એમ બેવડી ફરજો બજાવતા હતા.

કારીગરોને દર દિવાળીએ મિલમાંથી દિવાળીના તહેવારોની ઉજવણી માટે બોનસ આપવામાં આવે છે. બોનસની રકમ કારીગરોને આપવી તે મિલ માટે ફરજિયાત છે. આમ છતાં બોનસ તરીકે કેટલી રકમ આપવાની, કઈ રીતે આપવાની અને ક્યારે આપવાની તે બાબતે દર દિવાળી વખતે કારીગરો અને મિલ વચ્ચે પ્રશ્નો ઊભા થતાં. તેમાં મહાજન વચ્ચે પડીને પ્રશ્નોનું સુખદ નિરાકરણ કરી આપે છે.

વિક્રમ સંવત ૨૦૫૯ની દિવાળી વખતે મિલને અગાઉની પરંપરા પ્રમાણે કારીગરોને લગભગ ૧૩૫ લાખ રૂપિયા બોનસના ચૂકવવાના થતા હતા. અગાઉની પરંપરા બંધ કરીને મિલે બોનસના કાયદા મુજબ ૬૨ લાખ રૂપિયા બોનસ તરીકે આપવાની જાહેરાત કરી. આથી, કારીગરોમાં ઉશ્કેરાટ ફેલાયો. બોનસના કાયદા પ્રમાણે બોનસ સ્વીકારવામાં આવે તો કારીગરોને ૭૩ લાખ રૂપિયા ઓછા મળે તેમ હતું. મિલના કારીગરોએ તેમની સમજ અને સહનશીલતાના લીધે ધાંધલ ધમાલ કરી નહિ કે ઉત્પાદન પણ ઓછું થવા દીધું નહિ.

બોનસના પ્રશ્ને કારીગરોમાં વધતાં અસંતોષને લીધે મુંબઈની ઑફિસથી મુખ્ય અધિકારીશ્રી નડિયાદ આવ્યા. તેમણે કારીગરોની એક બેઠક બોલાવી. કારીગરોના પ્રતિનિધિઓએ પોતાની વાત શાંતિથી અને સંયમપૂર્વક તે અધિકારી સમક્ષ રજૂ કરી. અધિકારીશ્રીએ બધી વાત સાંભળ્યા પછી તેમણે કારીગરોને ૬૨ લાખ રૂપિયાને બદલે ૯૯ લાખ રૂપિયા બોનસ જાહેરાત કરી. આ જાહેરાતથી પણ કારીગરોને ૩૬ લાખ રૂપિયા ઓછા લેવાના થતા હતા. મિલની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કચવાતા મને પ્રતિનિધિ મંડળે તે જાહેરાત માન્ય રાખી. બોનસની રકમ એક જ હપતેથી આપવા પ્રતિનિધિ મંડળે માગણી કરી, જે મિલે માન્ય રાખી નહિ. મિલ પાસે આટલી મોટી રકમ હાથ ઉપર ન હતી, એટલે મિલે બોનસની રકમ ત્રણ હપતે આપવામાં આવશે તેવી જાહેરાત કરી. દિવાળીના તહેવારો ના બગડે એટલે કારીગરોએ પહેલા હપતાની આશરે ૫૦ લાખ રૂપિયા જેટલી રકમ દિવાળીના તહેવારો પહેલાં લઈ લીધી.

બોનસની રકમમાં અને તેની વહેંચણીમાં મહાજન પક્ષે કોઈ ભૂલચૂક નહિ હોવા છતાં મહાજનના કાર્યકર્તાઓને ટેન્શનમાં રહેવું પડ્યું. મહાજનની સભાસદ સંખ્યામાં પણ તેની અસર પડી. સભાસદોની સંખ્યામાં પણ બોનસના પ્રશ્નને લઈને મોટો ઘટાડો થયો. બોનસનો પ્રશ્ન શાંતિથી પતી જાય એ માટે ગુરુ પૂજ્ય મોટાને સતત પ્રાર્થના કરતા રહેતા.

બોનસનો પ્રશ્ન સારી રીતે ઉકલે તે માટે ઉત્તરસંડા પાસે આવેલા ફતેપુરા ગામના શિવાલયના બાપુએ પણ ગુરુને મદદ કરી. ફતેપુરા શિવાલયમાં ગુરુ અવારનવાર મંત્રજાપ કરવા જાય છે. એ રીતે એક દિવસે તેઓ શિવાલયમાં મંત્રજાપ કરીને બાપુને પગે લાગ્યા. બાપુએ ગુરુને પૂછ્યું કે 'આ વખતની દિવાળી કેવી જશે ?' ગુરુએ બધી જ વાત વિસ્તારથી કહી. બાપુએ કહ્યું કે 'ચિંતા કરશો નહિ, બધું શાંતિથી પતી જશે. બોનસ અંગે મુંબઈથી અધિકારી કઈ તારીખે નડિયાદ આવવાના છે અને તેમની સાથે કેટલા વાગે મિટિંગ કરવાની છે, તેની મને જાણ કરવા તમે રૂબરૂ આવી જજો.'

મિટિંગની તારીખ અને સમય નક્કી થતાં ગુરુ બાપુને મળવા ફતેપુરાના શિવાલયે ગયા. શિવાલયમાં તેમણે મંત્રજાપ કર્યો. બાપુને પગે લાગીને મિટિંગની તારીખ અને સમયની જાણ કરી. બાપુએ તે વખતે કેટલીક ધાર્મિક વિધિ કરી. અને કહ્યું કે 'બધું શાંતિથી પતી જશે.' આમ, પૂજ્ય મોટા અને પૂજ્ય બાપુના આશીર્વાદથી એ પ્રશ્ન સુખરૂપ પતી ગયો.

•

॥ હરિઃૐ ॥

# સેવાની મહેક

**(નાત-જાત-ધર્મ તથા સંપ્રદાયના ભેદભાવ વગર બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર, રાજપૂત, દરજી, કંસારા, ખ્રિસ્તી, હરિજન, મુસલમાન વગેરેને મિત્રોની મદદથી મદદરૂપ થવાનું બનેલું છે. કયા મિત્રે કોને મદદ આપી-કરી તે અંગેનો ઉલ્લેખ નહિ કરવાનું સમજી વિચારીને મદદ આપનારની ઈચ્છા પ્રમાણે નામો જાહેર કરેલ નથી.)**

## ગરીબો પ્રત્યે કૂણી લાગણી

મંગળદાસભાઈનું-ભગતનું મિત્રમંડળ ખૂબ જ વિશાળ છે. આર્થિક રીતે તો તેમના ઘણા મિત્રો ખૂબ જ સમૃદ્ધ છે. સમાજનું કોઈ પણ સેવાનું કામ ભગત-ગુરુ ઉપાડે ત્યારે તેમના મિત્રમાંના કેટલાય મિત્રો આર્થિક મદદ આપતા રહે છે. તેમના મિત્રોને શ્રદ્ધા છે કે મંગળદાસભાઈ સેવાનું કામ હશે ત્યાં જ પૈસા વાપરશે. યોગ્ય જગ્યાએ પૈસા વાપરશે. મિત્રોએ આપેલી મદદ-રકમનો પાઈ પાઈનો હિસાબ તેઓ રાખે છે. જે મિત્રોએ મદદ કરી હોય તેમને હિસાબ જણાવી દે છે. તેમના મિત્રો ક્યારેય હિસાબ માગતા નથી કે જોતા પણ નથી. એમને વિશ્વાસ કે એક પણ પૈસો ખોટો વપરાયો નહિ હોય.

બાળપણમાં ગરીબાઈ જોયેલી એટલે ગરીબ માણસો પ્રત્યે તેમનું વલણ હંમેશાં કૂણું રહે છે. એમના અભ્યાસકાળમાં કે નોકરી દરમિયાન જેમણે તેમનું કામ કરેલું. તેઓને ભણવામાં આર્થિક મદદ કરી હોય કે નોકરીના સમયે તેમને સાથ સહકાર

આપ્યો હોય તેમનાં કામ અંગત રસ લઈને કરેલાં છે અને એ રીતે એમના ઉપકારોનો બદલો તેમણે ચૂકવવા પ્રામાણિક પ્રયત્નો કરેલા છે.

## જોશીભાઈઓ પ્રત્યેની ફરજ અદા કરી

વાલજીભાઈ જોશી અને છગનભાઈ જોશીના એટલા બધા ઉપકારો ભગત ઉપર હતા કે બન્ને ભાઈઓનું કામ કરવા તેઓ હંમેશાં તત્પર રહેતા. વાલજીભાઈના દીકરા ધીરુભાઈને અને છગનભાઈના દીકરા રસિકભાઈને પણ નોકરીએ લગાડવામાં ભગતે મદદ કરેલી. ભગત પોતાના કુટુંબના કે ઓળખીતાઓના છોકરાને જ નોકરીએ લગાડવા માટે જ પ્રયત્નો કરેલા તેવું નથી, ઓળખાણ વગરના પણ નામ પૂછતા તેમની પાસે જેઓ આવેલા તેઓના માટે પણ એમણે પ્રયત્નો કરેલા અને કામે લગાડેલા. નોકરી માટે જેઓ આવતા તેઓને દસ બાર દિવસ પોતાને ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરાવતા અને જરૂરિયાતવાળાને આર્થિક ટેકો પણ કરતા.

## હરિઃૐ આશ્રમમાં યથાશક્તિ મદદ

પૂજ્ય મોટાએ ઈ.સ. ૧૯૫૫ની સાલમાં નડિયાદ પાસે શેઢી નદીના કિનારે 'હરિઃૐ આશ્રમ' સ્થાપ્યો. એ વખતે 'હરિઃૐ આશ્રમ' અને પૂજ્ય મોટા જાહેરમાં આવેલા નહિ. કેટલાક ગણ્યા ગાંઠ્યા માણસો આશ્રમમાં આવતા. પૂજ્ય મોટા કોઈની પાસે આર્થિક મદદ માટે હાથ લાંબો કરતા નહિ. પોતાનાં સ્વજનો પાસેથી જરૂરિયાતવાળી ચીજવસ્તુઓની માગણી તેઓ કરતા. સ્વજનની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને **મોટા** આશ્રમના નિભાવ માટે ચીજવસ્તુઓની માગણી

કરતા. કોઈની પાસે દાળ-ચોખા, તેલ, ચા, મોરસ, સાબુ, ઘઉં વગેરે જેને જે પ્રમાણે કહે તે પ્રમાણે સૌ દરેક મહિને ચીજવસ્તુઓ આશ્રમમાં પહોંચાડી આપતા.

એક દિવસે પૂજ્ય મોટાએ મંગળદાસભાઈને પૂછ્યું, 'ભાઈ, તને દર મહિને કેટલો પગાર મળે છે ?'

'**મોટા**, મને બધો થઈને માસિક એકસો પાંચ રૂપિયા પગાર મળે છે.' મંગળદાસભાઈએ કહ્યું.

પૂજ્ય મોટાએ કહ્યું, 'ભાઈ, તારું મન કબૂલ કરે, ત્યાં સુધી દરેક મહિને સાત રૂપિયા કોલસા લાવવા માટે આશ્રમને આપવાના.'

મંગળદાસભાઈએ રાજી થઈને એટલી રકમ આપવાની હા પાડી. નક્કી થયા પ્રમાણે દર મહિને સાત રૂપિયા આશ્રમમાં જઈને તેઓ આપી આવતા. પાછળથી થોડોક પગાર વધ્યો એટલે દસ રૂપિયા આપવાનું ચાલુ કર્યું. પાછળથી તો આશ્રમના નિભાવ માટે અને પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની અનન્ય લાગણીને લીધે દર વર્ષે પોતાની શક્તિ મુજબની રકમ આશ્રમમાં આપતા રહ્યા છે. આશ્રમમાં જે રકમ આવતી, તે રકમ પૂજ્ય મોટા સમાજના ઉત્થાનમાં વાપરતા.

મંગળદાસભાઈના સ્વજન મુ. શ્રી વાલજીભાઈ જોશી દર મહિને ત્રણ શેર તેલ આપતા. પાછળથી તેમાં વધારો કરીને પાંચ શેર તેલ આપવાનું તેમણે શરૂ કરેલું. આમ, આશ્રમનાં સ્વજનો યથાશક્તિ ચીજવસ્તુઓની મદદ કરતા.

### હું તમારી સાથે રહેવાનો છું

દિવસે દિવસે આશ્રમમાં આવનારની સંખ્યા વધવા લાગી.

પૂજ્ય મોટાનાં દર્શને ખેડા જિલ્લાના તમાકુના મોટા મોટા વેપારીઓ તથા આર્થિક રીતે સુખી માણસો પણ આવવા લાગ્યા.

એક દિવસ વહેલી સવારે મંગળદાસભાઈ અને વાલજીભાઈ જોશી બન્ને જણા આશ્રમે પૂજ્ય મોટાનાં દર્શન કરવાં માટે ગયા. બહાર ત્રણ ચાર ગાડીઓ પડેલી જોઈને વાલજીભાઈએ મંગળદાસભાઈને ટકોર કરી કે 'મંગળદાસ ! **મોટા** પાસે હવે સુખી અને સમૃદ્ધ માણસો આવતા થયા છે, એટલે હવે આપણો ક્લાસ રહેવાનો નહિ.' આમ વાતો કરતાં કરતાં બન્ને જણા આશ્રમમાં દાખલ થઈ પૂજ્ય મોટાને પગે લાગીને એક બાજુએ બેઠા કે તરત જ પૂજ્ય મોટાએ વાલજીભાઈને કહ્યું કે 'વાલજીભાઈ, નડિયાદમાં મને કોઈ ઓળખતું ન હતું ત્યારથી તમે બન્ને જણા કોઈ પણ જાતની અપેક્ષા વગર મને આશ્રમ ચલાવવા માટે કોલસો અને તેલ આપો છો, તેની કિંમત મારે મન ખૂબ જ વધારે છે. અહીંયાં બેઠેલાં બધાં ભક્તિભાવથી આવ્યાં છે તેવું નથી. **તમારા બન્ને માટે મારામાં જે ભાવ છે, તે ભાવમાં ક્યારેય ઓટ આવવાની નથી. હું તમારી સાથે જ રહેવાનો છું.**'.

પૂજ્ય મોટાની અંતર્યામી શક્તિનો આ પ્રથમ અનુભવ બન્નેને થયેલો. **'હું તમારી સાથે જ રહેવાનો છું.'** એ **મોટા**નું વચન હતું. એનો અનુભવ વાલજીભાઈના ફેફસાંના ઑપરેશન વખતે થયો. મંગળદાસભાઈના દીકરા ગુરુપ્રસાદ અને પત્ની હીરાબાના અવસાન વખતે અને ત્યાર બાદ તો અનેક પ્રસંગોમાં પૂજ્ય મોટાની હાજરીનો અને મદદનો અનુભવ મંગળદાસભાઈને થતો રહ્યો છે.

## સેવાયજ્ઞ

મંગળદાસભાઈના સેવાયજ્ઞમાં એમના પચીસ જેટલા મિત્રોનો પૂરેપૂરો સહકાર મળતો રહ્યો છે. ગરીબ પણ લાયક વિદ્યાર્થીઓને ફી, ગણવેશ, ચોપડીઓ, નોટબુકો વગેરેનો ટેકો તેઓ કરતા રહ્યા છે. ગરીબ વિધવા બહેનને એક વર્ષ ચાલે તેટલું અનાજ વગેરે પહોંચાડેલું છે. ગરીબ સુવાવડી બહેનોને દવાઓ, ગુંદરપાક વગેરે આપવાનું કાર્ય કર્યું છે. કેટલાક બનાવો જે ખૂબ જ ધ્યાન ખેંચે તેવા છે, તે સાદર રજૂ કર્યા છે.

## ડૉક્ટરીના અભ્યાસમાં મદદ

એક ગરીબ કુટુંબની આ વાત છે. મા સીવવાનો સંચો ચલાવે અને લોકોનાં ઘરનાં નાનાં મોટાં કામ કરે. બાપ ફેરી કરે. બન્નેની આવકમાંથી માંડમાંડ જીવનગુજારો થાય. એમના ત્યાં એક દીકરો. દીકરો ભણવામાં ખૂબ હોશિયાર. એને મેડિકલમાં અભ્યાસ કરવા માટે ઍડ્મિશન મળ્યું. આર્થિક મદદ વગર તે દીકરો મેડિકલનો અભ્યાસ કરી શકે તેમ ન હતો. જિંદગી અંધકારમય લાગવા માંડી. મંગળદાસભાઈને કોઈકે આ છોકરા વિશે વાત કરી. મંગળદાસભાઈને પણ લાગ્યું કે ખરેખર આ છોકરાને મદદ કરી હોય તો એનું જીવન બની જાય. ખાનગી રીતે એ છોકરાના કુટુંબ વિશે માહિતી મેળવી. છોકરાના ઘરની સ્થિતિ ખૂબ જ ખરાબ હતી એ જાણ્યું. એમણે પોતાના એક વેપારી મિત્રને આ છોકરાને મદદ કરવા માટે કહ્યું. એ વેપારી મિત્રે મોટી રકમની મદદ કરી જેનાથી પેલો છોકરો ડૉક્ટરીનો અભ્યાસ કરી શક્યો.

## ટી. બી.ની સારવારમાં મદદ

લગભગ ત્રીસ વર્ષ પહેલાંનો આ પ્રસંગ છે. એ વખતે એક દીકરીની ઉંમર આશરે બાર વર્ષની હશે. હાઈસ્કૂલમાં અભ્યાસ કરે. તેની તબિયત સતત નરમ ગરમ રહે. ડૉક્ટરોએ નિદાન કર્યું કે એ દીકરીને ટી.બી. થયો છે. એક વર્ષ સુધી સારવાર કરાવવી પડે તેમ હતું. સારવાર ના કરાવે તો કદાચ મરણ પણ થાય. સારવાર ના કરાવે અને કદાચ લાંબું જીવે તો ઉંમર થયે સગપણ કરવાનો સવાલ ઊભો થાય. કોઈ છોકરો તેની સાથે લગ્ન કરવા તૈયાર ના થાય. માબાપની સ્થિતિ સામાન્ય. એક વર્ષ સુધી સારવારનો ખર્ચ ઉપાડી શકે તેવી સ્થિતિ તેમની ન હતી. એક ઓળખીતાને લઈને એ છોકરીના બાપ ભગતની પાસે આવ્યા. દીકરીની બીમારી અને સારવારની વાત કરી. ભગતને લાગ્યું કે આ દીકરીને જો જરૂરી સારવાર નહિ મળે તો તેની જિંદગી અંધકારમય બની જશે. પોતાના ત્રણ મિત્રોને આ દીકરી વિશે વાત કરી. એ મિત્રોએ પેલી દીકરીની સારવારની બધી જવાબદારી સ્વીકારી લીધી. આ ત્રણ મિત્રોમાં એક ડૉક્ટર મિત્ર પણ હતા. આ ડૉક્ટર મિત્રે પોતાના ખર્ચે ઇંજેક્ષન, દવા અને સારવાર આપી. બે મિત્રોએ ભેગા થઈને દરરોજનું ૨૦૦ ગ્રામ દૂધ, એક ઈંડું અને દરરોજ શીરાના ખર્ચની વ્યવસ્થા કરી. એક વર્ષ સુધી સારી સારવાર, દવાઓ અને સારો ખોરાક મળતાં તે દીકરીનો રોગ મટી ગયો. તેનાં લગ્ન પણ થયાં અને બાળકો પણ થયાં. તેનો ઘરસંસાર આજે ખૂબ જ સારી રીતે ચાલી રહ્યો છે.

## કૉલેજના અભ્યાસમાં મદદ

ઈ.સ. ૧૯૮૬ની સાલની આ વાત છે. એક દીકરો મજૂર મહાજન સંઘની ઑફિસે આવ્યો અને મંગળદાસભાઈની સામે વિનયપૂર્વક પગે લાગી ઊભો રહ્યો. મંગળદાસભાઈએ તે ભાઈને ખુરશીમાં બેસવા કહ્યું અને આવવાનું પ્રયોજન પૂછ્યું. તે ભાઈએ કહ્યું કે, 'મારે બારમા ધોરણમાં સિત્તેર ટકા માર્ક્સ આવ્યા છે. આગળ ભણવાની ઈચ્છા છે પણ માબાપની સ્થિતિ સારી નથી. એટલે કૉલેજનો ભાર તેઓ ઉપાડી શકે તેમ નથી. માબાપની ઈચ્છા છે કે હું કંઈક નાની મોટી નોકરી સ્વીકારું તો ઘરમાં થોડોક ટેકો થાય. મારી ત્રણ બહેનો ભણે છે. બાપા નોકરી કરે છે અને બા સીવણનું કામ કરે છે. મને જો આર્થિક મદદ મળે તો હું કૉલેજમાં ભણી શકું અને સારી નોકરી મેળવી શકું. હું આપને ખાતરી આપું છું કે કૉલેજમાં હું સારા ગુણ મેળવીને ડિગ્રી મેળવીશ.' મંગળદાસભાઈએ તેની સાથેની વાતચીતમાં તેના ઘરનું સરનામું મેળવી લીધું. બીજા દિવસે તેના ઘરની આર્થિક સ્થિતિની તપાસ કરાવી. પેલા છોકરાની બધી જ વાત સાચી નીકળી. મંગળદાસભાઈનો પગાર એટલો બધો નહિ કે કૉલેજનાં ચાર વર્ષનો આર્થિક ભાર ઉપાડી શકે. તેમણે પોતાના ચાર મિત્રોને આ બાબતમાં વાત કરી. ચારે મિત્રોએ એક એક વર્ષનો બધો જ ખર્ચ ઉપાડી લીધો. ચાર વર્ષ બાદ તેણે ખૂબ મહેનત કરીને પ્રથમ વર્ગમાં ડિગ્રી મેળવી. કોઈની પણ લાગવગ કે ડોનેશન વગર તેને સારા પગારની નોકરી મળી અને તેનું કુટુંબ સુખી થયું.

## બાળકને કૅન્સર થતું બચાવ્યું

લગભગ બારેક વર્ષ પહેલાંનો આ બનાવ છે. એક ભાઈના પાંચ વર્ષના બાળકની તબિયત સતત નરમ ગરમ રહેતી. બાળકને સારો એવો ખોરાક આપી શકે તેવી ઘરની પરિસ્થિતિ નહિ. બાળક ખૂબ જ બીમાર પડ્યું. લૅબોરેટરી ટેસ્ટ કરાવ્યો. લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ખૂબ જ ઓછું જણાવ્યું. સમયસર જો સારી સારવાર આપવામાં ન આવે તો બાળકને બ્લડ કૅન્સર થવાની શક્યતા હતી. માબાપ બાળકની ખૂબ ચિંતા કરતાં પણ કરે શું ? સારવારમાં નાણાં ખર્ચી શકે તેવી તેમની સ્થિતિ નહિ. ભગતને આ બાબતની કોઈકે જાણ કરી. તે બાળક અને તેનાં માબાપની સંપૂર્ણ માહિતી મેળવી અને મનમાં નક્કી કર્યું કે આ બાળકને કોઈ પણ હિસાબે બચાવી લેવો. પોતાના ડૉક્ટર મિત્રને આ બાબતમાં વાત કરી. બીજા એક વેપારી મિત્રને પણ વાત કરી. તેમના આ બન્ને મિત્રોએ આ બાળકની સારવારની સંપૂર્ણ રીતે જવાબદારી ઉપાડી લીધી. હાલ એ બાળકની તંદુરસ્તી ખૂબ જ સારી છે અને બીજા મિત્રોની આર્થિક મદદથી તે કૉલેજમાં અભ્યાસ કરી રહ્યો છે.

## ત્રણ બાળકોને ઘી દૂધની મદદ

પંદરેક વર્ષ પહેલાં એક ભાઈ, ભગતને મળવા માટે કંઈક કામ અંગે આવેલા. તેમની સાથે તેમનું એક દૂબળું પાતળું બાળક હતું. તેમની સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે તેમને ત્રણ બાળકો છે. ત્રણે બાળકો અપોષણનો ભોગ

બનેલાં છે. ભગતે પૂછ્યું, 'બાળકોને ઘી દૂધ ખવડાવો છો કે નહિ ? આ બાળક તો જુઓ, કેટલું દૂબળું છે !'

તે ભાઈની આંખમાં આંસુ આવી ગયાં. કહે, 'સાહેબ ! અમારાં બાળકોને ઘી દૂધ તો ક્યાંથી જોવા મળે ? ઘરમાં પાશેર દૂધ લાવીએ છીએ, તેની ચા બનાવીએ છીએ. કુટુંબના સભ્યો ચા અને રોટલા ખાઈએ છીએ.'

પેલા બાળકને જોઈને મનમાં કરુણા ઊપજી. આ બાળકોને માટે દૂધ ઘીની વ્યવસ્થા કરી શકાય તો સારું તેમ ભગત વિચારવા લાગ્યા. તેમના એક મિત્ર જે અત્યારે ખૂબ જ સુખી છે. તેઓએ બાળપણમાં ખૂબ જ ગરીબી અનુભવેલી તેમને પણ બાળપણમાં ઘી દૂધ ઓછા પ્રમાણમાં મળેલાં. નાની મોટી મજૂરી કરીને તેઓ ભણેલા. આ મિત્રને વાત કરી. આ મિત્રને ભગતની વાત ગમી ગઈ અને પેલાં ત્રણ બાળકોને માટે દરરોજનું પાંચસો ગ્રામ દૂધ અને દર મહિને પાંચસો ગ્રામ ઘી આપવાની જવાબદારી મિત્રે ઉપાડી લીધી. સાત વર્ષ સુધી તેમણે પેલાં બાળકોને દૂધ અને ઘીની મદદ કરી.

## ઑપરેશનમાં મદદ

આશરે દસેક વર્ષ પહેલાંની વાત છે. એક દીકરી હાઈસ્કૂલમાં ભણે. તેના પગે ગાંઠ નીકળી. આ ગાંઠ દિવસે દિવસે વધતી ચાલી. આનો દુખાવો સતત રહ્યા કરે. આ દિવસોમાં તેના સગપણની વાત ચાલી. એને જોવા આવનાર છોકરાઓ ગાંઠ જોઈને ના પાડી દે. છોકરી દેખાવે સુંદર પણ પગે ગાંઠ નીકળેલી તેના લીધે ચાલવાથી પગમાં દુખાવો થાય એટલે સહેજ લંગડાતી ચાલે. દવાઓ ખૂબ જ કરાવી પણ

ગાંઠ ઓછી થઈ નહિ. ઑપરેશન કર્યા વગર ચાલે તેમ ન હતું. ભગતે એમના એક મિત્રને આ બાબતમાં વાત કરી. એ મિત્રે ઑપરેશનનો બધો જ ખર્ચ ઉપાડી લીધો. ઑપરેશન બાદ તેનું વેવિશાળ પણ થયું અને લગ્ન પણ થઈ ગયાં.

## કમળાના દર્દીને સહાય

આશરે ચાર પાંચ વર્ષ ઉપર નડિયાદ શહેરમાં કમળાના રોગે જોર પકડેલું. દરેક ઘરમાં કોઈ ને કોઈ કમળાના રોગમાં ઝડપાયેલું. દવાખાનાંઓમાં કમળાનાં દર્દીઓ કીડિયારાની જેમ ઊભરાવાં લાગ્યાં. ઘરકામ, વાસણ, કપડાં, પોતું-કચરો વગેરે પરચૂરણ કામ કરતાં એક બહેનની દીકરી કમળાના રોગમાં ઝડપાઈ. આ બહેન ખૂબ જ ગરીબ એટલે દીકરીના કમળાના રોગની સારવાર કરાવી શકે તેમ ન હતી. જો સમયસર કમળાની દવા કરવામાં ન આવે તો કમળામાંથી કમળી થઈ જાય અને જીવનું જોખમ ઊભું થાય. ભગતના એક મિત્રને ભગવાનની દયાથી દીકરા છે પણ દીકરી નથી. તેમને આ દીકરીની બીમારીની વાત કરી. મિત્રે એ દીકરીની સારવારનો બધો ખર્ચ ઉપાડી લીધો. સારવાર લગભગ બે માસ ચાલેલી. કમળાના રોગમાં દર્દીને જે ખોરાક આપવામાં આવે, તે ખોરાક પણ મિત્રે પૂરો પાડ્યો. બે માસની સારવાર બાદ એ દીકરીને કમળો મટી ગયો. ત્યાર બાદ તેનાં લગ્ન થયાં. આજે એ દીકરી તેના સાસરે સુખી છે.

## સ્કૂલના અભ્યાસમાં મદદ

એક કુટુંબની આ વાત છે. પતિપત્ની અને ત્રણ બાળકોનું એક કુટુંબ. આ ભાઈનો પોતાનો ધંધો બરાબર ચાલે નહિ.

માંડમાંડ ખર્ચા નીકળી, તેમાં ત્રણ બાળકોને ભણાવવાનું ખર્ચ તો ક્યાંથી ઉપાડી શકે ? મ્યુનિસિપલ ગુજરાતી શાળામાં પાંચમા ધોરણ સુધી બાળકોને ભણાવ્યાં. સારી સ્કૂલમાં બાળકોને ભણાવવાની ઈચ્છા, પણ ખર્ચમાં પહોંચી વળાય તેમ ન હતું. ભગતે તેમના ત્રણ મિત્રોને આ બાળકોના અભ્યાસ માટે મદદરૂપ થવા કહ્યું. ત્રણ મિત્રોએ છઠ્ઠા ધોરણથી દસમા ધોરણ સુધીનો ત્રણે બાળકોનો ખર્ચ ઉપાડી લીધો. ફી, ગણવેશ, ચોપડીઓ, નોટબુકો, ગાઈડો, પેન્સિલ-બોલપેન-કંપાસબૉક્સ, પગરખાં વગેરે તમામની મદદ કરી. આજે ત્રણમાંથી એક ભાઈ નોકરીએ લાગ્યો છે. બહેન પરણીને સાસરે ગઈ છે અને બીજો ભાઈ આગળ અભ્યાસ કરે છે.

## પથરીના દર્દીને સહાય

આશરે પાંચ વર્ષ ઉપર એક બાળકને પથરીનો દુખાવો ઊપડ્યો. સહન કરી ના શકાય તેવો દુખાવો હતો. તે બાળકને દવાખાને લઈ જવામાં આવ્યો. ડૉક્ટરે પથરીનું નિદાન કર્યું. ઑપરેશન દ્વારા કે લેસર કિરણો દ્વારા પથરીને તોડીને પેશાબ દ્વારા ટુકડા બહાર કાઢ્યા વગર છૂટકો ન હતો. બાળકની ઉંમર નાની એટલે ઑપરેશન કે લેસર કિરણો દ્વારા સારવાર લેવાનું યોગ્ય ના લાગ્યું. એટલે દવા સારવારથી પથરી ઓગાળી. ટુકડા કરી પેશાબ વાટે બહાર કાઢવાનું નક્કી કર્યું. પાંચ વર્ષથી આ સારવાર ચાલે છે. તેનું બધું જ ખર્ચ તેમના એક મિત્ર આપ્યા કરે છે.

## ગર્ભાશયના ઑપરેશનમાં મદદ

એક બહેનને ગર્ભાશયનું કૅન્સર થયું. યોગ્ય સારવાર ના થાય તો જીવનું જોખમ ઊભું થાય તેમ હતું. ગર્ભાશયનું

ઑપરેશન કરાવ્યા વગર ચાલે તેમ ન હતું. ઑપરેશનનું અને સારવારનું ખર્ચ ઉપાડી શકે તેવી સ્થિતિ એ બહેનની નહિ. એ બહેનના પતિ ભગતના એક મિત્રને સાથે લઈને મહાજનની ઑફિસે આવ્યા. દેખાવ ઉપરથી જ લાગતું હતું કે તેમની સ્થિતિ સારી નથી. ભગતને પોતાની પત્નીના ઑપરેશનની વિગતે વાત કરી. ભગતના એક મિત્ર, જેમનાં પત્ની થોડાંક વર્ષો પહેલાં ગુજરી ગયેલાં. તેમને ભગતે વાત કરી. આ મિત્રે ઑપરેશન અને સારવારનો બધો ખર્ચ ઉપાડી લીધો. એ બહેન હાલ હયાત છે અને તંદુરસ્ત જિંદગી જીવે છે.

## ટી. બી.ના દર્દીને સહાય

મિલમાં કામ કરતા એક ભાઈ નાદુરસ્ત તબિયતને કારણે લગભગ ૧૫ વર્ષ પહેલાં મિલમાંથી રાજીનામું આપીને છૂટા થયેલા. ઘણાં વર્ષો સુધી તેઓએ મહાજનના પ્રતિનિધિ તરીકે સંનિષ્ઠ સેવા આપેલી. છૂટા થયા બાદ મહાજન પ્રત્યેના પ્રેમને લીધે તેઓ ઑફિસમાં આવતા અને પરચૂરણ કામ ખૂબ જ પ્રેમ અને નિષ્ઠાથી કરતા. દિવસે દિવસે તેમની તબિયત બગડતી ચાલી. ડૉક્ટરે ટી.બી.ના દર્દનું નિદાન કર્યું. એમના દીકરાઓની આર્થિક સ્થિતિ ખરાબ એટલે સારવારનું ખર્ચ ઉપાડી શકે તેમ ન હતા. વર્ષો સુધી મહાજનની ખૂબ જ સેવા કરેલી એટલે ગુરુને વિચાર આવ્યો કે તેમની સારવારમાં કંઈક મદદ કરવી જોઈએ. એમના એક ડૉક્ટર મિત્રને તેમણે વાત કરી. ડૉક્ટર મિત્રે પેલા ભાઈને એક વર્ષ સુધી દવા-ઇંજેક્ષન વગેરેની મદદ કરી. બીજા એક મિત્રે એક વર્ષ સુધી દરરોજના એક ઈંડા પ્રમાણેની રકમ આપી. ત્રીજા એક મિત્રે એક વર્ષ સુધી

દરરોજના ૨૦૦ ગ્રામ લેખે દૂધના પૈસાની મદદ કરી. ચોથા એક મિત્રે દરરોજ એક વર્ષ સુધી શીરો ખાઈ શકે તે માટેના ખર્ચની મદદ કરી. આ ભાઈને ટી. બી.નો રોગ મટી ગયો, તંદુરસ્તી પણ સારી થઈ અને ત્યાર બાદ તેઓ દસ વર્ષ સુધી તંદુરસ્ત જિંદગી જીવ્યા.

**એમ. એલ. ટી.ના અભ્યાસમાં સહાય**

એક દીકરીએ બી.એસસી. માઈક્રો સુધીનો અભ્યાસ કરેલો. તે દીકરીને લૅબોરેટરીમાં નોકરી મળે તે માટે એમ. એલ. ટી.નો અભ્યાસ કરવાની ઇચ્છા હતી. માબાપ પાસે દીકરીને આગળ અભ્યાસ કરાવવા માટેની પૈસાની સગવડ ન હતી. ભગતે તે દીકરીના બાપને મળવા માટે બોલાવ્યા. દીકરીના બાપ ઑફિસે મળવા આવ્યા. ભગતે કહ્યું કે 'ભાઈ ! દીકરી ભણવામાં હોશિયાર છે. એમ. એલ. ટી.નો અભ્યાસ કરવા ઇચ્છે છે. જો તે એમ. એલ. ટી. થશે તો તેને સારી નોકરી મળશે. પોતાની લૅબોરેટરી શરૂ કરવી હશે તોપણ તે કરી શકશે અને સારી જિંદગી દીકરી જીવી શકશે.'

પોતાની ખરાબ આર્થિક સ્થિતિની વાત બીજા આગળ કહેતાં તેઓ સંકોચાતા હતા. ભગત આખી વાત સમજી ગયા. તેમણે પેલા ભાઈને કહ્યું કે 'દીકરીના અભ્યાસ માટે મદદ મળે તો તમો દીકરીને આગળ ભણાવવા રાજી ખરા ?'

પેલા ભાઈ નીચી નજરે માથું હલાવી હા પાડી.

'સારું ત્યારે ! દીકરીને એમ. એલ. ટી.ના અભ્યાસ માટે ઍડ્મિશન મેળવી લો. બધું કામ ભગવાનની કૃપાથી પાર પડી જશે.'

ભગતે પોતાના એક મિત્રને આ બાબતની વાત કરી. તે મિત્રે એમ. એલ. ટી.ના અભ્યાસનો તમામ ખર્ચ ઉપાડી લીધો. હાલ એ દીકરી સરકારી ખાતામાં નોકરી કરે છે ને સુખી છે.

**વિઝા મળ્યા**

એક દીકરી. ઊજળો વાન, તેજસ્વી આંખો અને ભગવા રંગનાં કપડાં પહેરે ત્યારે તો કોઈ તપસ્વિની જેવી લાગે. ભગત કરતાં એ દીકરી ખૂબ જ નાની ઉંમરની છતાં ભગત તેને લાડમાં વડીલ કહીને સંબોધતા. તે દીકરી બોલવામાં ખૂબ વિવેક અને વિનય રાખે. ગુરુ તેને પોતાની દીકરીની જેમ રાખે. ભણવામાં તે ખૂબ જ હોશિયાર હતી. આગળ અભ્યાસ કરવા માટે પરદેશ જવાની ઇચ્છા હતી. દીકરી ભગતને 'ગુરુજી' કહીને બોલાવે.

એક દિવસે તે દીકરી ભગતને મળવા માટે આવી અને વિયનપૂર્વક બોલી 'ગુરુજી, મારે આગળ અભ્યાસ કરવા પરદેશમાં જવું છે. મારે શું કરવું ?'

'અરે ! એ તો બહુ સારી વાત છે. અભ્યાસ કરવા માટે પરદેશ તું જાય તો એ મને ગમશે.'

તે દિવસે એ દીકરીએ પરદેશ જવાનું નક્કી કરી નાખ્યું. પાસપોર્ટ તૈયાર કરાવ્યો અને વિઝા લેવા માટે તે મુંબઈ ગઈ. વિઝા ના મળ્યા. નિરાશ થઈને તે નડિયાદ પાછી આવી. બીજા દિવસે ગુરુજીને મળવા માટે ગુરુના ઘરે તે દીકરી આવી. આંખમાં ઝળઝળિયાં સાથે બોલી 'ગુરુજી, હું આગળ ભણવા માટે પરદેશ નહિ જઈ શકું. મને વિઝા ના મળ્યા.'

'અરે, એક પ્રયત્નમાં નિષ્ફળ જવાથી કંઈ જિંદગી હારી જવાતી હશે ? ફરીથી વિઝા માટે લાઇનમાં ઊભા રહેવાનું. ભગવાનની ઇચ્છા હશે તો તને વિઝા મળી જશે. તને ભગવાનમાં શ્રદ્ધા છેને ?' ગુરુએ આશ્વાસન આપતાં કહ્યું.

'મને ભગવાનમાં તો શ્રદ્ધા છે જ.'

'કયા ભગવાનમાં ?'

તે દીકરીએ કહ્યું, 'મને મહાદેવમાં શ્રદ્ધા છે.'

'તું વિઝા લેવા જાય ત્યારે 'ૐ નમઃ શિવાય'નો મંત્ર બોલતી બોલતી જજે.' ગુરુએ કહ્યું.

તે દીકરીના પપ્પાને શીરડીવાળા પૂ. સાંઈબાબામાં શ્રદ્ધા. તેઓ શીરડી ગયેલા, તે વખતે તેઓ શીરડીમંદિરમાંથી ઉદી (ભસ્મ) લાવેલા. ગુરુજીએ કહ્યું કે તું વિઝા માટે ઑફિસમાં જાય ત્યારે પેલી ઉદી લઈ જવાની અને તે ઉદીને જીભ ઉપર મૂકવાની અને 'ૐ નમઃ શિવાય'નો મંત્ર જપવાનો. ભગવાન સદાશિવ તારું કામ જરૂરથી કરશે.'

તે દીકરી વિઝા લેવા માટે ફરીથી મુંબઈ ગઈ. ગુરુજીએ જણાવ્યા પ્રમાણે તેણે કર્યું. વિઝા મેળવવા માટે ઑફિસમાં ગઈ. ત્યાં તેની કોઈ પણ જાતની પૂછપરછ કર્યા વગર જાહેરાત થઈ કે 'મિસ... તારા વિઝા મંજૂર કરવામાં આવે છે. તારી ફી ભરી કાઢ.'

પેલી દીકરીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. ન માની શકાય તેવો આ ચમત્કાર હતો. તેની ભગવાન પ્રત્યેની શ્રદ્ધાની આ કસોટી હતી.

એ દીકરી ફી ભરીને વિઝા લઈને ઘેર આવી અને હરખાતી હરખાતી ગુરુજીને મળવા આવી અને બનેલી ઘટના

વિગતવાર કહી. આ દીકરીને પરદેશ ભણવા જવા માટે ગુરુના (ભગતના) એક મિત્ર જેઓ ખૂબ જ સુખી છે તેમણે મોટી રકમ મદદ તરીકે આપી.

## આંતરજ્ઞાતીય લગ્નમાં માર્ગદર્શન

એક દીકરી અભ્યાસ માટે પરદેશ ગઈ. પરદેશમાં તેની સાથે એક દીકરો પણ અભ્યાસ કરે. બન્ને જણાં એકબીજાના પરિચયમાં આવ્યાં અને બન્ને જણાં લગ્ન કરવાં ઈચ્છતાં હતાં. બન્નેની જ્ઞાતિ જુદી જુદી હતી. તેમનું આંતરજ્ઞાતીય લગ્ન બન્નેનાં માબાપને મંજૂર ન હતું. એ દીકરીએ ગુરુજીને પરદેશમાંથી ટેલિફોન કર્યો અને પૂછ્યું કે 'અમારાં લગ્ન માટે બન્નેનાં માબાપનો વિરોધ છે, તો મારે શું કરવું ગુરુજી ?'

ગુરુજીએ કહ્યું કે 'માબાપનો વિરોધ હોય તો લગ્ન નહિ કરવાનાં.'

'બન્નેનાં માબાપ લગ્ન માટે સંમતિ આપે તે માટે મારે શું કરવાનું ?' દીકરીએ પૂછ્યું.

'દીકરી ! જ્યાં સુધી માબાપ લગ્ન માટે સંમતિ ના આપે, ત્યાં સુધી 'ૐ નમઃ શિવાય'ના મંત્રની માળા કરવી અને સતત મંત્રજાપ કરવો.' ગુરુજીએ સલાહ આપી.

દીકરીએ 'ૐ નમઃ શિવાય'નો મંત્રજાપ સતત ચાલુ કરી દીધો. એક વર્ષ બાદ લગ્ન માટે બન્નેનાં માબાપે સંમતિ આપી. એટલું જ નહિ લગ્નમાં માબાપ પણ હાજર રહેલાં.

એટલું તો ચોક્કસ છે કે **ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને મંત્રજાપ કરવામાં આવે તો અશક્ય લાગતું કામ પણ શક્ય બને છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.**

## વચન પાળ્યું

ગુરુજીના એક સ્નેહી ઉંમરમાં તેમનાથી ખૂબ જ નાના છતાં ગુરુજી માટે ખૂબ જ ભાવ રાખે. ગુરુજીને મળવા માટે અવારનવાર મહાજનની ઑફિસે આવે. બન્ને જણા નડિયાદનાં ધાર્મિક સ્થળો-દેવમંદિરોનાં દર્શન કરવા સાથે જાય. પેલા સ્નેહીની આર્થિક સ્થિતિ સામાન્ય પણ ગુરુજી માટે ખૂબ જ પ્રેમ અને શ્રદ્ધા. એક વખતે બન્ને જણા મંદિરે દર્શન કરવા ગયેલા. ત્યાં પેલા સ્નેહીને હાર્ટ એટેકનો હુમલો થયો. દવાખાનામાં તેમને દાખલ કરવામાં આવ્યા. દવાખાનાનું બધું જ ખર્ચ ગુરુજીના એક મિત્રે આપેલું.

એક દિવસે આ સ્નેહી ગુરુજીને મળવા માટે આવ્યા અને કહ્યું કે 'હું હવે વધારે જીવવાનો નથી. મારાં બાળકો નાનાં છે. તેમની દેખભાળ રાખતા રહેજો.'

ગુરુજીએ હા પાડી. માથા ઉપરથી મોટો ભાર ઊતરી ગયો હોય તેમ હળવા બનીને પેલા સ્નેહી ઘરે ગયા. બીજા દિવસે પેલા સ્નેહીના અવસાનના સમાચાર ગુરુજીને મળ્યા.

બાળકોની સાર સંભાળ લેવાની ગુરુજીએ હા પાડી હતી. એટલે એ સ્નેહીના કુટુંબ માટે કંઈક કરવાની ઇચ્છા જાગી. તેમના એક મિત્ર ખૂબ જ ધનવાન છે. તેમને બધી વાત કરી. આ મિત્ર તે બાળકોના અભ્યાસ માટે, દવા સારવાર માટે તથા ઘરની જરૂરિયાતની ચીજવસ્તુઓ લાવવા માટે જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે આર્થિક મદદ આપતા રહ્યા છે.

## વિરોધીને પણ સહાય

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. નડિયાદ ન્યુ શોરોક મિલના એક કારીગર હતા, જે મિલનો ભારોભાર વિરોધ

કરે. મહાજનનો પણ વિરોધ કરે. તે વખતના મિલના મૅનેજરશ્રી શિવાભાઈ સાહેબનો પણ તેઓ વિરોધ કરે. મહાજનના કાર્યકર્તાઓ માટે કારીગરોમાં ખોટો પ્રચાર કરે. ખોટી ખોટી વાતો વહેતી મૂકે. મહાજનને નુકસાન થાય તેવા ભરચક પ્રયત્નો કરતા રહે. એટલું જ નહિ, ગુરુને નોકરીમાંથી દૂર કરવા માટે પણ ખૂબ પ્રયત્ન કરેલા. આ બધાંમાં તેમને ખાસ સફળતા મળેલી નહિ.

એક દિવસ મહાજનની ઑફિસમાં ગુરુજી બેઠા હતા, ત્યાં પેલાં કારીગર ભાઈ આવી પહોંચ્યા. વાત શરૂ કરે તે પહેલાં તો તેઓ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા.

ગુરુજીએ તેમને શાંત પાડ્યા. પીવા માટે પાણી આપ્યું. અને રડવાનું કારણ પૂછ્યું.

પેલા કારીગર ભાઈએ કહ્યું કે ‘મારાં પત્ની બીમાર છે. તેમની દવા સારવાર માટે પૈસાની ખૂબ જ જરૂર છે. મારી પાસે તેમની બીમારીનો ખર્ચ ઉપાડવા માટે પૈસાની સગવડ નથી. અને બીજે ક્યાંયથી મળી શકે તેમ નથી. હું આપના માટે, મહાજન માટે, તેમના કાર્યકર્તાઓ માટે અને મિલ માટે ક્યારેય સારું બોલ્યો નથી. મને માફ કરો અને આમાં મને કંઈક મદદ કરો. સમયસર મદદ નહિ મળે તો કદાચ મારાં પત્ની બચી શકશે નહિ.’

પેલા ભાઈના નકારાત્મક અભિગમથી આખીય મિલ અને મહાજનના કાર્યકર્તાઓ પરિચિત હતા. છતાં ગુરુને લાગ્યું કે આપણે એના કર્યા સામે શા માટે જોવું જોઈએ ? કદાચ એ ભાઈની વાત સાચી હોય તો મદદ માટે કંઈક વિચારવું જોઈએ.

બીજા દિવસે જાતતપાસ કરવા માટે બીજા એક કારીગર ભાઈને લઈને ગુરુ તેના ઘરે ગયા. તેનાં પત્ની બીમાર હતાં અને સારવાર થઈ શકી ન હતી. તે વાત સાચી નીકળી. પેલા ભાઈ ગુરુને પોતાના ઘરે આવેલા જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા અને ફરીથી આંખમાં આંસુ સાથે પગે લાગ્યા.

બીજા દિવસે મંગળદાસભાઈ શિવાભાઈ સાહેબને મળ્યા અને કહ્યું, 'આપના એક કારીગરની પત્ની બીમાર છે. તેમની દવા સારવાર માટે તે કારીગર પાસે પૈસા નથી તો આપ સાહેબ કંઈ મદદ ન કરી શકો ?'

મંગળદાસભાઈએ પેલા કારીગરભાઈનું નામ કહ્યું. શિવાભાઈ સાહેબ નામ સાંભળીને થોડાક ભડક્યા અને કહ્યું, 'આ ભાઈને મદદ માટે રકમ ના આપી શકાય.'

મંગળદાસભાઈએ કહ્યું, સાહેબ, આપે તે કારીગરને રકમ આપવાની નથી પણ તેમનાં પત્નીની સારવાર માટે આપવાની છે. એના બોલ્યા સામું આપે ના જોવું જોઈએ.

શિવાભાઈએ એમને કહ્યું કે 'તમો જવાબદારી લેતા હોવ તો કંઈક વિચારું. એ રકમ સારવારમાં વપરાય તે જોવાનું કામ તમે કરતા હોવ તો મદદ કરું.'

મંગળદાસભાઈએ તે જવાબદારી ઉપાડી લીધી. આર્થિક મદદની રકમ પેલા કારીગરનાં પત્નીની દવા અને સારવાર માટે વપરાય તેની ખૂબ જ કાળજી રાખી, પછી તો પેલા કારીગરભાઈએ શિવાભાઈ સાહેબનો, મિલનો કે મહાજનનો વિરોધ કરવાનો બંધ કરી દીધો.

## સમયસર સારવાર મળતાં કૅન્સર થતું અટક્યું

ગુજરાતીમાં એક કહેવત છે કે **'વાળ્યું ના વળે તો હાર્યું વળે.'** આજથી લગભગ દસ વર્ષ ઉપર એક ભાઈ જેમની ઉંમર તે વખતે આશરે પચાસ વર્ષની આજુબાજુ હશે-તેઓ તમાકુ અને ચૂનાનું સતત સેવન કર્યા કરે. તમાકુ-ચૂનો સવારથી સાંજ સુધી ખાધા કરે. તેમની આ ટેવ લોકોને ના ગમે એટલે તમાકુ છોડી દેવા સમજાવે. પેલા ભાઈ કહે કે અમને તો કશું જ થાય નહિ. આનાં કરતાં વધારે તમાકુ ખાઉં તોપણ મને કોઈ રોગ ના થાય. તમાકુ ખાવાથી દાંતનો રોગ થતો નથી અને કબજિયાત પણ રહેતી નથી. લોકોએ એમને સમજાવવાનું લગભગ બંધ કર્યું.

તમાકુ અને ચૂનો મોંઢામાં સતત ભરેલાં રાખવાથી મોંઢામાં ચાંદાં પડ્યાં. ખાવામાં તકલીફ પડવા લાગી. ત્રણચાર ડૉક્ટરોની સલાહ લીધી. ડૉક્ટરોએ કહ્યું કે 'સમયસર ચાંદીની સારવાર કરવામાં ના આવે તો જડબાનું કૅન્સર થઈ શકે છે.'

પેલા ભાઈ તો ગભરાયા. મોંઢાની ચાંદી મટાડવા માટે દવા કરાવવી પડે, તે માટે પૈસાની જરૂર પડે, પણ પૈસા તો પાસે હતા નહિ. ગુરુને આ બાબતની જાણ થઈ. તેમણે પોતાના ચાર ડૉક્ટર મિત્રોને વાત કરી અને પેલા ભાઈના મોંઢાની ચાંદીની તપાસ કરાવડાવી. જરૂરી ટેસ્ટ કરાવડાવ્યા. લાંબા સમય સુધી દવા અને સારવારની જરૂર પડે તેમ હતું. એક ડૉક્ટર મિત્રે સારવારની બધી જવાબદારીઓ માથે ઉપાડી લીધી. પોતાની પાસે જે દવા હોય તે આપે. બીજી દવાઓ બીજા ડૉક્ટર મિત્રો પાસેથી મેળવીને આપે. આમ, લગભગ

બે વર્ષ સુધી સારવાર અને દવાનો ભાર ડૉક્ટર મિત્રે ઉપાડી લીધેલો. આમ, સમયસર સારવાર મળતાં મોંઢાનું કૅન્સર થતું અટક્યું.

## કૉમ્પ્યૂટરના અભ્યાસમાં મદદ

એક વિદ્યાર્થી એક દિવસ ગુરુને મળવા માટે આવ્યો. એ વિદ્યાર્થીએ બારમું ધોરણ સારા ગુણ સાથે પાસ કરેલું. બાપા ગુજરી ગયેલા. એ વિદ્યાર્થીને કૉમ્પ્યૂટરનો અભ્યાસ કરવો હતો. જેથી ગમે ત્યાં નોકરી મળી શકે. વિદ્યાર્થીની બધી વાત સાંભળી અને આશ્વાસન આપી એને ઘેર મોકલ્યો. પોતાના બે મિત્રોને મંગળદાસભાઈએ આ વિદ્યાર્થીના કૉમ્પ્યૂટરના અભ્યાસમાં મદદ કરવા માટે વિચારવા કહ્યું. આ બન્ને મિત્રોએ પાંચ સેમેસ્ટર સુધીનો બધો જ ખર્ચનો ભાર ઉપાડી લીધો છે.

## દીકરીને અભ્યાસમાં મદદ

મજૂર મહાજન અમદાવાદમાં એક ભાઈ નોકરી કરે. મહાજનમાં પગારધોરણ ખૂબ જ નીચું હોય છે. તે ભાઈને ત્રણ દીકરીઓ છે. બે દીકરીઓને ગમે તેમ કરીને ભણાવી શક્યા. ત્રીજી દીકરીને કૉમ્પ્યૂટરનો કોર્સ કરવો હતો, પણ ખર્ચમાં પહોંચી વળાય તેમ ન હતું. આ વાત મંગળદાસભાઈના જાણવામાં આવી. દીકરી જો કૉમ્પ્યૂટરનો કોર્સ કરે તો નોકરી મળે. નોકરી મળે તો તેમના સમાજમાં સારો મુરતિયો મળી શકે તેમ હતું. મંગળદાસભાઈએ પોતાના મિત્રને વાત કરી. એ મિત્રે કૉમ્પ્યૂટર કોર્સના બધા જ ખર્ચની જવાબદારી સ્વીકારી લીધી છે.

## દીકરીને ઊંચો પગાર મળે છે

વર્ષો પહેલાંનો પ્રસંગ-એક દીકરીએ કૉલેજના ચાર વર્ષ સુધીનો અભ્યાસ કરેલો. એ દીકરી ભણવામાં હોશિયાર હતી. સુખી ઘરમાં તેનું લગ્ન થયું. લગ્ન બાદ નોકરી કરવાના સંજોગો ઊભા થયા. ભગતના-મંગળદાસભાઈના જાણવામાં આ આવ્યું. ભગતે દીકરીને નોકરી માટે એમના એક મિત્રને વાત કરી. તેમના એ મિત્રને એક મોટા વેપારી સાથે સારી ઓળખાણ હતી. મિત્રે તે વેપારીને દીકરીની નોકરી માટે વાત કરી. વેપારીએ તે દીકરીને નોકરીમાં રાખી. દીકરીને હાલમાં ઘણો ઊંચો પગાર મળે છે. એ દીકરી તેનાં બાળકોને સારી શાળા-કૉલેજમાં અભ્યાસ કરાવી રહી છે.

## નોકરીમાં જામીન બન્યા

વર્ષો પહેલાંનો આ બનાવ છે. નડિયાદ ન્યુ શોરોક મિલમાં એક ભાઈ કામ કરતા હતા. હાલમાં તેઓનો સ્વર્ગવાસ થયો છે. તેમણે તેમના દીકરાને ભણાવ્યો અને નોકરી માટે પણ ખૂબ પ્રયત્ન કરી જોયા પણ તેમાં સફળતા મળી નહિ. મિલમાં નોકરી માટે પણ પ્રયત્ન કરી જોયા. તેમાં પણ નાસીપાસ થયા. અમદાવાદની એક સંસ્થામાં નોકરી મળી શકે તેમ હતું. આ સંસ્થાએ સારી ચાલચલગતના જામીન માગ્યા. જામીન થવા માટે કોઈ તૈયાર ન થયું. છેવટે તેઓ ગુરુ-મંગળદાસભાઈને મળ્યા અને કહ્યું કે ‘આપ જો મારા દીકરાના જામીન થાઓ તો તેને નોકરી મળી શકે તેમ છે. આટલી આપ મદદ કરો તો મારા દીકરાનું ભવિષ્ય બની જશે. હું આપને વિશ્વાસ આપું છું કે મારો દીકરો સંસ્થાને

વફાદાર રહીને નોકરી કરશે. એવું એક પણ કાર્ય તે નહિ કરે જેનાથી આપના વિશ્વાસને બટ્ટો લાગે.' પેલા ભાઈ કંઈક આગળ બોલવા જતા હતા, ત્યાં ગુરુ-મંગળદાસભાઈએ એક પળનો પણ વિચાર કર્યા વગર પેલા ભાઈના દીકરાના જામીન થઈને સંસ્થાને લેખિત જામીનખત ભરી આપ્યું. પેલા ભાઈના દીકરાને નોકરી મળી ગઈ. હાલ એ ભાઈ છેલ્લાં પચીસ વર્ષથી સંસ્થામાં નિષ્ઠાપૂર્વક અને વફાદારીથી નોકરી કરે છે અને પોતાનું જીવન સારી રીતે ચલાવે છે.

## લોનમાં જામીન થયા

એક ભાઈ એક સંસ્થામાં ઘણાં વર્ષોથી કામ કરે છે. તે ભાઈનું આંતરજ્ઞાતીય લગ્ન હતું. લગ્ન બાદ કેટલાંક વર્ષો પછી પતિ પત્ની વચ્ચે મતભેદો પડ્યા. આથી, પત્ની એના પતિને છોડીને પિયર રહેવા ચાલી ગઈ. રહેવા માટે પોતાનું મકાન નહિ એટલે ભાડાના મકાનમાં રહેવું પડે. પત્ની સાથે સુમેળ નથી એવું જાણતાં મકાનમાલિક એ ભાઈને મકાન આપે નહિ, ક્યારેક કોઈક મકાન ભાડે આપે તો મકાનમાલિક ચાર છ મહિનામાં મકાન ખાલી કરાવે. આ ભાઈ હેરાન પરેશાન થઈ ગયા. તેમણે પોતાનું મકાન લેવાનું નક્કી કર્યું. તેઓ જે સંસ્થામાં નોકરી કરે છે, તે સંસ્થાએ થોડી રકમ લોન પેટે આપી. ખૂટતી રકમ ક્યાંથી મેળવવી તે પ્રશ્ન ઊભો થયો. એ ભાઈએ મંગળદાસભાઈને વાત કરી કે એક ફાઇનાન્સ કંપની લોન આપવા તૈયાર છે. તે માટે જામીનની જરૂર છે. આપ જો મારા જામીન થાઓ તો મને લોન મળે અને હું મારું પોતાનું મકાન લઈ શકું અને સુખશાંતિથી રહી શકું.'

મંગળદાસભાઈએ તરત જ તેમના જામીનખતમાં સહી કરી આપી. એ ભાઈને ફાઈનાન્સ કંપનીમાંથી મકાન ખરીદવા જરૂરી લોન મળી. અને પોતાનું મકાન ખરીદ્યું. આમ, મકાન ખાલી કરવાનો પ્રશ્ન ખૂબ જ સરળતાથી પતી ગયો.

## યુનિફૉર્મની સહાય

ઈ.સ. ૧૯૭૨થી ૧૯૮૨ સુધી મેં રાસ હાઈસ્કૂલ રાસ, તા. બોરસદ, જિ. ખેડામાં સેવા આપેલી. આ શાળામાં કાંઠાગાળાનાં ગરીબ બાળકો પણ ભણવા આવે. તેઓ મેલાં થીંગડાં મારેલાં કપડાં પહેરીને શાળાએ આવે. એક દિવસે મારા વર્ગમાં એક ગરીબ વિદ્યાર્થી ગણવેશ પહેર્યા વગર આવ્યો. મેં એને પાટલી ઉપર ઊભા રહેવાની શિક્ષા કરી. પેલો વિદ્યાર્થી બે તાસ સુધી પાટલી ઉપર ઊભો રહ્યો. એક શિક્ષકે મને એના ઘરની ગરીબ સ્થિતિની જાણ કરી. એની પાસે એક જોડ ગણવેશની હતી. તે વરસાદમાં ભીની થઈ ગયેલી. બીજા દિવસે એ સુકાયેલી નહિ એટલે રંગીન કપડાં પહેરીને આવેલો. મોટી રિસેસમાં એ વિદ્યાર્થીને બોલાવીને તેના ઘર વિશે માહિતી મેળવી. બહારથી આવતાં ઘણાં વિદ્યાર્થી ભાઈ બહેનોની સ્થિતિ ખૂબ જ ગરીબ હતી, પણ ભણવામાં તેઓ હંમેશાં આગળ જ રહેતાં. આ ગરીબ વિદ્યાર્થીઓની વાત મેં મારા કાકા પૂ. મંગળદાસભાઈને કરી. તેમણે વીસ પચીસ યુનિફૉર્મ માટેના કાપડની વ્યવસ્થા ગમે ત્યાંથી કરી અને કહ્યું કે, 'ભાઈ ગરીબ વિદ્યાર્થીઓનું વર્ગમાં સ્વમાન સચવાય તે રીતે આ ડ્રેસનું આયોજન કરજે. ક્યાંય આપણું નામ ના આવે તે જોવું.' જરૂરિયાતવાળા ગરીબ

વિદ્યાર્થીઓને અલગ અલગ બોલાવીને તેમને ડ્રેસ લેવા તૈયાર કર્યા. ગામના દરજીના ત્યાં માપ આપવાનું જણાવ્યું.

રાસ ગામના દરજીભાઈને જ્યારે આખી વાતની ખબર પડી ત્યારે મને કહ્યું કે, 'સાહેબ તમે બહારથી આવીને અમારી શાળાનાં બાળકો માટે જો આટલી વ્યવસ્થા કરાવતા હોવ તો મારે પણ આમાં કંઈક કરવું જોઈએ. જે સિલાઈ થશે તેની અડધી સિલાઈ હું લઈશ અને કાપડની કરકસર કરીને વધુમાં વધુ યુનિફૉર્મ બનાવી આપીશ.' આમ, રાસ હાઈસ્કૂલના ગરીબ વિદ્યાર્થીઓને લગભગ ત્રીસ જેટલા યુનિફૉર્મના કાપડની મદદ કરેલી.

## બુકબૅંક યોજના

ગરીબ વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તકો લાવવા માટે મંગળદાસભાઈએ એક હજાર રૂપિયાની આર્થિક મદદ આપેલી. આ મદદથી રાસ હાઈસ્કૂલમાં મેં 'બુકબૅંક યોજના' શરૂ કરી. આ યોજનામાં વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પતી ગયા બાદ પોતાનાં પાઠ્યપુસ્તકો વેચવાને બદલે બુકબૅંકમાં મફત આપી જતા. એ વખતના રાસ હાઈસ્કૂલના આચાર્ય શ્રી નવનીતભાઈ અમીન (વિરસદવાળા) સાહેબે આ યોજનામાં ખૂબ જ રસ લઈને બુકબૅંક યોજનાને સમૃદ્ધ બનાવેલી. શ્રી અમીન સાહેબ તેમના ઓળખીતાઓ પાસેથી પણ આર્થિક મદદ લાવતા. બુકબૅંક યોજનામાંથી રાસ હાઈસ્કૂલના ગરીબ અને જરૂરિયાત-વાળા વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવતાં.

## વિશ્વાસભંગ આપણાથી ના થાય

ઈ.સ. ૧૯૬૯-૭૦માં હું ન્યૂ શોરોક મિલ નડિયાદમાં

કારકુનમાં નોકરી કરતો હતો. મને શિક્ષક બનવામાં ખૂબ જ રસ હતો. બી. ઍડ્. વગર હાઈસ્કૂલમાં શિક્ષકની મોકરી મળે તેમ ન હતી. બી. ઍડ્.ની કૉલેજ ચાલુ થયે પણ ઘણા દિવસો થઈ ગયેલા. મેં મંગળદાસભાઈને કહ્યું કે 'કાકા મારે બી. ઍડ્. કરવું છે. જો ખેડા એસ. ટી. ટી. કૉલેજમાં ઍડ્મિશન મળે તો હું ચાલુ નોકરીએ બી. ઍડ્. કરી શકું.'

મંગળદાસભાઈએ મિલના મૅનેજર શ્રી શિવાભાઈ સાહેબને મારા બી. ઍડ્.ના અભ્યાસ માટેની વાત કરી અને ઍડ્મિશન અપાવવા માટે કહ્યું. શ્રી શિવાભાઈ સાહેબની ઓળખાણથી ખેડા એસ. ટી. ટી. કૉલેજમાં મને પ્રવેશ મળ્યો. અભ્યાસની સાથે સાથે મિલમાં મારી નોકરી ચાલુ રહે તે પ્રમાણેનો મારા કામકાજનો સમય શ્રી શિવાભાઈ સાહેબે નક્કી કરી આપેલો. સવારે સાતથી દસ વાગ્યા સુધી અને સાંજે સાતથી રાતના બાર વાગ્યા સુધી એમ આઠ કલાક મારે મિલની ઑફિસમાં કામ કરવાનું હતું. હું તે વખતે કામદાર રાજ્ય વીમા યોજનાનું કામ સંભાળતો હતો.

એક દિવસ ઑફિસમાં કામ ઓછું હોવાથી હું રાતના આશરે દસ વાગ્યે ઘેર આવ્યો. તે વખતે મારા કાકા મંગળદાસભાઈ પલંગમાં બેસીને માળા કરતા હતા. કાકાએ કહ્યું કે 'આજે કેમ વહેલો આવ્યો ?' મેં કહ્યું કે 'આજે ઑફિસમાં કામ નથી એટલે વહેલો આવ્યો છું. વળી, મારી પાસે ઘડિયાળ નહિ હોવાથી કેટલા વાગ્યા તેનો ખ્યાલ રહ્યો નથી.'

બીજા દિવસે કાકાએ મને એક ઘડિયાળ લાવી આપી. અને કહ્યું કે **'કામ હોય કે ના હોય, પૂરા સમય માટે મિલમાં**

**રહેવું જ પડે. એક પણ મિનિટ વહેલા ઘરે જઈએ તો મિલનો આપણે દ્રોહ કર્યો કહેવાય. મિલે આપેલી સગવડનો આપણે દુરુપયોગ કરીએ તે વિશ્વાસભંગ કર્યો કહેવાય. આમ કરીએ તો ભગવાન રાજી ના રહે. આપણે નોકરી ખૂબ જ વફાદારીપૂર્વક કરવાની. હવે પછી આવી ભૂલ ક્યારેય કરવાની નહિ.'** ત્યાર બાદ મેં ક્યારેય વહેલા ઘરે જવા માટે પ્રયત્ન કરેલો નહિ.

પૂજ્ય કાકા-મંગળદાસભાઈ સમયના ખૂબ જ આગ્રહી રહ્યા છે.

## મોટાનો આદેશ પાળ્યો

એક રાત્રે ભગત પોતાના રૂમમાં સૂતા હતા. સવારના લગભગ ચાર વાગવા આવ્યા હશે. ભગતને વહેલી સવારમાં સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં ધોધમાર વરસાદ પડતો હતો. પાછલા દરવાજે રહીને **મોટા**એ હરિઃૐની બૂમ પાડી. ભગતે પાછલું બારણું ખોલ્યું. તેઓ વરસાદમાં પલળી ગયા હતા. ભગતે હાથ જોડીને પ્રણામ કરીને પૂછ્યું, '**મોટા,** આટલા બધા વરસાદમાં પલળીને કેમ આવવાનું થયું ? મને કહેવડાવ્યું હોત તો હું આપને મળવા આવી જાત.' **મોટા**એ કહ્યું કે 'મારે એક પુસ્તક છપાવવું છે. એટલે તારી પાસે રકમ લેવા આવ્યો છું.' ત્યાં સ્વપ્નું પૂરું થયું. એ જ દિવસે બૅંક ખૂલી એટલે પોતાના ખાતામાંથી દસ હજાર રૂપિયા ઉપાડીને પુસ્તક છપાવવા માટેની રકમ હરિઃૐ આશ્રમમાં આપી આવ્યા.

## પુસ્તક પ્રકાશન

પોતાના એકના એક દીકરા ગુરુપ્રસાદનું અકાળે અવસાન થયું. તેનો ભગતને-ગુરુજીને અને હીરાબાને બહુ મોટો આઘાત લાગ્યો. આ આઘાતમાં ભગત પૂજ્ય મોટાની કૃપાથી જલદી બહાર આવી શક્યા. પોતાના દીકરાના અવસાનથી તેમણે જે વ્યથા અને દુઃખ અનુભવ્યાં હતાં. તેવી વ્યથા અન્ય લોકો પણ પોતાના સ્વજનના અવસાન વખતે અનુભવતા હશે. આવા દુઃખદ પ્રસંગોમાં તેમને આશ્વાસન મળે તે માટે કંઈક કરવું જોઈએ. એમ વિચારીને, ભગતે એક દિવસ કહ્યું કે, 'ભાઈ ! આ મૃત્યુ શું છે ? કેમ આવે છે ? મૃત્યુના દુઃખને કઈ રીતે દૂર કરી શકાય ? મેં કહ્યું 'એ બધાંની મને કેવી રીતે ખબર પડે ?'

આપણે એક કામ કરીએ. આપણા જેવા દુઃખદ પ્રસંગોમાંથી લોકોને રાહત મળે તે માટેનું એક પુસ્તક તું લખે તો કેવું ? ભગતે કહ્યું.

મેં કહ્યું, 'કાકા ! મેં મૃત્યુ વિશે ક્યારેય વિચાર્યું નથી કે તે વિશે ક્યારેય લખવા પ્રયત્ન કર્યો નથી કે તેના ઉપર ઊંડું ચિંતન પણ કર્યું નથી. એટલે મૃત્યુ વિશેનાં લખાણને હું સારો ન્યાય ન આપી શકું.'

'પહેલાં તું રામાયણ, મહાભારત, ગીતા વગેરે પુસ્તકો વાંચ. અને ત્યાંથી મૃત્યુ વિશેની માહિતી એકઠી કર. પછી સામાન્ય માણસ સમજી શકે તેવી સરળ ભાષામાં લખવાનું કર. **મોટા** તને બધી જ રીતે મદદ કરશે. પૂજ્ય મોટાનું નામ લઈને લખવા બેસવાનું. **મોટા** જેમ સુઝાડે તેમ લખવાનું.' ભગતે કહ્યું.

કાકાના આગ્રહને વશ થઈને મૃત્યુ વિશે લખવા બેઠો. મૃત્યુ વિશેનું વાંચન અને મનન રાતદિવસ થતું. રાત્રે ઘરનાં માણસો સૂઈ જાય ત્યારે હું લખવા બેસતો. '**મોટા**, મારી સહાય કરજો.' એમ **મોટા**ને યાદ કરીને **મોટા** જેમ સુઝાડે તેમ લખવા માંડ્યું. ક્યારેક તો લખતાં લખતાં ખુરશીમાં જ સૂઈ જતો. રાતનું લખેલું સવારે વાંચતો ત્યારે મને લાગતું 'આ શી રીતે લખાયું ?' આમ 'મૃત્યુ' પુસ્તક લખાયું. ભગતે તે પુસ્તક છપાવીને વિના મૂલ્યે આપ્યું. આ પુસ્તકના વાંચનથી ઘણા લોકોએ શોકના-દુ:ખદ પ્રસંગોમાં રાહત અનુભવી છે. તેવું ઘણા લોકો પાસેથી જાણવા મળેલું.

પોતાના પ્રાણપ્યારા યુવાન પુત્રનો હીરાબા વિયોગ સહન કરી શક્યાં નહિ. એક વર્ષ બાદ તેઓ પણ સ્વર્ગે સિધાવ્યાં. અમારા કુટુંબ માટે આ બીજો આઘાત હતો. પૂજ્ય મોટાની કૃપાથી ભગત આ આઘાતને પણ જીરવી ગયા. થોડાક દિવસ પછી એમણે મને કહ્યું કે, 'ભાઈ, આ દુ:ખ ખરેખર શું છે અને તે માનવીએ શા માટે ભોગવવું પડે છે ? આવું કંઈક તું લખે તેવી મારી ઇચ્છા છે.'

દુ:ખ જેવો વિષય મારા માટે બિલકુલ નવો હતો. દુ:ખ વિશે મેં ક્યારેય વિચારેલું નહિ એટલે હું મૌન રહ્યો. મને પ્રોત્સાહિત કરવા ભગતે કહ્યું, 'તું દુ:ખ વિશે લખવાનું શરૂ કર. **મોટા** તારી મદદમાં જ છે. એની મને ખાતરી છે. **મોટા**નું નામ લઈને લખવા માંડ. જ્યાં ગૂંચવાડો લાગે અને લખવાનું આગળ ન વધે ત્યારે પૂજ્ય મોટાને ખૂબ ખૂબ યાદ કરવા અને લખવાની પ્રેરણા આપવા વિનંતી કરવી.' એમ કહીને 'દુ:ખ'નો બધો ભાર મારા માથા ઉપર નાખી દીધો.

અગાઉની માફક પૂજ્ય મોટાને યાદ કરીને લખવાનું શરૂ કર્યું. થોડાક દિવસોમાં 'દુઃખ' પુસ્તકનું સર્જન થયું. આ પુસ્તકનું પ્રકાશન પણ ભગતે કરાવ્યું અને વિના મૂલ્યે સમાજને પૂરું પાડ્યું. આ પુસ્તકમાં દુઃખ વિશેની સાચી સમજ આપવાનો નમ્ર પ્રયાસ થયેલો છે.

'દુઃખ' પછી 'વહેતાં ઝરણાં' અને 'સંગ્રામ' પુસ્તકો બહાર પાડ્યાં. 'વહેતાં ઝરણાં'માં સુંદર ભજનોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જ્યારે 'સંગ્રામ'માં જીવનનો વિકાસ કરવાની ઈચ્છાવાળાને સચોટ માર્ગદર્શન મળી રહે તેમ છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે આભારનોંધ 'સંગ્રામ' માટે મોકલાવેલી. તેમાં તેમણે લખ્યું છે કે 'મને આ પુસ્તક ઘણું સરસ લાગ્યું. ખૂબ ઊંડાણથી આપણા આધ્યાત્મિક વારસાનું એમાં પૃથક્કરણ છે અને કેવા કેવા પ્રકારની નબળાઈઓથી આપણે ઘેરાયેલાં છીએ અને તેમાંથી નીકળવાનો માર્ગ શો ? તેનું પણ ઠીક ઠીક ચિંતન તેમાં વ્યક્ત થયું છે.'

બબ્બે કારમા આઘાતો સહન કરીને ભક્ત નરસૈયાના જેવી પ્રભુભક્તિમાં રત થયેલી ખુમારીથી જિંદગી જીવતા અને દુઃખોના ઢગલામાંથી હસતાં હસતાં બહાર આવતા, ગરીબ અને જરૂરિયાતમંદોને આર્થિક મદદ કરતા અને **કરકસર જેમનો મુદ્રાલેખ છે,** તેવા ભગતે એક દિવસ 'જિંદગી' વિશે વાત કરી. જિંદગી શું છે ? જિંદગીમાં સુખદુઃખ કેમ આવે છે ? જિંદગી શાપ છે કે વરદાન વગેરે મુદ્દાઓની વિગતથી ચર્ચા કરી. પછી કહ્યું કે 'ભાઈ, જિંદગી વિશે ઊંડું ચિંતન મનન કરીને એના વિશે કંઈક લખ. તું જરૂર લખી શકીશ.'

જિંદગી વિષય એટલો ગહન છે કે તેનો તાગ ન આવી શકે. જિંદગીના ઊંડાણમાં હું તો ક્યાંક અટવાઈ જઈશ તો ? 'જિંદગી'ની શરૂઆત ક્યાંથી અને કઈ રીતે કરવી તેની સતત મૂંઝવણ મને રહ્યા કરતી. એક દિવસ મેં ભગતને કહ્યું 'કાકા! મારાથી 'જિંદગી' લખાશે નહિ મને માફ કરો.'

'અરે ભાઈ ! 'જિંદગી' તારે લખવાની છે કે **મોટા**એ ? તું તો નિમિત્તમાત્ર છે. લખવાનું કામ **મોટા**નું છે. એમાં આટલી બધી ચિંતા કરવાની હોય ? પૂજ્ય મોટામાં શ્રદ્ધા રાખી એમનું સ્મરણ કરીને એ જેમ સુઝાડે તેમ લખવા માંડ. આ વખતે તો અગાઉ કરતાં પણ સારાં લખાણવાળી ચોપડી તૈયાર થશે તેની મને ખાતરી છે.'

'**મોટા** મારી સાથે છે પછી મારે શાની ચિંતા ?' એમ વિચારીને પૂજ્ય મોટાનું નામસ્મરણ કરીને 'જિંદગી' પુસ્તકના શ્રીગણેશ કર્યા. પૂજ્ય મોટાની પ્રેરણાથી થોડાક દિવસોમાં એ પુસ્તક લખાઈ ગયું. અગાઉનાં પુસ્તકો કરતાં પણ એ પુસ્તક સારું લખાશે એવી ભગતની શ્રદ્ધા પણ તેમાં કામ કરી ગઈ અને ખૂબ સારી માહિતી સભર 'જિંદગી' પુસ્તક સમાજને માટે પ્રકાશન કરીને ભગતે વિના મૂલ્યે વહેંચ્યું. આમ સમાજના દુઃખી લોકોનાં આંસુ લૂછવામાં ભગત સહભાગી બની શક્યા છે.

●

॥ હરિઃૐ ॥

## પ્રેમાળ પિતાનો દીકરીના નામે એક પત્ર...

**(નોંધ : મુ. શ્રી મંગળદાસભાઈના એકના એક દીકરાના અવસાન પછી એક વર્ષ બાદ પત્નીનું અવસાન થયું. ઉપરા ઉપરી બે મોટા આઘાતો આવ્યા. સામાન્ય માનવીનું આવા કારમા આઘાતો જીરવવાનું કામ નહિ. તેમને બે દીકરીઓ-ચેતના અને મીના. ભાઈ અને બાના મૃત્યુ બાદ ચેતનાને ભગવાનમાં અને પૂજ્ય મોટામાંથી શ્રદ્ધા ઊઠી ગઈ. મુ. શ્રી મંગળદાસભાઈને આથી દુઃખ થયેલું. પોતાની દીકરીને ભગવાનમાં અને પૂજ્ય મોટામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય અને ટકી રહે-દઢ બનતી રહે તે માટે એક પત્ર લખ્યો હતો. આ પત્ર દરેક પિતાએ પોતાના બાળકને વંચાવવો જોઈએ. જેથી બાળકના મનમાં પ્રભુ પ્રત્યે અને પોતાના ગુરુમહારાજ પ્રત્યે અતૂટ શ્રદ્ધા પેદા થાય. આ પત્ર તેના મૂળ સ્વરૂપે અહીં લેવામાં આવ્યો છે.)**

મંગળદાસ પટેલ
મજૂર મહાજન સંઘ, નડિયાદ
તા. ૨૧-૪-૧૯૯૦

ચિ. ચેતના તથા સૌ ભગવાનની દયાથી કુશળ હશો.

હરિઃૐ. દીકરીને બાપ તરફથી સૌના ભલા માટે જે કાંઈ કરવાનું સૂચન કરવામાં આવે તેનો અમલ દીકરી પ્રેમથી રાજીખુશીથી કરે તો બાપને આનંદ થાય, દીકરી અમલ ના કરે તો બાપને દુઃખ થાય. બાપ તરફથી દીકરીને પવિત્ર

જીવન માટે, પ્રામાણિકપણે જીવવા માટે તથા નીતિમય વહેવાર કરવા માટેના સંસ્કારો આપવામાં આવે તે બાપની ફરજ ગણાય. તારાં બા ધાર્મિક હતાં. રામાયણ-મહાભારતના પ્રસંગો તે મને કહેતાં. પૂજ્ય શ્રીમોટા માટે તેમને ખૂબ જ ભાવ. પૂજ્ય શ્રીમોટા તેમને 'હીરાબા' કહીને બોલાવતા. તારાં બા હરિઃૐનો મંત્રજાપ કરતાં, માળા પણ કરતાં. ભાઈ (ગુરુપ્રસાદ) પણ ધાર્મિક જીવ હતો. તે પૂજ્ય શ્રીમોટાના આશ્રમમાં અવારનવાર જતો. દરેક ગુરુવારે સંતરામ મહારાજની દેરીએ દર્શન કરવા જતો. મારી સાથે પ્રાર્થનામાં બેસતો. 'હરિઃૐ'ના મંત્રનો જાપ કરતો. પૂજ્ય મોટાનાં પુસ્તકો વાંચતો. પૂજ્ય મોટાના જીવનચરિત્રનું પુસ્તક 'તરણામાંથી મેરુ' તે અવારનવાર વાંચતો.

દીકરી ! નામ તેનો નાશ અને જન્મ તેનું મરણ. દરેક જીવ પ્રારબ્ધકર્મ અનુસાર જન્મ લે છે, અને ઋણાનુંબંધ પૂરું થતાં તે પ્રભુના ધામમાં પાછો જતો રહે છે. આ ક્રમ સૃષ્ટિની રચના થઈ ત્યારથી ચાલતો આવેલો છે. તારાં બાના તથા ભાઈના અવસાન બાદ તારામાં ભગવાન માટેની શ્રદ્ધા ઓછી થઈ હોય એમ મને લાગે છે. ભગવાન માટેનાં શ્રદ્ધા વિશ્વાસ કોઈ પણ સંજોગોમાં ઓછાં ના થવા દેવાં. તારાં બાનો તથા ભાઈનો સ્થૂળ દેહ આપણી વચ્ચે નથી, પરંતુ આ બન્ને પવિત્ર આત્માઓ રાજી રહે તેટલા માટે આપણે સૌએ સતત 'હરિઃૐ'ના મંત્રનો જાપ કરવો જોઈએ. મારાથી બને તેટલા જાપ હું કરું છું. તું પણ 'હરિઃૐ' મંત્રનો સતત જાપ કરતી રહે તેવી ખાસ વિનંતી છે. દબાણ નથી છતાં કરીશ તો મને,

તારાં બાને અને ભાઈને ખૂબ જ આનંદ થશે. તારામાં ભક્તિના સંસ્કારો જાગૃત થશે અને તે સર્વ પ્રકારે કલ્યાણકારી નીવડશે, તો મંત્રજાપ સતત ચાલુ રાખજે.

હરિઃૐના મંત્રનો સતત જાપ કરતા રહેવાથી કોઈનું કાંઈ કશું બગડતું નથી. બગડેલું હોય અથવા બગડવાનું હોય તો તે પણ સુધરી જાય છે. સંતો, મહંતો, સિદ્ધો, મુક્તાત્માઓની આ અનુભવની હકીકત છે.

ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, મહાવીર ભગવાન, બુદ્ધ ભગવાન, પ્રભુ ઈસુખ્રિસ્ત, હજરત મહંમદ પયગંબર સાહેબ, ભગવાન જરથોસ્ત્ર, શ્રીરામકૃષ્ણ પરમહંસ, શ્રીસ્વામી વિવેકાનંદ, સ્વામી રામદાસ, સ્વામી રામતીર્થ, શ્રીરમણ મહર્ષિ, સંત તુકારામ, સંત નામદેવ, જનાબાઈ, પૂજ્ય મોટા, શ્રીઅરવિંદ ઘોષ, શ્રીમાતાજી, શ્રીઆનંદમયીમૈયા, શ્રીનરસિંહ મહેતા, મીરાંબાઈ, જલારામબાપા, શ્રીલાલજી મહારાજ, શ્રીરંગ અવધૂત બાપજી તથા અન્ય સૌ સંતો, મહંતો, સિદ્ધો, અવતારી પુરુષો તથા ભગવાને પણ માના પેટે જન્મ લીધેલો. તેમનાં માબાપ, ભાઈ, પુત્ર, પત્ની, પુત્રી તથા અન્ય કુટુંબીજનોમાં સ્થૂળ શરીર પડી જતાં, એટલે અવસાન થતાં તેમણે સૌએ ભગવાનનું ભજન કરવાનું બંધ કરેલું નહિ. તે સતત ચાલુ રાખેલું. એટલે તારાં બા તથા ભાઈના અવસાનથી નારાજ થઈ તું ભગવાનનું ભજન કરવાનું ના કરે, તે બરાબર ના કહેવાય. તું ભગવાનનું ભજન કરી શકે તેમ છે, એટલે તને વિસ્તારપૂર્વક લખ્યું છે. પૂજ્ય મોટાની તારી ઉપર દયા છે તો 'હરિઃૐ'ના મંત્રનો જાપ સતત જપતી રહીને પૂજ્ય મોટાનો લાભ સતત લીધા કરે તો મને ખૂબ જ આનંદ થાય.

સંસારિક આધિ વ્યાધિ ઉપાધિઓમાંથી બહાર આવવા માટે 'હરિઃૐ'નો મંત્ર તને ખૂબ જ મદદ કરતો રહેશે અને આ મંત્ર નૌકા બનીને તને તારો ભવસાગર તારી આપશે. તું સૌને સંતોષ આપ્યા કરીશ. તો વિના સંકોચે પૂજ્ય શ્રીમોટાને અવારનવાર યાદ કરીને 'હરિઃૐ'ના મંત્રજાપ કરતી રહેજે તેવી ખાસ પ્રાર્થના છે.

મંગળદાસ પટેલનાં વહાલ

● ● ●

- પ્રાર્થના દુઃખી હૃદયનો પોકાર છે.- વૈરાગીબાબા
- પ્રાર્થના એટલે પરમાત્માનું ચિંતન અને અનુભવ.
  - સ્વામી રામતીર્થ
- પ્રાર્થના પણ એક પ્રકારનું ધ્યાન છે. - પૂજ્ય શ્રીમોટા
- પ્રાર્થના એ મનને શુદ્ધ કરનારું ઔષધ છે.
  - સ્વામી શિવાનંદ
- પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી.
  - પૂજ્ય શ્રીમોટા
- પ્રાર્થના આપણને પરમાત્માનું મિલન કરાવે છે.- બર્નાડ શો
- પ્રાર્થના વડે સત્યની નજીક પહોંચાય છે.
  - રણછોડદાસજી મહારાજ
- પ્રાર્થના એ જીવનનો પ્રત્યક્ષ સહારો છે.- પૂજ્ય શ્રીમોટા
- પ્રાર્થના એ મોક્ષમંદિરમાં પ્રવેશ કરવાની પગદંડીકા છે.
  - અજ્ઞાત

॥ હરિઃૐ ॥

## આઘાત નામસ્મરણમાં ફેરવાઈ જાય તે માટે પત્ર દ્વારા પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના

**(તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ પૂજ્ય મોટાએ પોતાનો દેહ સ્વેચ્છાએ છોડી દીધેલો, આમ છતાં તેમના અનુયાયીઓ તેમની હયાતીનો અનુભવ સતત કરતા રહેલા છે. તા. ૧૪-૧૨-૧૯૮૭ના રોજ યુવાન વયે પોતાનો એકનો એક લાડકો દીકરો ગુરુપ્રસાદ બધાંને રડતાં-કકળતાં મૂકીને ભગવાનના ધામમાં ચાલ્યો ગયો. આ દુઃખદ પ્રસંગમાં ઘરનાં બધાંની ઉપર વજ્રાઘાત થયેલો. આ સમયે પૂ. મંગળદાસભાઈએ એક પત્ર પૂજ્ય મોટા હયાત છે તેમ અનુભવીને લખેલો તે પત્ર તેના મૂળ સ્વરૂપે છાપ્યો છે. પૂજ્ય મોટાનો સ્થૂળ દેહ નથી, છતાં સૂક્ષ્મદેહે પોતાના ચાહકોની સતત સંભાળ લેતા રહે છે, તેનો અનુભવ પૂ. મંગળદાસભાઈને અને અન્યને થયેલો છે.)**

॥ હરિઃૐ ॥

મંગળદાસ શિ. પટેલ

માણસા, તા. ૩૦-૧૨-’૮૭

પૂજ્ય શ્રીમોટા,

હરિઃૐ, ‘મારા દીકરાનો જન્મ તા. ૨૨-૧-’૭૦ના રોજ થયેલો અને સ્વર્ગવાસ તા. ૧૪-૧૨-’૮૭ના રોજ થયો. તેનું નામ ગુરુપ્રસાદ રાખેલું. તેને આ નામથી બોલાવતાં આપનું સ્મરણ થાય. આપના માટેની ભક્તિ વધે તેવી મારી ભાવના.

મારી બે દીકરીઓ છે, જે હયાત છે. અગાઉ એક દીકરો હતો, જે એકાદ વર્ષનો થઈને પ્રભુના ધામમાં પાછો ફરેલો. જેનું નામ ઋષિકુમાર પાડેલું. બીજા દીકરાનું નામ ગુરુપ્રસાદ રાખેલું. તે પણ તા. ૧૪-૧૨-'૮૭ના રોજ પ્રભુના દરબારમાં પાછો ફર્યો. આ દીકરાના અવસાનથી મોટો આઘાત લાગ્યો છે. આ આઘાત પ્રભુભજનમાં ફેરવાઈ જાય, નામસ્મરણમાં ફેરવાઈ જાય તેવી દિલથી પ્રાર્થના કરું છું. આઘાત પાંચ દિવસ સુધી પ્રમાણમાં રહ્યો. છઠ્ઠા દિવસથી ઓછો થઈ રહ્યો છે. છઠ્ઠા દિવસથી દિવસના મોટા ભાગનો સમય નામસ્મરણમાં-પ્રભુ-ભજનમાં જાય છે. તા. ૧૫-૧૨-'૮૭થી માણસા છું. તા. ૧-૧-'૮૮ના રોજ નડિયાદ જવાનો છું. નડિયાદ ગયા બાદ દીકરો વધારે યાદ આવશે. અવારનવાર યાદ આવશે. તે જ્યારે જ્યારે યાદ આવે ત્યારે હું ભાંગી ના પડું તેમ જ તે યાદ આવતાંની સાથે જ નામસ્મરણ-ઈશ્વરભજન ચાલુ થઈ જાય અને તે ચાલતું રહે તે માટે દયા કરવા વિનંતી છે.'

'આપની દયાથી અને કૃપાથી તેના મરણનો શોક અને દુઃખ ૧૮ દિવસમાં ભૂલી જાઉં અને પ્રભુભજનમાં-ઈશ્વર સ્મરણમાં સતત રહું તેવી દયા કરશો, કારણ કે તેને ૧૮ વર્ષ પૂરાં કરવામાં એક માસ અને કેટલાક દિવસો જ ખૂટતા હતા.'

'**મોટા !** કોઈ પણ જાતના પ્રલોભનમાં પડવાનું ના થાય તેમ જ આપની તથા પ્રભુની ભક્તિ સતત ચાલ્યા કરે, તે દયા સતત કરતા રહેજો.'

**મોટા !** આપે મને કહેલું કે 'આપણે મળ્યાં છીએ, તે અમસ્તાં મળ્યાં નથી. તેમાં પણ હેતુ રહેલો છે. એટલે આપણે

બન્ને જણા એકબીજાને દિલથી ખૂબ ચાહ્યા કરીએ, જેથી સાથે રહી શકાય. આપની સાથે સતત રહેવાનું હું કરી શકું તે માટે સતત જોતા રહેવા વિનંતી છે.'

ચમત્કારની ખેવના નથી, પ્રભુભજનની ખેવના છે. આપની કૃપાનો અનુભવ કરવો છે અને તે એ જ મારા પુત્રના અવસાનના ૧૮ દિવસ બાદ પુત્રના અવસાનનું દુઃખ અમને ના સતાવે અને અમો સતત પ્રભુસ્મરણમાં રહી શકીએ.

એકનો એક દીકરો ગુજરી જાય છતાં ગુરુમહારાજની દયાથી પ્રભુભજન, નામસ્મરણ ચાલ્યા કરે, દીકરાના મરણનું દુઃખ ના સતાવે તે અનુભવ કરવો છે-કરાવો અને સતત પ્રભુભજનમાં રખાવો તે માટે પ્રાર્થના.

**મોટા !** તમોએ ઘણી વખત મને 'મારા વહાલા મંગળદાસ' કહીને સંબોધેલ છે, બોલાવેલ છે અને ઘણી વખત વહાલ પણ કરેલું છે તો તમારો વહાલો મંગળદાસ તેના દીકરાના-પુત્રના અવસાનથી દુઃખી ના રહે અને તમારી વહાલપ સદાય માટે મેળવતો રહે અને તેના આધારમાં વહાલપ જીવતીજાગતી રાખી શકે તે માટેની કૃપા સતત કરતા રહેવા પ્રાર્થના છે. લિ.

તમારા મંગળદાસના પ્રણામ

● ● ●

● આ લોકમાં અને પરલોકમાં પરોપકારી માણસનું કદાપિ અહિત થતું નથી. **-ભિક્ષુ અખંડાનંદ**

● પરોપકાર ચારિત્ર્યની દિવ્યતાનું પ્રતીક છે.

**-શ્રીરામ શર્માજી**

●

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના પ્રીતિપાત્ર નંદુભાઈના નામે એક પત્ર

(મુ. શ્રી નંદુભાઈ, નંદલાલભાઈ. પૂજ્ય શ્રીમોટાના ખૂબ જ પ્રીતિપાત્ર અનુયાયી છે. પૂજ્ય શ્રીમોટાના આશ્રમમાં રહીને, *મોટા*ના માર્ગદર્શન પ્રમાણે ઉચ્ચ પ્રકારની સાધના કરી છે. પૂજ્ય શ્રીમોટાના ખૂબ જ નિકટના અંતેવાસી છે. પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવ્યા ત્યારથી તેઓ પ્રભુને શોધવા અને અનુભવવા સતત પ્રયત્નો કરતા રહ્યા છે. કુંભકોણમ્‌માં આવેલ 'હરિઃૐ' આશ્રમમાં રહીને ઉચ્ચ આધ્યાત્મિક સાધના કરી રહ્યા છે. હાલ તેઓ ૯૯ વર્ષની વયે (વર્ષ ૨૦૦૪માં) પહોંચ્યા છે. તેઓ અવારનવાર નડિયાદ હરિઃૐ આશ્રમમાં આવતા. મુ. શ્રી મંગળદાસભાઈ ઉપર તેઓ વિશેષ વહાલ રાખતા. કુંભકોણમ્‌માં અને ત્રિચિનાપલ્લીમાં તેમની હીરા-ઝવેરાતની પેઢીઓ હતી. તે છોડીને ઊર્ધ્વમાર્ગના પ્રવાસી બન્યા છે. મંગળદાસભાઈએ પોતાના પુત્રના અવસાન બાદ મુ. શ્રી નંદુભાઈને પત્ર લખ્યો હતો, તે અક્ષરશઃ ઉતારેલો છે. આ પત્રમાં મુ. શ્રી મંગળદાસભાઈની પ્રભુ પ્રત્યે જાગેલી ઉત્કટ ઝંખના અને પૂજ્ય મોટામાં રહેલાં દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા વ્યક્ત થાય છે.)

॥ હરિઃૐ ॥

મંગળદાસ શિ. પટેલ

માણસા, તા. ૨૮-૧૨-'૮૭

પૂ. ભાઈશ્રી નંદુભાઈ તથા ભાઈશ્રી ઝીણાભાઈ તથા સૌ ભગવાનની દયાથી કુશળ હશો.

હરિઃૐ. આપનો તાર તથા પત્ર મળ્યો. હિંમત તથા આશ્વાસન આપવા બદલ આભાર. દીકરાના અવસાનનો ધક્કો લાગ્યો. સહન ન કરી શકાય તેવો ધક્કો હતો. ધક્કાની તીવ્ર અસર પાંચ દિવસ સુધી રહી. છઠ્ઠા દિવસથી હિંમત આવવી શરૂ થઈ છે. ગુરુમહારાજની દયાથી નામસ્મરણ ચાલુ થઈ ગયું છે. દિવસનો સારો એવો સમય નામસ્મરણમાં-ઈશ્વર સ્મરણમાં જાય છે. માનસિક સ્વસ્થતા જલદીથી મેળવી શકીશ.

દીકરાના અવસાનનો ધક્કો લાગ્યો, તેનાથી અનેક ગણો વધારે ધક્કો નામસ્મરણનો, પ્રભુસ્મરણનો લાગી જાય અને હવે પછીનું જીવન નામસ્મરણમાં-ઈશ્વરસ્મરણમાં-પ્રભુભજનમાં પસાર થતું રહે તેવી પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના કરું છું.

ઘણાં વર્ષોથી આપ પૂજ્યશ્રી સાથે છો. ખૂબ જ નજીકમાં છો. નામસ્મરણ લેવાય-લેતો રહું તેવો એક મોટો ધક્કો પૂજ્ય શ્રીમોટા લગાડે અને લગાડતા રહે તે માટે મારા વતી પૂજ્ય શ્રીમોટાને - સદ્‌ગુરુ મહારાજને પ્રાર્થના કરવા ખાસ વિનંતી.

મંગળદાસ પટેલના પ્રણામ

● ● ●

● પરોપકારનું પ્રત્યેક કાર્ય સ્વર્ગ તરફનું એક પગલું છે.

-શ્રીરામ શર્માજી

● ભૂલ કરવામાં પાપ છે જ, પણ એ ભૂલને છુપાવવામાં તો એથીય મોટું પાપ છે. -ગાંધીજી

●

॥ હરિઃૐ ॥

## મૌનમંદિરના અનુભવો

જીવનના ઉત્થાન માટે પૂજ્ય મોટાએ મૌનમંદિરોની રચના કરી છે. જિજ્ઞાસુઓ, શાંતિ ઇચ્છુકો, ઊર્ધ્વમાર્ગના પ્રવાસીઓ, કંઈક જાણવાની ઇચ્છાવાળાઓ માટે આ મૌનમંદિરો આશીર્વાદરૂપ છે. મૌનમંદિરમાં બેસીને સાધકો ઉત્તમ પ્રકારનો મંત્રજાપ કરી પ્રભુપ્રીતિ અને ગુરુમહારાજની કૃપા પ્રાપ્ત કરે છે. બંધ કમરામાં બેસીને કોઈની સાથે બોલ્યા ચાલ્યા વગર, જગત સાથે કોઈ પણ સંબંધ રાખ્યા વગર, અંધારામાં ડૂબકી મારીને 'હરિઃૐ'ના મંત્રજાપ સિવાય અન્યના સથવારાને ત્યજવાના. એ બધું તો શરૂઆતમાં ખૂબ જ દુષ્કર લાગે. અંદર અકળામણ મૂંઝવણ થાય. બહાર કુદરત સોળે કળાએ ખીલી હોય, એના રસના ચટકા લેવાને બદલે આમાં અંધકારમાં ક્યાં આવી ભરાયા એમ શરૂઆતમાં લાગણી થાય. અંધકારથી ટેવાઈ ગયા પછી તો ગુરુમહારાજની કૃપાથી સામાન્ય સાધક પણ મૌનમંદિરમાંથી બહાર નીકળવાની ઇચ્છા પણ ન કરે. સાચા સાધકો-જેમને જિંદગીમાં પરમ તત્ત્વને પામવાની ઇચ્છા જાગી છે, તેઓના માટે તો મૌનમંદિરની સાધનાના દિવસો જિંદગીના મહામૂલા દિવસો બનતા હોય છે. મૌનમંદિરમાં જાતજાતના આધ્યાત્મિક અને વિચિત્ર અનુભવો થતા હોય છે. ક્યારેક કોઈ પણ જાતના કારણ વગર હસવાનું બનતું હોય તો ક્યારેક આપોઆપ રડવાનું બને. ક્યારેક ઠેકડા મારવાનું બને તો ક્યારેક ચપટી વગાડતાં

વગાડતાં નાચવાનું થાય. આવી બધી ક્રિયાઓ તો આપમેળે સહજ રીતે બનતી. ક્યારેક તો આનંદના સાગરમાં હિલોળા લેવાનું બને. આમ શાથી બને છે તેની સમજણ પણ ના પડે.

શ્રી મંગળદાસભાઈએ મૌનગૃહમાં તા. ૧૩-૧૧-'૫૯થી તા. ૫-૧૨-'૫૯ સુધીનું પ્રથમ લાંબું મૌન લીધેલું. ત્યાર બાદ તા. ૨૭-૯-'૬૧ થી તા. ૧૪-૧૦-'૬૧ સુધીનું બીજું મૌન અને તા. ૧૫-૮-'૮૨ થી ૨૧-૮-'૮૨ સુધીનું ત્રીજું મૌન લીધેલું. આ ત્રણ મૌન વખતે મૌનમંદિરમાં શ્રી મંગળદાસભાઈએ જે કંઈ અનુભવ્યું તે લખી રાખીને પૂજ્ય મોટાને જણાવતા અને આવું શા માટે થાય છે તે જાણવાની પૃચ્છા કરતા.

તેમણે તા. ૧૩-૧૧-'૫૯ને શુક્રવારના રાતના સાત વાગ્યાથી તા. ૫-૧૨-'૫૯ના સવારના ૬-૩૦ કલાક સુધી ૨૧ દિવસ મૌનગૃહમાં જપયજ્ઞનો લાભ લીધો. તેમને થયેલા અનુભવો તેમના જ શબ્દોમાં રજૂ કર્યા છે.

**(૧) જીવદશાવાળો જીવ પોતાની મરજી કે ઈચ્છા મુજબ કરતો હોય છે તેવું બનતું નથી, પણ તેણે તેના દોરનારની ઈચ્છા મુજબ જ કરવાનું હોય છે.**

રજાઓ મંજૂર થતાં આશ્રમમાં મૌન લેવાનું નક્કી કર્યું. ત્યારથી મન સાથે નક્કી કરેલું કે આ વખતે તો બસ રામસાગર તંબૂરા ઉપર જ જપ કરવા છે. મંજીરાં પણ ખૂબ જ વગાડવાં છે. આથી, એક મિત્ર પાસેથી રામસાગર અને મંજીરાં લાવ્યો. રામસાગર અને મંજીરાં ઘેર લાવીને તેની થોડીક પ્રૅક્ટિસ કરી. આશ્રમમાં રામસાગર સાથે લાવ્યો, પરંતુ એક પણ

દિવસ તેના તાર મિલાવી તે વગાડી જાપ કરવાનું બની શક્યું નથી. દરરોજ રામસાગર યાદ આવ્યા જ કરે અને તે ઉપર ભજનો ગાવાની અને જપ કરવાની ઈચ્છા ઘણી જ થાય, પરંતુ તેમ બની શકતું નથી. કોઈ કહેશે કે પ્રયત્નો નહિ જ કર્યા હોય. એક બે વાર પ્રયત્નો કરી જોયા, પરંતુ તાર મળ્યા નહિ અને કંઠ પણ નીકળ્યો નહિ અને તે વગાડતાં ચેન પણ પડતું જ નહિ. આ ઉપરથી મારી સમજણ પ્રમાણે સમજી શકાયું છે કે દરેક વસ્તુ પ્રભુને આધીન રહીને કરવાના પ્રયત્નો કરવા. **ખોટા ઉધામા કરવા નહિ તેમ જ શેખચલ્લીની માફક વિચારો કરવા નહિ. મનમાં ખોટું ખોટું હરખાવું નહિ. બધું ઈશ્વરના ભરોસે તેના ઉપર છોડી દઈને બસ કામ જ કર્યા કરવું. ભવિષ્યના સરવાળા બાંધવા નહિ. ભૂતકાળને વાગોળવો નહિ, પરંતુ વર્તમાન સુધારતા જ રહેવું.**

**(૨) સદ્‌ગુરુ મહારાજની ઈચ્છા મુજબ-કહ્યા મુજબ વર્તવાનું થાય છે ખરું.**

આશ્રમમાં આવ્યો ત્યારે ઉપર મુજબના વિચારથી જ રામસાગર ઉપર ભજન કરવા તથા જપ કરવાની ઈચ્છાથી જ આવેલો. પરંતુ સદ્‌ગુરુ મહારાજે તા. ૧૪-૧૧-'૫૯ના રોજ રાતના ડીસા જતાં કહેલું કે **'પ્રભુ-ભઈલા અંદરની બધી ચોપડીઓ વાંચી નાખજે.' ત્યાર પછી ચોપડીઓ-પુસ્તકો વાંચવા પ્રયત્નો કરવા પડ્યા જ નથી. વાતાવરણ એવું સર્જાઈ ગયું કે વાંચન સિવાય બીજી વસ્તુ ઉપર જીવ જ ના બેસે. ગુરુ મહારાજની ઈચ્છા મુજબ પ્રભુકૃપાથી નીચેનાં પુસ્તકો વાંચી શક્યો છું. (૧) જીવન મંથન, (૨) જીવન મંડાણ,**

**(૩) જીવન પ્રવેશ, (૪) જીવન પ્રેરણા, (૫) જીવન પગરણ, (૬) જીવન સંગ્રામ, (૭) જીવન પગથી, (૮) જીવન પાથેય, (૯) જીવન સંદેશ, (૧૦) જીવન પોકાર, (૧૧) જીવન સંશોધન, (૧૨) હરિજન સંતો.**

પુસ્તકો વાંચવા માંડીએ તો વંચાય તેમાં શું નવાઈ ? આ વખતે આશ્રમમાં વીજળી ન હતી તેમ છતાં પ્રભુકૃપાથી નવાઈ એ થઈ કે ટૉર્ચની લાઇટની મદદથી કંઈ કશું જ વાંચ્યું નથી એમ નથી, પરંતુ મોટા ભાગનું મૌનમંદિરમાં જાળીએથી આવતા પ્રકાશની મદદથી વાંચવાનું બની શક્યું છે અને તે પણ સતત અઢીથી ત્રણ કલાક અને ઘણી વખત તો સાડા ત્રણ કલાક ઊભા રહીને વાંચવાનું પ્રભુકૃપાથી બની શક્યું છે.

(૩) ભજન કેવી રીતે બનાવવાં-લખવાં તેની કોઈ પણ જાતની ગતાગમ નહિ હોવા છતાં, તેમ જ જીવનમાં કોઈ પણ વખતે પ્રયત્ન નહિ કર્યા હોવા છતાં જેમ જેમ પ્રસંગો આવતા ગયા તેમ તેમ પ્રભુકૃપાથી ભજનો લખાતાં ગયાં છે. આ એક પ્રભુની પ્રત્યક્ષ મદદનો સચોટ-બુદ્ધિ-સ્વીકાર્ય અનુભવ કહેવાય.

**(૪) મદદ માગતાં મદદ મળતી હોય છે અને તે અનુભવી પણ શકાતી હોય છે.**

તા. ૧૩-૧૧-'૫૯થી તા. ૧૮-૧૧-'૫૯ સુધીનો સમય સાવ નીરસ જતાં તેમ જ આનંદ-મસ્તી-ધૂન નહિ પ્રગટતાં પૂજ્ય મોટાને કાગળ લખ્યો ત્યારે તેમણે તેનો જવાબ તા. ૧૯-૧૧-'૫૯ના રોજ લખેલો તે મને તા. ૨૨-૧૧-'૫૯ના રોજ મળ્યો. તેમાં લખેલું કે, **'જ્યારે જ્યારે મનમાં અકળામણ મૂંઝવણ થાય અને ચેન ના પડે ત્યારે હરિઃૐના જાપ કરવા**

**અને તારી અંદર રહેલા મોટાને યાદ કરીને ખૂબ જ મસ્તીમાં રહેવું.'** પૂજ્ય મોટાના કહેવા પ્રમાણે કરતાં અને મદદ માગતાં એટલી તો મસ્તી અને ધૂન પ્રગટતી. બસ હાથની ચપટીઓ વગાડતાં વગાડતાં ખૂબ જ નાચવાનું મન થતું. ખૂબ જ કૂદવાનું થતું. હસવાનું પણ ખૂબ જ આવતું હતું. આ એક પ્રયોગ કરેલી વસ્તુ છે. હજુ પણ **મોટા**નું સ્મરણ કરીને પ્રાર્થના કરતાં તે જ પ્રમાણેની ઉપર પ્રમાણેની મસ્તી અને ધૂન પ્રગટે છે. હસવું પણ હૃદયના ઊંડાણમાંથી આવે છે. મારી છાતીના ભાગ ઉપર જે ખાડો છે, તે ખાડામાં હાથ ફેરવતાં ફેરવતાં **મોટા**ની છાતીનાં ખાડાને યાદ કરતાં તરત જ હસવું આવે છે અને આનંદ-મસ્તી-ધૂન પ્રગટે છે.

**(૫) ધૂન આનંદ અને મસ્તીની લહેરો આવતી અને જતી અનુભવી શકાઈ છે.**

બેઠો બેઠો જપ કરતો હોઉં, ત્યાં લહેર આવે કે તરત જ ઊભા થઈ જવાય અને નાચવાનું, કૂદવાનું-હસવાનું શરૂ થઈ જાય અને આનંદ આનંદ તો ખૂબ જ થઈ જાય. વાતાવરણ પલટાઈ જાય અને તે જતાં પાછું પહેલાં હતી તેવી પરિસ્થિતિમાં આવી જવાય.

**(૬) પ્રકૃતિના હુમલાઓમાં પણ મદદ મળતી અનુભવી શકાય છે.**

એક દિવસ રાતના મન ખૂબ જ વિચારોમાં ચઢ્યું. વિચારો બંધ કરવાના પ્રયત્નો કરવા છતાં વિચારો બંધ જ ના થાય. વિચારો તે કેવા ? હવે તો મારાથી મૌનમાં રહી શકાશે નહિ. મૌનમંદિરની બહાર નીકળી જવું પડશે. અશુભ

સમાચાર આવવાના છે. હવે ખલાસ મૌન પૂરું નહિ થાય. આ વિચારોએ તો શ્રદ્ધા પણ હચમચાવી નાખેલી. **મોટા**ને પ્રાર્થના કરતાં મગજ શાંત પડેલું.

તા. ૩-૧૨-'૫૯ના રોજ રાતના **મોટા**ની પ્રાર્થના કરતાં કરતાં મનમાં થયું કે આજે તો અંદર રહેવાશે નહિ. હવે બે દિવસો કેવી રીતે કાઢવા. ભારે મુસીબત થશે. મૂંઝવણ થઈ, શરીરનાં અવયવો ઢીલાં પડતાં લાગ્યાં. પગ ઢીલા પડ્યા. **મોટા**ને પ્રાર્થના કરી કે **મોટા** મારી લાજ રાખજો. અને મને મદદ કરજો. આનંદ, મસ્તી અને ધૂન આપજો. તેટલામાં જ લહેર આવી. આનંદ, મસ્તી અને ધૂન પ્રગટ્યાં. સૂતાં સૂતાં ખૂબ જ ભાવપૂર્વક ચપટીઓ વગાડતાં વગાડતાં નામસ્મરણ થઈ શકેલું.

**મનમાં ખૂબ જ હલકા વિચારો આવે. હૃદય વલોવાઈ જાય. મગજ ફાટી જાય તેવા વિચારો આવે. મગજને તમાચા મારું, માથું કૂટું છતાં પણ વિચારો આવ્યા જ કરે. આ વિચારો બંધ કરવાનો ઉપાય પુસ્તકમાંથી મળ્યો કે આવા પ્રસંગે પ્રભુને તથા સદ્‌ગુરુને ખૂબ ખૂબ પ્રાર્થના કરવી.** બે ત્રણ દિવસ લાગલાગટ પ્રાર્થના કરતાં વિચારો આવવા બંધ થયા. અત્યારે વિચારો ઊઠે પણ પ્રાર્થનાના લીધે તે સમાઈ જાય છે.

(૭) **મૌનમંદિરની અંદર આવેલા વિચારોના જવાબો મળ્યા કરે છે.**

(૧) મનમાં નક્કી કરી રાખેલું કે આ વખતે ૨૧ દિવસ જ બેસવાનું છે. ત્યાં બહારથી પૂજ્ય મોટાએ કહ્યું કે, 'ભાઈ, આ વખતે તમારે ૨૧ દિવસ જ બેસવાનું છે.'

(૨) મનમાં એ પણ નક્કી કરેલું કે જો **મોટા** મંજૂરી આપે તો બાકીની રજાઓ આશ્રમમાં રહીને પસાર કરવી. ત્યાં બહારથી મોટાએ કહ્યું કે ભાઈ ૨૧ દિવસ પૂરા થયા બાદ તારે નડિયાદ જવાનું નથી, પરંતુ આશ્રમમાં જ રહેવાનું છે અને આશ્રમમાં રહીને હરિઃૐના જપ જ કરવાના છે. આ જપ નિમિત્તે તને જે બે મહિનાની રજાઓ મળી છે, તે આ પ્રમાણે જ વિતાવવાની છે.

(૩) **મોટા** આશ્રમમાં રહેવાની મંજૂરી આપે તો કેવી રીતે રહેવું તે પણ વિચારી રાખેલું. તેના જવાબમાં **મોટા** તરફથી સૂચવવામાં આવ્યું કે તારે ખૂબ જ જપ કર્યા કરવા. બને તેટલું મૌન પાળવું અને નામસ્મરણ કરવું.

(૪) તા. ૧-૧૨-'૫૯ તથા ૨-૧૨-'૫૯ આ બે દિવસોમાં તીવ્ર ઈચ્છા થયા કરેલી કે શ્રી વિજયશંકરભાઈ ત્રિવેદી સાહેબ આશ્રમમાં આવે તો સારું. તા. ૨-૧૨-'૫૯ના રોજ તો થયા કરેલું કે આજે તો જરૂરથી આવશે જ. અને સાચે જ આ દિવસે સાંજના તેઓ આશ્રમમાં આવેલા.

**(૮) વિચારોનાં વમળોમાંથી છૂટવા માટે યુદ્ધ આપવું પડે છે અને તે અનુભવાય છે પણ ખરું !**

એક દિવસ સવારથી થયા કરતું હતું કે આજનો દિવસ શી રીતે પસાર થશે. ખલાસ ! આજે તો બાર જ વાગી જશે. મૌનમંદિરની સફાઈનું કામ પતાવી દીધું ત્યારે ફક્ત સવારના આઠ જ વાગેલા. થયું કે હવે સવારના આઠથી બપોરના બે વાગ્યા સુધીનો સમય કેવી રીતે જશે ? હવે મર્યા પડ્યા. કુદરતે રસ્તો સુઝાડ્યો. ગભરાવું નહિ, યુદ્ધ આપવું. સામનો

કરવો-વિચારોનો સામનો કરવાનું નક્કી થયું. એટલે સવારના આઠ વાગ્યાથી જપ કર્યા અને જપ તે કેવી રીતે થાય કે જાણે આપણે બંધાઈ ગયા છીએ અને તેમાંથી છૂટવા મથતાં હોઈએ તે રીતે. બપોરના ઉપરના સમયે તો શરીર થાકીને લોથપોથ થયેલું અનુભવાયું. પુસ્તક વાંચવા ઊભું ન રહેવાય. હીંચકા ઉપર આડો પડ્યો. શ્વાસ તો માય નહિ, ધમણમાંથી જેમ હવા ફૂંકાય તેમ શ્વાસ ફૂંકાય, પરંતુ પ્રભુની લીલા કંઈક જુદી જ છે. મદદ આવી પહોંચી. પાંચ જ મિનિટમાં શ્વાસ ઊતરી ગયો. થાક ઊતરી ગયો અને ઊભાં ઊભાં વાંચી શકાયું.

**(૯) પ્રભુની ઈચ્છા અનુસાર જ બધું બનતું હોય છે.**

એક દિવસ મનમાં નક્કી કર્યું કે આજે ઓટલા ઉપર બેસીને જ જપ કરવા. ત્યારે ઓટલા ઉપર બેસીને જપ કરવાનું બન્યું નહિ.

આરામખુરશીમાં બેસીને જપ કરવાનું નક્કી કરતાં આરામખુરશીમાં બેસવાનું મન જ ના થયું.

ખુરશીમાં બેસીને જપ કરવાનું મન થતાં ખુરશીમાં બેસવાનું મન જ ના થયું.

હીંચકા ઉપર સૂતાં સૂતાં જપ કરવાનું મન થતાં તે પ્રમાણે બની શકેલું નહિ.

ઉપર પ્રમાણેનું નહિ બનવામાં મન નક્કી ન હતું તેવું કાંઈ ન હતું તેમ જ મનમાં ગભરાટથી એવું નહિ બનેલું તેવું પણ ન હતું છતાં કુદરતી રીતે જ તે પ્રમાણે બનતું.

**(૧૦) મૌનની અંદર નાના મોટા પ્રશ્નોના સવાલોના તથા મૂંઝવણોના ઉકેલના રસ્તા મળ્યા જ કર્યા છે.**

દિવસે જે જે સંજોગોમાંથી પસાર થવું પડ્યું હોય. જે જે પ્રશ્નો ઊભા થયા હોય, જે જે મૂંઝવણો અનુભવી હોય, તેનું નિરાકરણ તે જ દિવસે પુસ્તક વાંચતાં વાંચતાં થઈ જ જાય. આ એક ખૂબીની હકીકતની વસ્તુ મારા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડેલી. અકળામણનો રસ્તો નીકળતાં નિકાલ થઈ જતો. નામસ્મરણ ધીમેથી કરવા પૂજ્ય મોટાએ કહેલું છતાં તે યાદ નહિ રહેતાં મારો ખ્યાલ એવો બંધાયેલો કે નામસ્મરણ તો મોટેથી જ લેવાય, એટલે ગળું દુઃખે, માથું દુઃખે છતાં નામસ્મરણ મોટેથી જ લીધા કરતો. પુસ્તકમાંથી રસ્તો મળ્યો કે નામસ્મરણ નાડીના-હૃદયના ધબકારા સાથે જ લેવાય તેવી રીતે લેવાય તે જ ઉત્તમ.

**(૧૧) મૌનમંદિરમાં એકલો છું તેવું ક્યારેય લાગ્યું નહિ.**

એકવીસ દિવસ સુધી કોઈની સાથે બોલવું નહિ, ચાલવું નહિ. કોઈનાં દર્શન કરવાંનાં નહિ. પ્રકાશ ન મળે. બીજાં અન્ય કામો નહિ. ફક્ત હરિઃૐનું નામસ્મરણ જ કર્યા કરવાનું. પુસ્તકો વાંચવાનાં. છતાં કોઈ વાતે અકળામણ જેવું નહિ. એકલો છું તેવો ખ્યાલ સરખો પણ ન આવે. સ્ટેશન ઉપર ગાડી મોડી પડતાં ત્રણ ચાર કલાક બેસવાનું થતું હોય છે અને તે પણ ઘણા માણસોની હાજરીમાં છતાં અકળાઈ જવાય છે ત્યારે અહીંયાં તે જાતની અકળામણ જેવું થતું નથી. એકલો છું તેવું લાગ્યું નથી. માણસ જેમ બીજાઓની હાજરીમાં આનંદ અને મસ્તીમાં રહ્યા કરે છે અને જેવું ફાવતું હોય છે તેવું અંદર લાગ્યા જ કરે છે. તેમાં વળી રાતના સમયે એટલે

સૂર્યાસ્ત થયા પછી તો લાગે કે ઘેર જ સૂતા છીએ. મને તો આ એક અચરજ પમાડે તેવું લાગે છે, એટલે સૂક્ષ્મ રીતે જરૂર પૂજ્ય મોટાની હાજરી રહેતી જ હોય છે. તેના સિવાય આવું વાતાવરણ ન જળવાઈ રહે. આ એક અનુભવ કરવા જેવી હકીકત છે.

**(૧૨) જીવન સંગ્રામ છે તેનો અનુભવ લઈ શકાય તેવો આ પ્રકારના લાંબા એકાંતના મૌનમાં લઈ શકાય.**

જીવન સંગ્રામ છે તે તો મૌનમાં લાગ્યું જ છે. મૌનમાં એકલા હોવા છતાં હસવાના, અકળાવાના, મૂંઝાવાના, ગભરાવાના, રડવાના પ્રસંગો ક્યાંથી આવ્યા ? કોણ લાવ્યું ? અને કેવી રીતે તે શમી ગયા વગેરે પ્રશ્નો ઉદ્‌ભવ્યા વિના રહેતા નથી. આ બધા પ્રશ્નો અને સંજોગો આપણામાંથી એટલે પ્રભુએ ઘડેલા માનવદેહમાંથી ઉત્પન્ન થાય છે. તે દેહ વડે તેનો સામનો કરાય છે અને એ પાછા દેહમાં સમાઈ જાય છે. મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્, કામ-ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ જ માણસના મોટામાં મોટા શત્રુ છે અને જો તે મિત્ર તરીકે વર્તે તો સાચા મિત્ર પણ થઈ શકે તેમ છે. કેવી કેવી રીતના શત્રુ છે અને ક્યાં ક્યાં ભુલભુલામણીમાં નાખી દે છે, કેવો કેવો ત્રાસ, દુઃખ સંતાપ વગેરે આપે છે, તેનો જીવતોજાગતો અનુભવ પણ મૌનમાં થયા કર્યો છે. તેમાંએ રોજિંદા જીવનમાં જીવતા આ બધા શત્રુ-મિત્રોનો લાભ લેવાનો તથા તેમની રીતિ નીતિ જાણવાનો પ્રસંગ સાંપડે, પણ તે તો ચાલ્યો જ જતો હોય છે, કારણ કે આ બધું સમજવા માટે શાંત વાતાવરણ અને એકાંત પ્રભુકૃપાથી અહીંયાં મૌનમાં જેવું

મળે છે તેવું બીજી જગ્યાએ મળવું શક્ય બનતું નથી. મન કેવી રીતે નચાવે છે અને કેવી રીતે નાચવું પડે છે તેનો પણ અનુભવ મૌનમાં થયા કરે છે. દરેક નાના મોટા પ્રશ્નો માટે સમાધાનકારક વલણ લેવું પડે છે અને ઘણી વખત મન અને બુદ્ધિ વચ્ચે દંગલ જામે છે. બે પ્રકૃતિઓ પોતાનાં બળોએ ખૂબ જ ખેંચતાણ કરે છે ત્યારે જે દશા થાય છે, તે સહી શકાતી નથી. રોજિંદા વહેવારમાં જે જે વિચારો આવે છે, જે જે વલણો ઊઠે છે, તે સાચા જ હોય છે. તેવું માનવાનું કારણ રહેતું જ નથી, કારણ કે મન એની મેળે વિચારો કરતું જ રહે છે અને પાછળ પાછળ ફેરવ્યા કરે છે. બુદ્ધિ પણ ઘણી વખત મનના વિચારોની પાછળ તણાતી લાગે છે. તે વખતે અહમ્ તેમાં ભેગો સમાઈ જઈ શ્રદ્ધાને ડગમગાવી મૂકે છે ત્યારે પ્રાણ ખૂબ જ મૂંઝાય છે. તેવું પ્રભુકૃપાથી અનુભવે લાગ્યું છે. મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, અહમ્‌ની રમતોમાંથી બચાવનાર પ્રભુ એક જ છે, તે પણ અનુભવે જણાયું છે, કારણ કે જ્યારે જ્યારે ઉપરના કોઈ પણ એકે સકંજામાં ફસાવવા પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે પ્રભુપ્રાર્થનાએ અને ગુરુમહારાજની પ્રાર્થનાએ બચી શકાયું છે અને ઘણી વખત હાર પણ ખાધી છે. મારી દૃષ્ટિ અને સમજણ પ્રમાણે ઉપરની બધી વસ્તુઓથી બચી ઉપર તરી આવવા માગતા જીવે ભગવાનનું ખૂબ જ પ્રેમભાવ-ભક્તિપૂર્વક નામસ્મરણ કર્યા કરવું. જેથી પ્રભુકૃપાથી બચી જવાય. અને સાચા હૃદયથી માનેલા સદ્‌ગુરુને તેવા વખતે મદદ માટે પ્રાર્થના કરવી જેથી પણ બચી શકાય. આશા, કામના, ઇચ્છા, તૃષ્ણા, લોલુપતા વગેરેથી પણ પર થવા માટે

પ્રભુકૃપા મેળવવી જરૂરી. આ બધું સદ્‌ગુરુ મહારાજની મદદથી અને સ્વપ્રયત્નથી જ થઈ શકે.

● સાચો પ્રેમ હક માગતો નથી, પ્રેમ તો ફના થવામાં પોતની ફતેહ સમજે છે. - પૂજ્ય મોટા

● પ્રેમ એ જોડનાર સાંકળ પણ છે અને મુક્તિ અપાવનાર સાધન પણ છે. - પૂજ્ય મોટા

●

॥ હરિઃૐ ॥

## ભજનો - મૌનમંદિર

(પૂ. મંગળદાસભાઈ કોઈ કવિ નથી. ક્યારેય તેમણે કાવ્યો-ભજનો લખ્યાં નથી કે એવો કોઈ પ્રયત્ન કર્યો પણ નથી. મૌનગૃહમાં લાંબા સમય માટે મૌન ધારણ કરેલું, તે વખતે એમના હૃદયમાં જે આનંદની લહેરો ઊઠેલી, તે વખતે વગર પ્રયત્ને જે ભાવો ઊમટ્યા તેની નોંધ કરી રાખી. આમ, ભજનો સ્વયંભૂ રચાતાં ગયાં. પૂજ્ય મોટાને મૌનગૃહમાંથી બહાર આવ્યા બાદ એ ભજનો બતાવ્યાં. પૂજ્ય મોટાએ કહ્યું કે 'ભજનમાં શબ્દોનું નહિ પણ ભાવનું મહત્ત્વ છે.' આ ભજનોમાં ક્યાંક પુનરાવર્તન દોષ દેખાશે તો ક્યાંક પ્રાસનો અભાવ જણાશે. તો સુજ્ઞ વાચકો એ ધ્યાનમાં લીધા સિવાય એમાં રહેલા ભાવને જોવા અને શોધવા માટે પ્રયત્ન કરશે તો એમાં પૂજ્ય મોટા તરફનો અને ભગવાન તરફનો ભક્તિભાવ નીતરતો જોવા મળશે.)

●

તા. ૨૦-૧૧-'૫૯ના રોજ કોનો સથવારો સાચો અને કોનો સથવારો ખોટો તે અંગે વિચાર આવતાં નીચેનું ભજન આપોઆપ રચાયું.

સાચો સથવારો સદ્‌ગુરુનો
બીજા કોઈનો ના કરો વિશ્વાસ
અન્યનો સથવારો લેશો તો
તમો પડશો તેની સાથ

સાચો સથવારો સદ્‌ગુરુનો
તેમના મનમાં ન નાત કે જાત
ખોટો સથવારો અન્યનો
તેના મનમાં નાત ને જાત
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેમના હૃદયમાં ન પાપ કે દ્વેષ
ખોટો સથવારો અન્યનો
તેમના હૃદયમાં પાપ ને દ્વેષ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ ચાહે સૌને સમાન
ખોટો સથવારો અન્યનો
તેમના મનમાં ભેદ ને કુભાવ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ લઈ જાય ઉદ્ધારને માર્ગ
ખોટો સથવારો અન્યનો
તેઓ લઈ જાય પાપને માર્ગ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ કરાવે સઘળાંનાં કામ
ખોટો સથવારો અન્યનો
તેઓ કરવા દે ન કોઈનાં કામ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ કરાવે સૌ સાથે પ્રેમ
ખોટો સથવારો અન્યનો
તેઓ કરાવે સૌ સાથે વેર

સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ લઈ જાય સાચા પંથ
ખોટો સથવારો અન્યનો
તેઓ લઈ જાય ખોટા પંથ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ આવવા ન દે ક્રોધ
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણો ક્રોધ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ હટાવે મનમાંથી કામ
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણાં કામ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ મટાડે આપણો લોભ
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણો લોભ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ કાઢે મનમાંથી મોહ
ખોટો સથવારો અન્યનો
તેઓ પેસાડે મનમાં મોહ
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ ટાળે આપણો ભય
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણો ભય

સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ કરે સાચી વાત
ખોટો સથવારો અન્યનો
તેઓ કરે ના કદી સાચી વાત
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ ઘટાડે આપણો ભાર
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણો ભાર
સાચો સથવારો સદ્‌ગુરુનો
તેઓ લઈ લે આપણાં દુઃખ
ખોટો સથવારો અન્યનો
તેઓ વધારે આપણાં દુઃખ
સાચો સથવારો સદ્‌ગુરુનો
એમના મનમાં ન કામ કે ક્રોધ
ખોટો સથવારો અન્યનો
તેઓ કામ-ક્રોધથી ભરપૂર
સાચો સથવારો સદ્‌ગુરુનો
એમના મનમાં ન લોભ કે મોહ
ખોટો સથવારો અન્યનો
તેઓ લોભ-મોહથી ભરપૂર
સથવારો સદ્‌ગુરુનો કરીએ તો
ભવસાગર તરી જવાય
સાધક ભાઈઓને પ્રાર્થના
તમો સદ્‌ગુરુનો લેજો સાથ

●

**(તા. ૨૦-૧૧-'૫૯ના રોજ મૌનગૃહમાં પૂજ્ય મોટાની રહેણીકરણી, વેશ, ભાષા, બોલવાની રીત વગેરે ઉપર સતત વિચારો આવતાં સાધક ભાઈઓને સંબોધીને નીચેનું ભજન લખવાનું બન્યું છે.)**

સાધક ભાઈઓ રે...શેઢી કાંઠે એક અવધૂત
વાતો એમની સાદી સાદી,
સમજવામાં ઘણી કાઠી.
સમજી જો શકાય તો
ભવસાગર તરાય રે...સાધક...
વેણ એમનાં સાદાં સાદાં
આચરવામાં ઘણાં કાઠાં
આચરી જો શકાય તો
ભવસાગર તરાય રે...સાધક...
વેશમાં એ તો સાવ સાદા
ઓળખવામાં ઘણાં કાઠા
ઓળખી જો લેવાય તો
ભવસાગર તરાય રે...સાધક...
વર્તન એમનું સાવ સાદું
સમજવામાં ઘણું કાઠું
સમજણ જો પડી જાય તો
ભવસાગર તરાય રે...સાધક...
રહેણીકરણી સાવ સાદી
આચરણ કરવા જેવી

આચરણ જો કરાય તો
ભવસાગર તરાય રે...સાધક...

•

(તા. ૨૦-૧૧-'૫૯ના રોજ બપોરના સમયે મૌનમંદિરના જાળિયા આગળ ઊભા રહી પુસ્તક વાંચતાં વિચારોની પરંપરા છૂટી અને એવું લાગવા માંડ્યું કે આ તો ખોટું થયું. આના કરતાં તો આ પ્રભુભજનના માર્ગમાં ન પડ્યા હોય તો સારું. આ મૌનમંદિરમાં ક્યાં આવી પડ્યો. કોઈની સાથે બોલવા ચાલવાનું નહિ. બસ એકલા જ એકલા. ત્યારે ઓચિંતી મનમાં લહેરો ઊઠવા માંડી ને આપોઆપ ભજનની રચના થઈ.)

પ્રભુના રે પંથમાં સગડગ નહિ ચાલે
સગડગ ચાલશે તે પડશે રે...લોલ
ડગલું ભરતાં પહેલાં ઘણું વિચારો
ભર્યા પછી નહિ પસ્તાવું રે...લોલ
ડગલું ભર્યા પછી હિંમત રાખવી
નહિ રાખો તો નહિ ચાલશે રે...લોલ
હિંમત રાખીને જે ચાલશે
તેને ચલાવશે મારો રામ રે...લોલ

•

(તા. ૨૧-૧૧-'૫૯ના રોજ સવારના ૧૦-૨૦ કલાકે થયા કરતું હતું કે આપણે તો સાવ જ એકલા. જગત સાથે કોઈ સંબંધ નથી. જગત આપણાથી નોખું અને આપણે જગતથી નોખા. એવા વિચારોએ મનમાં થતા દુઃખ અને સંતાપને સમાવવા પ્રભુકૃપાથી નીચેનું ભજન લખી શકાયું.)

ભ્રમ છે મનને મુજથી, જગત દૂર વસે છે.
બંધ દ્વાર બહાર સઘળું જગત વસે છે.
ભ્રમ જતાં જેમ સઘળું સાચું જ ભાસે
દ્વાર ખૂલતાં જ સઘળું જગત દેખાશે
સાચી સમજણ પડે ભ્રમ ભાંગવાનો
સાચી મહેનત થયે ए દ્વાર ખોલવાનો
(ए એટલે પરમાત્મા)

●

**(તા. ૨૧-૧૧-'૫૯ના રોજ બપોરના અગિયાર વાગ્યાના સુમારે અકળામણ થતાં મનમાં થયા કરતું કે અંદર કરતાં બહાર મજા પડે તેવું છે. આ તો અંદર પુરાઈ રહેવાનું, જેલ જેવું થયું. પ્રકાશ નહિ, કુદરત જોવાની નહિ અને આખો દિવસ અંધારામાં હરિઃૐના મંત્ર સિવાય કોઈ બીજી પ્રવૃત્તિ જ નહિ ત્યારે પ્રભુકૃપાથી મનને સંબોધીને ભજન લખાયું.)**

મન તને ખોટું સમજાય છે રે
બહાર તને મજા પડવાની
અંદર જેવી મજા મસ્તી રે
બહાર તને નથી પડવાની
મન તારા ખોટા સરવાળા રે
અંદર જેવું બહાર નથી.
મન તું ખોટું મૂંઝાય છે રે
બીક જેવું અંદર કાંઈ નથી.
મન તું નિશ્ચિંત રહેજે રે.
વાસ સદ્‌ગુરુનો અંદર રે.

●

**(મનને સંબોધીને લખેલ ભજનથી મનમાં અપાર શાંતિ આવી. આનંદનો મહાસાગર મનમાં ઊઠવા લાગ્યો. અંદરની આનંદ મસ્તી કંઈક ઑર જ છે. થોડાક સમય પહેલાં મનમાં ઉદ્‌ભવેલા દુ:ખના ખ્યાલો દૂર થયા અને તરત જ ૧૧-૩૦ કલાકે બીજું ભજન રચાઈ ગયું.)**

મન તને હવે વીનવું રે
 હવે તું ગભરાઈશ નહિ રે.
મન એ તો પ્રભુ પરીક્ષા રે,
 એમાં અકળાવું નહિ રે.
મન એ તો થોડા માટે રે,
 પાછળ આનંદ આવે રે.
મન એ તો સદ્‌ગુરુ રે,
 સાચું રહસ્ય એ જાણે રે.

●

**(ઉપરનું મનને સંબોધીને ભજન લખ્યા બાદ મનમાં ખૂબ જ આનંદ મસ્તી ઊભરાવાં લાગ્યાં. મન અભિમાનમાં રાચવા માંડ્યુ, પણ આ બધો પ્રતાપ તો સદ્‌ગુરુ મહારાજનો છે. તેને લઈને આ આનંદ મસ્તીની લહેરો આવે છે અને જાય છે. તા. ૨૧-૧૧-'૫૯ના રોજ ૧૧-૪૫ કલાકે ભજન આપોઆપ રચાયું.)**

મન મત કર તું અભિમાન
 એ તો સદ્‌ગુરુનો પરતાપ
સદ્‌ગુરુ ઈચ્છા જો સવળી તો
 મન હસવાનું તે થકી થાય.

સદ્‌ગુરુ ઇચ્છા જો વક્ર તો
મન રડવાનું તે થકી થાય.
હસવું ને રડવું તે સદ્‌ગુરુ થકી
મન તું કરી લે વિચાર.

●

**(તા. ૨૧-૧૧-'૫૯ના રોજ રાતના સૂવાના વખતે વિચાર આવ્યો કે બહાર કોઈ અજાણ્યું કે જાણકાર ભાઈ આવીને પૂછે છે કે કેમ ભાઈ ! અંદર શું કરો છો ? કેવું લાગે છે ? કેવા કેવા પ્રસંગો આવ્યા તેના જવાબના રૂપમાં તા. ૨૨-૧૧-'૫૯ના રોજ બપોરના ૧૧-૦૫ કલાકે નીચેનું ભજન લખાયું.)**

હરિઃૐ, હરિઃૐ કરીએ રે
**મોટા**ના આધારે રહીએ રે.
ઘડીકમાં હસવાનું, ઘડીકમાં રડવાનું
ઘડીકમાં મૂંઝાવાનું, ઘડીકમાં અકળાવાનું
ઘડીકમાં કૂદવાનું, ઘડીકમાં નાચવાનું
ઘડીકમાં વિચારવાનું, ઘડીકમાં ફરવાનું
સમય થયે જમવાનું, સમય થયે નાવાનું
સમય થયે સૂવાનું, સમય થયે ઊઠવાનું
મૂંઝાયે મૂંઝાવું નહિ, અકળાયે અકળાવું નહિ.
હસવામાં ખૂબ હસવું, રડવામાં ખૂબ રડવું
કૂદવામાં ખૂબ કૂદવું, નાચવામાં ખૂબ નાચવું
વિચારોથી છટકવું, ફરવામાં જપ કરવા.

‘મંજી’ભાઈ મૂંઝાય છે ત્યારે માંહ્યલો હસે છે
‘મંજી’ભાઈ હસે ત્યારે માંહ્યલો કૂદે છે.
હસવું ને રડવું ને અકળાવું કૂદવું ને નાચવું
વિચારવું ને ફરવું એ બધી **મોટા**ની કૃપા રે.

•

**(તા. ૨૩-૧૧-’૫૯ના રોજ બપોરના સમયે મૌનમંદિરમાં પુસ્તક વાંચતાં ખૂબ જ અમંગળ વિચારો આવવા લાગ્યા. મન ખૂબ જ ખિન્ન બન્યું. વિચારોને શાંત કરવા નીચેનું ભજન લખાયું.)**

મન જ્યારે ચડે રે ચગડોળ
ત્યારે સહેવું ન સહેવાય.
વાત એવી રજૂ કરે કે
ગળે ઊતરી જાય
ગળે ઊતર્યા પછી
અંદર યુદ્ધ થાય
ચેતન અને મન વચ્ચે
દંગલ ખેલાય
દંગલ ખેલાય ત્યારે
બહાર ના રહેવાય
બહાર ના રહેવાય ત્યારે
જીવ ઘણો મૂંઝાય.
જીવ ઘણો મૂંઝાય ત્યારે
ઉપાય શોધવા જાય

ઉપાય ન જડતાં તે
પાછો પછડાય
એની કૃપા થાય ત્યારે
મન હારી જાય
એની કૃપા થાય ત્યારે
શાંતિ સ્થપાઈ જાય

•

**(મરકટ મન જ્યારે કૂદકા મારવાનું બંધ ન કરે ત્યારે એ મનને શાંત કરવા પૂજ્ય મોટાને આજીજી કરતું ભજન તા. ૧૨-૧-'૬૦ના રોજ રાતના આઠ વાગ્યે લખાયું.)**

ગુરુદેવ **મોટા**...રે મનને
મારાને સીધું કરો...રે
તમારા માટે તે અન્યથા વિચારે
ને તમોને ગાળો ખૂબ બોલે રે
આ બધું મુજથી સહેવાતું નથી રે
શું કરું તો મન મારું માને રે...ગુરુદેવ...
પ્રભુભજનમાં રહેવું ના ગમે તેને
વાસનામાં તે રસ લેતું રે
આખો દહાડો તે આડુંતેડું ચાલે
સીધા મારગે નવ ચાલે રે...ગુરુદેવ...
મિત્ર થવા તેને ઘણું ઘણું વીનવું
તોયે એ તો નવ માને રે
મિત્ર થવાનો ડોળ કરીને
અંદરથી એ મને છેતરે રે...ગુરુદેવ...

મિત્ર મારું જો એ નહિ બને તો
ગાડું મારું નહિ ચાલે રે
મિત્ર બનાવી તેને સાથમાં લઈને હું
ગુરુકૃપા લેવા માગું રે... ગુરુદેવ...
મન જો મિત્ર મારું બને તો
પ્રભુસ્મરણમાં રહેવાય રે
પ્રભુસ્મરણમાં એકધારું રહેવાય તો
ચેતનાના પ્રદેશમાં જવાય રે...ગુરુદેવ...
ઉપર ઉપરથી એ સારું દેખાડે ને
અંદર જુદો ભાગ ભજવે રે
નામસ્મરણ ચાલતું હોય ત્યારે
ચોરની માફક તે પેસે રે...ગુરુદેવ...
મન મારું એ મારાથી નહિ માને
ચેતનની મદદ આપ આપો રે
ચેતનની મદદ લેતો લેતો હું
મનને મિત્ર બનાવું રે...ગુરુદેવ...

●

**(મનમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા કાદવ કીચડથી મન ભરેલું છે, તેને સાફ કરવા માટે *મોટા* કૃપા કરો. મન સાફ થઈ જશે તો પ્રભુસ્મરણ સારી રીતે થઈ શકશે. તેવા વિચારે ચડેલા મનને સાફ કરવા માટે તા. ૧૨-૧-'૬૦ના રોજ રાત્રે આઠ વાગ્યે ભજન લખાયું.)**

ગુરુદેવ **મોટા** રે...ચિત્ત મારું સાફ કરો રે
ચિત્ત તો મારું ઘણું રે મેલું છે
સાફ મુજથી નહિ થાયે રે

વર્ષો જૂનું એણે ઘણું સંઘર્યું છે
સાફ કરવું નહિ સહેલું રે...ગુરુદેવ...
વર્ષો જૂનો એનો કીચડ કાદવ
સાફ કરવો નહિ સહેલો રે
નામસ્મરણનો સાબુ આપીને
ગુરુદેવ સાફ કરાવશે રે...ગુરુદેવ...
જૂનું ધોવાતાં નવું એવું આપો રે
કીચડ તેનો નવ થાયે રે
કીચડ કાઢી કીચડ ભરાય તો
ચેતનમાં નહિ જવાય રે...ગુરુદેવ...
ખાલી થતું ચિત્ત નામસ્મરણથી
પ્રભુકૃપાથી જો ભરાય તો
અન્યથા તેમાં બીજું નહિ ભળે
કાયમનું ચોખ્ખું રહેશે રે...ગુરુદેવ...

●

**(અહમ્‌ને ટાળવા માટે પૂજ્ય મોટાને આજીજી કરતું ભજન તા. ૧૩-૧-'૬૦ના રોજ રાત્રે આઠ વાગ્યે આપોઆપ રચાયું.)**

ગુરુદેવ...**મોટા**...રે, અહમ્ મારો ટાળો રે
સમય ટાણે એ કામે ન આવે ને
પાછળથી બડાશો એ મારે રે.
સાચા ખોટાનું એ ભાન ન થવા દે ને
પોતાનામાં એ ફૂલ્યો ફરે રે...ગુરુદેવ...
જરૂર પડે ત્યારે એને ઘણો રે બોલાવું
મનનો કાબૂ લેવા રે

મન જ્યારે શાંત થાય ત્યારે
        મનવે કે તેણે કાબૂ લીધો રે...ગુરુદેવ...
જરૂર પડતાં એ મદદ કરે તો
        ગાડું સીધું મારું ચાલે રે
તેને પણ બહુ જો ગરજ બતાવું તો
        તે પણ ચઢી બેસે માથે રે...ગુરુદેવ...
કઈ વખતે મદદ માગવી ને
        કઈ વખતે નહિ માગવી રે
જીવતુંજાગતું ભાન જો રહે તો
        તેની સાથે કામ લેવાય રે...ગુરુદેવ...
જીવતુંજાગતું ભાન સદા રહે
        તેટલું ગુરુ પાસે માગું રે
ગુરુ તરફથી એટલું જો મળે તો
        અહમ્ સાથે કામ લેવાય રે...ગુરુદેવ...

●

**(નામસ્મરણ સતત ચાલતું રહે અને એમાં ગતિ આવે તે માટે પૂજ્ય મોટાને સંબોધીને તા. ૧૩-૧-'૬૦ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે ભજન લખાયું.)**

ગુરુદેવ **મોટા** રે
        પ્રકૃતિનો મને સ્વામી કરો રે
મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત ને અહમ્
        એ પાંચે જો જિતાવાય રે
પંચ ત્યાં પરમેશ્વર જે કીધું છે
        તે પરમેશ્વર પમાવાય રે...ગુરુદેવ....

પાંચે એના ગુણધર્મો જુદા છે
ને પાંચેનાં એ કામ જુદા રે
પાંચેને એ એમ જીતી નહિ શકીએ
મજબૂત સાધન તે માટે જોઈશે રે...ગુરુદેવ...
પાંચેને એ જીતવા માટેનું સાધન
નામસ્મરણ લેવું પડશે રે
નામસ્મરણના મજબૂત સાધનથી
પાંચેને એ જીતી શકાશે રે...ગુરુદેવ...
નામસ્મરણમાં બળ એવું છે કે
પાંચેને એ જીતી શકશે રે
જીવતુંજાગતું એવું નામસ્મરણ કોણ દે
એ પણ મોટો સવાલ રે...ગુરુદેવ...
ગુરુ વિના એવું નામસ્મરણ કોઈ ના દે
બીજા કોઈની નહિ તાકાત રે
ગુરુમહારાજને હું તેથી વીનવું રે
કૃપા કરી સામું જોવા રે...ગુરુદેવ...
ગુરુમહારાજની કૃપા જો થાય તો
નામસ્મરણ સારું ચાલે રે
નામસ્મરણ સારું ચાલુ જો રહે તો
નદીનો પ્રવાહ એ પકડે રે...ગુરુદેવ...
નદીનો પ્રવાહ જેવો, પ્રવાહ જો પકડાય તો
જોશ તેનું ઘણું વધે રે
તેના વધેલા જોશે કરીને
એ પાંચેને એ જીતી શકાય રે...ગુરુદેવ...

•

॥ હરિઃૐ ॥

# જીવનરાહ

## (પૂજ્ય મોટાના પત્રો)

**(પૂ. શ્રી મંગળદાસભાઈ ઈ.સ. ૧૯૫૫માં પૂજ્ય મોટાના પરિચયમાં આવ્યા. પૂજ્ય મોટાએ તેમની સાથે ગાઢ દોસ્તી બાંધેલી. મંગળદાસભાઈને જે મૂંઝવણ આવતી તે પૂજ્ય મોટાને લખીને કે મૌખિક જાણ કરતા. પૂજ્ય મોટાએ મંગળદાસભાઈના આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જ મદદ કરેલી. મંગળદાસભાઈએ પૂજ્ય મોટાને જે પત્રો લખેલા, તે પત્રો હયાત નથી એટલે પૂજ્ય મોટાના જવાબો ઉપરથી પ્રશ્નોત્તરી રૂપે લખીને પૂજ્ય મોટાના પત્રોના પત્રો જેમના તેમ વાચકો માટે રજૂ કર્યા છે.)**

### પત્ર : ૧

**પ્રશ્ન : મોટા, આપ મને દીક્ષા આપો તો સાધનામાં હું ઝડપથી પ્રગતિ કરી શકું.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૨૨-૯-૧૯૫૮

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો તા. ૨૧-૯-’૫૮નો કાગળ મળ્યો છે. પ્રભુકૃપાથી કોઈને પણ દીક્ષા આપતો નથી. ઍંજિનની સાથે બીજા ડબ્બા

જોડાઈ જાય તો ડબ્બાને ઍંજિન નિયત સ્થળે લઈ જાય, તે વાત સાચી, **પરંતુ મારા અત્યાર સુધીના અનુભવમાં હું જોઉં છું કે જે જે જીવો આ માર્ગે જવાના હેતુથી મળેલા છે, તેમાંથી કોઈને પણ સદ્‌ગુરુ પરત્વેની જે પ્રેમભક્તિપૂર્વકની એકધારી ભાવના પ્રગટેલી જોઈએ એવી પ્રગટેલી હું કોઈનામાં અનુભવી શકતો નથી.** એટલે તમારી વિનંતી તમને દીક્ષા આપવાની બાબતમાં હું સ્વીકારી શકતો નથી, તો મને માફ કરશોજી. સદ્‌ગુરુને માટે પ્રેમભક્તિપૂર્વક હૃદયની ધગધગતી તમન્નાથી વારીવારી જઈને, ન્યોછાવર થઈ થઈને ઉમળકાથી હૃદયના ઊછળતા ઉમળકાથી સર્વસ્વ ભાવ ને સર્વ રીતે તૈયાર કોઈ પણ જીવ અનુભવવામાં હજુ સુધી આવી શકેલ નથી. **જેને તેને ગમે તેમ દીક્ષા આપવાનું કાર્ય નર્યું અજ્ઞાનયુક્ત છે. હેમંતભાઈ, નંદલાલ તથા બીજા મારા આગળના મિત્રો સાધના માટે મળેલા છે, તેમને પણ મેં દીક્ષા આપેલી નથી તે નક્કી જાણશોજી. તે બધાંએ મારા માટે ઘણું સહન કરેલું છે અને મારા માટે ઘણું વેઠ્યું છે ને મારું કામ પણ ઘણું કર્યું છે તેમ છતાં પણ.** શ્રી છગનભાઈ, વાલજીભાઈને મારા સપ્રેમ ઘણાં ઘણાં વહાલપૂર્વકના રામ રામ. હીરાબાને સપ્રેમ પ્રણામ. અમદાવાદ મારે શ્રી કાપડિયાનો કાગળ આવે ત્યારે જવાનું થાય, તેમ છતાં તા. ૨૪મીએ સવારે અડધિયામાં જવાનું રાખીશ, તે જાણશોજી. ૨૫મી સવારે ૭-૩૦ની લોકલમાં અમદાવાદથી નડિયાદ આશ્રમે આવવાને પાછો ફરીશ.

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ ઘણા રામ રામ

## પત્ર : ૨

**પ્રશ્ન : આધ્યાત્મિક માર્ગે જવા માટે ગુરુ અને ગુરુમંત્રની જરૂર ખરી ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૧૬-૧૦-૧૯૫૮

વહાલા ભાઈ મંગળદાસ,

જત, તમારો ગઈ કાલનો કાગળ મળ્યો છે. આધ્યાત્મિક માર્ગે જવા માટે ગુરુ અને ગુરુમંત્રની જરૂર છે એમ તમે જણાવો છો. **આધ્યાત્મિક માર્ગે જવું એ બહુ કઠણ છે અને જ્યાં સુધી તે માર્ગે જવાની જ્વાળામુખીના જેવી ધગધગતી ઉત્કટ તમન્ના પ્રકટી ન હોય ત્યાં સુધી આપણે આપણા પોતાના માર્ગે સદાચાર, નીતિ વગેરેનું પ્રેમથી પાલન કરીએ અને તેમ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ કરતાં રહીએ તો એ માર્ગે જવાની આપણી ભૂમિકા કંઈક પાકી થતી જાય. આપણે પ્રભુકૃપાથી ઓચિંતા મળેલાં છીએ, તે કંઈ હેતુ વિના નથી.** દરેકમાં હેતુ રહેલો છે, એટલે આપણે બન્ને પરસ્પર એવો દિલનો દિલથી પ્રેમભાવ પ્રકટાવી પ્રકટાવીને એ પ્રેમભાવને ઉન્નત ટોચે પહોંચાડીએ કે આપણે અરસપરસ એ પ્રેમના આકર્ષણ વડે કરી દિલમાં દિલથી એકતા અનુભવીએ અને એ છે આધ્યાત્મિક માર્ગનું સાચું પ્રયાણ. અને તમારો 'ૐ નમઃ શિવાય'નો મંત્ર છે, જેમાં તમને અભિરુચિ છે તે તમારા માટે ઉત્તમ છે અને ગુરુ કર્યાથી વિશેષ શું ? એના

કરતાં તો એવા પ્રકારની દિલની ભાવનાને આપણે વધારે ને વધારે જીવતી કરીએ, અને એ ભાવનાથી આપણાં મન-પ્રાણ આદિ કરણોને ભીંજાવી ભીંજાવી મુગ્ધ કર્યા કરીએ અને તે ભાવનાને એ રીતે પરિપક્વ કરીએ તો વધારે યોગ્ય ગણાય. **ગુરુ કરી દેવા તે તો સહેલું છે, પરંતુ ગુરુની ભાવનાને એના યોગ્ય અર્થ અને ભાવમાં ટકાવવી તે બહુ મુશ્કેલ છે.** તમારા પરત્વે મારું દિલ હંમેશાં કૂણું રહ્યા કર્યું છે અને તમો મળ્યા ત્યારથી તમારું સ્મરણ મારા દિલથી વિખૂટું પડતું નથી. મારા દિલમાં તમારા માટે જે ભાવના છે, એ ભાવનાને લખીને કે બોલીને તમને કેવી રીતે સમજાવી શકું ? તમારી ઉચ્ચ ભાવનાની કદર જરૂર કરી શકું છું. આટલાં લખાણથી સંતોષ ન થાય તો કોઈ વાર એકલા મળવાનું રાખજો. એટલે આપણે એ અંગે વાત કરી લઈશું. બન્ને જોશી ભાઈઓને મારા સપ્રેમ પ્રણામ કહેશો.

લિ.

તમારા **મોટા**નાં સપ્રેમ, ઘણાં ઘણાં વહાલ

## મંત્રદીક્ષા

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ
ગુરુમહારાજનો સૂવાનો ઓરડો
તા. ૨૩-૧૦-૧૯૫૮

## ગુરુકૃપા

ગુરુમહારાજ પૂજ્ય શ્રીમોટા તેમ જ હું સવારે ૩-૩૦ વાગ્યે ઊઠી નદીએ જઈ સ્નાન કરી આવ્યા. **મોટા**એ મને

તેમના સૂવાના ઓરડામાં બોલાવ્યો. ગુરુમંત્ર કેટલી અને કેવી રીતે આપી શકાય તે અંગે સમજ આપી.

ગુરુમંત્ર-ગુરુના હૃદયના સાચા પ્રેમથી, ગુરુના હૃદયની અંદરથી આવતા-બોલાતા મંત્ર મારફતે આપી શકાય. આ પ્રમાણેનો મેળવેલો મંત્ર અતિ ઉત્તમ ગણાય. હૃદયમાંથી સ્પષ્ટ હરિઃૐનો મંત્ર સાંભળી શકાય તો જ હા કહેવા અંગે સૂચવ્યું. ખોટી ભ્રમણામાં નહિ રહેવા અંગે જણાવ્યું, કારણ કે ખોટી ભ્રમણાઓમાંથી બહાર નીકળવા માટેના આ પ્રયત્નો છે. એક વખત પ્રયત્ન કરવા છતાં જો હરિઃૐનો મંત્ર હૃદયમાં જપાતો ના સાંભળી શકાય તો નિરાશ નહિ થવા અંગે જણાવ્યું, પરંતુ સાત વખત પ્રયત્નો કરવા અંગે જણાવ્યું.

પૂજ્ય મોટા સૂઈ ગયા. પ્રાર્થના કરવા અંગે મને જણાવતાં મેં પ્રાર્થના કરી. ત્યાર બાદ તેમના હૃદય ઉપર જમણો કાન મૂકી હૃદયમાંથી હરિઃૐના મંત્રનો આવતો અવાજ સાંભળવા કહ્યું. સૂચના મુજબ કાન મૂક્યો. હરિઃૐનો મંત્ર જપાતો સાંભળ્યો, પરંતુ લાગ્યું કે બહાર આશ્રમમાંથી હરિઃૐનો જપાતો મંત્ર સંભળાયો હશે. પૂજ્ય મોટાએ પૂછ્યું મોરના ટહુકાનો અવાજ સાંભળ્યો ?

મેં ના પાડી કારણ કે મને ખાતરી થઈ ન હતી. શરીરે કંપારી છૂટી, કારણ કે મારી ઇચ્છા શું પ્રબળ નથી બની ? આ પ્રમાણે ગુરુમંત્ર આપવામાં પૂજ્ય મોટાને વેદના તો સહન નહિ કરવી પડતી હોય ? વગેરે વિચારોએ મને ધ્રૂજાવી મૂક્યો. પૂજ્ય મોટાએ આશ્વાસન આપ્યું. નિરુત્સાહી નહિ થવા અંગે જણાવ્યું. ફરીથી પ્રયત્નો કરી જોવા જણાવ્યું. સાત વખત

પ્રયત્નો કરી જોવા જણાવ્યું. સાત વખત પ્રયત્નો કરતાં જો હરિઃૐનો મંત્ર જપાતો ન સંભળાય તો બીજી રીતે મંત્ર આપવા અંગે વાત કરી. બીજા પ્રયત્નમાં ખાતરી થઈ નહિ. ત્રીજા પ્રયત્નમાં ત્રણ વખત હરિઃૐનો મંત્ર જપાતો સાંભળ્યો. મોરના ટહુકાનો અવાજ સાંભળ્યો. મને સાચે જ ખાતરી થઈ કે ભ્રમણા નથી. **મોટા**ને જાણ કરી. **મોટા**એ ભાવવાહી લાગણીશીલ શબ્દોમાં કહ્યું કે જ્યાં સુધી પૂરી પાકી ખાતરી ન થાય ત્યાં સુધી પ્રયત્નો કરવાના છે. તા. ૨૮-૧૦-'૫૮ના રોજ ફરીથી આવવા માટે પૂજ્ય મોટાએ જણાવ્યું.

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ
ગુરુમહારાજનો સૂવાનો ઓરડો,
તા. ૨૮-૧૦-'૫૮, મંગળવાર

ગુરુકૃપા મેળવવાની હતી. ગુરુમંત્ર હરિઃૐની દીક્ષા મેળવવાની હતી. ખૂબ જ આનંદ હતો. રાતના ૧૧-૧૫ કલાકે ગુરુદેવના શયનખંડમાં ગયો. હાથ જોડી ઊભો રહ્યો અને ગુરુમંત્ર મેળવવા અંગેની પ્રાર્થના કરી. ગુરુદેવને જગાડ્યા. ગુરુદેવના હૃદય ઉપર જમણો કાન રાખી હૃદયમાંથી જપાતો હરિઃૐનો મંત્ર મેળવવા પ્રયત્નો ચાલુ રાખ્યા. આજે પ્રયત્ન સફળ થયો. હૃદયમાં હરિઃૐ, હરિઃૐ, હરિઃૐનો મંત્ર સતત જપાતો સાંભળ્યો. બુદ્ધિએ તર્ક કર્યો. કાને સાક્ષી પૂરી. હૃદયને ખાતરી થઈ. ગુરુદેવને જાણ કરી. હૃદયમાં હરિઃૐના જપાતા મંત્ર સાથે કોઈ કોઈ વખત સુસવાટા જેવો અવાજ આવતો હતો. તેમાં પણ

હરિઃૐનો મંત્ર જપાતો સંભળાતો હતો. અવાજ શાનો હતો, તે જાણી શકાયેલ નહિ.

ગુરુદેવને જાણ કરી. ગુરુમંત્ર મેળવ્યા બદલ ગુરુદેવની ચંદનથી પૂજા કરી. પ્રાર્થના કરી. સૂક્ષ્મ ભેટ ધરી. ગુરુદેવે મારા માથે, કપાળે, કાનની બુટ્ટીઓએ તેમ જ બન્ને હાથ ઉપર ચંદન કરી આશીર્વાદ આપ્યા કે 'ફતેહ કરો.' આશીર્વાદ મેળવી ગુરુદેવના શયનરૂમમાંથી બહાર આવ્યો અને મંત્ર જપવા બેઠો. ગુરુમહારાજ તરફથી આશીર્વાદ મળ્યા કે 'ચલાવ્યા કરો.'

**પત્ર : ૩**

## પૂ. મોટાની ભવિષ્યવાણી

॥ હરિઃૐ ॥

તા. ૧૯-૧૦-૧૯૫૮

**પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદ.**

**તારા જીવનના છેલ્લા દિવસોમાં, છેલ્લી ઘડીઓમાં અને મોતને ભેટવાના સમયે પણ તારું પ્રભુસ્મરણ નામસ્મરણ ચાલુ રહેશે.**

**આ અંગે તારે તારાં સગાં-સ્નેહીઓને વાત કરી રાખવી હોય તો કરી રાખજે.**

**પત્ર : ૪**

**પ્રશ્ન : સાચી ભક્તિ પ્રગટે તે માટે શું કરવું જોઈએ ?**

॥ હરિઃૐ ॥

તા. ૫-૧૧-'૫૮

સતત એકધારું શ્રીભગવાનનું સ્મરણ થયા કરે એવા જીવતાજાગતા પ્રચંડ ઉત્કટ પ્રયત્નો કર્યા કરવાના છે. એમાં

સદાય જાગૃત થવું અને મંડ્યા રહેવું. જે જે અનુભવો થાય, તે ભલે. એનું મહત્ત્વ તો શ્રદ્ધા વિશ્વાસ પ્રકટી શકે તો પ્રકટી શકે તેવા હોય, બાકી ખરેખરું સાચું મહત્ત્વ તો આપણામાં રાગદ્વેષ કેટલા મોળા પડતા જાય છે, તેના તરફ આપણું લક્ષ રહેવું ઘટે છે. **જે જે જીવોને જીવનમાં મળવાનું બનતું હોય છે, તે બધાંની સાથે સદ્ભાવ, સુમેળ, મીઠાશથી, પ્રેમથી વર્તવાનું બને ને બધાં જ જીવોની સાથે મૈત્રીનો ભાવ કેળવાતો જાય ને તેમ થતું લાગે તો તેનું મહત્ત્વ ઘણું ઘણું છે. કોઈને પણ ખરી રીતે મદદ કરવાનો પ્રસંગ સાંપડતાં બની શકે ને તેમ કરતાં દિલનો ઉમળકો પ્રકટે તો તેવું કર્મ પણ સાચી ભક્તિ છે.** કોઈનાયે પરત્વે અણગમો પેદા ન થઈ જાય તેવી સાવચેતી રાખવી. બીજાના વિચાર આપણાથી જુદી રીતના હોય. અરે, એટલું જ નહિ પણ આપણાથી તદ્દન વિરોધવાળા હોય તોપણ તેની સાથે આપણે પ્રેમના ઉમળકાથી સદ્ભાવવાળાં વર્તતાં હોઈ શકીએ ને સહિષ્ણુ બની શકીએ ત્યારે જ આપણી ઉદારતા વિશાળતાનું સાચું માપ નીકળ્યું ગણાય. **બે જુદાં જુદાં સામસામેની વિચારસરણીનાં જૂથોની વચ્ચે સુમેળની સદ્ભાવયુક્ત સાંકળ આપણે બનવાનું છે.** આ બધું બનતું જતું જીવનમાં અનુભવાય તો જ તે સાચો વિકાસ છે ને તે જ સાચો અનુભવ ગણાય.

તા. ૫-૧૧-'૫૮ને બુધવારના રોજ નડિયાદથી સુરત જતી વખતે રેલવે ગાડીમાં લખેલ.

લિ.

તમારા મોટાનાં ઘણાં ઘણાં વહાલ

## પત્ર : ૫

**પ્રશ્ન : કામવાસના નિર્મૂળ થાય તે માટે શું કરવું ? ઈચ્છા થતાં સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ દર્શન થાય તેવું બને ખરું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૧૧-૧૧-૧૯૫૮

**સંપૂર્ણ દિલમાં લગની લાગ્યા સિવાય કામવાસનાનો ક્ષય થવો દુર્લભ છે.** જેને આપણે આપણા સાચા દિલથી પ્રેમ-ભક્તિથી સાચા સદ્‌ગુરુ માન્યા હોય અને તે સદ્‌ગુરુમાં આપણા દિલનાં શ્રદ્ધા વિશ્વાસ પૂરેપૂરાં નિષ્ઠા પામ્યાં હોય તોપણ તેવા જીવની કામવાસના નિર્મૂળ થતી નથી. ગીતામાં લખ્યું છે કે ઉપવાસ આદિ વગેરે ભારે તપ કર્યાથી પણ તે કેટલાક કાળ પૂરતાં દબાય ખરાં, પરંતુ તે પાછાં બમણા વેગથી ઊછળી આવે. તે તો ત્યારે જ શમે કે જ્યારે પ્રભુના રસમાં ઇંદ્રિયો ગુલતાન થઈને મુગ્ધ બની જાય. તેમ છતાં જ્યારે જ્યારે આવી વાસના પ્રગટે ત્યારે સદ્‌ગુરુની પ્રાર્થના કરવી અને તેને ખરેખરા હૃદયથી, આર્દ્રતાથી આર્તનાદે પોકારવો. સૌથી પ્રથમ તો આપણે જેને નિર્મૂળ કરવા માગીએ છીએ, તે કામવાસના આપણને આપણા મનમાં જાગતાં એટલું બધું તો દુઃખદાયી, ત્રાસજનક તથા અત્યંત વેદનાવાળું લાગવું જોઈએ કે જેથી તેમાંથી તુરંત પાછું વળી શકાય. જેમ અંગારા ઉપર પગ મુકાઈ જતાં આપણે એકદમ પગ ઊંચકી લઈએ છીએ તેવી રીતે કામવાસના આપણા માટે નરક સમાન છે, તેવું જો

જીવતુંજાગતું દિલમાં દિલથી ડંખતું અને ઘણી ઘણી વેદના પ્રકટાવતું ઉત્કટ ભાન આપણને જો તેના વિશે થઈ જાય અને તેના પરત્વે ઘણો ઘણો અણગમો પેદા થઈ જાય તો તે હટી શકવાની શક્યતા ખરી ! **સ્ત્રી પરત્વે માતાની ભાવના તેમનું તેમનું દર્શન થતાં આપણા મનમાં કેળવતા જવું. તેમની ફડક ન રાખવી. નિઃસંકોચ થવું અને ત્યારે ત્યારે મનમાં પ્રાર્થના કરવી કે 'હે જગદંબા ! તું મને આવી વિકારી વાસનાથી બચાવજે. હે મા ! તું મારો તેમાંથી ઉદ્ધાર કરજે. હે મા ! આવી દુષ્ટ વિકારી વૃત્તિ મને લાંછન લગાડનારી છે. હે મા ! તું મને તે વેળા મદદ કરજે.'** આવી જાતની પ્રાર્થના પ્રત્યેક સ્ત્રી, બહેન કે માતાનાં દર્શન વખતે આપણે સભાનપૂર્વક કર્યા કરવી અને બીજી બાજુથી ભગવાનનું સતત સ્મરણ એકધારું ચાલ્યા કરે અને આખા દિવસના ૨૪ કલાકમાં તે વધારેમાં વધારે કલાક કેમ કરીને સ્મરણ પ્રકટ્યા કરે તેના વિશે સતત જાગૃત થયા કરવું અને તેના વિશે મહત્ત્વ દિલમાં રાખવું.

આ ઉપરાંત, મળશુદ્ધિ થાય તેની સતત કાળજી રાખવી. ઝાડો સાફ આવે તેવો ખોરાક લેવો. ભાજી વિશેષ પ્રમાણમાં લેવી. બની શકે તો થૂલાવાળી ભાખરી ખાવી અને ભાખરીના મોણમાં દિવેલ પણ નંખાવી શકાય. આમ ન બને તો રોજ સવારે ચાર કે છ આનીભાર હરડે લેવી.

**રોજ રાત્રે બની શકે તો નાહીને સૂવું. રોજ રાત્રે સૂતી વખતે ધોયેલાં કપડાં પહેરવાં. ચાદર, ઓશીકાનાં કવર વગરે પણ ધોયેલાં જ વાપરવાં. આવી શુદ્ધિનું આચરણ પાળવાથી**

**ઘણો ફાયદો થાય છે. આ ઉપરાંત, સવારમાં વહેલા ઊઠવાની ટેવ પાડવી. કંઈક વ્યાયામ જેવું કરવું અથવા તો ચાલવાની કસરત કરવી.**

રોજ દિવસમાં બે વાર ઇંદ્રિયો ઉપર એક ડોલ ઠંડું પાણી ધીરે ધીરે લોટા વતી તેના ઉપર રેડતા જવું. પાણીની સરળતા જો હોય તો ઠંડું બે ડોલ પણ રેડવું. શિયાળો ગયા પછીથી ઇંદ્રિયો ઉપર બપોર પછીથી માટીનો પાટો બબ્બે કલાકે બદલતા રહેવું. આવા દિવસમાં ચાર પાટા કરવા. રોજ રાતે સૂતી વખતે અને ઊઠતી વખતે સદ્‌ગુરુને તે માટે પ્રાર્થના કરવી.

**તમે સદ્‌ગુરુનું જે દર્શન ઇચ્છો છો તે પ્રભુકૃપાથી કોઈ કાળે બને પણ ખરું. ભક્તિ વધ્યા વિના તેમ થવું શક્ય નથી.** મારા એક મિત્ર જે મારી સાથે સાધનામાં સંકળાયેલા છે, તેમને મૌનમંદિરમાં મારી હાજરી શરીરના રૂપ વિના કેટલીયે વખત પ્રત્યક્ષપણે અનુભવમાં આવેલી છે. તે તેમનો ખાતરી કરેલો અનુભવ છે અને તમને તે વિશેનો તેમનો એકરાર કોઈ વાર એકાંતમાં વાંચવા પણ આપીશ, પરંતુ તે હકીકત તમારે કોઈને પણ કહેવી કરવી નહિ. અહીંની કશી હકીકત તમારે કોઈને કહેવી નહિ અને પ્રચાર પણ કરવો નહિ. મારા જીવન વિશેની કંઈ હકીકત જાણવી કરવી હોય તો વખત જતાં આપમેળે તમને પોતાને સમજાશે. તેમ છતાં તમારે જાણવું જ હોય તો **'જીવન પોકાર'**માં આ જીવ ના એવા ઘણા જાણવા જેવા દાખલા તે ચોપડીમાંથી તમને મળી જશે. માટે, **તમે તમારા સદ્‌ગુરુ માટેની ભક્તિ વધારો, અને જેમ બને તેમ**

**અનાસક્તિ, નિર્મમત્વ, નિર્લોભ, નિર્મોહ, નિરહંકાર આ બધું જાગૃત ખ્યાલ રાખીને કેળવ્યા કરો તો જ તેનાં દર્શનને માટે આપણે લાયક થઈશું.**

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

વિક્રમ સંવત ૨૦૧૪, દીપોત્સવી, મંગળવાર

તા. ૧૧-૧૧-'૫૮, સમય સાંજના ૭-૩૦ કલાકે

**પત્ર : ૬**

**પ્રશ્ન : જીવનની ચડતી પડતીમાં ગુરુમહારાજની મદદ મેળવવા શું કરવું જોઈએ ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૧૬-૪-૧૯૫૯

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો તા. ૧૫-૪-'૫૯નો કાગળ મળ્યો છે. **માનવીના જીવનમાં તો શું પરંતુ સ્થૂળના જીવનમાં પણ ચઢ-ઊતર એ કુદરતી ક્રમ છે. મેં તમને શરૂઆતમાં જ જણાવેલું કે ભગવાનને માર્ગે જવાનો રસ્તો એ સરળ રસ્તો નથી.** સામાન્ય સંસારી માણસ પણ વિષયમાં ડૂબી રહેતો હોવા છતાં તેનામાં સદ્‌ભાવના કદીક કદીક તો જાગતી હોય છે. વળી, સદ્‌ગુરુ આપણને બચાવી શકે, પરંતુ તે પણ ત્યારે જ બને કે જ્યારે આપણું દિલ તેના દિલ સાથે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક

પૂરેપૂરું હળીમળી ગળી ગયેલું હોય ત્યારે. સદ્‌ગુરુને આપણું સ્મરણ એવા પ્રકારનું નિમિત્ત પ્રકટતાં તે તેનાં આંદોલનો આપણા તરફ ફેંકે તો તે આંદોલનોનો સ્પર્શ થવા માટેની ભૂમિકા આપણામાં કેળવાયેલી ન હોવાથી તેવાં આંદોલનો પાછાં વળે છે. કૃપા કરીને કોઈ વાતે નિરાશ થવાની જરૂર નથી. ફરીને જાગૃત બનવું, ટટ્ટાર બનવું, ઊભા થવું ને મરદ બનીને ચાલવું. હરિના સ્મરણને જીવતુંજાગતું સાધન જીવનમાં બનાવવું. હરિસ્મરણમાં એકધારું જીવતું રહેવાશે તો બચવાની આશા છે. આપણે જે માર્ગે જવું છે, તે માર્ગનું કોઈ પણ પ્રકારનું લક્ષણ હાલના આપણા જીવનમાં પ્રગટેલું કે પ્રગટતું ન અનુભવી શકતાં હોઈએ તો આપણે આ માર્ગે જવાપણાનો દંભ છોડવો જોઈએ-ઘટે. જે કંઈ કરીએ તેમાં પૂરેપૂરી પ્રામાણિકતા, વફાદારી, નેકદિલી અને પ્રેમભક્તિ પ્રગટાવવાને આપણે ખરેખર મથવું જોઈએ. કોઈ વાતે મૂંઝાશો નહિ.

આજે હું શામળાજી જવાને માટે સવા પાંચની લોકલમાં અમદાવાદ જાઉં છું, તે રવિવારે પાછો અહીં આવીશ ત્યારે મળજો. આશ્રમમાં અવારનવાર આવવાનું અને રજાનો દિવસ બધો જ આશ્રમમાં ગાળવાનું તમે જો રાખી શકો તો તમારા માટે તે એક સહારારૂપ બની જશે. **અડચણો તો ગમે તેવી આવે પણ જે ઠેકાણેથી આપણને સહાનુભૂતિ, પ્રેરણા વગેરે મળવાની શક્યતા હોય તેને તીર્થ ગણવું એમ મારા ગુરુમહારાજ કહેતા હતા.**

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ,

શ્રી વાલજીભાઈને, છગનભાઈને ઘણા કરીને પ્રણામ

## પત્ર : ૭

**પ્રશ્ન : પ્રભુના માર્ગે સડસડાટ આગળ વધી શકાય તેવું કંઈક મારા માટે *મોટા* કરો. આપના માટે કશું જ અશક્ય નથી.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો, શેઢી નદી,
નડિયાદ. તા. ૨૦-૪-૧૯૫૯

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો કાગળ વાંચ્યો. આ માર્ગનું કામ કેટલું કઠણ છે એ તો મેં તને અગાઉથી લખેલું હતું. મેં ચેતવણી પણ આપી હતી. મારી પાસે કોઈ જાદુઈ લાકડી નથી કે જે ફેરવીને માનવીનાં દોષ, કુટેવ, નકારાત્મક વૃત્તિઓ દૂર કરી શકાય. એ તો જાતે પોતે જ વારંવાર ફરી ફરી મથામણ કર્યા જ કરવી પડે ને તેમ કરતાં કરતાં તે જીવ પ્રાર્થનાભાવે પ્રેમભક્તિ-પૂર્વક સદ્‌ગુરુની કૃપા મદદ માંગે તો તે તેને મળે પણ છે. વળી, આ યોગ કોઈ એક જન્મનો નથી. ગીતામાતા તો કહે છે કે આ યોગ જન્મજન્માંતરનો છે. **વળી, આ એક જ જન્મમાં ચેતનનો અનુભવ પૂરો કરીએ એવું કદી બની શકતું નથી.** બાળકમાં જ્યારે ચાલવાનો કુદરતી પ્રેરણાત્મક સહજ આવેશ ને આવેગ પ્રગટે છે ત્યારે તે અનેક વાર પડે છે. અથડાય છે. ટિચાય છે. તેમ છતાં તે નિરાશ થતું નથી. ને અનેક વાર તેને વાગતું હોવા છતાં તેના ચાલવાના પ્રયત્નનાં ધગશ, ઉત્સાહ કદી પણ નરમ પડતાં નથી એવું આપણું થવું ઘટે. ફરીથી તમને મારે પ્રેમભાવપૂર્વક કહેવાનું છે કે મારામાં તો કંઈ જ શક્તિ નથી. આપણા પોતાનામાં જેટલું ખમીર

પ્રકટેલું હોય ને તેનો ઉપયોગ લેવાનું રાખીએ તો સદ્‌ગુરુ તો છે ને છે જ.

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

**પત્ર : ૮**

**પ્રશ્ન : ઉપવાસથી આત્મશુદ્ધિ થાય ખરી ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો, શેઢી નદી,
નડિયાદ, તા. ૪-૫-૧૯૫૯

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો તા. ૨-૫-’૫૯નો કાગળ મળ્યો છે. આત્મ શુદ્ધિને માટે અને સ્મરણની ભાવનામાં પ્રગટેલી શિથિલતા દૂર કરવાને માટે તમે તા.૧-૫-’૫૯થી તા.૪-૫-’૫૯ને સોમવારના ઉપવાસ કરવાના છો, તે હકીકત આજે જ તમારા કાગળથી જાણી. ઉપવાસ કરવાથી આવા પ્રકારની શિથિલતા દૂર થાય છે તે હકીકત સાચી નથી. **ઉપવાસ કરતાં સારોએ સમય જેનો ધ્યાનમગ્ન દશામાં જતો હોય અને જે હેતુને માટે ઉપવાસ કર્યા હોય તે હેતુને ફળવા માટે જેનો પ્રાર્થનાભાવ સતત એકધારો જીવંત ચાલુ રહ્યા કરતો હોય એવા જીવ ઉપવાસ કરે તો તેને ઉપવાસ લાભકારક છે.** અગાઉથી તમે મને પૂછ્યું હોત તો હું તમને ઉપવાસ કરવાની સલાહ ન આપત.

અમદાવાદથી તમે ઊંઝાથી આવેલું ચંદુભાઈ રાવળને ત્યાંથી મારા માટેનું ઉમતું જીરું (ઈસબગુલ) લઈ આવવાના છો, તે હકીકત જાણી. આવે ત્યારે આશ્રમ મોકલાવશોજી.

હીરાબહેનને મારા સપ્રેમ પ્રણામ કહેશોજી. મુરબ્બી વાલજીભાઈ ને છગનભાઈને પણ મારા પ્રણામ કહેશોજી.

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૯

**પ્રશ્ન : આધ્યાત્મિક માર્ગે જતાં કશું મળવાનું નથી એમ મારા મિત્રો અને સ્વજનો કહે છે, તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

ગાંધી આશ્રમ, અમદાવાદ

તા. ૧૩-૬-૧૯૫૯

પ્રિય મંગળદાસ,

જત, તમારો તા. ૧૦-૬-'૫૯નો કાગળ આજરોજ અહીં મળ્યો છે. લોકો તો ગમે તે કહે, આપણાં શ્રદ્ધા વિશ્વાસ જો પાકાં હોય તો તેવું તેમનું કહેલું આપણને સ્પર્શે જ નહિ. આપણે જે કરવાનું હોય તે કર્યા કરવું. **આપણે જે માર્ગ લીધો છે, તે પ્રેમનો માર્ગ છે. એ માર્ગે વળવાથી કશું બગડતું નથી.** માટે, તમારે નિશ્ચિંત રહેવું. લોકો તો ગમે તેમ કહે. તેથી, આપણે ડગી ન જવું જોઈએ. આ જન્મે જ આ યોગ ફળે એવું તો મેં કદી કહ્યું પણ નથી, આ તો કાળ પણ લાગે તેમ છતાં **કલ્યાણના અર્થે કરેલું કશું જ નકામું જતું નથી.** બન્ને જોશી ભાઈઓને મારા સપ્રેમ ઘણા રામ રામ. કુશળ હશો. હીરાબહેનને સપ્રેમ પ્રણામ.

લિ.

તારા **મોટા**ના સપ્રેમ રામ રામ.

## પત્ર : ૧૦

**પ્રશ્ન : નડિયાદ સ્ટેશને પગે લાગવાનું ના બન્યું, તેનું ભારોભાર દુઃખ છે, તો મારે હવે શું કરવું જોઈએ ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત,
તા. ૪-૮-૧૯૫૯

વહાલા મંગળદાસ,

તમારો કાગળ મળ્યો છે. તમને રજા ન મળી શકી તેનો કશો જ અફસોસ કરશો નહિ. **જે કંઈ બને તેમાં આપણું કલ્યાણ છે, એવી ભાવના સેવવાની છે.** તા. ૧૬-૮-'૫૯થી હરિસ્મરણને જીવતું કર્યા કરશો. તમારા માટે પ્રભુકૃપાથી મને વહાલ છે, એટલું હું ચોક્કસ કહી શકું છું. તમારા માટે આ દિલમાં જે ભાવ છે, તેની તમને પ્રભુકૃપાથી ખાતરી થાઓ એવી પ્રાર્થના છે. તમારાથી નડિયાદ સ્ટેશને પગે લાગવાનું ન બની શક્યું, તેનો કશો વાંધો નથી. સ્થૂળ પગે લાગવાનું ન બની શક્યું તેનો કશો વાંધો નહિ. **સ્થૂળ પગે લાગવા કરતાં જો આપણા દિલમાં એને માટે ખરેખરો ભાવ જીવતો પ્રકટેલો હોય તો તે વધારે ઉત્તમ, તે જાણશો. મને તો એવી પૂજા ગમતી નથી હોતી. તેથી તો આ વર્ષે ગુરુપૂર્ણિમા ઊજવવાનું નડિયાદ કે ક્યાંય ન કર્યું,** માટે, તે બાબતમાં નિશ્ચિંત રહેશોજી. તમે ખૂબ ખૂબ આનંદમાં રહેશો ને ખૂબ શાંતિ

મનમાં મનથી જાળવશો. હરિસ્મરણ ખૂબ ખૂબ કર્યા કરશો. હીરાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ, શ્રી વાલજીભાઈને, છગનભાઈને મારા સપ્રેમ, ઘણા ઘણા રામ રામ. તમને રજા ન મળી શકી, તેથી જરાપણ નારાજ ન થશો. અહીંના જે ભાઈને ત્યાં (નડિયાદ આશ્રમમાં) બેસવાનું હતું. તેની, સગવડ પણ અહીં આશ્રમમાં થઈ જવાની. હજી અહીં આવતી કાલે કરન્ટ (ઇલેક્ટ્રિક પાવર) મળવાનો હોય એવું લાગે છે.

લિ.

તારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૧૧

॥ હરિઃૐ ॥

તા. ૨૭-૮-૧૯૫૯

પૂજ્ય શ્રીમોટાએ નીચેના દિવસોએ રાત્રે સ્મશાનમાં બેસી જપ કરવા જણાવ્યું છે.

(૧) જન્માષ્ટમી

(૨) કાળીચૌદશ

(૩) મહાશિવરાત્રી

(૪) હોળી

(૫) રામનવમી

## પત્ર : ૧૨

## પ્રશ્ન : કુંડલિની શક્તિ ક્યારે જાગૃત થાય ?

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો, શેઢી નદી,
નડિયાદ, તા. ૪-૯-૧૯૫૯

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો તા. ૩૦-૮-'૫૯નો કાગળ હરિઃૐ આશ્રમ કુરુક્ષેત્રથી પાછો થઈ આજરોજ અહીં મળ્યો છે. **કુંડલિની શક્તિ ત્યારે જ જાગૃત થાય, જ્યારે ભાવનામાં અખંડતા સળંગતા પ્રગટે. તે વિના તે શક્તિ કદી જાગૃત થઈ શકતી નથી.** હરિસ્મરણ કરતાં કરતાં સ્મરણમાં અખંડતા અને સળંગતા પ્રગટે તેટલાથી તે કામ બની શકતું નથી. તેવા સ્મરણમાં જ્યારે દિલમાં દિલની ખરેખર પ્રેમસ્વરૂપિણી ભાવના પ્રગટે છે અને તેથી ભાવનાનું જીવતુંજાગતું સ્વરૂપ એકાકાર અખંડાકાર ગંગામૈયાના પુનિત પ્રવાહની જેમ એકધારું સતત વહ્યા કરે ત્યારે કુંડલિની શક્તિ જાગૃત થઈ શકે છે. બન્ને જોશીભાઈઓને મારા વતી ઘણા ઘણા રામ રામ.

તા. ૬-૫-'૫૯ની સવારે, રવિવારે ફાસ્ટમાં સુરત જવા રવાના થવાનો છું અને તા. ૯-૯-'૫૯ની સાંજે ફાસ્ટમાં પાછો નડિયાદ ઊતરવાનો છું, તે જાણશો.

લિ.
તમારા **મોટા**ના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૧૩

**પ્રશ્ન : સ્મરણ ભાવવિહોણું થઈ ગયું છે. આપનો ભાવ મારા દિલમાં સતત જીવતો રાખવા મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૧૯-૧૧-૧૯૫૯

પત્ર સુરતથી લખેલો

મારા વહાલા મંગળદાસ,

જત, તારો તા. ૧૮-૧૧-'૫૯નો સોમાભાઈ સાથે લખીને મોકલેલો કાગળ આજ સવારે વાંચ્યો છે. **મારે તો ભગવાનની કૃપાથી જે જે જીવ મળેલા છે, તેમને તેમને તેમનું અસલ સ્વરૂપ અને પ્રકૃતિ કેવાં છે તેનાં દર્શન કરાવવાનાં છે.** પુરુષાર્થથી આપણે જે ભાવ ટકાવી રાખતાં હતાં, તે પુરુષાર્થથી આપણો ભાવ અંદર ટકાવી રાખવાનું કરી શકીએ, તો આપણા પુરુષાર્થથી ભાવ જાગેલો છે તેમ પુરવાર થાય. તને અંદર સ્મરણ પણ ભાવવિહોણું થઈ જવાથી જે લાગી આવ્યું છે, તે સમજવાને માટે બહુ જરૂરી હતું. આપણામાં કેટલું બળ છે અને કેટલી સાચી ભાવના છે, તે બધું તેમાંથી સમજણ પડે છે. મારી તને પ્રાર્થના છે કે તું પણ તેથી અટવાઈ જઈશ નહિ ને મુદ્દલે ગૂંચવાઈશ નહિ. **પ્રભુકૃપાથી તારા *મોટા*ના ભાવને પ્રેમભક્તિથી પ્રાર્થના કરી કરીને તારામાં પ્રગટાવવાને મથજે. એની કૃપાનો સહારો ને બળ લેજે.** આપણા ખેતરની પાસે જ

નદી હોય અને તેમાં એકધારું પાણી વહેતું હોય તો તે નદીમાંથી પાણી ઊંચે લઈને આપણા ખેતરમાં વહેતું કરીએ તો જમીન ભીની થાય. તેવી રીતે **મોટા**ના ભાવથી તારા દિલને ભીનું કરતો રહેજે. તને જરૂર ભાવ પ્રગટશે. તું કોઈ વાતે મૂંઝાતો નહિ. ભગવાનની કૃપાથી તારામાં મારું દિલ રહે છે અને રમે છે તે હજી તને તેની પ્રતીતિ થઈ નથી, એટલે તને આવું લાગે તે સ્વાભાવિક છે. **મોટા**ના અનેક પ્રસંગોનાં સ્મરણને તાજાં કરીને તેની સાથે તારા દિલને રમાડવાનું રાખીને એને તારા દિલમાં જીવતો કર.

મારે દરેક ઠેકાણે જવાનું બને છે પણ તે કંઈ ખાલી ખાલી નથી. ત્યાં ત્યાં મારે કામ હોય છે અને ગયા સિવાય ચાલે તેવું હોતું નથી. નહિતર તો તને મૂકીને હું ગયો ન હોત ! તેમ છતાં તને પ્રભુકૃપાથી મૂકી દીધો નથી. તારું સ્મરણ મારા દિલમાં જીવતું છે. તને વાંચવાની રુચિ ઊઘડી છે, તે તો ઘણું જ સારું છે. **મારા એક એક પુસ્તકનો બરોબર ભાવના પૂર્વક અભ્યાસ કરે તે પણ જરૂરનું છે. એટલે અંદરનું જેટલું વંચાય તેટલું વાંચજે. નિરાશાના વમળમાં રહેવાનું બને તેને હું પતન ગણું છું.** તેં જે દિવસનો દૈનિક કાર્યક્રમ ઘડી રાખ્યો છે, તે અનુસાર વર્તવાનું રાખજે. તેમ વર્તવા છતાં આનંદ ન પ્રગટે તો વાંચવામાંથી પણ આનંદ મેળવવો અને દિલને બહેલાવવું. તારો પત્ર હું જરૂર લેતો આવીશ. **કદી કાયર બનવું નહિ. આપણો ધર્મ તો મર્દાનગી પ્રગટાવવાનો છે.** મન તો આપણને કંઈક કંઈક નચાવે પણ આપણે તો ચેતીને ચાલવાનું છે. મન જે કંઈ સમજાવે કરે તે સાચું જ હોય છે

તેવું કશું નથી. ખૂબ આનંદમાં રહેજે અને આનંદ પ્રગટાવીને તારા દિલનો ભાવ મને મળે તો મને ઘણો આનંદ થાય. તા. ૨૫મીએ આવવાનો હતો, પણ કદાચ તને યાદ રાખીને તા. ૨૪મીએ પણ આવું.

એ જ લિ.

તારા **મોટા**નાં સપ્રેમ ઘણાં ઘણાં

રામ રામ અને વહાલ

## પત્ર : ૧૪

### પ્રશ્ન : સ્વભાવની વિકૃતિઓ દૂર કરવા માટે શું કરવું ?

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૨૮-૧૨-૧૯૫૯

પ્રિય ભાઈ મંગળભાઈ,

જત, તમોને સોમાભાઈએ પત્ર લખ્યો છે, તે પ્રમાણે વર્તશો. તમારા બે પત્રો મળ્યા છે. **તમારાં પ્રકૃતિ અને સ્વભાવને તો તમારે જ ઠીક કરવાં રહ્યાં. હું તો માત્ર એની કૃપાથી પ્રેમ કરવાનું સમજ્યો છું.** આપણે પોતે પોતાની પ્રકૃતિને અને વિકૃતિઓને સાચી રીતે સમજતાં થઈ જઈશું ને તે જો ખરેખરી ડંખશે તો તે વડે ઉપર આવી શકીશું ખરા ! ત્યાં બધા મિત્રોને મારા ઘણા ઘણા રામ રામ અને વહાલ કહેજો.

લિ.

તારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૧૫

**પ્રશ્ન : વરસાદના લીધે આશ્રમમાં નુકસાન થયું છે તેનું મરામત કામ પૂરું કરીને નોકરીએ હાજર થાઉં કે રજાઓ પૂરી થાય એટલે નોકરીએ હાજર થાઉં ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત,
તા. ૧૨-૧-૧૯૬૦

વહાલા મંગળદાસ,

જત તમારો તા. ૧૦-૧-'૬૦નો કાગળ મળ્યો. વાડની હકીકત જાણી. ત્યાં વરસાદ પડ્યો તે જાણ્યું. જે કંઈ તેને કારણે ખોદાઈ ગયું હોય, તે ઠીક કરાવી લીધું હશે. તમારે તા. ૧૫-૧-'૬૦ને શુક્રવારે કામે ચઢી જવાનું છે, તે જાણ્યું. તમે તમારે પ્રેમથી જજો ને કામે ચઢી જજો. **સુમેળ, સદ્ભાવ ને પ્રેમથી બધાં સાથે વર્તવાનું ભાન સદાય જીવનમાં હૃદયથી પ્રગટાવતા રહેવું તે પણ ભક્તિ છે. હરિસ્મરણ કર્યા કરજો. તમારા દિલના તલસાટ વાટે ભાવ મળ્યા કરે તેનો ભૂખ્યો છું.** તા. ૧૬-૧-'૬૦ના રોજ બપોર પછી વલસાડ લોકલમાં નડિયાદ સ્ટેશને ઊતરીશ. સોમાભાઈ આશ્રમે આવી ગયા હશે. મણિભાઈને, સોમાભાઈને, મગનભાઈને સપ્રેમ. અહીં પણ કામ ચાલ્યા કરે છે. તમને ભીખુકાકા, ઝીણાભાઈ ખૂબ પ્રેમથી સંભારે છે.

એ જ લિ.
તમારા **મોટા**ના સપ્રેમ

## પત્ર : ૧૬

**પ્રશ્ન : સંજોગો, પરિસ્થિતિઓ, સંસારવહેવાર આ બધું ક્યાંથી અને શા માટે આવે છે ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૫-૨-૧૯૬૦

વહાલા મંગળદાસ,

તમારો ૪-૨નો P. C. મળ્યો છે. **માનવીને સંજોગો પરિસ્થિતિ, સંસારવહેવાર જે તે બધું કર્મ સંજોગે મળે છે, તે ભોગવી લીધા વિના કોઈનોયે છૂટકો થતો નથી.** તે બધું મળે છે જીવનમાં ગુણવિકાસ માટે. સમતા, તટસ્થતા, ધીરજ, સહનશક્તિ, ઉદારતા, ત્યાગ આ બધા ગુણો કંઈ એમ ને એમ કેળવાઈ જતા હોતા નથી. એ તો જીવનમાં તેવા તેવા પ્રકારના સંજોગોમાં ને પ્રસંગોમાં આપણે તેવું તેવું જ્ઞાનભાન પ્રકટાવી પ્રકટાવી વર્તવાનું કર્યા કરીએ તો જ તેવું બળ પ્રકટે છે. **માનવીને મળેલા સંજોગો ને પ્રસંગોમાં કાયર થઈ જઈને તેમાં ને તેમાં નબળાઈ દાખવે તો તો તે વધારે ને વધારે નબળો જ પડતો જવાનો.** સંજોગ પ્રસંગનો હેતુ જે જીવ જાણે છે, તેને તો સંજોગ ને પ્રસંગ સદ્‌ગુરુ છે ને સંજોગ પ્રસંગથી તે શીખે છે. **આપણે પોતે જ કરેલાં કર્મથી જે પ્રારબ્ધ ઊભું કરેલું છે, તે જ્યારે હવે આપણી સામે આવીને ઊભું રહે છે ત્યારે માનવી તેનાથી ડર પામે છે, પણ તેમાં કોઈનોય દોષ**

**નથી. ને તે તો પ્રેમ ઉમળકાથી ભોગવવું જ રહ્યું ને તે પણ શાંતિ ને પ્રસન્નતા જાળવી રાખીને.**

**આત્મનિવેદન કર્યા કરવું તે જરૂરનું જ. જેથી, દિલ હળવું બને. ભાઈલા ! હું તો એક હકીકત જાણું છું કે જે જે પ્રભુકૃપાથી શોધ્યા વિના કે પરિચય વિના મળે કરે, તેમને દિલથી ચાહવાં.** પ્રભુ તને શાંતિ બક્ષે.

લિ.

તારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૧૭

**પ્રશ્ન : આપનો મારા પ્રત્યનો પ્રેમભાવ હું અનુભવી શકું છું. તેમ છતાં મારો આધ્યાત્મિક વિકાસ કેમ અનુભવી શકતો નથી ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૨૫-૨-૧૯૬૦

વહાલા મંગળદાસ,

જત, વહાલા મંગળદાસ, તા. ૨૪-૨-'૬૦નો કાગળ મળ્યો છે. **હું તો પ્રભુકૃપાથી જે એની મેળે મળે છે, તેને ચાહવાનું સમજું છું.** મારા દિલના ચાહવામાં જો સાચા હૃદયનો ભાવ પ્રકટેલો હશે ને તેવો ભાવ તે આત્મામાંથી પ્રકટેલો ગુણ હશે તો તેવો ભાવ તેનું કામ જરૂર કર્યા વિના તો રહી જ ન શકે, પરંતુ તેવા ભાવને પ્રેમભક્તિના ઉમળકાથી સ્વીકાર

સત્કાર સહકાર થાય તો કામ ઘણું સરળ થઈ જાય. ને **તું મારો મિત્ર છે એટલું આશ્વાસન શું તને પૂરતું નથી લાગતું?** એનો અર્થ તો એટલો જ કે હજી તને આ જીવમાં શ્રદ્ધા-વિશ્વાસ ખરેખરાં પ્રગટેલાં નથી. આમ, વહેવારમાં જો કોઈ આપણો મિત્ર હોય ને તે જો બે પૈસે સુખી હોય તો એની ઓથ આપણને લાગ્યા વિના રહેતી નથી. તેવી રીતે **અમે જ્યારે જે જે જીવને મિત્ર ગણીએ છીએ ત્યારે મિત્ર તરીકેની જવાબદારી તેના તેવા ભાવમાં આપમેળે સમાઈ જતી હોય છે,** પણ આપણે તેને યથાર્થ ભાવમાં સ્વીકારી, સહકાર, સત્કારના પરિણામમાં દિલથી દિલમાં જીવતા ભાવમાં અનુભવીએ તો પરિણામ તો પ્રત્યક્ષ છે.

## પત્ર : ૧૮

**પ્રશ્ન : મોટા ! આપને બાલયોગી મહારાજે દીક્ષિત કરેલા તેમ આપ કૃપા કરીને મને દીક્ષિત કરો તો આપે આપેલ હરિઃૐનો મંત્ર તથા સાધના અવિરત ચાલ્યા કરે.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૧૬-૩-૧૯૬૦

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૫-૩નો પત્ર મળ્યો છે, સાધનામાં દીક્ષિત કર્યા એટલે સાધનામય જીવનમાં પ્રેરાવવાને માટે અમુક પ્રકારની, કોઈ નિશ્ચિત વિધિ કે એવું કાંઈ નથી, પરંતુ તેમણે

મને અમુક પ્રકારની ધ્યાન આદિ સ્થિતિમાં પ્રેરાવેલો. દીક્ષિત થવા માટેની વિધિ હોય પણ ખરી અને ન પણ હોય. મારી તે વેળાએ અજપાજપની સ્થિતિ નહિ થયેલી. તે તો ઘણા વખત પછીથી થઈ.

સાધનામાં દીક્ષિત થવા માટેનાં લક્ષણો તો ધગધગતી તમન્ના, ને તે તમન્ના પ્રભુકૃપાથી આ જીવમાં ત્યારે હતી ખરી. **સાધનામાં દીક્ષિત થવાથી સાધનામાં વેગ પ્રગટે તેવું દરેકની બાબતમાં બની શકે નહિ. મૂળમાં ધગધગતી તમન્નાની ખાસ જરૂર. સાધનામાં દીક્ષા મેળવીને સાધક, સાધનામાં વહેલી ઝડપી પ્રગતિ બધાં જ કરી શકે તેવું કશું નથી. એ તો દિલની ઉત્કટમાં ઉત્કટ તમન્ના પર આધાર રાખે છે.**

તમારા પોતાનામાં ઉપર જણાવી તેવી ઉત્કટ તમન્ના નથી. માટે કૃપા કરીને પ્રયત્ન ને પુરુષાર્થ ઉપર આધાર રાખો. મથ્યા વિના, મંડ્યા રહ્યા વિના કંઈ કશું બની શકવાનું નથી. પ્રયત્ન થતાં થતાં તેમાં વેગ વધવાનો છે. તમે મને પ્રશ્ન પૂછો અથવા તો તે અંગે કાગળ લખો તેનો મને વાંધો નથી, પરંતુ તમે સામાન્ય બુદ્ધિની સમજણે સમજી લ્યો કે દરેક ક્ષેત્રમાં પ્રગતિ થવાને માટે પુરુષાર્થની ઘણી જરૂર અને તે પુરુષાર્થમાં એકધારી નિરંતરતા પ્રગટ્યા વિના કંઈ કશું બની શકવાનું નથી. **પ્રભુકૃપાથી મેં કોઈ જીવને સાધનાની દીક્ષા આપી નથી. વિધિસરનો કોઈને મંત્ર પણ આપ્યો નથી. તે એક તમને જ માત્ર અપવાદરૂપે ને તે પણ તમે પાછળ પડ્યા કે જો મને મંત્ર મળે તો મને નામસ્મરણમાં ઘણો વેગ પ્રગટે અને તે**

**પણ જ્યારે તમે મારા હૃદયમાંથી હરિઃૐનો ધ્વનિ નીકળતો સાંભળ્યો ત્યારે.** સામાન્ય જનસમાજમાં એવી માન્યતા છે કે મહાત્મા પુરુષ મંત્ર આપે એટલે તે મંત્ર ચાલ્યા કરે યા મંત્ર લેનારનું કલ્યાણ થઈ જાય અથવા તો કોઈ મહાત્મા સાધનામાં દીક્ષા આપે તો તેથી કરીને સાધનામાં ઑર જોશ પ્રગટે, પરંતુ તે બધાનો આધાર પોતાની ભાવનાની ઉત્કટતાભરી ગતિશીલતા ઉપર છે. ઉપરની બધી માન્યતાઓ ભ્રામક છે. તમારામાં હજુ ખરેખરાં સાચાં શ્રદ્ધા અને વિશ્વાસ પ્રગટ્યાં નથી. નહિતર તમે પત્રમાં લખ્યા છે તેવા સવાલ તમને મનમાં ઊપજે નહિ. દિલમાં દિલથી દિલ પરત્વે જ્યારે શ્રદ્ધા પ્રગટે છે ત્યારે તેવી શ્રદ્ધા પોતે જ જ્ઞાનપ્રેરક નીવડે છે.

તા. ૨૮મીએ હું કરમસદ છું. શ્રી નટવરલાલ ચિનાઈની સાથે. તા. ૨૯મીએ ક્યાં હોઈશ તે નક્કી કરી નથી શકતો. હજી મારા મનમાં તે અંગે કશો નિર્ણય થઈ શક્યો નથી. કરમસદથી વહેલામાં વહેલું જો કોઈ સાધન એટલે કે વાહન મળી જાય તો કોઈ એકાંત સ્થળે ચાલ્યો જાઉં ખરો. કરમસદથી અત્યારથી તેવી સગવડ મળે કે ના મળે તે વિશે કહી શકતો નથી. અને જો વાહનની સગવડ મળે તો જો ઓચિંતો ક્યાંક ચાલ્યો જાઉં તો તારે મને ક્ષમા કરવી. તા. ૨૯મીએ નડિયાદ આશ્રમે હોઉં તો તારે તપાસ કરવી ખરી. તા. ૨૯ અંગે મારું કશું હાલમાં પણ નક્કી નથી.

લિ.

તારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૧૯

**પ્રશ્ન :** ***મોટા !*** **સંસારી ભાવમાંથી બહાર આવી શકાતું નથી. મારે ભગવાનને અનુભવવા છે તો આપ સદાય મારી મદદમાં રહ્યા કરો.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૧૫-૪-૧૯૬૦

મારા વહાલા મંગળદાસ,

જત, તમારો કાગળ વાંચી મને શું થયું હશે ? આપણને ભગવાનને અનુભવવાની ક્યાં પડી છે ? ભગવાનને માટે કેટલી ઝંખના છે ? સદ્ગુરુ જેને માન્યા તેને માટે પણ દિલની ખરેખરી ભાવના કેટલી છે તે આપણને સમજાઈ જવું ઘટે જ. **આપણે ચઢવું તો હિમાલયના ગૌરીશંકર શિખર પર ને હજી તો તળેટીમાં રગદોળાઈ રહેવું છે નરકમાં.** જો આપણે **'મોટા'**ને માટે દિલની ખરેખરી ઝંખના હોય તો ને તેની ઝંખના જો દિલમાં દિલથી જીવતીજાગતી હોય તો આવું બની જ કેમ શકે ? **હું તો તમારામાં ધ્યાન જરૂર રાખીશ ને પ્રાર્થના પણ કરવાનો જ. મારાથી તેમ કરાયા વિના રહેવાવાનું નથી, પરંતુ સામાના દિલમાં ખરેખરી સાચી પ્રેમભક્તિ પ્રગટેલી ન હોય તો અમારાં હૃદય-ભાવનાં મોજાં ત્યાં સ્વીકારાઈ ના શકે.** માટે, મારા વહાલા મંગળ, મારા પર તો તારે કૃપા કરવાની છે. કૃપા કરીને હવે તો આ નરકાગારમાંથી કૂદકો મારીને

બહાર કૂદી પડવાનું છે. મારી મદદ તો તારી પડખે છે. તું સાહસ, હિંમત કરી તે કૂંડાળાંમાંથી બહાર કૂદી પડ. ભાઈલા ! મનને પ્રયત્ન કરી કરી વાળવાનું છે. હિંમત સાહસ ધરીને પાછો વળી જા. મારી મદદનો તને અનુભવ જરૂર થશે. ઊઠ ! કમ્મર કસ. બેઠો થા. **ભાઈલા ! તું મને તો એટલો જ વહાલો છે. તું ગમે તેમ વર્તે તોપણ મારા દિલે તો તું સદાય મંગળ જ છે.**

લિ.

તારા **મોટા**નાં વહાલ

વાલજીભાઈ, છગનભાઈને સપ્રેમ.

**પત્ર : ૨૦**

**પ્રશ્ન : *મોટા !* આપે મને આપનો બનાવ્યો છે તો એ પ્રમાણે રાખજો. મારી પ્રકૃતિ સામે જોશો નહિ. મારી ભક્તિ સતત વધારતા રહેજો.**

॥ હરિઃૐ ॥

કુંભકોણમ્, હરિઃૐ આશ્રમ,

તા. ૧૪-૭-૧૯૬૦

વહાલા મંગળદાસ,

જત, તમારો ગુરુપૂર્ણિમાનો લખેલો પત્ર આજે અહીં મળ્યો છે. તા. ૧૪મીએ મળ્યો તે પણ સારું થયું, કારણ રેલવેના આવા ગોટાળાના સમયમાં કાગળ મળે તે પણ ઉત્તમ ગણાય. **ભગવાનની કૃપાથી અમે તો મળેલાંને ચાહીએ છીએ અને તેને અમારો કરી જાણીએ છીએ અને હું તને દિલથી ચાહું છું કે નહિ તે વિશે તો તારું દિલ જે કહે તે ખરું. મને પોતાને તો એના વિશે ખાતરી છે.**

જે કોઈ સ્વજન પ્રભુકૃપાથી મળ્યું, તેના દિલમાં જો જેને તેમણે પોતાના સદ્‌ગુરુ તરીકે માન્યા હોય, પરંતુ તેવો ભાવ હજી દિલમાં પ્રગટ્યો ના હોય અને જીવનનું ધ્યેય જેમ તેમ નક્કી કર્યું હોય પણ તેમાં મરણિયો નિર્ધાર ન પ્રગટ્યો હોય, તેમ છતાં તેવો સદ્‌ગુરુ તેના પરત્વે આકર્ષણ પ્રગટાવવાને સહજ મેળે પ્રયત્ન તો કરે પણ આપણે પ્રભુકૃપાથી એની જોડે ગતિ કર્યા કરીએ ત્યારે સામસામેથી મેળ ખાતો રહે.

**'ચાહેલાંને નિજ બનાવવા જે થશે તે થવાનું.'**

એવું કોક ઠેકાણે લખેલું છે ને ગાયેલું પણ છે. મારો ધર્મ તો ચાહ્યા કરવાનો છે. મારી તેવી ચાહ્યા કરવાની ભાવનામાંથી જો સામા જીવમાં પ્રભુકૃપાથી દિલમાં તેવો ભાવ પ્રગટી જશે તો **એ**નો ભાવ પોતાના ભાવનું કામ કર્યા વિના રહેનાર નથી. તેની મને ખાતરી છે. પ્રયત્ન કરતાં કરતાં શું સાધી શકાતું નથી તેનો તમે વિચાર કરજો. માટે, કદી પણ પ્રયત્નને મૂકી ના દેવો. **ચઢાય પડાય એ તો કુદરતી ક્રમ છે, પણ જે જીવ પડતો પડતો પણ ચઢ્યા કરવામાં જ ગુલાતન રહ્યા કરે છે, તે કદી પણ અંતે તો પડી શકતો નથી.** આપણે ભલેને પડીએ, પરંતુ પાછું ચઢવામાં એટલું જ શૂરાતન પ્રગટાવીએ ને એમ કરતાં કરતાં પ્રભુકૃપાથી આપણે લાઈન પર આવી જવાનાં. આપણને હજી જ્યાં સુધી આપણા ધ્યેયની લગની પૂરેપૂરી લાગી નથી અને સદ્‌ગુરુને માન્યા છતાં અંતરમાં અંતરથી અંતરે સ્વીકાર્યા નથી ને અંતરમાં અંતરથી તેને જીવતું સ્થાન મળ્યું નથી, ત્યાં સુધી તે પણ બિચારો શું કરે ? માટે, આપણે

તેને ચાહ્યા કરવો અને એ ચાહવાની માત્રા વધાર્યા કરવી. એમ કરતાં કરતાં આપણા બેનો મેળ ખાઈ જવાનો છે. હું તો તમને અવારનવાર સંભાર્યા કરું છું. મારે તો બધાંનો ખપ છે જ, અને જે મળેલાં છે, તેમનાં જો માત્ર પ્રકૃતિ અને સ્વભાવ જ જોવા બેસું તો મેળ પણ કેવી રીતે મળી શકે ? અને ઝૂંડવાનું તો કરું પણ તે કાળ પાક્યા વિના નકામું, તો તું વેગળો જ ભાગી જાય. આપણે તેવું બોલીએ અને લખીએ પણ ખરા, પણ જો બરડામાં કે માથામાં એક ડંડો પડ્યો તો તેનો હેતુ અને કારણ પારખ્યા વિના આપણે તો મારનારને જ ઊધડો લઈએ અને કેટલાંયે ઉપનામો આપી દઈએ. માટે, કૃપા કરીને આપણે પરસ્પર એકમેકને ચાહવાનું રાખીએ તે સલામત માર્ગ છે. **તમારું કામ ત્યાં સારું ચાલતું હશે. પ્રતિનિધિઓને સંતોષ થાય તેમ વર્તવું. તારી પ્રતિષ્ઠા વધે એ જ મારું ઘરેણું છે. ગમે તેવી હાલત થાય તોપણ હરિસ્મરણને મૂકવું નહિ અને તેને જીવતુંજાગતું આપણા આધારમાં કરી દેવું એ જ તરવાનો સાચો માર્ગ છે.** એમ જો ના હોય તો અનેક જીવો ભગવાનનું નામ લઈને તરી ગયા તે કેમ બને !

ભાઈશ્રી વાલજીભાઈને, છગનભાઈને મારા વતી બોલાવજો. બચુભાઈને મળે ત્યારે યાદ કરજે. તેઓ મને અવારનવાર યાદ આવ્યા કરે છે અને પેલા મેનન સાહેબ પણ.

લિ.

તારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૨૧

**પ્રશ્ન : સાધનામાં વેગ માટે ચોવીસ કલાક મસ્તી, મસ્તી ને બસ મસ્તી પ્રગટે તેવી દયા કરો.**

॥ હરિઃૐ ॥

કુંભકોણમ્ તા. ૨૫-૭-૧૯૬૦

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૨૨મીનો કાગળ મળ્યો. ચોવીસે કલાક મસ્તી, મસ્તી ને બસ મસ્તી જ પ્રગટે, એ તો ત્યારે જ બને કે જ્યારે એવા પ્રકારની ભાવનામાં આપણે એકધારા, સતત મચેલા રહ્યા કરતાં હોઈએ. માત્ર એવો વિચાર આવવાથી કશું વળતું નથી. ભગવાનનું સ્મરણ અને તેની ભાવના અને સકળ પ્રકારનાં કર્મ કરતાં કરતાં કર્મના હાર્દમાં એકમાત્ર તેનો જ ભાવ જીવતોજાગતો પ્રગટેલો હોય ત્યારે તેમ બને. **ભગવાનની કૃપાથી સરળ અને સહજ એવું હરિસ્મરણનું સાધન જો આપણે કરી શકવાને શક્તિમાન થઈએ તો આપણને એક પ્રકારનો આત્મવિશ્વાસ પણ પ્રગટી શકે. માટે, એવું તો પહેલાં કરો.**

મિલમાં બચુભાઈને તથા અમારા મૂળજીભાઈને, તેમનાં પત્નીને, તેમનાં બાળકોને-છોકરાંને-અમો વતી ખબર પૂછજો. હીરાબાને મારા વતી ઘણા ઘણા પ્રણામ કહેજો અને વાલજીભાઈને, છગનભાઈને પણ.

લિ.

તારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૨૨

**પ્રશ્ન : દિગંબર અવસ્થામાં રહીને નામસ્મરણ કરીએ તો સાધનામાં વેગ આવે ખરો ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૨૫-૮-૧૯૬૦

વહાલા મંગળભાઈ,

તમારો કાગળ મળ્યો. તે રીત છે તો ઉત્તમ, પણ તેવી રીતે રહીને તેવા કર્મમાં પરોવાઈ ન જવાય તો જ તે શોભે ને હીરાબા તેમાં પ્રેમથી સંમતિ આપતાં હોય તો જ. નામસ્મરણ ચાલુ રાખી ભજન પ્રાર્થના થતાં થતાં તેમ રહેવાય તે ઉત્તમ. જો તેમ ન થાય તો હાલમાં જે મનાદિકરણની સ્થિતિ હોય તેનાથી પણ વધારે વીફરે. એવી સ્થિતિ ઊંચે ભાવનામાં પ્રકટવા માટે હોય. તેવું હોય ને બીજી પરિસ્થિતિમાં પરોવાઈ જવાય તો ઊલટું તેનું જોશ વધે. આપણો પ્રયત્ન ઘટવાપણાનો કે ઘટાડવાપણાનો હોય. તેથી, તેવી રીતમાં ભાવના પ્રાર્થના સ્મરણ આદિ થયા કરે ને નિશ્ચયબળ ટકી રહેવાપણું બને તો જ તે ઉત્તમ.

લિ.
તમારા **મોટા**નાં સપ્રેમ ઘણાં ઘણાં વહાલ

## પત્ર : ૨૩

**પ્રશ્ન : *મોટા !* મારે માટે આશ્રમવાસી બનવાની શક્યતા ખરી ? હરિઃૐ નામસ્મરણનું સાધન મારે માટે જીવતુંજાગતું ક્યારે બને ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૬-૯-૧૯૬૦

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૫-૯નો પત્ર મળ્યો. મને જ્યોતિષશાસ્ત્રનું કંઈ પણ જ્ઞાન નથી.

કેટલા સમય સુધી સંસારમાં સંસારી તરીકે જીવવાનું બનવાનું છે, તેનો આધાર તમારા પોતાના દિલની સાચે સાચી, ખરેખરી જીવન પરત્વેની પ્રગટેલી ભૂખ કે તમન્ના પર અવલંબે છે.

આશ્રમમાં આશ્રમવાસી તરીકે રહેવાનું બનવાનું છે કે કેમ ? તેના વિશે તો તમો પોતે જ પોતાનો જવાબ આપી શકો. હું તો કોઈને કશું ત્યજવાનું કહેતો નથી. તમારાં પત્ની જીવતાં હોય ને તેને મૂકીને તરછોડીને તમે ક્યાંયે પણ જતા રહેવાનું કરો તેમાં મારા દિલની સંમતિ ના હોય. આશ્રમમાં રહેવાની તમારી સાચેસાચી તમન્ના પ્રગટતાં તે પ્રકારની સરળતા જરૂર મળી રહેવાની. હું પોતે ભગવાનની કૃપાથી સંસારમાં રહીને આ પરત્વેની તમન્નામાં જીવતો થતો ગયો હતો, એટલે જેનું તેનું મૂળ આપણા પોતાનામાં છે.

તમારો દેહ આશ્રમમાં પડશે કે કેમ તે વિશે પણ મારાથી કશું કહેવાય નહિ. **આશ્રમમાં કોઈ પણ માંદગીવાળા જીવને રાખવાનું બનતું નથી. હાલ હેમંતભાઈ, સોમાભાઈ કે કોઈ માંદું થાય છે તો તેમને આશ્રમમાંથી બીજે ઠેકાણે જવું પડે છે. અહીં આશ્રમમાં રોગથી પીડાનારની સેવા કરવા માટે ફાજલ કોઈ વ્યક્તિ નથી.** એટલે આશ્રમમાં માંદગી ભોગવતાં ભોગવતાં તમને કદી પણ રહેવાની તક નહિ મળવાની. આશ્રમમાં આવ્યા હોવ અને એકદમ હૃદય બંધ પડી જાય તો વળી જુદી વાત.

**હરિઃૐનું નામસ્મરણ જીવતુંજાગતું સાધન જીવનનું ક્યારે બનશે ? એ તો તમો ધારો અને મરણિયો નિર્ધાર પ્રગટાવી શકો તો આજથી પણ બની જાય. આનો આધાર તમારા પોતાની દિલની તીવ્રમાં તીવ્ર ઉત્કટ ઝંખના પર રહેલો છે.**

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૨૪

**પ્રશ્ન : સાધના કરનાર સંસારીને બીજાના સંતોષ ખાતર સાધનામાં બાધક કર્મ કરવાનું આવે તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૧૯-૯-૧૯૬૦

પ્રિય મંગળદાસ,

જત, તમારો કાગળ મળ્યો છે. જ્યારે દ્વંદ્વાતીત અને ગુણાતીત થઈ જઈએ તે સ્થિતિ પછીથી પ્રારબ્ધ ભોગવવાની

વાત આવે. અત્યારે તો એક જાતનું પ્રારબ્ધ ભોગવવાનું કરતાં તે જાતનું અનેક જાતનું પ્રારબ્ધ નવું ઊભું કરીએ છીએ. આમ જોતાં તમે લખો છો તે હકીકત જ ખોટી છે. જુવાનીમાં રળેલું અને પરોઢિયાનું દળેલું જીવનમાં ખપમાં લાગે. **નીચે ઊતરવામાં હંમેશાં જોખમ છે. ચઢાણ હંમેશાં આકરું હોય છે, પણ તે સહીસલામત હોય છે. માટે, કૃપા કરીને તમારે નીચે ગબડવાનું ન બન્યા કરે તેની જાગૃતિ તો રાખવી જ જોઈએ. અને તેટલો સંયમ કેળવવો જોઈએ.** તેવું બધું ગુરુ મહારાજ કરી દેશે તે વાત તદ્દન ગલત છે. આપણે પરિસ્થિતિનો જબરદસ્ત આગ્રહપૂર્વકનો સામનો કરીએ અને કદી પણ તેને તાબે ના થઈએ ત્યારે જ ખરું પુરુષાતન પ્રગટી શકે. જે જીવવૃત્તિને સરળતાથી તાબે થઈ જાય છે, તે તો વૃત્તિમાં જ રહ્યા કરવાનો છે. આપણે જે માર્ગે જવું છે, તે માર્ગથી અવળા માર્ગને રસ્તે પગલાં માંડતાં જઈશું તો તે પછી કેમ થશે ? તમે મને પત્ર લખો તેમાં મને કશો વાંધો નથી, પરંતુ આપણે મનથી સમજી લેવું ઘટે કે આપણે જે સ્થિતિમાં છીએ, તે સ્થિતિ ચઢાણની નથી, પરંતુ પાતાળગામી છે. બાળક નરક ચૂંથે ત્યારે તેને આનંદ થાય છે અને તેનું તેને બંધન નથી, પણ મોટી ઉંમરનો તેમ કરે તે તો ઘૃણાસ્પદ બની શકે માટે, ખરેખરા જે ચેતેલા છે તે તો આમાં તુરત સમજી જાય. **આપણા માટેનું બીજા કોઈના માથે ઢોળી ના દેવાય. કોઈને ખુશ કરવાને ખાતર અમુક અમુક કરું છું. તે આપણા જેવા જીવદશાવાળાથી તેવું બનવું એ મહાભયંકર આફત છે ને**

**જગતને છેતરનારું છે** માટે, કૃપા કરીને આંખ ખુલ્લી કરી શકાય તો ખોલજો. ત્યાં બધાંને યાદ કરજો.

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ

ઘણા ઘણા રામ રામ

**પત્ર : ૨૫**

**પ્રશ્ન : નામસ્મરણમાં મંદતા આવતાં મારા મનમાં મૂંઝવણ રહ્યા કરે છે. આપ સમર્થ છો. આપના માટે કશું અશક્ય નથી. મારું નામસ્મરણ સતત ચાલતું રહે તે માટે સતત મને મદદ કરતા રહો.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, શેઢી નદી,

નડિયાદ, તા. ૮-૧૧-૧૯૬૦, બપોરે

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૮મીનો પત્ર મળ્યો છે, તે મેં ધ્યાનપૂર્વક વાંચ્યો. તમારાથી નામસ્મરણ થતું નથી એનું કારણ મૂળમાં આપણને તેની ઉત્કટ ને અદમ્ય ઇચ્છા પ્રગટેલી નથી તે છે, તથા તે લીધા વિના છૂટકો જ નથી, એવું આપણને ખરેખરું સચોટ દિલમાં દિલથી લાગી ગયેલું નથી. આપણા બધા પ્રયત્ન ઉપરચોટિયા અને ઉપરછલ્લા છે. આપણાં અંદરનાં પ્રકૃતિ અને સ્વભાવ તદ્દન જુદા પ્રકારનાં છે. આપણી પાસે બહુ નજીવી મૂડી હોય અને લાખોનો વેપાર કરવાને ધારીએ એવી સ્થિતિ આપણી છે. આપણે આપણી મર્યાદા સમજવી ઘટે. ધગધગતી જ્વાળામુખી સમી તમન્ના પ્રગટે તો જ મર્યાદાને

ઓળંગી શકાય, તે વિના શક્ય નથી.

મારી તો તમને મદદ કરવાની ઘણી મરજી છે. કોઈ પણ સત્પુરુષનો સંકલ્પ લોકો કહે છે કે મિથ્યા થઈ શકતો નથી. આવી બાબતમાં લોકોની સમજ સાચી વાસ્તવિકતાવાળી નથી. મહાત્મા ગાંધીનો સ્વરાજ્ય માટેનો સંકલ્પ સાચો પડ્યો, પરંતુ આપણા સમાજની તેવી ભૂમિકા કેળવાયેલી નહિ હોવાથી તેનું પરિણામ વિકૃત આવ્યું. તેમ છતાં **જ્યારે જ્યારે તમારું સ્મરણ પ્રગટે છે ત્યારે પ્રભુકૃપાથી મારાથી પ્રાર્થના ભાવે પરોવાયા વિના રહેવાતું નથી. મારી પાસે તમોને ચાહ્યા સિવાય બીજું કોઈ સાધન નથી. તમે ચાહો કે ના ચાહો તોપણ મારે તો તમને ચાહવાના જ છે.** પ્રયત્ન કરતાં કરતાં સર્વ કંઈ સાધી શકાય છે. સાચા દિલના પ્રયત્નથી કશું અશક્ય નથી હોતું. માટે, આપણે સતત મથતાં અને મંડતાં રહ્યા કરવાનું છે. ને તો જ આપણાથી ઉપર આવી શકાય. આપણાથી કંઈ કશું બનનાર નથી એ વિચાર તો નામર્દાઈભર્યો છે. જે જીવને દિલમાં દિલથી કશું કરવાની લગની લાગી છે તેવો જીવ તો મથેલો, મચેલો ને ખૂંપેલો રહ્યા કરે છે. આપણે જે કરવું છે તેનો મરણિયો નિશ્ચય તો પ્રગટાવો. નિશ્ચય પ્રગટતાં સર્વ કાંઈ બની શકે છે, અને આપણે એવા નિશ્ચયી બનીએ અને તેના નિશ્ચયનો આધારમાં અમલ થયા કરે તો મદદ તો તૈયાર ઊભેલી જ છે, તે નક્કી જાણજો.

એ જ. લિ. તમારા **મોટા**ના સપ્રેમ

ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૨૬

**પ્રશ્ન : સુરત આશ્રમ તથા નડિયાદ આશ્રમમાં હું જેટલું નામસ્મરણ કરતો હતો, તેટલું નામસ્મરણ હાલ થતું નથી, તો પહેલાંના જેટલું નામસ્મરણ કરી શકું તેવી અનુકૂળતા કરી આપો.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૧૭-૧૧-૧૯૬૦

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૬-૧૧-'૬૦નો કાગળ મળ્યો છે. તમે નડિયાદ અને સુરત આશ્રમમાં રહેતા ત્યારે ભગવાનનું ઘણું નામ લેતા તેની મને ખબર છે, પરંતુ સાચે સાચું તેવું ધારો કે બને ત્યારે આપણાથી હાલ ધારીએ છીએ તેવું વર્તી શકાય કે કેમ ! તે એક મોટો કૉયડો છે. આપણું મન જે એમ વિચારે છે કે **અમુક સંજોગો મળે તો આમ કરું તે એક પ્રકારની ભ્રમણા છે. સંજોગો પર કોઈ પણ જાતનો આધાર નથી. આધાર આપણા દિલની ઉપર છે.** માટે, કૃપા કરીને તેવા વિચારના પ્રવાહમાં તણાયા કરવાનું મૂકી પ્રત્યક્ષ હાલના સંજોગોમાં દૃઢ મક્કમતા કેળવી કેળવી ભગવાનનું સ્મરણ કરવાનું દિલ કર્યા કરીશું, તો જ પત્તો ખાવાનો છે. માટે, કૃપા કરીને નાસીપાસ થયા વિના **'દે દરિયામાં દોટ, રાખણવારો રામ'** એવો નિશ્ચય કરીને હરિસ્મરણમાં ઝંખના પ્રવર્તે તેમ વર્તજે.

હીરાબાને મારા પ્રણામ, છગનભાઈને મારા વતી બોલાવજે અને તેમને હિંમત અને આશ્વાસનની જરૂર છે. તેમણે એકલા હાથે ટકવાનું છે ને ઝઝૂમવાનું છે. તેમને માનસિક અને દિલમાં સહારો મળે તેવી મારી પ્રાર્થના હોયા કરે છે. મોહનભાઈ હોટલવાળાને પણ જરૂર બોલાવજો.

એ જ, તું આનંદમાં રહેજે જ.

લિ. તારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૨૭

**પ્રશ્ન : આખા દિવસમાં બહુ જ થોડોક સમય પ્રભુસ્મરણ થાય છે. આથી, મને અસંતોષ રહે છે અને મનમાં બળતરા થાય છે. એમ થાય છે કે આ રીતે કેવી રીતે આગળ વધાશે ? આપ ધકેલોને ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૨૧-૨-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો કાગળ મળ્યો. તમને અસંતોષ રહ્યા કરે છે અને તેથી તમારું મન બળ્યા કરે છે તે બધી હકીકત વાંચી. ખરી વાત તો મૂળમાં એ કે આપણને ભગવાનના માર્ગની ખરેખરી ઉત્કટ ઝંખના લાગેલી નથી. જો દિલમાં દિલથી લાગેલી હોય તો લાગ્યા વિના ના રહે. માટે, આપણે તો પ્રયત્નમાં જ વળગ્યા રહેવાનું છે. આમ નથી થતું તથા અમુક

દૂષણો છે, એવી રીતે વિચારવાથી તો ઊલટી નિરાશા વધુ સાંપડશે, એના કરતાં આપણે જીવદશામાં ગળાબૂડ ડૂબેલાં હોવા છતાં ૪-૫-૬ કલાક ભગવાનનું સ્મરણ કરી શકીએ છીએ, તેટલું પણ સારું લક્ષણ છે એમ વિચારીને ઉત્સાહ પ્રકટાવવો અને તેમાં લગની લગાડીને તેવા પ્રયત્નમાં આગેકૂચ કરવાનું રાખવું, નિરાશા સેવવાથી તો ઊલટું દિલ વધુ ભાંગી પડશે.

**મારે પક્ષે તો એટલું હું કહી શકું કે હું તમને ખરા દિલથી ચાહું છું. આના સિવાય મારી કને તમને આગળ ધકેલવાનો બીજો કોઈ માર્ગ નથી. પ્રભુને પ્રાર્થના કરું છું કે તમારા દિલમાં એના પરત્વેની ખરી ઝંખના પ્રકટાવે.**

એ જ લિ.

તમારા **મોટા**નાં ઘણાં ઘણાં વહાલ

**પત્ર : ૨૮**

**પ્રશ્ન : સ્વપ્ન એટલે શું ? સ્વપ્ન શા માટે આવે છે ? જીવન ઉપર તેની શું અસર થાય છે ? સ્વપ્નમાં સદ્‌ગુરુનું દર્શન શું સૂચવે છે ?**

॥ હરિઃૐ ॥

નડિયાદ

તા. ૨૮-૩-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૨૭-૩નો કાગળ મળ્યો. આવા સવાલ રૂબરૂ મળીએ ત્યારે તમે પૂછતા હોવ તો ઘણું ઉત્તમ અથવા આપણે લખી રાખવા અને મળાય ત્યારે તે અંગે પૂછી લેવા. હવે

ટપાલ પણ વધુ આવે ને લાંબા લાંબા જવાબ લખવાનું હું ટૂંકમાં પતાવતો હોઉં છું. એટલે ભવિષ્યમાં તમારે જે કંઈ પુછાવવું હોય તે નોંધી રાખવું અને રૂબરૂ પૂછવું.

(૧) સ્વપ્નની અસર સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને ઉપર હોય છે. સ્વપ્નમાં અત્યંત ભય લાગતાં શરીર ઉપર તેની અસર થાય છે. અત્યંત વાસનાનું સ્વરૂપ પ્રગટતાં તેની અસર સ્થૂળ શરીર ઉપર પણ થાય છે. સ્વપ્નમાં હસવાનું કારણ કોઈ હોય તો તેવા ઊંઘતા માણસનું મુખ હસતું અને મલકાતું અનુભવેલું છે.

(૨) **સ્વપ્ન એ ચિત્તમાં પડેલા સંસ્કારોનું જ વ્યક્ત થવાપણું છે. સ્વપ્ન એ એક જાતનો જુદા જુદા સંસ્કારનો ખીચડો કે શંભુમેળો છે.** એનું યથાવત્ યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકાય એવું એનું આકલન ભાગ્યે જ કોકને આવડી શકે. **સ્વપ્નમાંથી આપણે પોતે જીવને શેમાં શેમાં રાગ-મોહ, કામ, ક્રોધ, મદ, મત્સર, આશા, ઈચ્છા, લોલુપતા-તૃષ્ણા વગેરે છે, તેનું તેને સ્પષ્ટ દર્શન પણ થઈ શકે.**

ભાવનાના પ્રકારનાં જો સ્વપ્ન આવ્યા કરે તો તે આધ્યાત્મિક ભૂમિકાનું લક્ષણ લેખી શકાય. ચેતનામાં નિષ્ઠા પામ્યા બાદ 'સ્વપ્ન' ના હોય. સાધનાની ઊંચી કક્ષાઓ સુધીમાં પણ સ્વપ્ન હોઈ શકે. ચેતનની સંપૂર્ણ દિલમાં દિલથી દિલની લગની લાગી જતાં સ્વપ્ન નથી હોઈ શકતાં.

સદ્‌ગુરુ મહારાજનાં સ્વપ્નથી કરીને આપણા દિલમાં ભાવના સવિશેષ પ્રકટે તો તે યોગ્ય. દા.ત., આપણે તેમની સેવા કરતાં હોઈએ, પગે લાગતાં હોઈએ, તેમની આજ્ઞાનું

પાલન કરતાં હોઈએ. તેઓ જે કહે તે ઉમળકાથી કરવાને તે કરતાં કરતાં અનંત મુશ્કેલીઓ આવે તો તે જાણે ઉમળકાભેર સહેતાં હોઈએ. આપણે સાધનામાં અને કોઈ કળણમાં ડૂબેલાં હોઈએ ત્યારે હાથ પકડીને તે આપણને ઉપર ખેંચી લાવતા હોય. કોઈ ઘેરાં કાળાં વાદળમાંથી પ્રકાશરૂપે ચમકીને દર્શન દેતા હોય. આવાં અનેક જાતનાં સ્વપ્ન હોઈ શકે.

સામાન્યપણે સૂક્ષ્મમાં સદ્‌ગુરુ મહારાજ બધા જીવોમાં કામ કરી રહ્યા હોય તેવું ના બની શકે. આપણું દિલ જ્યારે સદ્‌ગુરુના દિલની સાથે હળીમળીને ભળીને ગળી ગયું હોય ત્યારે તે સૂક્ષ્મમાં કામ કરી શકે અને તેઓ સૂક્ષ્મમાં જે તબક્કા દરમિયાન કામ કરી રહ્યા હોય ત્યારે સ્વપ્ન ન સંભવી શકે. **સ્વપ્ન એ તો તે જીવનના સંસ્કારનું પરિણામ છે. સ્વપ્ન એ પોતાના જીવનના સંસ્કારનું વ્યક્તવ્ય છે.** આપણને સદ્‌ગુરુ પરત્વે એવી જ્ઞાનાત્મક પ્રેમભક્તિ પ્રગટી હોય તો સર્વકોઈ સ્થિતિમાં તે આપણામાં કામ કરવાને શક્તિશાળી હોય છે.

કૃપા કરીને હવેથી તમારે જે પ્રશ્નો પૂછવાના હોય તે નોંધી લેવા ને મળવાનું થાય ત્યારે પૂછવું અને પછી તમારે નોંધવું હોય તો નોંધી લેવું ને મને બતાવવું. સુધારોવધારો કરવા જેવો હશે તે કરી દઈશ યા જાતે લખાવીશ.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૨૯

**પ્રશ્ન : આપના પ્રત્યે મને પૂજ્યભાવથી આકર્ષણ છે. તેમ છતાં મનના વિકારો ખૂબ ફેલાં કરે છે. તેથી, મન આપના કથનમાં ઘણી વાર વિરોધ કરે છે. પ્રસંગ અને પરિસ્થિતિની**

**વિકટતામાં ફસાતાં આપના ઉપર ચીડ ચઢે છે અને ન બોલાય એવી ગાળોય ભંડાય છે. મારો આ અપરાધ માફ કરજો. મારા મને આ દુર્વૃત્તિને હું તાબે ન થાઉં અને મારામાં આત્મવિશ્વાસ પ્રગટે તે માટે હું શું કરું ?**

॥ હરિઃૐ ॥

સુરત આશ્રમ,
તા. ૧૩-૬-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૨-૬નો કાગળ મળ્યો છે. તમે મને તમારા મનમાં જે થતું રહે છે, તે બધું મને સ્પષ્ટપણે લખ્યું, તેને સારુ તમને શાબાશી આપું છું.

હવે, તમને પોતાને એવું કેમ થાય છે તેનો તમે પોતે વિચાર કરો અને તેનું મૂળ શોધો. આપણા આધારમાં કંઈક એવું કશું વિકૃત થયેલું છે. અથવા તો આપણાં મનાદિકરણનો કોઈક પ્રકારનો ધૂંધવાયેલો અસંતોષ અને કોઈક કારણથી ન સંતોષાતી હોય એવી જીવવૃત્તિ જે આપણાં મનાદિકરણમાં હોય અને જેને પૂરેપૂરો સંતોષ આપી શકાતો ન હોય એવાં કંઈક ઊંડાં કારણોથી (જેનું પૃથક્કરણ કરવું જરૂરી છે.) જે કંઈ થયા કરતું હોય તેનો વિરોધ આ તમારા **મોટા** પર પ્રગટતો હોય. તમારી પેઠે મારા એક મિત્ર હતા, વજુભાઈ જાની કરીને. તેને તમારા જેવું જ મારા માટે થતું, પરંતુ અમો બન્નેય તેના શરીરના અવસાન સુધી નિકટના મિત્ર રહ્યા હતા. પ્રેમની ભાવના વિકસ્યા કરે અને તે નિષ્કામ બન્યા કરે તો ઉપલી હકીકત જો બન્યા કરતી હોય તો મને પોતાને કશો

તેનો વાંધો નથી, પરંતુ તમારા કલ્યાણને માટે તમને એવી સલાહ ખરી કે તમારું મન મારી સાથે આંકડા યોગ્ય રીતે ન માંડી શકતું હોય તો તમારે મારો સંજોગ છોડવો. મારા મનથી અને દિલથી તમે સદાય મંગળ જ રહેવાના છો. તમારા પરત્વેના મારા ભાવમાં કશી ઊણપ આવી શકવાની નથી. તમને આશ્રમમાં જમવાની વ્યવસ્થા પ્રભુકૃપાથી થયેલી છે, તેનો હેતુ પણ મારો તો કલ્યાણકારી જ છે પરંતુ તમારા મનને જે થયા કરે છે, તે ઉપરથી મારી સલાહ તમને ખરી કે તમારે પોતે તમારું મન શાંત ન થાય ત્યાં સુધી કંઈ નહિ તો આશ્રમનો ને મારો સંબંધ છોડવો જોઈએ. તમે કોઈક બીજાની સાથે જોડાઓ તો તેથી હું રાજી છું અને તમારો સંબંધ મારી સાથે બગડવાનો નથી. જ્યારે પણ તમે મને મળવું હોય ત્યારે જરૂર મળવા આવી શકો અને મને કાગળ પણ લખવો હોય તો લખી શકાય અને તેનો જવાબ પણ હું તમને વાળીશ.

તમને મનમાં જે રીતે આ જીવને ગાળો ભાંડવાનું બને છે, તેનું આંતરિક કારણ તમારે શોધવું જોઈએ. તમે ઊંડા ઊતરી જો તમારું અવલોકન કરી શકો તો તમને તે સમજાય ખરું, પરંતુ જ્યાં સુધી તમારું મન અવળચંડું છે, ત્યાં સુધી તમને આપણા સંબંધનો યોગ્ય લાભ તો ના મળી શકે. બીજી એક મુખ્ય વાત છે કે જો તમે એમ સમજી શકો કે ‘આ મનની અવળચંડાઈ છે ને એવી અવળચંડાઈને મારે શા માટે તાબે થવું જોઈએ ? મન તે પ્રમાણે ભલે કરે, પરંતુ આવી જાતના પ્રગટેલા સંગ્રામને દેખીને હું પોતે આવી જાતના તેના નગ્ન સ્વરૂપને નિહાળીને હું કદાપિ ભાગી છૂટીશ નહિ.’

આવા પ્રકારની મનની અશ્લીલતા એ એક રીતે તો આપણા પોતાના દિલનો અસંતોષથી ભરપૂર એવા એક પ્રકારના ધૂંધવાયેલા અગ્નિની જ્વાળાનું તે પ્રતીક છે. તમે પોતે પ્રેમથી સ્વતંત્ર છો. તમે જો એમ માનતા હોવ કે '***મોટા*ને આપણે આપણી મુશ્કેલી જણાવી એટલે *મોટા* તે બધું દૂર કરી દેશે.' તે એક મોટામાં મોટી ભ્રમણા છે. આપણે પોતે આપણી પોતાની દુર્વૃત્તિઓની સામે જબરજસ્ત ટક્કર ઝીલીને પ્રચંડ સંગ્રામ આપીએ અને તેને હરાવવાને કટિબદ્ધ થઈ તેમાં આપણી સર્વસ્વ શક્તિ હોમીને સર્વ રીતે અને સર્વભાવે ફના થવાની તત્પરતા દાખવતાં હોઈએ અને તેવી વેળાએ જેને આપણે દિલમાં દિલથી આદરથી માનતાં હોઈએ, તેને જો પ્રાર્થના તેવી વેળાએ કરીએ તો તેવા આત્માની મદદ આપણને મળી શકે ખરી.** આપણામાં આવી વૃત્તિઓ સામે જબરજસ્ત યુદ્ધ આપવાની સંપૂર્ણ તત્પરતા પ્રગટેલી હું પોતે જોઈ શકતો નથી. તેમ છતાં તમે આશ્રમમાં મારી કને આવ્યા કરશો તોપણ હું તો રાજી જ થવાનો છું. મારા પોતાના તરફથી તમને સર્વ પ્રકારની છૂટ છે. આપણે મથવું અને સાચી રીતે મથ્યા કરવામાંથી આત્મવિશ્વાસ પ્રગટે છે. આવો પ્રગટેલો આત્મવિશ્વાસ એ આપણું મોટામાં મોટું બળ થઈ પડે છે. **આત્મવિશ્વાસથી કરેલાં કર્મનો રણકાર કોઈ જુદા પ્રકારનો હોય છે. માટે, કૃપા કરીને તમો પોતાને તમારામાં આત્મવિશ્વાસ પ્રગટે તેવું કંઈક જો તમો પ્રભુકૃપાથી કરી શકો તો તમે તમારા પોતા ઉપર ફતેહ મેળવી શકો.** એ જ, ભગવાનનું સ્મરણ કરતા રહેજો અને આનંદમાં પ્રવર્તજો.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

તા. ૨૦મીની બપોરે અમો નડિયાદ આશ્રમે હોઈશું.

પ્રિય મંગળદાસભાઈ,

તમોને જે રીતે મન વિચારાવડાવે છે ને પૂજ્ય માટે જે અન્યથા ભાવ ઉપજાવે છે, તેનું મૂળ તમો જરૂરથી શોધી શકશો. તે અંગે તમો જરૂર ખુશીથી સમજી શકશો ને તે જો તમો ખુલ્લા દિલે લખશો તો તમને સમજાવું તે અંગેનો અન્યથાભાવ કેવી રીતે દૂર કરી શકાય તે અંગેની સમજણ પ્રેરાવી શકાય ખરી. આ અંગે જો તમો ખુલ્લા દિલે વાત કરવા ઈચ્છતા હોવ તો અમો ત્યાં આવીએ ત્યારે મારી સાથે તમો તેમ કરી શકો છો. પ્રભુકૃપાથી તમોને નવી દૃષ્ટિ કદાચ સંપડાવી શકીશ, પણ તે તમારા પોતાના પૂરા ખુલ્લા થવાપણા ઉપર અવલંબે છે. તમારી આ અંગેની મુશ્કેલી સમજી શકાય છે.

લિ. નંદુભાઈનાં વહાલ

## પત્ર : ૩૦

**પ્રશ્ન : મારામાં કામવાસનાની ઉત્કટ ઝંખના જાગે છે પણ હવે એને સંતોષી શકાય એવી કોઈ શક્યતા નથી. આથી, મારું મન વિકૃત અને ગંદું બની આપને ગંદી ગાળો ભાંડે છે, તો આમાંથી છૂટવા માટે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

સુરત

તા. ૧૬-૬-૧૯૬૧

વહાલા મંગળદાસ,

તમારો ૧૫-૬નો લાંબો કાગળ મળ્યો છે. તમોમાં જે કામવાસનાની ઉત્કટ ઝંખના છે અને તેને સંતોષી શકાય એવી

સ્થિતિ નથી છતાં તેની ઝંખના પ્રગટ્યા કરે છે, તે બધી હકીકત તમે ખુલ્લા થઈને લખી તે ઘણું સારું કર્યું. એવી વૃત્તિ નિર્મૂળ કરવાને માટે તે એમ ને એમ તો નિર્મૂળ થઈ જતી નથી. એ તો જ્યારે ભગવાનમાં લગની લાગી જાય ત્યારે જ તે તેનાં ડોકિયાં બહાર કાઢતી મટી જઈ શકે છે. માટે, ભગવાનની લગની લગાડવાનાં સાધન પ્રભુસ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન તે પ્રકારનું સદ્‌વાંચન તથા તેવા પ્રકારની વાતચીત અને એ જ જાતની સોબત એ બધાંની હેતુપૂર્વકની પરંપરા જગાડવી જોઈએ. તમે મને પહેલાં પણ આ અંગે લખ્યું હતું. એટલે તમારે જો આશ્રમમાં સતત રહેવાનું થાય તો બીજા પ્રકારના સંસારી વાતાવરણમાંથી તમો એટલો વખત તો મુક્ત રહી શકો, એવો હેતુ પણ તમને આશ્રમમાં રાખવા પાછળ છે. **તમારું મન મને ગાળો અને તે પણ અશ્લીલ ગાળો ભાંડે છે, તેનો મને વાંધો નથી. તમારા પરત્વેનો મારા દિલનો ભાવ કદી પણ તેથી કરીને વચકાઈ જવાનો નથી. હું તો તમોને ચાહ્યા જ કરવાનો છું.** અને તમે પોતે ભગવાનનું સ્મરણ વિશેષ ને વિશેષ ઉમળકાથી કર્યા કરો અને ઉપર બતાવ્યાં છે, તે પ્રમાણેનાં સાધનો કરવામાં તમારા દિલની સમગ્ર શક્તિ વાપર્યા કરો અને તેમાં તમો ખૂબ ઉત્સાહથી ઝુકાવો તો પ્રભુકૃપાથી બધું શક્ય થઈ જવાનું છે. તમારું મન ભલે મને ગાળો ભાંડ્યા કરે તોપણ તમે મને દિલથી વિશેષ ને વિશેષ વહાલ કર્યા જ કરો અને એવા હૈયાની વહાલપની લાગણી સવિશેષ બળવત્તર થતી જશે તેમ તેમ ભગવાનની કૃપાથી બધું સારું થઈ જવાનું છે. હજી તમારા દિલમાં ખરેખરી શ્રદ્ધા

પ્રગટેલી નથી. તમો પ્રયત્નમાં છો અને ભગવાનનું સ્મરણ આશ્રમમાં હોવ છો ત્યારે કર્યા કરો છો, તે હું જાણું છું. તેમ છતાં **શ્રદ્ધા અને ભક્તિપૂર્વકનું થયેલું સ્મરણ, ભજન, કીર્તન, પ્રાર્થના એ આપણામાં નવું જોશ પૂરે છે, ઉત્સાહ પ્રગટાવે છે અને ખંતથી વળગી રહેવાને પ્રેરણા આપ્યા કરે છે.** એને માટે ખંતની ઘણી જરૂર. આપણે નિરાશ ના થવું. ઉત્સાહથી મંડ્યા રહીને મથ્યા જ કરવું. ખૂબ આનંદમાં રહેજો. **મોટા**ને દિલ તો મંગળ વહાલો છે ને સદાય તે વહાલો રહેવાનો છે.

એ જ લિ. તારા **મોટા**ના સપ્રેમ રામ રામ

**પત્ર : ૩૧**

**પ્રશ્ન : આપ મારા ગુરુ છો તો મારા ઉપર દયા કરી આપ મને સાધના ન કરાવી શકો ?**

॥ હરિઃૐ ॥

નંદલાલ

એન. ગોપાલદાસ ઍન્ડ કંપની

બીગ સ્ટ્રીટ, કુંભકોણમ્ (એસ.આર.)

તા. ૧૬-૮-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

તમને શરીરમાં ઝીણો તાવ હોવાથી આશ્રમમાં જવાઆવવાની તકલીફ પડે તે બરાબર નહિ. તો તમે શહેરમાં પણ રહી શકો, તેનો કશો વાંધો નહિ. શરીરની પૂરેપૂરી દરકાર રાખજો. ભગવાનને સ્મરવાની કે સાધના કરવાની ગરજ તે તે જીવને હોય તો જ તે કરી શકે. **ગુરુ કોઈને સાધના કરાવે તેવું કદાપિ બની શકતું નથી. તમે સાધના કરો**

**કે ના કરો તેની સાથે મારે નિસ્બત નથી. હું તો તમોને ઘણું ઘણું ચાહ્યા કરીશ એટલું જ જાણું છું.** જેટલું આનંદ શાંતિમાં અને પ્રસન્નતામાં રહી શકાય એટલું આપણા કાજે ઉત્તમ.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામરામ

**પત્ર : ૩૨**

**પ્રશ્ન : મારું દિલ આપના તરફ આકર્ષાયેલું હોવા છતાં મારું મન અવળા રસ્તે જતું હોય છે, તો તેમાંથી પાછા વળવા માટે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર,
વાયા સુરત,
તા. ૧-૧૧-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૩૧-૧૦નો કાગળ મળ્યો છે. તમે મને કાગળમાં લખ્યું, તે તો ઘણું સારું કર્યું. આપણે જે રસ્તે જવું છે ને તેનાથી ઊંધા રસ્તે જવાતું હોય તો આપણે ગમે તે ઉપાયો યોજીને તેમાંથી વળવાનું. જો બની શકે તો જ ધારવું અને માનવું કે આપણે જે રસ્તે જવું છે, તે રસ્તે જવાની વાત આપણા દિલની સાચી છે. આમાં દિલ લાગ્યા વિના કંઈ કશું બની શકતું નથી. આપણું મન રગદોળાઈ જવાનું કરતું હોય ત્યારે આપણને આંચકો કેમ ના લાગે ? તે મને સમજાતું નથી. **ચેતનના માર્ગમાં લગની લાગ્યા વિના આપણાથી**

**આગળ બહુ ડગલાં નહિ ચાલી શકાય, તે નક્કર હકીકત છે.** હું તમને ખોટો ખોટો સથવારો આપું તેમ મારાથી તે કદી બની શકનાર નથી. **ભગવાનની કૃપાથી મારાથી જે કંઈ શક્ય બનશે, તે કર્યા વિના રહેવાતું નથી, તે પણ નક્કી વાત છે.** બને તેટલું આત્મમંથન કરવું. અમુક રીતે તો આપણાથી વર્તાય જ નહિ એવો આત્મવિશ્વાસ પ્રગટાવવાની અને કેળવવાની ઘણી ઘણી જરૂર. આપણું દિલ જે તરફે વળેલું હોય, તેનું આકર્ષણ પ્રગટ્યા વિના રહેતું નથી, એ નક્કર હકીકત છે અને ધારો કે દિલ ના વળ્યું હોય અને તે પરત્વે દિલને વાળવાની ઘણી ઘણી મહેચ્છા જાગેલી હોય તો મથી મથીને ભલેને એકવાર પડીએ, છતાંયે નિશ્ચયથી ઊભા થઈને તે જ સન્માર્ગે દિલને વાળ્યા કરીએ. જેના પરત્વે આપણા દિલની પ્રેમભક્તિપૂર્વકની નિષ્ઠા દિલમાં દિલથી પ્રગટી હોય તેવાને તેવી વેળાએ દિલથી આર્તનાદ પોકારીએ અને પ્રાર્થના કરીએ તોપણ બળ મળતું અનુભવી શકાય છે, પરંતુ એ તો એવા પરત્વેની એવી પ્રેમભક્તિપૂર્વકની નિષ્ઠા પ્રગટેલી હોય ત્યારે બની શકે. અમુક તો આપણાથી થઈ જ ના શકે એવી દઢ પ્રગટેલી માનવતાભરી સમજણ પણ આપણને અમુક કરતાં ને થતાં તો જરૂર અટકાવી શકે છે. ને હવે તો આપણે ૪થીએ પ્રભુકૃપાથી મળીશું.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૩૩

**પ્રશ્ન : હું હરિઃૐ આશ્રમમાં વધુ સમય રહું એ મારા ઉપરી અધિકારીઓને તથા અન્યને પસંદ પડતું નથી, તો શું મારે આશ્રમમાં આવવાનું બંધ કરવાનું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૧૭-૧૧-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો લાંબો પત્ર તા. ૧૫-૧૧નો મળ્યો છે. મને તો એમ લાગે છે કે જો આશ્રમે રહેવાને કારણે જ જો તે લોકોને પૂર્વગ્રહ હોય તો આપણે આશ્રમમાં રહેવું બંધ કરવું તે હિતાવહ છે. **મજૂરોની સેવાનું એ આપણું મુખ્ય કાર્ય છે. તે કાર્યને કોઈ રીતે ધોકો ન પહોંચે તે જોવાનો આપણો ધર્મ ખરો.** આપણા ઉપરી અમલદારોને પણ ત્યાં (આશ્રમમાં) આપણું રહેવા કરવાનું થાય તે કદાચ નહિ ગમતું હોય તેમ લાગે છે. આશ્રમમાં રહેવું તેવું કંઈ આપણું ધ્યેય ના હોઈ શકે. આપણે તો ભગવાનની ભાવનાને અખંડ સળંગ પ્રગટાવવી છે, તે ધ્યેય હોઈ શકે ને તે તો આપણે ગમે ત્યાં હોઈએ, ત્યાં તે કરી શકીએ છીએ. **આશ્રમ એ સ્થળ નથી, ભાવના છે અને એ ભાવનામાં જો પ્રગટ્યા કરેલા રહી શકીએ, તો આશ્રમમાં જ રહીએ છીએ તેમ જરૂર ગણાય.**

તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

નંદુભાઈનાં વહાલ.

## પત્ર : ૩૪

**પ્રશ્ન : હું આશ્રમમાં આવું છું, તે મારા ઉપરી અધિકારીઓને ગમતું નથી તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૨૦-૧૧-૧૯૬૧

વહાલા મંગળદાસ,

જત, તમારો તા. ૧૮-૧૧નો કાગળ મળ્યો. તમો આશ્રમમાં રહો છો-કરો છો, તે ખુદ ત્રિવેદી સાહેબને પણ ગમેલું નથી, તે વાત નક્કી છે. બીજા નહિ બોલતા હોય તેવું મારું કહેવાનો મતલબ નથી. આશ્રમને તમે ઘર સમજજો ને રજાના દિવસે આવવું હોય તો આવી શકાય, પરંતુ તેમ કરવાથી પણ તમારા પરત્વેની ઇતરાજી વધવાની છે. ભગવાનનું સ્મરણ કાયમ થાય એવી રીતે મંડ્યા રહેજો. ત્યાં વાલજીભાઈને, છગનભાઈને અમો વતી ઘણા ઘણા કરીને રામ રામ કહેજો ને ખૂબ આનંદમાં રહેજો.

નંદુભાઈનાં સ્નેહવંદન
લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામરામ

## પત્ર : ૩૫

**પ્રશ્ન : સાધનામાં બાધક બને તેવી ટેવો મને પડી છે, તો તેમાંથી છૂટવા માટે મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

સુરત
તા. ૨૫-૧૨-૧૯૬૧

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૨૩-૧૨નો કાગળ આજે મળ્યો છે. આવતી

કાલે તો અમે નડિયાદમાં એટલે આ પત્ર તમને હાથોહાથ પુગાડીશું.

જે ટેવ આપણને પડી ગઈ છે, તે ટેવમાંથી બચવા માટેનો ઉપાય કયો તેમ તમે પુછાવો છો, પરંતુ એના વિશે તમારે પોતે પહેલાં વિચારવું ઘટે. જે કંઈ કશાનો ઉકેલ આપણે કરવો હોય તે ઉકલ શોધવાને આપણે ખરેખરી રીતે મથવું તો જોઈએ અને ઘણા પ્રયત્નને અંતે જ્યારે ના ફાવીએ ત્યારે તે પ્રકારના કોઈક યોગ્ય નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.

જે ટેવ પડી ગયેલી છે, તે જો આપણને ખરેખરી ઊંડામાં ઊંડી ડંખતી હોય તો તેમાં આપણાથી પડી નહિ રહેવાય. પગમાં કાંટો વાગ્યો હોય અથવા દાંતમાં કંઈક તરણું ભરાઈ રહ્યું હોય તો તે કાઢ્યા વિના કદી જંપ વળતો નથી. પડી ગયેલી ટેવો જીવને ધીમેધીમે સદી જાય છે ને પછી તે કોઠે પડી જાય છે. કદીક તેના વિશે કંટાળો આવે પણ તેય ઉપરછલ્લો. કંઈક કશામાંથી મુક્ત થવા કાજે તે પ્રકારની ઉત્કટમાં ઉત્કટ તમન્ના તે જીવને જાગવી ને લાગવી જોઈએ. **'જે શોધે ને મથે તેને તે જડે છે' એમ શ્રીઈશુ ભગવાન કહે છે,** તે કંઈ ખોટું નથી. આ બધું લખતાં લખતાં મને તમારો વિચાર આવે છે કે આપણે બધું બુદ્ધિથી વિચારીએ, સમજીએ પણ ખરેખરું તે સમજ્યા હોતાં નથી. એ જ ખરી ખાટલે ખોડ છે, ને આપણો બળાપો પણ ખરેખરા હૃદયના તળિયાનો હોતો નથી. અને તમે લખો છો તે ટેવ કંઈ ન સુધરી શકે તેવી તો મુદ્દલે નથી, પરંતુ તે માટેનું નિશ્ચયબળ કેવી રીતે પ્રગટે ? કારણ કે તેમાંથી ખરેખર ઊઠવાનું ને જાગવાનું ને

જાગીને ઊઠીને કમર કસીને તેમાંથી મુક્ત થવાનું દિલ પ્રગટવું જોઈએ. દિલ પ્રગટે છે ત્યારે જ માનવી સફાળો જાગે છે અને એવા જીવના પ્રયત્નમાં તેવું જાગેલું દિલ કામ કરી શકે છે. ધગધગતા લાવાના રસમાં અને જ્યાં પ્રચંડ અગ્નિ બળતો હોય છે, તેમાં ૮૦૦ ફીટ નીચે માનવી ઊતરી શક્યો છે. આપણી બુદ્ધિથી તો અશક્ય ગણાય છતાં તે શક્ય બન્યું છે. એટલે આમાં તો તેવું આપણું દિલ પ્રગટવું ઘટે અને ખરેખરું દિલ જાગે ત્યારે તે ભગીરથમાં ભગીરથ પ્રયત્ન કરવાને ઉત્સાહિત બને છે.

લિ. તમારા **મોટા**નાં વહાલ

**પત્ર : ૩૬**

**પ્રશ્ન : આપને ખૂબ યાદ કરતાં મને માનસિક શાંતિ મળે છે, તો હું આપને અવારનવાર યાદ કરતો રહું તે માટે મદદ કરવા વિનંતી.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૨-૧-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧-૧-’૬૨નો કાગળ મળ્યો છે. **મોટા**ને તમે અનેક રીતે યાદ કરવાનું કર્યા કરો છો, તે ઘણી સારી વાત છે, પણ એવી યાદમાંથી ભાવના પ્રગટેલી અનુભવાય તો તેવું સ્મરણ ખપનું. **સ્મરણ તો ભાવના પ્રગટાવવા માટે છે. ભાવના પ્રગટેલી રહે તો જ આપણો હેતુ ઝડપથી ફળે. જેમ પૈડાંને દિવેલ ઊંજીએ તેવી રીતે ભાવના, વિકાસનો માર્ગ**

**ચીંધવામાં મદદગાર થઈ પડે છે.** અઠવાડિયામાં એકવાર રજાના દિવસે પણ ૦ા-૦ાા કલાકને માટે પણ આશ્રમમાં ડોકિયું કરી જાઓ તો અમને સારું લાગે. અવારનવાર ના આવવાનું બને તો તેની કશી હરકત નથી.

શ્રી વાલજીભાઈને તથા છગનભાઈને અમો વતી ખબર પૂછજો. ભગવાનનું ઘણું ઘણું સ્મરણ કરતા રહેજો.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ
નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૩૭

**પ્રશ્ન : મોટા ! આધ્યાત્મિક માર્ગની મારી રુચિની સામે મારા એક સ્નેહીને ભારોભાર અણગમો છે, તે અવારનવાર મારી આગળ પ્રગટ કર્યા કરે છે. જેના લીધે નામસ્મરણમાં તેમ જ આપના પરત્વેની ભાવનામાં મંદતા આવી જાય છે, તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૨૬-૧-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૨૫-૧નો કાર્ડ મળ્યો છે. નામસ્મરણ અને **મોટા** પરત્વેની ભાવનામાં મંદતા પ્રગટી છે અને તે અમુક કારણને લીધે પ્રગટી છે અને તે કારણ પણ તમે લખ્યું છે. જે વ્યક્તિ કારણરૂપ છે તેના પરત્વેના દિલનો અમુક પ્રકારનો અણગમો, પૂર્વગ્રહ ને દિલની અમુક પ્રકારની મડાગાંઠ જે બંધાઈ ગયેલી છે અને તેનાથી કરીને આપણું મન તેના પરત્વે વિશેષ ને

વિશેષ વિચારોથી તણાયા કરે છે. આ વાત જો સાચી હોય તો આપણે તેના પરત્વેનું દિલમાં દિલથી યોગ્ય સમાધાન કેળવવાની ભાવના પ્રગટાવવી જોઈશે. ભગવાનનું નામસ્મરણ અને તે પરત્વેની ભાવના એ જ જો આપણા જીવનનું મુખ્ય કર્તવ્ય હોય તો તે જે કોઈ કારણથી તેમાં મંદતા અનુભવાય તો તે કારણથી મુક્તિ મળી શકે. એટલે કે મુક્તિ એટલે કે તે વ્યક્તિ પરત્વેનો અણગમો, મડાગાંઠ વગેરેથી મુક્તિ અને તે આપણે કરવું જ રહ્યું. **ભગવાનનું સ્મરણ અનેક સંકટોમાંથી તારનારું છે, એવો અનુભવ અનેક સંત ભક્તોનો છે.** તેને દિલમાં દિલથી સાચો માનીને આપણે તે પ્રમાણે વર્તવાનું કરીએ, તો તેમાંથી હોશિયારી, જાગૃતિ અને ખુમારી પ્રગટી શકે.

લિ. તમારા **મોટા**નાં સપ્રેમ વહાલ

નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૩૮

**પ્રશ્ન : હું નામસ્મરણ કરું છું તેમ છતાં વૃત્તિઓમાંથી છૂટી શકાતું નથી. વૃત્તિઓના હુમલા વખતે અકળાઈ જવાય છે અને ભગવાનનું નામ લેવાનું પણ ભુલાઈ જાય છે તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૧૩-૩-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો તા. ૧૨મીનો પત્ર મળ્યો છે.

(૧) **પ્રભુ ભક્તોને મદદ કરે છે ને નહિ કે ભક્ત થવા**

**માગનારને. ભક્તોને પણ મદદ કરે જ તેવી તેની ગુલામી ના હોય. જ્યારે આપણે તો હજી ભક્ત થયા નથી. રહેવું છે ને રમવું છે વૃત્તિઓના કીચડમાં ને પ્રભુની સહાય મળવી જ જોઈએ એવો હક્ક વ્યર્થ છે.**

(૨) **પ્રભુ વાસનામાંથી બચાવવા ઉત્સુક જ હોય છે, આપણે જ તે છોડવું નથી.** ઝાડના થડને વળગી રહીને 'ઝાડ છોડતું નથી, જકડી રાખે છે' એના જેવું આપણું છે. નામસ્મરણ ભાવપૂર્વક **એ**ને સ્મરીને થયા કરે તો વૃત્તિઓના હુમલામાંથી ઊગરી જવાનું અચૂક બને જ. કદીક પછડાવાનું બની જાય તોપણ તેમાંથી તેનું ઉત્થાન જોરશોરપૂર્વક વેગવંતું બને. ભગવાન સાથે શરત કરીને નામસ્મરણ કરવાથી કશું ના વળે. આપણો ધર્મ **એ**ને પ્રેમથી ભજવાનો છે. પરિણામ પર તાકી રહેવાનું કામ આપણું ના હોય. કોઈ પણ ક્ષેત્રમાં ભાવનાપૂર્વકના કેંદ્રિત-એકાગ્ર પ્રયત્નનું શુભ પરિણામ છે જ, તો આ આધ્યાત્મિક પંથે કાં ના હોય ? પણ મૂળ ખામી આપણા સ્મરણની છે. પોપટની જેમ થતું સ્મરણ ઝાઝું કામિયાબ ના નીવડે. વૃત્તિઓના પાશમાંથી છૂટવાની આપણી પણ ધગશ, ખંત અને ચીવટાઈપૂર્વકની તે તે વેળા તરત પ્રાર્થના થતી હોવી ઘટે છે. સ્મરણ, અભીપ્સા, ઈન્કાર અને સમર્પણ આ ક્રિયાઓ સાથે સાથે થવી ઘટે છે.

(૩) એક ખામીને લીધે તમે આગળ વધી શકતા નથી તેમ માનવું તે બરાબર નથી. એ ખામી હાલ પૂરતી ચાલુ રહે તોપણ નામસ્મરણમાં વેગ અને ભાવ આવી શકે છે. એ ખામી કંઈ ચોવીસે કલાક માટે આપણો કબજો નથી લેતી

હોતી. બાકીના સમયમાં જો આપણામાં ભાવપૂર્વકનું નામસ્મરણ, એનું ચિંતવન, મનન અને પ્રાર્થના ભજન થયે જતું હોય તો તે ખામી પણ અવશ્ય મોળી પડે જ પડે, પણ ખરી વાત તો એ છે કે આપણે તે દિશામાં મરણિયો નિર્ધાર નથી કરી શકતાં. કોઈ પણ વસ્તુની ઝંખના થતાં તે પમાય છે. તેમાંથી બચવાની ને તે દૂર કરવાની ઝંખના Volcanic Aspiration (જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના)ની જાગે તો તે પણ થાય જ.

(૪) ઈશ્વરની દયા તો હરહંમેશ છે જ. વૃત્તિનો હુમલો ના આવે તો જ **એ**ની દયા છે એમ માનવું બાલીશ છે, તેવી વૃત્તિનો હુમલો આવે ત્યારે તેમાંથી પસાર પણ થઈ જવાય. અને પછી તો તેવો હુમલો આવે જ નહિ. તેવી સ્થિતિ શક્ય છે ને તેમ થવું બહુ કઠિન પણ નથી. આપણી Sincerity (નિષ્ઠા) ઉપર તે અવલંબે છે.

(૫) કોઈ પણ વ્યક્તિ સાચા અર્થમાં પ્રભુભક્ત બની શકે છે. જો તે પરત્વે તે સાચી દિશામાં Sincere (નિષ્ઠાપૂર્વક) પ્રયત્ન કરે તો.

પ્રમાદી જીવ સાધના શું કરી શકશે ? '**મોટા** મારું બધું સંભાળી લેજો અને મને પ્રભુનો ભક્ત બનાવજો.' આવા વેણ વ્યર્થ છે. ***મોટા* બધું જ તમારું સંભાળવા તત્પર છે. જો તમે *મોટા*ને સંભારવા તત્પર હોવ તો. આપણે તો રખડતા અને ફરતા ફરવું છે ને બોજ બીજા પાસે ઊંચકાવવો છે તે નહિ બની શકે.** કુશળ હશો.

નંદુભાઈના જયશ્રી હરિઃૐ

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૩૯

***મોટા,* મારે ઘરે દીકરીનો જન્મ થયો છે, તેનું નામ મારે શું રાખવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૯-૪-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૭-૪-'૬૨નો કાગળ મળ્યો છે. તમને જે સ્વપ્ન આવ્યું તે હેતુવાળું છે અને અર્થવાળું પણ છે.

બેબીનું નામ 'ચેતના' પાડવું હોય તો પાડી શકાય. મને તો અત્યારે તે સૂઝે છે. ભવિષ્યની જન્મકુંડળીનું તો મને કશું જ્ઞાન નથી. મેં તો આશરે આશરે મને કાગળ લખતી વેળા જે નામ સૂઝયું તે લખ્યું છે. હીરાબહેનને અમો વતી ખબર પૂછજો.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૪૦

**પ્રશ્ન : *મોટા !* મેં મારા જીવનની બધી હકીકત આપને લખીને આપી. જીવનમાં ખૂબ સહન કર્યા કર્યું છે. આપના પ્રેમથી મને આશા જન્મી છે. હવે આ બધાંમાંથી મને ઉગારો.**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નંદલાલ
એન. ગોપાલદાસ ઍન્ડ કંપની
બીગ સ્ટ્રીટ, કુંભકોણમ્ (એસ.આર.)
તા. ૧૧-૬-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, ૮-૬નો પત્ર મળ્યો. તમારી જીવનકથની વાંચીને

મનમાં તો ઘણું લાગી આવે છે. એક વખત ભગવાન અને લક્ષ્મીજી બેઠાં હતાં. ભગવાન એકદમ સફાળા ઊઠ્યા. લક્ષ્મીજી કહે, 'કેમ ?' તો કહે 'મારા એક ધોબી ભક્તને લોકો મારે છે' પણ તેઓ તો થોડેક દૂર જઈને તરત જ પાછા વળ્યા. લક્ષ્મીજી કહે કે, 'એકદમ કેમ પાછા વળ્યા ?' તો ભગવાન કહે કે, 'ધોબીએ તો સામાવાળાને પથરા મારવા માંડ્યા, એટલે હવે મારું કામ ત્યાં રહ્યું નથી.'

આમાંથી જેટલું સમજાય તેટલું સમજજો. **આપણે ભાગે જે સહન કરવાનું આવ્યું હોય, તે પ્રેમથી ઉમળકાથી પ્રભુપ્રીત્યર્થે સહન કરીએ તો જ આપણે ઊગરી શકીએ. બચવાનો તે એક માત્ર ઉપાય છે.** મને તો તમો માટે ઘણી લાગણી છે અને પ્રેમ પણ છે. હું માત્ર કેવળ લખું છું તેમ નથી અને તમને તે પુરવાર પણ કરી આપી શકાયું છે. તમને કઈ રીતે આશ્વાસન આપવું તે પણ મારે માટે તો એક ગડમથલની હકીકત છે. પ્રાર્થના સિવાય મારી કને બીજો કશો સહારો નથી. ભગવાનના સ્મરણમાં અને પ્રાર્થનામાં પણ તમને શ્રદ્ધા, વિશ્વાસ હજી પ્રગટેલાં નથી. હું તો માત્ર તમો માટે પ્રાર્થના કર્યા કરીશ. પ્રભુ તમને હિંમત અને શાંતિ આપે અને સાચી સહનશક્તિ પ્રેરે એ જ પ્રાર્થના.

લિ. તમારા **મોટા**નાં વહાલ

નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૪૧

**પ્રશ્ન : પ્રભુસ્મરણનું જોશ હજી પૂરેપૂરું પકડાતું નથી. આથી, જીવનમાં ઉઠાવ પણ થતો નથી. મને એમ લાગે છે કે આ બધું શું નકામું જશે ?**

॥ હરિઃૐ ॥

નંદલાલ
એન. ગોપાલદાસ ઍન્ડ કંપની
બીગ સ્ટ્રીટ, કુંભકોણમ્ (એસ.આર.)
તા. ૧૫-૬-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૧૪-૬નો કાગળ મળ્યો. સ્થૂળ ધન કમાઈએ તે જુદી જુદી રીતે ખર્ચાઈ જાય તે ખરું, તો ભગવાનના સ્મરણની ભાવનાનું ધન ખર્ચાઈ જાય ખરું ? સ્મરણનું ધન ખર્ચાઈ નથી જતું. નકામું પણ જતું નથી. પરંતુ તેનો જોઈએ તેવો ઉઠાવ થતો નથી, કારણ કે તેનો ઉઠાવ થવાને કાજે આપણી ભૂમિકા યોગ્ય હોતી નથી. **કામક્રોધ આદિ વૃત્તિનું જોશ જો મોળું પડી જાય તો ભગવાનના નામનો ઉઠાવ એકદમ થાય.** હાલમાં કામ ક્રોધ આદિનું પ્રબળપણું હોવાથી અને પ્રભુનું સ્મરણ લાંબો ગાળો એટલે ૧૬-૧૭ કલાક પણ ચાલતું ના હોવાથી પેલા કામક્રોધ આદિ આગળ સ્મરણનું બળ મોળું પડે છે. કામક્રોધ આદિના જુસ્સા જેટલો સ્મરણનો જુસ્સો પ્રગટ્યો નથી તેમ છતાં સ્મરણના સંસ્કારનો ઉદય વર્તમાન જ્યારે થશે ત્યારે તે પ્રમાણે જ તેનું વલણ પ્રગટવાનું. એટલે તે દિશામાં આપણી ગતિ

થવાની. **ભગવાનની ભાવનાનું ધન કદી નાશ પામતું નથી.** તેને હાલને તબક્કે ઉપયોગમાં આણવાનું કામ આપણું પોતાનું છે. કામક્રોધ આદિ એકદમ જો મોળા પડી જાય ને સ્મરણની નિરંતરતા પ્રગટે તો સ્મરણનું જોશ આપમેળે પ્રગટે.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામરામ

## પત્ર : ૪૨

**પ્રશ્ન :** ***મોટા !*** **લોહચુંબક લોઢાને આકર્ષી લે એમ મને આપ આકર્ષી લો. આપની સહાયથી જ મારું કલ્યાણ થવાનું છે. આપ જ્યારે કડક બનીને કેટલુંક કહો છો ત્યારે હું મૂંઝાઈ જાઉં છું. છતાં પાછું આપ વહાલ પણ ખૂબ કરો છો.**

॥ હરિઃૐ ॥

નંદલાલ

એન. ગોપાલદાસ ઍન્ડ કંપની

બીગ સ્ટ્રીટ, કુંભકોણમ્ (એસ.આર.)

તા. ૧૩-૭-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૧-૭નો કાગળ મળ્યો. તમે કોક કોક વાર આશ્રમે જાવ છો, તે જાણી રાજી થાઉં છું. ભાવના કેળવતાં કેળવતાં એ ભાવનાનું એકત્રિત અને કેંદ્રિત બળ પ્રગટતાં પ્રભુકૃપાથી બધું ઠીક થશે.

લોહચુંબક ખેંચી શકે એના વર્તુળની મર્યાદામાં લોઢું આવે તો જ. પેલું લોઢું લોહચુંબક તરફ ખેંચાવા માંડે ત્યાં સુધી નહિ. આ તો તમે જ જે દાખલો લખ્યો છે એટલે આ મારે લખવું પડે છે. **આ જગતમાં પોતપોતાના વિના ખરેખરી સહાય**

**કરનાર કે મદદ કરનાર બીજું કોઈ નથી. પોતે જ પોતાને ઊઠાવી શકે.** ગીતામાતા પણ મારી આ હકીકતને સમર્થન કરે છે. તેમ છતાં મહાત્માઓની મદદ નથી એવું નથી. હું પોતે તેવો મહાત્મા કે સંત પણ નથી. ભગવાનની કૃપા વિના ને **એ**ના હુકમ વિના કશું બનતું નથી. હું તો માત્ર **એ**ની કૃપાથી ચાહવાનું કર્યા કરવામાં સમજું છું. આપણા હૃદયનો પ્રેમભાવ ખરેખરો ફુવારાની પેઠે જ્યારે ફૂટી નીકળશે ત્યારે તે જ જે તે કંઈ યોગ્ય કરાવશે. **પ્રેમ એ માત્ર કાલ્પનિક લાગણી નથી, પ્રેમ જેવું કોઈ બળ નથી ને પ્રેમ જેવી કોઈ શક્તિ નથી.** જો પ્રેમ જાગે ને જેને માટે જાગેલો હોય તો તેના કહેવા પ્રમાણે આપણાથી વર્તાય જ. માટે, કૃપા કરીને આપણે એકબીજાને ખૂબ ચાહીએ તે જ ઉત્તમ રસ્તો છે. ભગવાનનું ભજન, સ્મરણ, પ્રાર્થના ખૂબ કર્યા કરજો.

લિ. તમારા **મોટા**નાં વહાલ

નંદુભાઈનાં વહાલ

## પત્ર : ૪૩

**પ્રશ્ન : સાધનાના ક્ષેત્રમાં બીજાના સહારા વિના જ વધી શકાય એવું બને ખરું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૧૪-૮-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૧૩-૮નો પત્ર મળ્યો. ગીતાજીમાં એક શ્લોક છે.

'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् । (ગીતા. ૪/૧૧) 'મને જે રીતે જે કોઈ ભજે છે, તેને તે રીતે હું ભજું છું.' સાધનાનો આ મૂળ પાયો છે. ભગવાન પોતે આપણને મદદ કરવા તૈયાર છે, તે ગીતાના આ વાક્યમાંથી સાબિત થાય છે. **આપણા પોતાનો જ આપણે ઉદ્ધાર અને વિનાશ બન્ને કરી શકીએ.** પોતે પોતાનો જ મિત્ર અને શત્રુ છે. એ પણ ગીતાના એક શ્લોકનો અનુવાદ છે.

સાધનાના ક્ષેત્રમાં બીજાના ઉપર આધાર રાખવાની વાત બહુ પ્રમાણભૂત નથી. એ તો જગતના લૂલાં માનવીઓએ શોધેલું એક મિથ્યા આશ્વાસન માત્ર છે. આપણે પોતે જ મથવું જોઈશે. દિલનો દિલમાં દિલથી સાચો ખરેખરો સંપૂર્ણ મૈત્રીભાવ પ્રગટી શકે તોપણ કામ બને ખરું. એટલે આપણે ભગવાનનું સ્મરણ કરતાં રહીએ અને મૈત્રીભાવ કેળવતાં રહીએ. આમાં નિરાશ થવાનું કશું કારણ નથી. જે કરવાનું હોય, તે કર્યા કરીએ તો ગતિ થયા વિના ના રહે. સ્મરણ, પ્રાર્થના, ભજન, સત્સંગ, સદ્વાર્તા, સદ્વાંચન આ બધાંનો વારાફરતી પ્રયત્ન કર્યા કરીએ અને ભગવાનનું આલંબન લીધા કરીએ. કર્યા કરવામાં જ માનવું એ જ શ્રેયનો માર્ગ છે. એ જ કુશળ હશો. છગનભાઈ ને વાલજીભાઈને ખબર પૂછજો.

લિ. તમારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૪૪

**પ્રશ્ન : કેટલા કલાક લગી સ્મરણ કરીએ તો આપણી ભૂમિકા ઊર્ધ્વકક્ષાની થાય ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
નડિયાદ
તા. ૪-૯-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૩-૯નો કાગળ મળ્યો છે. આખા દિવસના સમય દરમિયાન સાત કલાક સ્મરણ થઈ શકે અથવા તો સમયના તેટલા તબક્કામાં જેનું સ્મરણ ચાલ્યા કરે તો તેવો જીવ તો ૧૪ ભૂમિકાઓમાંથી છઠ્ઠી ભૂમિકાવાળો કદાચ કહી શકાય, કારણ કે રોજનું છ-સાત કલાક જે જીવ ભગવાનનું સ્મરણ કરે, તેને જાણેઅજાણે પણ ભગવાનનું ભજન કરવાની થોડીઘણી પણ ભૂમિકા પ્રગટેલી છે તેમ ગણાય. **ભગવાનનું સ્મરણ કરવાને જેને દિલ પ્રગટે છે ત્યારે કર્મના વખતમાં અને વાતચીતના સમયમાં પણ તે તેમ જરૂર કરી શકે છે.** આપણો ઉત્સાહ, ખંત અને ઉદ્યમ કેળવી કેળવીને વધુમાં વધુ ભગવાનનું સ્મરણ થઈ શકે તેવો અભ્યાસ પાડતા રહીએ તેવો પ્રયત્ન કરતા રહેવું.

શ્રી છગનભાઈને, વાલજીભાઈને, શ્રીમતી હીરાબહેનને ખબર પૂછશો.

લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૪૫

**પ્રશ્ન : સદ્‌ગુરુ સ્વપ્નમાં આવે એ શિષ્યની ઉચ્ચ કક્ષા સૂચવે છે ? સદ્‌ગુરુના સ્વપ્નથી શું સમજવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૬-૯-૧૯૬૨

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૫-૯નો કાગળ મળ્યો. હવેથી તમને આવા જે પ્રશ્નો થાય તેનો તમારે જાતે મારી હાજરીમાં ઉકેલ કરી લેવો. અને હવે પછી તમારા આવા કાગળો આવતાં જવાબ હવે નહિ આપું. તમારે જે પૂછવું હોય તે રૂબરૂમાં પૂછશો અને હું જે તમને જવાબ આપું તે તમારે જાતે ઉતારી લેવો.

કોઈ શિષ્યને તેના સદ્‌ગુરુનાં દર્શન અવારનવાર સ્વપ્નમાં થયા કરે તો જો શિષ્યને પોતાના ગુરુ માટે ખરેખરી ભક્તિ પ્રગટી ગયેલી હોય તોપણ તેને આવાં સ્વપ્ન આવે તો તેમાં હિસ્સો શિષ્યનો. જો શિષ્યને એવી ખરેખરી ભક્તિ પ્રગટી ના હોય ને તેવાં દર્શનવાળાં સ્વપ્ન આવતાં હોય તો હિસ્સો સદ્‌ગુરુનો.

એ જ લિ. તમારા **મોટા**ના સપ્રેમ રામ રામ

## પત્ર : ૪૬

**પ્રશ્ન : *મોટા !* આપે પરમાત્માનો અનુભવ કર્યો. આ દેહરૂપમાં એ પરમાત્મા પ્રાગટ્યથી અમે પણ ધન્ય થયા છીએ. ચેતનનો પરમ તત્ત્વનો અનુભવ થયા પછી શરીરના ગુણધર્મો પણ બદલાતા જ હશેને ?**

॥ હરિઃૐ ॥

નડિયાદ, તા. ૧૯-૯-૧૯૬૨

શરીર દ્વારા જ આત્માને ઓળખી શકીએ છીએ અને

એટલે તો માનવદેહને દોહ્યલો ગણ્યો છે અને એ જ કારણથી એનું મહત્ત્વ ઘણું વિશેષ છે. ને ચેતનને અનુભવવા માટે મનુષ્યયોનિ સિવાય બીજું કોઈ મુક્તિદ્વાર નથી. એવું શરીરનું મહત્ત્વ હોવા છતાં ચેતનના આધારે શરીર છે એમ જાણી સમજી તેને અનુભવી શરીરનો ખ્યાલ જાગતાં ચેતનને જ મહત્ત્વ અપાયા કરાય એ જ ખરું તો છે. ચેતનની સંપૂર્ણ અનુભૂતિ પ્રાપ્ત થયા છતાં શરીરનું જડત્વ ચેતનની પરાકાષ્ઠામાં પૂરેપૂરું પ્રગટી શકતું નથી. તે પણ સાધનાનો ઈતિહાસ છે અને વાસ્તવિકતા છે. શરીરના અણુઓમાં ચેતન પ્રગટેલું રહે છે, તે વાત સાચી, પરંતુ સાધનાના અનેક તબક્કાઓને વટાવી જતાં એક કાળ એવો પણ પ્રગટે અને શરીરની પણ એવી ભૂમિકા પ્રગટે કે તે શરીરના જડત્વમાં પણ પ્રસરીને શરીર પણ તેના ગુણધર્મ અને ગુણશક્તિમાં પ્રવર્તી શકે. ચેતનનો વિસ્તાર અનંત છે. એટલે તેની મર્યાદા તો સંભવી શકતી નથી અને આમ જ્યારે શરીરના જડત્વમાં પણ ચેતનની ગુણશક્તિ પ્રગટે ત્યારે અને એક શરીરધારી જીવાત્મા એ ચેતનનો ગુણધર્મ અને ગુણશક્તિ તેનાં આંતરિક કરણોમાં પ્રગટેલાં પોતે અનુભવી શકે અને તેમ છતાં શરીરમાં તેવા ચેતનનો ગુણધર્મ અને ગુણશક્તિ હજુ પૂરાં પ્રગટેલાં ન હોય, તે બન્ને પ્રકારના અનુભવમાં ચેતનની કક્ષાએ કંઈક ફરક તો થોડોઘણો હોય ખરો એવી મારી ગાંડીઘેલી સમજણ છે, અને તે જ કારણે શરીરનું મહત્ત્વ પૂરતું તો તે વિશેષ આગળ પડતું લાગે છે. એવી શક્યતા સાંપડી શકે ત્યારે ચેતનનો વિજય સંપૂર્ણપણે પ્રત્યક્ષ કરતો થયેલો ગણાય. જોકે

તે પણ અંતિમ અનુભવ છે તેમ તો ના ગણાય, કારણ કે ચેતન પોતે અનંત છે. મર્યાદામાં, અમર્યાદીનો અનુભવ થવો એ બહુ મોટી ચમત્કારિક હકીકત છે અને અંતે તો મર્યાદા પણ મર્યાદી હોવા છતાં અમર્યાદાવાળી સ્થિતિમાં પ્રગટે અને મર્યાદાના પણ ગુણધર્મ, ગુણશક્તિ ફેરવાઈ જાય તે પણ અનુભવનું એક અંતિમ રહસ્ય ખરું. જોકે અંતિમ લખ્યું છે તે તો તે પણ Relatively (ભૂમિકાને અનુરૂપ પ્રાગટ્ય) સમજવું.

લિ.

તમારા **મોટા**ના સપ્રેમ રામરામ

**પત્ર : ૪૭**

**પ્રશ્ન : *મોટા !* સંસારના પ્રવાહમાં કર્મોમાંથી ઊંચા અવાતું નથી. આ કર્મ કરતાં કરતાં એમાં જ ખૂંપી જવાય છે. કર્મ કરતાં પ્રભુની કૃપાનો અનુભવ કેવી રીતે થાય ?**

॥ હરિઃૐ ॥

નડિયાદ, તા. ૧૯-૯-૧૯૬૨

સંસારની ઘટમાળ તો ચાલ્યા જ કરવાની. તેનો કદી અંત નથી. આપણે સંસારની ઘટમાળમાં હોવા છતાં સંસારની ઘટમાળની મર્યાદામાં જકડાઈ ના જઈએ, બંધાઈ ના જઈએ અને તે સંસારના ઘટમાળનાં કર્મને શ્રીભગવાનનાં ચરણકમળે સમર્પણની પુષ્પાંજલિ તરીકે ભેટ મૂકવાના એવા ઉપયોગના હેતુના જ્ઞાનભાનથી તે તે બધું કર્યા કરીએ અને એવી રીતે સમર્પણના ભાવથી જે કર્મો પ્રભુપ્રીત્યર્થે પ્રગટે છે તેવાં કર્મો ભલેને સંસારની ઘટમાળનાં હોય તોપણ તેવાં કર્મો ભગવાન

પરત્વેની અભિમુખતા પ્રગટાવવવાને માટે બહુ મોટું સાધન બની જાય છે. આપણે કર્મ તો કરવાનાં જ છે, તો પછી જે કર્મથી સાચી અભિમુખતા પ્રગટે, તે રીતે અને તે ભાવે પ્રભુકૃપાથી કર્મ પ્રગટે ને તેવાં કર્મથી આપણામાં ભગવાન પરત્વેની તેવી ભાવના સજીવ બને છે, એ લાભ જે જીવ જીવનને સાર્થક કરવા ઈચ્છે છે તેના માટે કંઈ જેવો તેવો ના ગણાય. પ્રભુની કૃપાનો મહિમા જેમ કોઈ ગરીબમાં ગરીબ માણસને કોઈ ધનાઢ્યની ઓથ મળી જાય ત્યારે તેને એક અનોખો આનંદનો ઝરો ફૂટેલો તેના જીવનમાં તેનાથી અનુભવાય છે ને તેની ખૂબી તો તે જ જાણે તેવો અનુભવ આવાં ઘટમાળનાં કર્મો પણ જો આપણે ઉપરની રીતે અને ભાવે કરીએ તો તેવો અનુભવ થયા વિના રહેતો નથી. શ્રીચેતનની ઓથ અને હૂંફ પામવી તે કંઈ જીવનનો જેવો તેવો લહાવો નથી, ને એવી ઓથ કંઈ એમ ને એમ તો મળતી નથી, એને માટે પ્રથમ તો એવી આપણને ચેતન પરત્વેની અભીપ્સા પ્રગટેલી હોવી જોઈશે, અને એવી અભીપ્સા પ્રગટે છે ત્યારે એ અભીપ્સાની ભાવના ચેતન પરત્વેની અભિમુખતા આપણા આધારમાં પ્રગટાવે છે. એટલા માટે સંસારની ઘટમાળમાં મળેલાં કર્મ આપણે જડશું રીતે ના કરતાં સમર્પણની ભાવનાની રીતે અને એ ભાવે કરવાનું કરીએ તે ઘણું ઘણું જરૂરનું છે.

લિ. તમારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૪૮

**પ્રશ્ન : સદ્‌ભાવથી વર્તનારના જીવનમાં મુશ્કેલીઓ વધતી જાય છે, તેમ જ આઘાતો વધારે આવતા રહે છે, તો તેને શું પ્રભુકૃપા ગણી શકાય ?**

॥ હરિઃૐ ॥

નડિયાદ, તા. ૧૬-૫-૧૯૬૩

વહાલા ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૩-૫નો કાગળ મળ્યો. ગઈ કાલે અમો આખો દિન અમદાવાદમાં હતા. તેથી, જવાબ આજે લખાયો છે.

**તપ વિના, મુશ્કેલી વિના અને આઘાત પ્રત્યાઘાતની લાગણીઓને સમભાવે વંદન કર્યા વિના જીવનનું સાચું ઘડતર થતું નથી.** સદ્‌ભાવ રાખનારને અને જીવનમાં તે પરત્વેનું જેને મહત્ત્વ પ્રગટેલું છે અથવા તો જેના જીવનનો રાહ સદ્‌પરત્વેનો છે, તેવાઓને મુશ્કેલીઓ વધારે પ્રકટે છે, તે ભગવાનની પરમ કૃપા છે. મનની સમજણ મેળવવા ને કેળવવાને માટે અથવા તો આપણા મનની ભૂમિકા કેવા પ્રકારની છે, તેની પ્રત્યક્ષ પરીક્ષા થાય તો જ આપણને તે બરાબર સમજાય. આપણે મનાદિકરણથી અને મનાદિકરણની ભૂમિકામાં કેવાં છીએ, તે સમજવાનો કાંટો તો મળી રહેતા પ્રસંગોમાં આપણને કેવા આઘાત પ્રત્યાઘાત ઊઠે છે, તે જ એક સાચું લક્ષણ છે. **આપણને ગમે તેટલો ભલેને અન્યાય થતો હોય તેમાં આપણે તો તપની ભાવનાને કેળવવી અને સેવવી. બેળે બેળે સહન કરેલું નકામું જવાનું, એટલા માટે**

**પ્રેમથી ને ઉમળકાથી સહેવાનું આવે તે સહેજો. સદ્‌ભાવ કદી છોડશો નહિ. આપણા જીવનનું સાચું ઘરેણું તો એ જ છે.**

ભગવાન તમો ઉપર કૃપા કરે તેવી પ્રાર્થના. આપણે કદી પણ એકલાં કે અટૂલાં નથી, જો દિલમાં **એ**ના પરત્વેની સાચી ભાવના પ્રગટી ગયેલી હોય છે તો.

હિંમત રાખશો અને દૃઢ રહેશો.

લિ. **મોટા**નાં વહાલ -નંદુભાઈનાં સ્નેહવંદન

**પત્ર : ૪૯**

॥ હરિઃૐ ॥

નંદલાલ

એન. ગોપાળદાસ ઍન્ડ કંપની,

બીગ સ્ટ્રીટ, કુંભકોણમ્

એસ. આર. તા. ૫-૭-૧૯૬૩

પ્રિય મંગળદાસભાઈ તથા હીરાબહેન,

મળેલાં જો છીએ નિજ જીવનનો ખ્યાલ કરજો
મળેલાં જો છીએ સ્મરણ કરી કરી દિલ જીવજો
મળેલાં જો છીએ અવરજનનું સુખ પ્રીછજો
મળેલાં જો છીએ જીવન જીવવા ટેક ધરજો
મળેલાં જો છીએ વિપદ દુઃખમાં યાદ કરીને-
-હૃદેમાં **મોટા**ને સ્મરણ કરીને ઊંડું ભજજો
મળેલાં જો છીએ જીવન જીવવા પ્રેમ ધરજો
મળેલાં જો છીએ રસબસ થવા એક બનજો

તમારા **મોટા**નાં વહાલ

## પત્ર : ૫૦

**પ્રશ્ન : પ્રશ્નોની ચર્ચા વખતે પ્રાધાન્ય પ્રશ્નને કે વ્યક્તિને આપવું ? વિચારોની ગડમથલમાં નામસ્મરણ દૂર ફેંકાઈ જાય છે, તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૧૮-૧૧-૧૯૬૩

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૧૬-૧૧નો કાગળ મળ્યો છે. જે કોઈ વ્યક્તિની સાથે જે પ્રશ્ન ચર્ચાય તે પ્રશ્નના મહત્ત્વને કેંદ્રમાં રાખીને આપણે તો બોલવાનું હોય. પ્રશ્નનું મહત્ત્વ એ જ અગત્યનું ગણાય, વ્યક્તિ નહિ. જે પ્રશ્નનું મહત્ત્વ આપણે જે રીતે સ્વીકારતાં હોઈએ, તે રીતે સામી વ્યક્તિ ના સ્વીકારતી હોય તો તે સામી વ્યક્તિનું તે પ્રશ્ન પરત્વેનું મહત્ત્વ કેવી રીતનું છે, તેનો દૃષ્ટિકોણ પણ આપણી સમજમાં ઊગી જવો જોઈએ અને તે પ્રશ્ન પરત્વેનું આપણું સમજેલું મહત્ત્વ અને સામી બાજુનું તે પ્રશ્ન પરત્વેનું મહત્ત્વ એ બન્નેનો આપણે સમતુલાથી વિચાર કરવાનો હોય. આપણે કોઈ રીતે Biased ઢળેલાં હોઈએ કે થયેલા ના હોઈએ, તો આપણને સાચી વાત સમજાઈ જાય ખરી. આમાં કોઈ વ્યક્તિના મહત્ત્વની વાત નથી ને વ્યક્તિ પરત્વેનો ઝોક પણ ના હોવો જોઈએ. જે પ્રશ્ન હોય તે આપણી રીતે જ ઉકેલાવો જોઈએ, તેવું સાધારણ રીતે

આવી સંસ્થાઓનું વલણ રહ્યા કરે છે. આવા પ્રશ્નોમાં વ્યક્તિના વિશે કંઈ આપણું દિલ વિચારે તો તે યોગ્ય ના ગણાય. પ્રશ્ન જ મહત્ત્વનો છે, વ્યક્તિ નહિ.

વિચારોનો પ્રવાહ ચાલતાં નામસ્મરણ દૂર ફેંકાઈ જાય છે, એનો અર્થ એ કે આપણો અનુરાગ સ્મરણ પ્રત્યેનો મોળો છે. વિચારોની પકડમાંથી બચવા માટે તો તે પરત્વેની તટસ્થતા પ્રગટે તો જ શક્ય બને, બાકી નહિ.

લિ. **મોટા**ના સપ્રેમ રામ રામ

ભાઈનાં વહાલ

## પત્ર : ૫૧

**પ્રશ્ન : મિલમાં ગુંડા જેવા સ્વભાવના માણસો હોય છે, તેમની સાથે કેવી રીતે કામ પાર પાડવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,
પો. રાંદેર, વાયા સુરત
તા. ૨૬-૨-૧૯૬૪

પ્રિય ભાઈ મંગળદાસ,

મિલમાં કામ કરતા કારીગરોની જે હકીકત તમે લખી છે, તે વાંચી છે. મજૂરોની સાથે કામ કરવામાં કેવા કેવા માણસોની સાથે કામ પડે છે તેનો કંઈક ખ્યાલ છે ખરો. હિંમત રાખવી અને ગમે તેવા ગુંડા જેવા સ્વભાવના માનવથી પણ ડરી ના જવું. છાતી કાઢીને વર્તવું. તેની સાથે સાથે **મહાજન સિવાયના બીજા કારીગરોનું પણ કદી બૂરું ઈચ્છવું**

**નહિ. આપણને લાભ મળે તે તો ઠીક, પણ બીજાને ગેરલાભ મળે તેવું તો કદી પણ ના ઈચ્છવું.** ભગવાન આપણું રક્ષણ કરતો રહે એવી પ્રાર્થના.

નંદુભાઈનાં સ્નેહવંદન

**મોટા**નાં વહાલ

## પત્ર : ૫૨

**પ્રશ્ન : માનસિક ત્રાસ, હેરાનગતિ અને દુઃખમાં આપ મારી સહાયમાં રહેજો એવી મારી પ્રાર્થના *મોટા* સ્વીકારજો !**

॥ હરિઃૐ ॥

સુરત, તા. ૧૭-૪-૧૯૬૪

પ્રિય ભાઈ મંગળદાસ,

જે તે બધાંનું મૂળ આપણા પોતામાં રહેલું છે. તમને માનસિક કેટલી બધી હેરાનગતિ છે અને માનસિક જે ત્રાસ તમે ભોગવો છો, તે જાણીને તમો પરત્વે મને કેટલું બધું વહાલ વછૂટે છે, ને તમારા આવા સંકડામણના કાળમાં કઈ રીતે ભાગીદાર થઈ શકું અને ભગવાનની કૃપા તમને તેમાંથી કંઈક અંશે મનથી હળવાશ પ્રગટાવે તેવી પ્રાર્થનાનો સૂર તો મારા દિલમાંથી તમો પરત્વે વહેતો રહે છે ખરો. આ માનસિક દર્દ-યાતના અને વેદનામાં તમો સાથે કોઈ પણ બીજું ભાગ લેનાર નથી. તમો કેટલા બધા મૂંઝાઓ છો અને માનસિક હેરાનગતિ પામી રહેલા છો, એ જોઈને અમને પણ શું કશું નહિ લાગતું હોય ? મારા પોતાનાથી જો બની શકતું હોત તો તમારા દર્દને એક પળમાં ઉડાડી દઉં, પરંતુ એવી શક્તિ તો નથી. સમાજમાં મહાત્મા લોકોની અનેક પ્રકારની બધી શક્તિ પ્રચલિત છે, તે ધારો કે સાચી હોય તો હું તેવો મહાત્મા જરૂર

નથી જ. હું તમને બીજી કઈ રીતે આશ્વાસન આપી શકું? **મારા દિલથી તમને હું તો પ્રાર્થનાના ભાવવાળી સહાનુભૂતિ પાઠવું છું.**

તે દિને આશ્રમે તમારી આંખમાં આંસુ આવેલાં જોઈને મને પણ દિલમાં ઘણું લાગી આવ્યું હતું. મારી પણ કેટલી બધી લાચારી છે, પણ ભઈલા, આપણે એમ હિંમત હારી જવી નહિ.

તમારા માનસિક સંતાપમાં પ્રભુ તમને હિંમત આપે એવી પ્રાર્થના કરતા તમારા **મોટા**નાં સપ્રેમ વહાલ.

નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૫૩

## પ્રશ્ન : સેવા કરવાનો અધિકાર કોનો ?

॥ હરિઃૐ ॥

સુરત, તા. ૨૪-૪-૧૯૬૪

પ્રિય ભાઈ મંગળદાસ,

**જે પોતાનું છે, તેનું પ્રેમથી સહેવું તે તો તપ છે.** કૃપા કરીને મનમાં વારંવાર પ્રાર્થના, ભજન આદિ ગાઈ ગાઈને શાંતિ પ્રગટાવજો. **શાંતિ વિના અને રાગદ્વેષથી મુક્ત થયા વિના કરેલાં કર્મ ઉત્તમ ફળ આપી શકતાં નથી. સેવા કરવાનો અધિકાર તો તેને જ છે કે જે રાગદ્વેષથી મુક્ત થયો હોય.** મારું રામનવમીનું પ્રવચન તમે સાંભળ્યું હશે, એટલે આપણે જાગ્યા ત્યાંથી સવાર સમજીને રાગદ્વેષ મોળા પાડવાનું જાગૃતિપૂર્વક કર્યા કરીએ તો જીવન ખપનું બને.

**મોટા**નાં વહાલ

નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૫૪

**પ્રશ્ન : *મોટા !* મને સંસારમાં બિલકુલ ચેન પડતું નથી. ઑફિસનાં કામમાં પણ મન ચોંટતું નથી. આપ તો અંતર્યામી છો. આપની સિદ્ધિઓ વિશે હું જાણું છું. મને માર્ગદર્શન આપવા પ્રાર્થના કરું છું.**

॥ હરિઃૐ ॥

સુરત, તા. ૧૫-૯-૧૯૬૪

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૧૪-૯નો કાગળ મળ્યો છે. અંતર્યામી તો એક ભગવાન છે. ત્રણે કાળનું જ્ઞાન હું ધરાવતો નથી. હું પ્રભુનો અવતાર પણ નથી. હું તો ભગવાનના હુકમથી બહુ બહુ તો **એ**નો એક વાણોતર કે ક્ષુદ્ર મુનીમ જેવો છું.

આપણા કરતાં તો ઘણાંયે દુઃખી જીવો દુનિયામાં છે. આપણું જીવન આપણે કેવી રીતે પૂરું કરવું, તે આપણા પોતાના જીવનધ્યેય ઉપરથી આપણે નક્કી કરી શકીએ. જેને ધ્યેય જ નથી તે અથડાતો કુટાતો આમ તેમ પ્રચંડ દરિયાનાં મોજાંમાં જેમ લાકડાનો ટુકડો મોજાંની સાથે ને મોજાંની વચ્ચે મોજાંથી અથડાયા ને અફળાયા કરે તેવું તેનું થવાનું.

આમાંથી સાંત્વન, હળવાશ મેળવવાને માટે શાંતિ રાખવાને માટે એક ભગવાનનું શરણું ઉત્તમ ગણાય. ભગવાનમાં જેને વિશ્વાસ પેદા થતો નથી અને સદ્‌ગુરુ પરત્વે પણ વિશ્વાસ નથી અને પોતાના જીવનને ઉઠાવવાને માટે ધગધગતી તમન્ના લાગી નથી અને તે ઉપરાંત, પોતાના વિશેનો જે જીવને જીવંત આત્મવિશ્વાસ પ્રગટ્યો નથી, એવો

જીવ પણ જો મારી સલાહ લેવા આવે તો હું તો તેને સલાહ આપું કે જો તારે માત્ર શાંતિ મેળવવી હોય તો તું ભગવાનનું સ્મરણ આઠે પહોર કર્યા કર.

તમો લખો છો કે ઘણી વખત તો ચેન પણ પડતું નથી. ઑફિસનાં કામકાજમાં મન પરોવાતું નથી તો એથી તો ગેરલાભ તમોને પોતાને છે. મારી પાસે કોઈ બીજો ઇલાજ નથી કે કોઈ એવી સિદ્ધિ પણ નથી, અથવા તો જો તમે મારી સિદ્ધિ વિશે જાણ્યું હોય અને તે જો ખરેખરી બિના હોય તો તે ભગવાનની લીલા હતી. મારું કશું ન હતું. ભગવાન તમને શાંતિ બક્ષે એવી પ્રાર્થના.

**મોટા**નાં ઘણાં ઘણાં વહાલ
નંદુભાઈનાં સ્નેહવંદન

## પત્ર : ૫૫

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
સુરત, તા. ૧૩-૧-૧૯૬૫

પ્રિય ભાઈ મંગળદાસ,

તમારો ૧૨-૧-'૬૫નો કાર્ડ મળ્યો. પૂજ્યે વાંચ્યો છે.

(૧) કંટાળો આવે તો તે આપણા ભાવની ઊણપ, બાકી બકરીના ગળાનાં આંચળની જેમ વળગી રહેવા જેવું જ લાગતું હોય તો તો તમારે જ અત્રે વિચાર કરી લેવો રહ્યો કે શું કરવું ?

(૨) તમો જણાવો છો તે બધાં સંતોએ તેઓનાં ભક્તોનો ઉદ્ધાર કરી દીધાનું અમારી જાણમાં તો નથી. શ્રીઅરવિંદ જેવા

સમર્થ મહાયોગી પણ તેમના સેંકડો શિષ્યોને આશ્રમ-વાસીઓમાંથી પણ કોઈનોય એકાદ જણનો ઉદ્ધાર કરી દીધાનું જાણમાં નથી. કોઈ કોઈનો ઉદ્ધાર કરી દે એ વાત યથાર્થ નથી. આત્મા જ આત્માનો ઉદ્ધાર કરી શકે છે. આપ મૂઆ વિના સ્વર્ગ નથી.

(૩) જીવદશા મોળી પાડવી તેવા અનુભવો તો પૂજ્યશ્રીના સંપર્કથી અનેક જણાંના જીવનમાં બન્યું છે. આપણને તેમ પોતાના વિશે ના અનુભવાયું હોય તો ઊણપ આપણી નહિ કે પૂજ્ય શ્રીમોટાની.

(૪) અનુભવો-શ્રદ્ધાભક્તિ હોય તો આપણને પણ થાય ને સમજાય. છતાં તેવા ક્ષણભર વિસ્મય કરી દે તેવા ‘ચમત્કાર’થી પણ કશું જીવનવિકાસ પંથે વળે નહિ. પ્રકૃતિનું રૂપાંતર થયે જવું તે જ સાચો ચમત્કાર અને એવો સંગીન ચમત્કાર ઘણાંએ અનુભવ્યો છે અને પ્રીછ્યો પણ છે.

(૫) **કોઈ કોઈની જીવદશા મોળી નથી પાડી શકતું, સિવાય કે આપણી જાગૃતિ ને ઝંખના તેવી હોય.** આના વિશેની ઉપમાઓ, ઉદાહરણો અનેક આપી શકાય, પણ તેવું નથી લખતો.

(૬) નામસ્મરણ ના કરવું હોય તો ના કરશો પણ તમો જ લખો છો કે ‘તે બંધ કરી શકતો નથી.’ તો આ શું ચમત્કાર નથી ?

તમો હૃદયની અકળામણ લખી, ઠાલવી તે તો ઘણું ગમ્યું. દિલ હળવું થાય. તમો જેવા ભણેલાંગણેલાં ને વહેવારદક્ષ

માનવી જ્યારે આમ Irrationally (સમજદારી વિનાનું) વિચારે ત્યારે જરા વિસ્મય થાય છે.

Even God helps him only who helps himself. (ઈશ્વર પણ તેને જ મદદ કરે છે, જે પોતાની જાતને મદદ કરે છે.)

પૂજ્યે આ પત્ર વાંચ્યો છે.

વહાલા ભઈલા ! તમો નાહકના નિરાશ થાવ છો. આપણે જ પુરુષાર્થ કરવો રહે છે. વધુ તો રૂબરૂમાં.

નંદુભાઈનાં વહાલ

## પત્ર : ૫૬

**પ્રશ્ન : તા. ૧૨-૧-'૬૬ના રોજ સ્વપ્નમાં *મોટા*નાં દર્શન થયાં. મોટા આગળ ભગત ખૂબ જ રડ્યા. *મોટા*એ કહ્યું કે (૧) તારામાં દૈવી શક્તિ આવશે (૨) તારી વાણી સચોટ બનશે. (૩) તારી વાણીનો પ્રભાવ પડશે. (૪) તારે બદનામ થવાનું બને ખરું એટલે તારે સંભાળવું જરૂરી ખરું. (૫) પરસ્ત્રીથી ફસાઈ ના જવાય તેની કાળજી રાખવી વગેરે. આ બધાં દ્વારા *મોટા* શું સૂચવતાં હશે ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ,

તા. ૨૦-૧-૧૯૬૬, ગુરુવાર

તારા સ્વપ્ન અંગેની લખવામાં આવેલી વિગતો સાચી છે. નં. ૧-૨-૩ માટે તારે ખૂબ જ પ્રભુભજન કરવું. પ્રભુભજન કરતાં કરતાં જેમને સદ્‌ગુરુ માન્યા હોય તેમને

અવારનવાર નજર આગળ લાવવા. હૃદયમાં સ્થાન આપવું. આ પ્રમાણે કર્યા કરવાથી તેની કૃપાથી કામ બનશે ખરું.

નં. ૪-૫ માટે તારે ખૂબ જ સાચવવું. તારી તે પ્રમાણેની વૃત્તિ જોતાં, Tendency જોતાં પ્રસંગ પડે તારાથી પરસ્ત્રીથી ફસાઈ જવાનું બને ખરું. એટલે એવો પ્રસંગ આવે ત્યારે તેમાંથી બચવા માટે પ્રભુને, સદ્‌ગુરુને પ્રાર્થના કરવી. તે પ્રમાણે કરવાથી બચી શકાય ખરું.

## પત્ર : ૫૭

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,<br>
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા,<br>
પો. રાંદેર, વાયા સુરત<br>
તા. ૨૬-૫-૧૯૬૬

પ્રિય ભાઈ મંગળદાસ,

જત, તમારો ૨૫-૫-'૬૬નો કાગળ મળ્યો. ૨૮-૫-'૬૬ના રોજ હું ભગવાનની કૃપાથી પ્રાર્થના કરીશ. સેવા એ આપણા પોતાના હિત માટે છે અને તે પ્રભુપ્રીત્યર્થે જે તે કાંઈ કરવું. ભગવાનની કૃપાથી, આનંદથી અને દૃઢતાથી પાકી સમજણ સાથે સચોટ રીતે વાત જરૂર કરજો. તમને હિંમત મળી રહેવાની છે એવી મને શ્રદ્ધા છે.

લિ.

તમારા **મોટા**ના ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૫૮

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, પો. રાંદેર,
વાયા સુરત, તા. ૨૬-૬-૧૯૬૬

પ્રિય મંગળદાસભાઈ તથા અ.સૌ. હીરાબહેન,

**પૂજ્ય શ્રીમોટાનો સાચો આંતરિક સંબંધ સ્થાપવા માટે એમનાં પુસ્તકોનું નિત્ય ચોક્કસ સમય માટે ભક્તિપૂર્વક વાંચન, મનન અને અનુસરણ. કાવ્યનાં પુસ્તકોમાં રસ કે સમજ ના પડતી હોય તો ગદ્ય સાહિત્ય પણ વિપુલ છે, ફરી ફરીને તેનો આશ્રય લેવાય. તે ઉપરાંત, તેમનું સ્મરણ પ્રેમભાવે કરાય. વાંચનથી ભક્તિ જરૂર વધે. સંસ્કારો દૃઢ જરૂર થાય. ગતિશીલ પણ જરૂર બને.**

પોતામાં રહેલી ઊણપો કાયમ રાખીને પૂજ્ય શ્રીમોટાનો લાભ કેમ સાંપડી શકે ? ચિત્તની શુદ્ધિ તો થવી જ જોઈએ.

આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય. આવાં મુક્તો તો તમો હલાવશો એટલું હાલશે. બાકી, એમ ને એમ સ્થિર રહેશે. ગરજ આપણે છે કે તેમને ? કોઈ બીજું-કોઈ ગુરુ-સંત-સિદ્ધ માથે હાથ મૂકીને ભક્તિનાં ઝરણાં ને નદી વહેવડાવી દે તે વાતમાં શો માલ ! પુરુષાર્થ અને કૃપા બન્ને સાથે સાથે જાય છે. બન્ને સાથે વિચરે છે. **તેઓ તો મદદ કરવા હંમેશાં તત્પર છે. આપણે તે મદદ લેવાની લાયકાત તો કેળવશું કે નહિ ? તે પણ તેઓ કેળવી દે, એ માન્યતામાં કંઈ દમ નથી.**

કુશળ હશો. બાળકોને વહાલ.

**મોટા**નાં વહાલ

## પત્ર : ૫૯

**પ્રશ્ન : આપના તરફનું આકર્ષણ સતત રહેતું હોવા છતાં જીવદશાના વિકારો મોળા પડતા નથી, તો મારે શું કરવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
દખ્ખણિયો ઓવારો,
શેઢી નદી, નડિયાદ
તા. ૧૮-૮-૧૯૬૯

વહાલા મંગળદાસ,

તમારો ૧૭-૮નો કાગળ આજ સાંજે મળ્યો. તમને મેં અવારનવાર જે કહ્યું છે ને જે તમને મેં લખ્યું છે અને જેના ઉતારા તમારા પત્રમાં ટાંકેલા છે તે મારા દિલથી આજે પણ સાચી હકીકત છે. **હું તને મારા દિલથી, દિલમાં ચાહું છું. એની મને ખાતરી છે અને મારા દિલનો ભાવ પ્રભુકૃપાથી કોઈક કાળે તને આ માર્ગનું આકર્ષણ પ્રગટાવશે એટલો મને આત્મવિશ્વાસ છે.** સામી બાજુથી તારા દિલનું એવું પ્રેમભક્તિભર્યું આકર્ષણ જાગે અને તારા દિલમાં મારા પરત્વેનો ખરેખરો પ્રેમ જો જાગે અને તેનું રટણ જો જીવતુંજાગતું પ્રગટ્યા કરેલું રહ્યા કરે તો જીવદશાના વિકારોમાં પણ ફેર પડી શકે ખરો. આપણે જે માર્ગે જવું છે, તે માર્ગની ખરેખરી સાચી ગરજ આપણને પ્રગટેલી નથી. થોડીઘણી અભિરુચિ છે પણ તેને કેળવવાના અને તેને જીવતી કરવાના ખરેખરા એકધારા પ્રયાસ આપણાથી બની શકતા નથી, પરંતુ તેથી નિરાશ થવાની

પણ મુદ્દલે જરૂર નથી. આપણાથી બને તેટલું હરિસ્મરણ કર્યા કરવું અને જેને આપણે માનવાને ઈચ્છતાં હોઈએ યા ધારતાં હોઈએ તેના પરત્વેનું આકર્ષણ કેમ કરીને સવિશેષ પ્રગટે એવી ભાવના તેના પરત્વે જગાડી જગાડીને કેળવ્યા કરીએ.

હીરાબાને મારા પ્રણામ કહેશો.

એ જ લિ.

તમારા **મોટા**ના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

## પત્ર : ૬૦

**પ્રશ્ન : *મોટા !* મારે ઘેર દીકરાનો જન્મ થયો છે, તેનું નામ શું પાડવું ?**

॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ,
શેઢી નદી, નડિયાદ
તા. ૨૭-૧-૧૯૭૦

પ્રિય ભાઈશ્રી મંગળદાસ,

તમારો તા. ૨૩નો પત્ર આજે વાંચી શક્યા છીએ. પ્રવાસમાં હતા. બાબાના આગમનના સમાચાર જાણી આનંદ. પૂજ્યશ્રીએ લખાવ્યું છે 'ગુરુપ્રસાદ' નામ રાખી શકાય. અને જો તમે ખરેખર આને ગુરુની પ્રસાદી ગણતા અને માનતા હોવ તો ગુરુએ આદરેલ પ્રવૃત્તિઓમાં સહાયાર્થે સક્રિય મદદ કરશો અને કરાવશો એમ આશા છે.

અ. સૌ. હીરાબહેનને ખબર પૂછશોજી. પૂજ્યે સૌને યાદ કર્યા છે.

નંદુભાઈનાં વહાલ

●

॥ હરિઃૐ ॥

## મંત્રજાપ શિવાલયોમાં

મુ. શ્રી મંગળદાસભાઈ ઉચ્ચ આધ્યાત્મિક માર્ગના પ્રવાસી છે. પોતાના સ્વાર્થ માટે તો સહુ કોઈ મંત્રજાપ-ભજન-પ્રાર્થના કરે, પણ અન્યના માટે મંત્રજાપ કરનાર તો કોઈક વિરલા જ હોય છે. મુ. શ્રી મંગળદાસભાઈએ પોતાના ઈષ્ટદેવ કે પોતાના ગુરુમહારાજ પાસે ભૌતિક સુખોની માગણી ક્યારેય કરી નથી. ન્યૂ શોરોક મિલ જ્યારે નબળી પડવા માંડી ત્યારે તેમને મિલના કારીગરોની ચિંતા થવા લાગી. ન્યૂ શોરોક મિલ પહેલાંની માફક ફરીથી ચાલતી થાય અને કારીગરો સુખી બને તે માટે, પોતાની ભક્તિ સતત વધતી રહે અને વાસના સતત નાશ પામતી રહે, તે માટે તથા નવો જન્મ ભક્ત તરીકેનો લઈ શકાય, તે માટે ૧૧૧૧* શિવાલયોમાં મંત્રજાપ કરવાનો મુ. શ્રી મંગળદાસભાઈએ સંકલ્પ કરેલો. શિયાળો, ઉનાળો કે ચોમાસામાં ઉઘાડા પગે, શરીર ઉપર એક ભગવી લુંગી પહેરીને તેઓ શિવાલયમાં જતા. કોઈ પણ શિવાલયમાં એક કરતાં વધારે વખત મંત્રજાપ તેઓ કરતા નહિ. અત્યાર સુધીમાં લગભગ આશરે બારસો જેટલાં શિવાલયોમાં તેઓ મંત્રજાપ કરી શક્યા છે. અનુકૂળતા પ્રમાણે લગભગ પંદરસો શિવાલયોમાં મંત્રજાપ કરવાની તેમની ઇચ્છા છે.

શિવાલયોમાં મંત્રજાપની શરૂઆત રણજિતનગરથી કરવામાં આવેલી. ત્યારથી આશરે ૧૦૦ જેટલાં શિવાલયોમાં

---

* પૂ.મોટાની કૃપાથી અત્યાર સુધીમાં ૧૨૧૨ શિવાલયોમાં મંત્રજાપ પૂર્ણ થયા છે અને હજી આ ક્રમ ચાલુ છે. (સં.) લખ્યા તા.૧૫-૮-૨૦૧૬

તે વખતે મિલમાં પર્સોનલ મૅનેજર તરીકે કામ કરતા શ્રી ઉપેન્દ્ર એચ. શાસ્ત્રી, ગુરુજી સાથે રહેલા અને તેમણે પણ ગુરુજી સાથે મંત્રજાપ કરેલા. તે રીતે તે વખતના મિલના ગ્રે ફોલ્ડિંગ ખાતાના મૅનેજર શ્રી નીતિન પી. ઉપાધ્યાયે પણ આશરે બસો જેટલાં શિવાલયોમાં ગુરુજી સાથે આવીને મંત્રજાપ કરેલા. તે જ રીતે મિલમાં ગ્રે ફોલ્ડિંગ ખાતામાં કામ કરતા શ્રી ઘનશ્યામભાઈ જીવણભાઈ બારોટે પણ ગુરુજી સાથે રહીને આશરે નવસો જેટલાં શિવાલયોમાં મંત્રજાપ કરવા સાથે રહેલા. આ પૈકીનાં આશરે સો જેટલાં શિવાલયોમાં ઘનશ્યામભાઈ તેમના સ્કૂટર ઉપર ગુરુજીને મંત્રજાપ કરવા માટે નડિયાદથી વીસ કિલોમિટરના અંતરે આવેલાં જુદાં જુદાં શિવાલયોમાં લઈ ગયેલા અને બાકીનાં શિવાલયોમાં તેઓ ગુરુજીની સાથે મોટરમાં ગયેલા. તે વખતના મિલના કારીગરશ્રી ભવરસિંહભાઈ દરબાર પણ આશરે સો જેટલાં શિવાલયોમાં મંત્રજાપ કરવા માટે ગુરુજીને તેમના સ્કૂટર ઉપર લઈ ગયેલા.

હાલમાં મિલમાં કામ કરતા શ્રી મહેન્દ્રસિંહ, શંભુસિંહ સોલંકી કે જેઓ હાલના રઢુ ગામના સંતરામ મંદિરના ધરમદાસજી મહારાજના શરીરના મોટા ભાઈ થાય, તેઓએ શિવાલયમાં મંત્રજાપ કરવા માટે ગાડીના ડ્રાઇવર તરીકે ખૂબ ભાવથી અને પ્રેમથી સેવા આપેલી છે. તેમના સાથ અને સહકારથી ગુરુજી લગભગ આઠસો જેટલાં શિવાલયોમાં મંત્રજાપ કરી શક્યા છે. શિવાલયોમાં મંત્રજાપ કરાવવા માટે ગાડીના ડ્રાઇવર તરીકે શ્રી ભાનુપ્રસાદ પ્રેમશંકર પંડ્યા, પૂનમભાઈ દેસાઈભાઈ પટેલ, કાળાભાઈ શનાભાઈ, સુરેશભાઈ છત્રસિંહ તથા મનુભાઈએ સેવા આપેલી છે.

॥ હરિઃૐ ॥

| | મંત્ર | માળા |
|---|---|---|
| ૧ | હરિઃૐ | ૨ |
| ૨ | ૐ નમઃ શિવાય | ૨ |
| ૩ | ૐ શ્રીગણેશાય નમઃ | ૨ |
| ૪ | ૐ શ્રીહનુમાન દાદાય નમઃ | ૨ |
| ૫ | ૐ શ્રીગુરુદેવ મોટાય નમઃ | ૨ |

મંત્રજાપ પૂરા થયા બાદ નીચેના મંત્રોની ધૂન કરવામાં આવે છે.

૧ ૐ નમઃ શિવાય
૨ ૐ શ્રીગણેશાય નમઃ
૩ ૐ શ્રીહનુમાન દાદાય નમઃ
૪ હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ, ગુરુદેવ
ગુરુદેવ હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા | ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | રણજિતનગર | ૧ | ૧૬ | પીપલગ | ૧ |
| ૨ | ઉત્કંઠેશ્વર | ૨ | ૧૭ | ઉત્તરસંડા | ૨ |
| ૩ | પીજ | ૭ | ૧૮ | લાંભવેલ | ૨ |
| ૪ | ખેડા | ૩ | ૧૯ | રઢુ | ૧ |
| ૫ | સેવાલિયા | ૧ | ૨૦ | કમળા | ૧ |
| ૬ | ગલતેશ્વર | ૧ | ૨૧ | મંજીપુરા | ૨ |
| ૭ | ડાકોર | ૨ | ૨૨ | મરીડા | ૧ |
| ૮ | મહેસાણા | ૩ | ૨૩ | હાથજ | ૧ |
| ૯ | જામળા | ૧ | ૨૪ | ઉમરેઠ | ૬ |
| ૧૦ | વાસણિયા | ૧ | ૨૫ | પરવટા | ૧ |
| ૧૧ | બોરસદ | ૪ | ૨૬ | લીંગડા | ૧ |
| ૧૨ | બેટાસી ભવાનપુરા | ૧ | ૨૭ | પણસોરા | ૧ |
| ૧૩ | માણસા | ૫ | ૨૮ | ડભાણ | ૪ |
| ૧૪ | આણંદ | ૨ | ૨૯ | દેગામ | ૪ |
| ૧૫ | જીટોડિયા | ૧ | ૩૦ | મહેમદાવાદ | ૫ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૩૧ | સિંહજ | ૨ |
| ૩૨ | માંકવા | ૧ |
| ૩૩ | વાંઠવાળી | ૧ |
| ૩૪ | પેટલાદ | ૮ |
| ૩૫ | શાહપુર | ૧ |
| ૩૬ | વિશ્રામપુરા | ૧ |
| ૩૭ | સુંદરણા | ૧ |
| ૩૮ | દાવલપુરા | ૧ |
| ૩૯ | મંજુસર | ૨ |
| ૪૦ | ભરૂચ પુલ પાસે | ૧ |
| ૪૧ | સાકુરી | ૧ |
| ૪૨ | શિરડી | ૨ |
| ૪૩ | ત્રંબકેશ્વર | ૧ |
| ૪૪ | હીરાપુર ચોકડી | ૨ |
| ૪૫ | વડોદરા પાટિયું | ૧ |
| ૪૬ | વિજોલ | ૧ |
| ૪૭ | ભૂમેલ | ૧ |
| ૪૮ | અમદાવાદ | ૪૬ |
| ૪૯ | વડોદરા | ૧૯ |
| ૫૦ | વસો | ૧૧ |
| ૫૧ | સંધાણા | ૨ |
| ૫૨ | હૈજરાબાદ | ૨ |
| ૫૩ | પલાણા | ૧ |
| ૫૪ | દાવડા | ૧ |
| ૫૫ | નાસિક | ૨ |
| ૫૬ | ઉજ્જૈન | ૧ |
| ૫૭ | મહાકાલેશ્વર | ૧ |
| ૫૮ | ૐકારેશ્વર | ૩ |
| ૫૯ | ફાજલપુર | ૧ |
| ૬૦ | છાણી | ૪ |
| ૬૧ | દેણા | ૧ |
| ૬૨ | ખંડવા | ૩ |
| ૬૩ | ધુવાવી ભૂતનાથ | ૧ |
| ૬૪ | નગરામા | ૪ |
| ૬૫ | કાળી તલાવડી | ૧ |
| ૬૬ | શક્કરપુરા | ૧ |
| ૬૭ | મેતપુર | ૧ |
| ૬૮ | વડવા | ૧ |
| ૬૯ | ઉદેલ | ૨ |
| ૭૦ | કાણીસા | ૧ |
| ૭૧ | ખંભાત | ૧૮ |
| ૭૨ | વડનગર | ૧૯ |
| ૭૩ | સાલડી | ૧ |
| ૭૪ | લાંઘણજ | ૩ |
| ૭૫ | ગોઝારિયા | ૨ |
| ૭૬ | વસઈ | ૪ |
| ૭૭ | ખદલપુર | ૧ |
| ૭૮ | વસઈ અખાડા | ૨ |
| ૭૯ | આસોડા | ૧ |
| ૮૦ | સોખડા | ૧ |
| ૮૧ | દેલવાડા | ૧ |
| ૮૨ | વેડા (પીલવાઈ) | ૨ |
| ૮૩ | વિજાપુર (મછિયા) | ૧ |
| ૮૪ | પીલવાઈ | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૮૫ | આજોલ | ૧ |
| ૮૬ | સુણાવ | ૪ |
| ૮૭ | મહેળાવ સીમમાં | ૧ |
| ૮૮ | કાસોર (સુણાવ) | ૧ |
| ૮૯ | પીંપળાવ (આશાપુરા) | ૧ |
| ૯૦ | લીંબાલી (સોજિત્રા) | ૩ |
| ૯૧ | પંડોલી (પેટલાદ) | ૪ |
| ૯૨ | નાર | ૮ |
| ૯૩ | મહેળાવ ગામમાં | ૪ |
| ૯૪ | ઘૂંટેલી | ૧ |
| ૯૫ | રાવલી | ૧ |
| ૯૬ | બાંધણી | ૩ |
| ૯૭ | ઈસણાવ | ૨ |
| ૯૮ | રૂણજ | ૧ |
| ૯૯ | પરોલ | ૨ |
| ૧૦૦ | તારાપુર | ૮ |
| ૧૦૧ | પાડગોલ | ૨ |
| ૧૦૨ | વલેટવા | ૨ |
| ૧૦૩ | ચાંગા | ૫ |
| ૧૦૪ | પાળજ | ૧ |
| ૧૦૫ | સોજિત્રા | ૧૦ |
| ૧૦૬ | દેવાતજ | ૧ |
| ૧૦૭ | ગાડા | ૪ |
| ૧૦૮ | સીંજીવાડા | ૧ |
| ૧૦૯ | પરીયેજ | ૧ |
| ૧૧૦ | લીંબાશી | ૧ |
| ૧૧૧ | ત્રાજ | ૨ |
| ૧૧૨ | અલિંદ્રા (વસો) | ૧ |
| ૧૧૩ | નડિયાદ | ૭૨ |
| ૧૧૪ | સલૂણ | ૧૨ |
| ૧૧૫ | કંજોડા | ૧ |
| ૧૧૬ | અલિંદ્રા (ખેતરમાં) | ૨ |
| ૧૧૭ | મહેળાવ | ૪ |
| ૧૧૮ | પાલડી (મહેળાવ) | ૧ |
| ૧૧૯ | વીણા | ૧ |
| ૧૨૦ | સીંગાલી | ૨ |
| ૧૨૧ | મંગળપુર | ૧ |
| ૧૨૨ | મહુધા | ૯ |
| ૧૨૩ | રામના મુવાડા | ૧ |
| ૧૨૪ | વડથલ | ૩ |
| ૧૨૫ | ફલોલી | ૧ |
| ૧૨૬ | મીનાવાડા | ૧ |
| ૧૨૭ | ભાનેર | ૧ |
| ૧૨૮ | ખાડીવાવ | ૧ |
| ૧૨૯ | કઠલાલ | ૨ |
| ૧૩૦ | ડુમરાલ | ૩ |
| ૧૩૧ | પીપલગ | ૧ |
| ૧૩૨ | પીપળાતા | ૨ |
| ૧૩૩ | આખડોલ | ૨ |
| ૧૩૪ | મીત્રાલ | ૧ |
| ૧૩૫ | કેરીયાવી | ૩ |
| ૧૩૬ | ગુતાલ | ૧ |
| ૧૩૭ | નરસંડા | ૩ |
| ૧૩૮ | રાજનગર | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧૩૯ | બામરોલી | ૧ |
| ૧૪૦ | સંજાયા | ૨ |
| ૧૪૧ | વડતાલ | ૧ |
| ૧૪૨ | જોળ | ૧ |
| ૧૪૩ | કરમસદ | ૫ |
| ૧૪૪ | કણજરી | ૩ |
| ૧૪૫ | બોરીયાવી | ૩ |
| ૧૪૬ | લાંભવેલ | ૨ |
| ૧૪૭ | બાકરોલ | ૨ |
| ૧૪૮ | વિદ્યાનગર | ૭ |
| ૧૪૯ | નાની સિલોડ | ૧ |
| ૧૫૦ | અરેરા | ૧ |
| ૧૫૧ | વણસોલ | ૧ |
| ૧૫૨ | દેવકી વણસોલ | ૧ |
| ૧૫૩ | ખાત્રજ (નદી) | ૧ |
| ૧૫૪ | ચકલાશી | ૭ |
| ૧૫૫ | અજરપુરા | ૧ |
| ૧૫૬ | કાસોર | ૩ |
| ૧૫૭ | રાહતલાવ (ભાલેજ) | ૧ |
| ૧૫૮ | દલાપરા (રામદેવ) | ૧ |
| ૧૫૯ | સામરખા | ૧ |
| ૧૬૦ | અજરપુરા | ૧ |
| ૧૬૧ | લાલપુરા | ૧ |
| ૧૬૨ | ત્રણોલ | ૪ |
| ૧૬૩ | નાની ખડોલ | ૧ |
| ૧૬૪ | રૂપપુરા | ૨ |
| ૧૬૫ | મોટી ખડોલ | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧૬૬ | બલોલ | ૧ |
| ૧૬૭ | કપરૂપુર | ૧ |
| ૧૬૮ | કડી | ૧ |
| ૧૬૯ | અલિંદ્રા | ૨ |
| ૧૭૦ | સાસ્તાપુર (અલિંદ્રા) | ૧ |
| ૧૭૧ | મહીસા | ૯ |
| ૧૭૨ | તગડી | ૧ |
| ૧૭૩ | ભીમનાથ | ૧ |
| ૧૭૪ | બેલનાથ(સારંગપુર) | ૧ |
| ૧૭૫ | ચલાલી | ૧ |
| ૧૭૬ | સૈયદપુરા | ૧ |
| ૧૭૭ | વણસોલ (ડાકોર) | ૨ |
| ૧૭૮ | ભાલેજ | ૪ |
| ૧૭૯ | કુંજરાવ (સ્મશાન) | ૩ |
| ૧૮૦ | કુંજરાવ (ગામ) | ૨ |
| ૧૮૧ | ખંભોળજ | ૨ |
| ૧૮૨ | સારસા (સ્મશાન) | ૭ |
| ૧૮૩ | કઠલાલ (ગામમાં) | ૬ |
| ૧૮૪ | કપડવંજ | ૧૪ |
| ૧૮૫ | ભગતની મૂવાડી | ૧ |
| ૧૮૬ | નાવલી | ૪ |
| ૧૮૭ | દેહથી | ૧ |
| ૧૮૮ | નાપાડ | ૧ |
| ૧૮૯ | લાલપુરા | ૧ |
| ૧૯૦ | દામપુરા | ૧ |
| ૧૯૧ | ખડોલ | ૧ |
| ૧૯૨ | હળદરી | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧૯૩ | આશોદ | ૨ |
| ૧૯૪ | કંથારિયા | ૧ |
| ૧૯૫ | ભેટાલી | ૧ |
| ૧૯૬ | અંબાલીગામ | ૩ |
| ૧૯૭ | રૂંદણ (મહુધા) | ૨ |
| ૧૯૮ | કરોળી | ૧ |
| ૧૯૯ | પીઠઈ (કઠલાલ) | ૭ |
| ૨૦૦ | સલાણી | ૧ |
| ૨૦૧ | ઈશ્વરપુરા | ૧ |
| ૨૦૨ | ડડુસર | ૨ |
| ૨૦૩ | ફીણાવ | ૧ |
| ૨૦૪ | નવચેતન | ૧ |
| ૨૦૫ | વણસોલી | ૧ |
| ૨૦૬ | ધઢોલી | ૧ |
| ૨૦૭ | બગડોલ | ૧ |
| ૨૦૮ | સરખેજ (વાત્રક) | ૧ |
| ૨૦૯ | કાકરખાડ (વાત્રક) | ૧ |
| ૨૧૦ | કલ્યાણકુંજ(નડિયાદ) | ૧ |
| ૨૧૧ | નવા બીલોદરા | ૧ |
| ૨૧૨ | જૂના બીલોદરા | ૧ |
| ૨૧૩ | સાપલા | ૧ |
| ૨૧૪ | ખૂંટજ | ૨ |
| ૨૧૫ | મૂળજ | ૧ |
| ૨૧૬ | ટૂંડેલ | ૧ |
| ૨૧૭ | પીજગામ | ૪ |
| ૨૧૮ | રામોલ | ૧ |
| ૨૧૯ | અકલાચા | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૨૨૦ | સરસવણી | ૭ |
| ૨૨૧ | ભરકૂંડા (ટેકરી પર) | ૨ |
| ૨૨૨ | છિપીયલ | ૧ |
| ૨૨૩ | છિપડી | ૧ |
| ૨૨૪ | અરાલ (યોનિલિંગ) | ૧ |
| ૨૨૫ | અરાલ ખેતરમાં | ૧ |
| ૨૨૬ | ખડાલ | ૩ |
| ૨૨૭ | વાંટડા | ૧ |
| ૨૨૮ | હળદરવાસ | ૨ |
| ૨૨૯ | હરિઃૐ આશ્રમ શેઢી નદી | ૧ |
| ૨૩૦ | ગંગાપુર | ૧ |
| ૨૩૧ | રામપુર | ૧ |
| ૨૩૨ | ડેમોલ | ૨ |
| ૨૩૩ | પેટલી | ૨ |
| ૨૩૪ | રઘવાણજ | ૧ |
| ૨૩૫ | ઉઢેળા | ૨ |
| ૨૩૬ | હેરંજ (અલિંદ્રાવસો) | ૪ |
| ૨૩૭ | ખાંધલી | ૩ |
| ૨૩૮ | કઠોડા | ૧ |
| ૨૩૯ | દેથલી (ખાંધલી) | ૨ |
| ૨૪૦ | બાંટવા (દેથલી) | ૧ |
| ૨૪૧ | નાંદોલી | ૧ |
| ૨૪૨ | દેવા | ૯ |
| ૨૪૩ | ભડકદ | ૪ |
| ૨૪૪ | માઉન્ટ આબુ | ૩ |
| ૨૪૫ | અચલગઢ (આબુ) | ૧ |
| ૨૪૬ | દેલવાડા (આબુ) | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૨૪૭ | ગબ્બર (અંબાજી) | ૧ |
| ૨૪૮ | માતાજીમંદિર (અંબાજી) | ૧ |
| ૨૪૯ | ખેડબ્રહ્મા | ૧ |
| ૨૫૦ | રૂણ | ૧ |
| ૨૫૧ | નવાગામ (રૂણ) | ૧ |
| ૨૫૨ | સીહોલડી | ૨ |
| ૨૫૩ | મલીયાતજ | ૨ |
| ૨૫૪ | લવાલ | ૧ |
| ૨૫૫ | ડભોઉ | ૩ |
| ૨૫૬ | માંઘરોલ | ૨ |
| ૨૫૭ | મેઘલપુર | ૧ |
| ૨૫૮ | બાલીંન્ટા | ૨ |
| ૨૫૯ | ભલાડા | ૨ |
| ૨૬૦ | સાયલા (શેખપુર) | ૧ |
| ૨૬૧ | શેખપુર | ૧ |
| ૨૬૨ | ફત્તેપુર (ઉત્તરસંડા) | ૧ |
| ૨૬૩ | કેદારેશ્વર (ઊંટડિયા) | ૧ |
| ૨૬૪ | નીકોલ (આંતરસુબા) | ૧ |
| ૨૬૫ | આતરસુંબા | ૧ |
| ૨૬૬ | કસુંબાડ (નાપાડ) | ૨ |
| ૨૬૭ | અંબાવ | ૧ |
| ૨૬૮ | આંકલાવ | ૨ |
| ૨૬૯ | કહાનવાડી | ૨ |
| ૨૭૦ | ગણપતપુરા (નવું શિવાલય) | ૨ |
| ૨૭૧ | આમરોલી | ૧ |
| ૨૭૨ | રામપુરા | ૧ |
| ૨૭૩ | હાથીપુરા | ૧ |
| ૨૭૪ | આસરમા | ૧ |
| ૨૭૫ | ઉમેટા | ૧ |
| ૨૭૬ | ખડોલ (ઉમેટા) | ૧ |
| ૨૭૭ | લોડર | ૨ |
| ૨૭૮ | દાવોલ | ૬ |
| ૨૭૯ | પામોલ | ૨ |
| ૨૮૦ | અલાસર | ૨ |
| ૨૮૧ | નિશરાયા | ૧ |
| ૨૮૨ | જોષીકૂવા | ૧ |
| ૨૮૩ | કોશીન્દ્રા (આંકલાવ) | ૧ |
| ૨૮૪ | લાલપુરા | ૧ |
| ૨૮૫ | કીંખડોલ | ૨ |
| ૨૮૬ | નવાખલ | ૧ |
| ૨૮૭ | આણંદ-બોરસદ ચોકડી | ૧ |
| ૨૮૮ | માનપુરા (આંકલાવ) | ૧ |
| ૨૮૯ | જીલોડ | ૧ |
| ૨૯૦ | ચમારા | ૨ |
| ૨૯૧ | મોટી સંખાડ | ૧ |
| ૨૯૨ | નાની સંખાડ | ૧ |
| ૨૯૩ | બામણગામ | ૧ |
| ૨૯૪ | ગંભીરા | ૨ |
| ૨૯૫ | દેવાપુરા (ગંભીરા) | ૧ |
| ૨૯૬ | બીલિયાડ | ૧ |
| ૨૯૭ | નવાપુરા | ૧ |
| ૨૯૮ | કાંઠીયાખાડ | ૧ |
| ૨૯૯ | મોટી શેરી | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૩૦૦ | પીપળી | ૧ |
| ૩૦૧ | ખેડાસા (ગંભીરા) | ૧ |
| ૩૦૨ | વાસણા | ૧ |
| ૩૦૩ | ભાદરણ | ૮ |
| ૩૦૪ | વાલવોડ | ૭ |
| ૩૦૫ | ગાજરા | ૧ |
| ૩૦૬ | પીલોદરા | ૧ |
| ૩૦૭ | આરોલ | ૧ |
| ૩૦૮ | ઉમલાવ | ૧ |
| ૩૦૯ | સીસવા | ૫ |
| ૩૧૦ | કઠોલ | ૧ |
| ૩૧૧ | ગોરવા | ૧ |
| ૩૧૨ | દહેવાણ | ૩ |
| ૩૧૩ | કનકાપુરા | ૬ |
| ૩૧૪ | કાલુગામ | ૧ |
| ૩૧૫ | જૂનું બદલપુર | ૨ |
| ૩૧૬ | નવું બદલપુર | ૧ |
| ૩૧૭ | કંસારી | ૨ |
| ૩૧૮ | વડાલી | ૩ |
| ૩૧૯ | ઝોરોલા (ધુવારણ રોડ) | ૮ |
| ૩૨૦ | રાવપુરા | ૧ |
| ૩૨૧ | રાસ | |
| ૩૨૨ | વાસણા (રાસ) | ૧ |
| ૩૨૩ | અમીયાદ | ૧ |
| ૩૨૪ | દિવેલાગામ | ૧ |
| ૩૨૫ | કણભા | ૧ |
| ૩૨૬ | સૈજપુર | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૩૨૭ | ધર્મજ | ૩ |
| ૩૨૮ | રણોલી | ૧ |
| ૩૨૯ | ખાનપુર | ૧ |
| ૩૩૦ | ઉનેલી | ૧ |
| ૩૩૧ | ચુવા | ૨ |
| ૩૩૨ | રૂદેલ | ૧ |
| ૩૩૩ | કઠાણાગામ | ૨ |
| ૩૩૪ | રામપુરા | ૧ |
| ૩૩૫ | ડાલીગામ | ૧ |
| ૩૩૬ | ખડોલી | ૨ |
| ૩૩૭ | ધુવારણ | ૩ |
| ૩૩૮ | રંગાઈપુરા (નવું) | ૧ |
| ૩૩૯ | રંગાઈપુરા (જુનું) | ૧ |
| ૩૪૦ | ભવાનીપુરા | ૧ |
| ૩૪૧ | સિંહોલ (નવી) | ૧ |
| ૩૪૨ | સિંહોલ (જૂની) | ૧ |
| ૩૪૩ | સંદેસર | ૧ |
| ૩૪૪ | આસી | ૧ |
| ૩૪૫ | ભાટિયેલ | ૨ |
| ૩૪૬ | પાગણી | ૧ |
| ૩૪૭ | દંતાલી | ૩ |
| ૩૪૮ | લક્કડપુરા | ૧ |
| ૩૪૯ | રૂપિયાપુરા | ૧ |
| ૩૫૦ | વિરોલ | ૨ |
| ૩૫૧ | શિમરડા | ૧ |
| ૩૫૨ | સંતોકપુરા | ૧ |
| ૩૫૩ | કાવિઠા | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૩૫૪ | રવિપુરા | ૧ |
| ૩૫૫ | વલાસણ | ૩ |
| ૩૫૬ | મોરડ | ૧ |
| ૩૫૭ | અરડી | ૨ |
| ૩૫૮ | વટાવ | ૨ |
| ૩૫૯ | ગોરેલ | ૧ |
| ૩૬૦ | ભાલેજ | ૧ |
| ૩૬૧ | બોચાસણ | ૨ |
| ૩૬૨ | ડભાસી | ૭ |
| ૩૬૩ | મોગરી | ૨ |
| ૩૬૪ | વિઠ્ઠલ ઉદ્યોગનગર | ૧ |
| ૩૬૫ | ગાના | ૨ |
| ૩૬૬ | મેઘવાર | ૨ |
| ૩૬૭ | બોરિયા | ૧ |
| ૩૬૮ | અગાસ | ૧ |
| ૩૬૯ | સૂરકૂવા | ૧ |
| ૩૭૦ | નાપા | ૨ |
| ૩૭૧ | સિંઘલાવ | ૧ |
| ૩૭૨ | દેદરડા | ૧ |
| ૩૭૩ | ધોબીકૂઈ | ૧ |
| ૩૭૪ | ખાંધલી | ૨ |
| ૩૭૫ | પોરડા | ૧ |
| ૩૭૬ | વિશ્નોલી | ૧ |
| ૩૭૭ | વહેરા | ૨ |
| ૩૭૮ | બોરસદ | ૩ |
| ૩૭૯ | ડભાસી | ૫ |
| ૩૮૦ | જંત્રાલ | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૩૮૧ | બનેજડા | ૧ |
| ૩૮૨ | વીરસદ | ૬ |
| ૩૮૩ | કઠલાલ | ૧ |
| ૩૮૪ | ધોળકા | ૪૦ |
| ૩૮૫ | ડાકોર | ૨૩ |
| ૩૮૬ | ઉમરેઠ | ૪૧ |
| ૩૮૭ | રાવળાપુરા | ૧ |
| ૩૮૮ | ગામડી | ૨ |
| ૩૮૯ | ચીખોદરા | ૨ |
| ૩૯૦ | બેડવા | ૩ |
| ૩૯૧ | રાસનોલ | ૨ |
| ૩૯૨ | વઘાસી | ૨ |
| ૩૯૩ | વડોદ | ૫ |
| ૩૯૪ | અડાસ | ૩ |
| ૩૯૫ | ગોપાલપુરા | ૧ |
| ૩૯૬ | મોગર | ૨ |
| ૩૯૭ | રામનગર | ૧ |
| ૩૯૮ | અડાસ ચોકડી | ૧ |
| ૩૯૯ | વાસદ | ૩ |
| ૪૦૦ | દોડકા | ૨ |
| ૪૦૧ | ખાંડી | ૧ |
| ૪૦૨ | જાલમપુરા | ૧ |
| ૪૦૩ | પરથમપુરા | ૧ |
| ૪૦૪ | રાણીયા | ૨ |
| ૪૦૫ | ભાદરવા | ૩ |
| ૪૦૬ | કાસલ | ૨ |
| ૪૦૭ | ડદુસણ | ૨ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૪૦૮ | પાંડવણીયા | ૧ |
| ૪૦૯ | મેશ | ૧ |
| ૪૧૦ | ભદ્રાશા | ૧ |
| ૪૧૧ | રાણીયા | ૧ |
| ૪૧૨ | જાસપુરા | ૧ |
| ૪૧૩ | કોટ નદી ભેખડ | ૧ |
| ૪૧૪ | જેસાપુર | ૧ |
| ૪૧૫ | સુંદરપુરા | ૨ |
| ૪૧૬ | માંઘરોલી | ૨ |
| ૪૧૭ | સોડપુર | ૧ |
| ૪૧૮ | ચૂંણેલ | ૨ |
| ૪૧૯ | શેહરી (શેઢી) | ૧ |
| ૪૨૦ | હેરંજ | ૩ |
| ૪૨૧ | અરડી | ૧ |
| ૪૨૨ | ઝાલા બોરંડી | ૧ |
| ૪૨૩ | બોરિયા કોતર | ૧ |
| ૪૨૪ | ધોરા | ૨ |
| ૪૨૫ | થામણા | ૩ |
| ૪૨૬ | સૂરાશામળ | ૧ |
| ૪૨૭ | ખીજરપુર | ૨ |
| ૪૨૮ | રતનપુર (ઓડ) | ૧ |
| ૪૨૯ | ઓડ | ૩ |
| ૪૩૦ | ભરોડા | ૧ |
| ૪૩૧ | દાજીપુરા | ૧ |
| ૪૩૨ | અહિમા | ૧ |
| ૪૩૩ | શીલી (નદી કાંઠે, મહી) | ૧ |
| ૪૩૪ | ઠાસરા | ૬ |
| ૪૩૫ | અણદી | ૨ |
| ૪૩૬ | પીપલવાડા | ૧ |
| ૪૩૭ | સાંઢેલી | ૧ |
| ૪૩૮ | ગઢવીના મુવાડા | ૧ |
| ૪૩૯ | નનાદરા | ૧ |
| ૪૪૦ | શંકરદા લાટ | ૧ |
| ૪૪૧ | ફાગવેલ શેઢી નદી કાંઠે | ૧ |
| ૪૪૨ | પોરડા ફાગવેલ | ૧ |
| ૪૪૩ | સીતાપુર (ફાગવેલ) | ૧ |
| ૪૪૪ | લાડવેલ | ૧ |
| ૪૪૫ | લસુંદરા | ૧ |
| ૪૪૬ | ખરગોધરા | ૨ |
| ૪૪૭ | માલ ઈટાચી | ૧ |
| ૪૪૮ | દેવના મુવાડા | ૧ |
| ૪૪૯ | શિવલિંગ મુવાડી | ૧ |
| ૪૫૦ | આપેશ્વર કનકપુરગામ | ૧ |
| ૪૫૧ | બાલાસિનોર | ૧૨ |
| ૪૫૨ | દેવ ડુંગરિયા મહાદેવ | ૧ |
| ૪૫૩ | જનોડ | ૪ |
| ૪૫૪ | પીલોદરા | ૧ |
| ૪૫૫ | સરવરિયા પાટિયા | ૧ |
| ૪૫૬ | જોરાપુરા | ૧ |
| ૪૫૭ | લીંબડી | ૧ |
| ૪૫૮ | દેવપુરા | ૧ |
| ૪૫૯ | કેડી મંદિર ડુંગર ઉપર | ૧ |
| ૪૬૦ | ધામોદ (ધોરી ડુંગરી શેઢી નદી) | ૧ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૪૬૧ | પણસોરા | ૧ |
| ૪૬૨ | ખરોડા | |
| ૪૬૩ | ગલતેશ્વર | ૧ |
| ૪૬૪ | ઉપલેટા | ૨ |
| ૪૬૫ | અંબાવ | |
| ૪૬૬ | અંગાડી | ૧ |
| ૪૬૭ | રૂસ્તમપુરા | ૧ |
| ૪૬૮ | માલવણ | ૧ |
| ૪૬૯ | લોટેશ્વર | ૧ |
| ૪૭૦ | મેડપ મુવાડા | ૧ |
| ૪૭૧ | જાંબુ ગોરલ | ૧ |
| ૪૭૨ | રામનગર | ૧ |
| ૪૭૩ | વરસડ | ૨ |
| ૪૭૪ | વહેરાખાડી | ૩ |
| ૪૭૫ | આંકલવડી | ૧ |
| ૪૭૬ | રાજપુરા નવું | ૧ |
| ૪૭૭ | રાજપુરા જૂનું | ૧ |
| ૪૭૮ | રામટેકરી | ૨ |

| ક્રમ | શહેર-ગામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૪૭૯ | ખેરડા | ૨ |
| ૪૮૦ | ખાનપુર | ૧ |
| ૪૮૧ | ખોરવાડ | ૧ |
| ૪૮૨ | નવાપુરા | ૧ |
| ૪૮૩ | કનોડાગામ | ૨ |
| ૪૮૪ | પૌચાર | ૧ |
| ૪૮૫ | જલારપુરા | ૧ |
| ૪૮૬ | બાલાનાપુરા | ૧ |
| ૪૮૭ | સાવલી | ૫ |
| ૪૮૮ | ગોઠડા | ૨ |
| ૪૮૯ | બહુથા | ૧ |
| ૪૯૦ | નખીસરા | ૧ |
| ૪૯૧ | નટવરનગર | ૧ |
| ૪૯૨ | વલેટવા | ૧ |
| ૪૯૩ | રતનપુર | ૧ |
| ૪૯૪ | ખેડા મહેમદાવાદ રોડ | ૧ |
| ૪૯૫ | લાડવા | ૧ |

●

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ | ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ | ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ | ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ | | |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ | | |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ | | |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ | | |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ | | |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ | | |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ | | |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ | | |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ | | |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ | | |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ | | |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ | | |
| ૩૫. મોહ | ૧૯૭૩ | | |
| ૩૬. કૃપા | ૧૯૭૩ | | |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ | | |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ | | |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ | | |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ | | |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरिःॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरिःॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિઃૐ ॥




મૌનના ગર્ભમાં અપાર શક્તિ ભરેલી છે. મહાસાગરની સપાટી ઉપર ભારે તોફાન છતાં અંતરના ઊંડાણમાં પરમ ગહનતા ને શાંતિ પ્રવર્તી રહેલી છે. તેમ મૌનના જ્ઞાનભક્તિપૂર્વકના સેવનથી હૃદયમાં ભારે મંથન તો થાય છે, પરંતુ પાછું અંતરના ઊંડાણમાં પારાવાર શાંતિ ને સમતા સમાયેલી અને સ્થપાયેલી અનુભવાય છે. મૌનથી જીવનની સૂક્ષ્મ પ્રવૃત્તિઓમાં પણ શાંતિ છવાય છે. મૌનના સેવનથી માનવી પ્રશાંતમૂર્તિ બને છે.

મૌનના સતત અનુશીલન પરિશીલનથી હૃદયમાં પરમ શુચિતાનો સંચાર થાય છે. બુદ્ધિમાં યોગ્ય વિવેકધર્મ પ્રગટે છે. એ શુચિતા ને વિવેકના સંયોગથી શ્રદ્ધા અને તપશ્ચર્યાની જ્વલંત ભાવના પ્રગટે છે. તપ અને શ્રદ્ધાના જ્ઞાનપૂર્વકના મિલનથી જીવનમાં અખંડિત એવી સમર્પણની શક્તિ જન્મે છે. પ્રતિક્ષણ જે પોતાની જીવનશક્તિને પરમ કલ્યાણની દૃષ્ટિએ જે સમર્પે છે, તેના સર્વ સમર્પણની શક્તિનું મૂળ તે મૌન છે. જીવનની સર્વ કોઈ પરિસ્થિતિમાં યોગ્ય વર્તન રાખીને મૌન સેવ્યાથી પરમ શાંતિ અને ધ્યેય કેળવાય છે અને ઈષ્ટ હોય તેની પ્રાપ્તિ થાય છે. એકાંતિક જીવનમાં મૌનને પ્રધાન સ્થાન છે. તેમાંય સમગ્ર આધારને પ્રભુ સમર્પણ કરવાની ભાવનાને ઉદ્દીપ્ત કરવાને માટે તો મૌનની ખાસ અને ઘણી જ જરૂર છે.

- શ્રીમોટા

કિંમત : રૂ. ૫૦/-